

**પેજ-08**

અનુષ્કાએ ખરીદ્યો ₹14.9 કરોડનો લક્ઝરી ફ્લેટ....


# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express Ahmedabad RNI No.GUJGUJ/2011/40654


**પેજ-09**

કોહલી પાંચ કરોડ વિવાદનો અંત, પ્રેમાનંદ મહારાજ આશ્રમ વિવાદ સત્ય હકીકત....



**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 37.00 | 24.00 |
| વડોદરા | 38.00 | 24.00 |
| સુરત | 37.00 | 24.00 |

પેજ 5




પ્રથમ વખત ધિરાણ મેળવતા ગ્રાહકોમાં ૪૭ ટકા જેટલો હિસ્સો NBFCsનો

08 OCTOBER-2026 THURSDAY

મહાન બ્રિટિશ સાહિત્યકાર જેફ્રી આર્ચરનું ૮૬ વર્ષની વયે નિધન...



પેજ 10

**.....સુવિચાર.....**

પરિણામની જે પરવા કરતો નથી એવા માણસ ને બધા કર્તવ્યો એકસરખા લાગે છે.

વર્ષ-15 । અંક-324 । વિક્રમ સંવત-2082 । ભાદરવા વદ-13 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક





| | 125 | NS 125 | N160 S/SS | 220 | RS 200 | NS 400 |
|---|---|---|---|---|---|---|
| एक्स-शोरूम कीमत | ₹94 937/- | ₹1 03 433/- | ₹1 25 576/- | ₹1 39 270/- | ₹1 80 115/- | ₹1 86 015/- |
| कैश ऑफर | ₹2 500/- | ₹2 500/- | ₹3 000/- | ₹3 000/- | ₹3 000/- | ₹5 000/- |
| PF सेविंग्स + 5 फ्री सर्विसेस | ₹3 500/- | ₹3 700/- | ₹4 500/- | ₹4 700/- | ₹5 900/- | ₹7 000/- |
| कुल बचत | ₹6 000/- | ₹6 200/- | ₹7 500/- | ₹7 700/- | ₹8 900/- | ₹12 000/- |

pulsar DEFINITELY DARING

Flipkart amazon.in पर भी उपलब्ध*

10 YEAR WARRANTY | BAJAJ SECURE

72198 21111

SHRIRAM Finance | IDFC FIRST Bank | BAJAJ AUTO CREDIT | L&T Finance | TATA CAPITAL Two Wheeler Loans

*नियम और शर्तें लागू, बचत केवल सीमित समय तक लागू, दर्शाई गई कुल सेविंग्स का तात्पर्य है कैश ऑफर से प्राप्त बचत की कुल राशि, जीरो प्रोसेसिंग फीस और 5 फ्री सर्विसेस (2 अतिरिक्त फ्री सर्विसेस). शून्य पीएफ पर सेविंग्स, फायनान्सर पर निर्भर करते हुए लोकेशन्स के अनुसार बदल सकती है. फ़ायनान्स उपलब्ध है फ़ायनान्सर के अपने स्व-निर्णय पर. लागू होने वाले ऑफर अलग-अलग मॉडल या क्षेत्र के हिसाब से अलग-अलग हो सकते हैं. बताई गई एक्स-शोरूम कीमतें संबंधित मॉडल के बेस वैरिएंट की हैं. स्टंट्स, एक्सपर्ट्स द्वारा प्रोफेशनल सुपरविजन के तहत, आम जनता या आम रास्तों से हट कर नियंत्रित और बंद सीमित वातावरण में किए गए हैं. कृपया इन स्टंट्स की नकल करने का प्रयास न करें और हर समय ट्रैफिक तथा सुरक्षा नियमों का पालन करें.

**Authorised Dealers for Bajaj Auto Ltd.: Ahmedabad: Lal Darwaja** AMIN BAJAJ 9879203364, **Isanpur** 7600002894 • **Maninagar** ADITYA BAJAJ 6356024241, **Odhav** 6356024243, **Bapunagar** 6356024244, **Naroda** 6357102424 • **Sanand** ADITYA BAJAJ 9375073137 • **Gandhinagar** BANSARI BAJAJ 9429023456, **Kalol** 7027412345 • **Kadi** PARTH BAJAJ 9409421001 • **Himmatnagar** SAKAL BAJAJ 9909026046, **Modasa** 9925002281 • **Mehsana** PARTH BAJAJ 7046670466 • **Unjha** 7621020111 • **Palanpur** MAHESH BAJAJ, 8401303130 **Deesa** 7383437522, **Dhanera** 7567892213, **Tharad** 9979863923 • **Patan** SHIVAM BAJAJ 9925015140, **Sidhpur** 9157573343 • **Radhanpur** SHIVAM BAJAJ 9825533061, **Sami** 9638422030 • **Anand** AMIN BAJAJ 8734010115, **Borsad**, 7622822223 , **Ras** 9974577067 **Khambhat** 9909921997 • **Asodar** 9081993452 **Vasad** 9157711196 **Nadiad** SANTRAM BAJAJ 9904708740. • **Surendranagar** YUG BAJAJ 7069220225.

# ગાંધીનગરની જનતા પોતાનો મત વેડફે નહીં, ફક્ત આમ આદમી પાર્ટીને મત આપો: પ્રવીણ રામ AAP

અમદાવાદ | આમ આદમી પાર્ટીના પ્રદેશ ફ્રન્ટલ અધ્યક્ષ પ્રવીણ રામે પત્રકાર પરિષદને સંબોધતાં જણાવ્યું હતું કે, હાલમાં સમગ્ર દેશમાં ઈલેક્શન કમિશન સામે અનેક પ્રશ્નાર્થો ઊભા થયા છે. જે રીતે સમગ્ર દેશમાં જ્ઞાનેશ કુમાર સામે મત કાપવા અને ભાજપને સમર્થન આપવાના રોલ બદલ આંદોલનો થઈ રહ્યા છે, તેવો જ રોલ ગુજરાતના ચૂંટણી કમિશનર મુરલી ક્રિષ્નાનો પણ જોવા મળ્યો છે. ૨૦૨૧ની ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીમાં ભાજપના ૪૪ ઉમેદવારોમાંથી જીતેલા ૪૧ ઉમેદવારોએ રજૂ કરેલા ચૂંટણી ખર્ચના હિસાબો અંગે એક આરટીઆઈ (RTI) એક્ટિવિસ્ટ દ્વારા મેળવવામાં આવેલી માહિતીમાં ચોંકાવનારા પુરાવાઓ બહાર આવ્યા છે.

આ ૪૧ ઉમેદવારોએ ૧ થી ૧૬૭ સુધીની તમામ કોલમોમાં એક સરખો જ ખર્ચ બતાવીને બેહૂદું કોપી-પેસ્ટ કર્યું છે. તમામ ૪૧ ઉમેદવારોએ ચાનો ખર્ચ, એક જ વ્યક્તિ દ્વારા સફાઈકામ, પાણીનો ખર્ચ અને અન્ય વ્યવસ્થાઓનો ખર્ચ એકદમ સમાન બતાવ્યો છે, જે વ્યવહારિક રીતે અશક્ય છે. આ ઉપરાંત ઉમેદવાર ડિપોઝિટ, નેતાઓની રેલીઓ, સભાઓ અને મીડિયા માર્કેટિંગના ખર્ચાઓ ૪૧ માંથી એકપણ ઉમેદવારે પોતાના હિસાબમાં દર્શાવ્યા જ નથી. નિયમ મુજબ જો ચૂંટણી ખર્ચમાં ઘાલમેલ કે ખોટી માહિતી આપવામાં આવે તો ઉમેદવારને ૬ વર્ષ માટે ગેરલાયક ઠેરવવામાં આવે છે. આરટીઆઈ એક્ટિવિસ્ટની ફરિયાદ બાદ ચૂંટણી



આયોગે કલેક્ટરને તપાસ સોંપી હતી, પરંતુ ૨૨ જેટલી સુનાવણીઓ અને પાંચ વર્ષનો સમય વીતી ગયા છતાં પ્રોસેસ ચાલુ હોવાના બહાના હેઠળ કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી, જે ચૂંટણી આયોગની કામગીરી સામે ગંભીર શંકાઓ ઊભી કરે છે.

વધુમાં પ્રવિણ રામે ગાંધીનગરની જનતાને અપીલ કરતાં જણાવ્યું હતું કે, નિયમોની આ ચોખ્ખી ઘાલમેલ કરનારા ૪૧ ઉમેદવારોમાંથી ભાજપે ૧૨ પૂર્વ કોર્પોરેટરોને ફરીથી ટિકિટ આપીને ચૂંટણી મેદાનમાં ઉતાર્યા છે. ગાંધીનગરના નાગરિકોએ પોતાના વોર્ડના આવા ઉમેદવારોને મત આપીને પોતાનો કિંમતી મત વેડફવો જોઈએ નહીં, કારણ કે ખોટા હિસાબો રજૂ કરવાની આ મેટર આવનારા દિવસોમાં હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટમાં જવાની છે.

### ચૂંટણી ખર્ચ બતાવવાની 167 કોલમમાં ભાજપના 41 ઉમેદવારોએ એક સરખો ખર્ચ રજૂ કર્યો, આ કઈ રીતે શક્ય છે?

કાયદાકીય તપાસ આગળ વધતાં કોર્ટ દ્વારા આ પૂર્વ કોર્પોરેટરોને ગેરલાયક ઠેરવી તેમનું પદ રદ કરવામાં આવશે અને છ વર્ષ સુધી ચૂંટણી લડવા પર પ્રતિબંધ મુકાશે, જેથી ચૂંટણી જીત્યાના બે વર્ષમાં જ તેઓ ઘરે બેસી જશે. આથી જનતા ભાજપના આ ઉમેદવારોને મત આપવાને બદલે પરિવર્તન લાવવા માટે આમ આદમી પાર્ટીને વિજયી બનાવે. આ સાથે તેમણે ગુજરાતના મુખ્ય ચૂંટણી કમિશનર અને ચૂંટણી આયોગને સીધો સવાલ કરતાં ચેતવણી આપી હતી કે તેઓ ભાજપના એજન્ટ તરીકે કામ કરવાનું બંધ કરી કાયદા અને નિયમો અનુસાર નિષ્પક્ષ કાર્યવાહી કરે, અન્યથા દેશની જેમ ગુજરાતમાં પણ ચૂંટણી આયોગ સામે ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

## ગાંધીનગરમાં ભાજપ દ્વારા માલધારી સમાજના સંમેલનના આયોજન મુદ્દે AAP માલધારી સેલના પ્રદેશ પ્રમુખ કિરણભાઈ દેસાઈએ ભાજપ સરકારને ઘેરી

અમદાવાદ | આમ આદમી પાર્ટીના માલધારી સેલના પ્રદેશ પ્રમુખ કિરણ દેસાઈ વેજલપુરે એક વીડિયોના માધ્યમથી ગંભીર મુદ્દા પર પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે હવે ભાજપના લોકોને માલધારી સમાજની યાદ આવી. હવે ભાજપ દ્વારા ગાંધીનગરમાં માલધારી સમાજનું સંમેલન બોલાવવામાં આવ્યું છે. આ કાર્યક્રમના ફોટામાં કોઈ માલધારી સમાજના આગેવાનનો ફોટો પણ નથી. આમ પણ ભાજપના લોકો માલધારી સમાજના લોકોને ક્યાંય સ્થાન આપવાનું સમજતા નથી. જે લોકો આ કાર્યક્રમમાં જવાના હોય એ લોકો ભાજપના લોકોને પૂછજો કે 2022 માં તમે ઢોર નિયંત્રણ કાનૂન લાવ્યા અને આખો માલધારી સમાજ એક થયો અને તેનો વિરોધ કર્યો ત્યારે સરકારે બાંહેધરી આપી હતી કે આ ઢોર નિયંત્રણ કાયદો લાગુ કરવામાં આવશે નહીં. પણ હજારો સંતો-મહંતો અને માલધારી સમાજની આંખોમાં ધૂળ નાખવાનું કામ ભાજપે કર્યું છે. ભાજપે આ ઢોર નિયંત્રણ કાયદો શહેરીકરણમાં અમલીકરણ કર્યો અને આપણે લાયસન્સ લેવું પડે એવી પ્રક્રિયા શરૂ કરી જેના કારણે ગાંધીનગર અને અમદાવાદના હજારો જેટલા માલધારીઓ ખતમ થઈ ગયા. આ લોકોને સવાલ પૂછજો કે ગાંધીનગરમાં ક્યાં ગૌચર જમીન છે? અને તમારી સરકાર અમને ક્યાં વૈકલ્પિક વ્યવસ્થા કરી આપશે એનો જવાબ આપો.વધુમાં આમ આદમી પાર્ટીના નેતા કિરણ દેસાઈ વેજલપુરે જણાવ્યું હતું કે, 2022 ની ચૂંટણીમાં આ લોકોએ આપણને ભોળવી લીધા અને મોટા શહેરોમાં માલધારીઓને ખતમ કરી દીધા. સતત માલધારી સમાજ પર અત્યાચાર થઈ રહ્યો છે. આ લોકો બીજા સમાજના નહીં પરંતુ માલધારી સમાજના સંમેલન એટલા માટે કરી રહ્યા છે કારણ કે અમને ખબર છે કે આવા સંમેલનો કરીને માલધારી સમાજને ભોળવી દઈશું. હાલ માલધારી સમાજ ખૂબ જ નારાજ છે એટલા માટે આપણને ટાર્ગેટ કરવામાં આવે છે. તો માલધારી સમાજના લોકોએ પોતાની નારાજગી બતાવવી પડશે અને ત્યાં કાર્યક્રમમાં બોલવું પડશે. ગાય માતા માટે ગૌચર જમીન માટે માલધારીઓના ફાયદાઓ માટે શું કામ કર્યું એ જવાબ લેજો. ફંડ ફાળા આપીને માલધારી સમાજને લોલીપોપ આપો છો.ગાંધીનગરમાં વસતા માલધારી સમાજના લોકોએ ગાંધીનગર કોર્પોરેશનની ચૂંટણીમાં એવો મજબૂત જવાબ આપવો પડશે કે ભાજપના મૂળિયા સાફ થઈ જાય આખા ગુજરાતની નજર તમારા પર છે તો ભોળવાઈ જતા નહીં. અમદાવાદમાં હજારો ગાયો મૃત્યુ પામી, આપણી માતા બહેનોને સરેઆમ ખેંચીને રોડ પર લાવવામાં આવ્યા હતા અને યુવાનોને જેલમાં નાખવામાં આવ્યા હતા એ દ્રશ્ય આપણે ભુલવાના નથી. આપણી સાથે આતંકવાદીઓ જેવો વ્યવહાર કરવામાં આવ્યો છે એનો બદલો લેવાનો છે ગાંધીનગરની ચૂંટણીમાં.

## News Brief

### જો સરકારને ખેડૂતો માટે લાગણી હોય તો 15 મી ઓક્ટોબર પહેલા જ દુષ્કાળ જાહેર કરી દો: રામજીભાઈ પરમાર

અમદાવાદ | આમ આદમી પાર્ટીના દ્વારકા જિલ્લા પ્રમુખ રામજીભાઈ પરમારે એક વીડિયોના માધ્યમથી ગંભીર મુદ્દા પર પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાડથર જિલ્લા પંચાયતની ચૂંટણીમાં ભાજપને ખેડૂતો તરફથી સમર્થન મળતું હોય એવું કંઈ દેખાતું ન હોય, ત્યારે જામખંભાળિયાના ભાજપના ધારાસભ્ય દ્વારા ખેડૂતોને ગેરમાર્ગે દોરવામાં આવી રહ્યા છે. હું એમને કહેવા માગું છું કે આમ આદમી પાર્ટીએ ખેડૂતો માટે દુષ્કાળ ઘોષણા સત્યાગ્રહ કર્યો, ત્યારબાદ આમ આદમી પાર્ટીએ ગામડે ગામડે જઈને ખેડૂતો પાસે ફોર્મ ભરાવ્યા છે. જ્યારે બીજી બાજુ તમારી સરકાર ખેડૂતોને સાંભળવા માંગતી નથી અને ખેડૂતો માટે કોઈ પણ લાગણી રાખી નથી. હું આ ધારાસભ્યને કહેવા માગું છું કે જો તમારી સરકારમાં ખેડૂતો માટે લાગણી હોત તો અમારે દુષ્કાળ ઘોષણા સત્યાગ્રહ કરવાની જરૂર પડી ન હોત, તમે સીધી ખેડૂતોને સહાય આપી દેતા.

વધુમાં આમ આદમી પાર્ટીના નેતા રામજીભાઈ પરમારે જણાવ્યું હતું કે, હું ભાજપના ધારાસભ્યને કહેવા માગું છું કે તમે ચૂંટણી જીતવા ખેડૂતોને ખોટા દિલાસા આપીને ગેરમાર્ગે ન દોરો. આગામી 15મી ઓક્ટોબરે આમ આદમી પાર્ટી ખેડૂતોને લઈને વિધાનસભા પહોંચશે. અને જો સરકારને ખેડૂતો માટે લાગણી હોય તો 15મી ઓક્ટોબર પહેલા જ દુષ્કાળ જાહેર કરી દો.

ભાડથર જિલ્લા પંચાયત સીટના તથા દેવભૂમિ દ્વારકા જિલ્લાના તથા સમગ્ર ગુજરાતના ખેડૂતોને હું કહેવા માગું છું કે ભાજપ સરકારની નીતિ ખેડૂતોના હિતમાં નથી. અત્યારે ભાજપના નેતાઓ ગીધના ટોળાની જેમ ભાડથર જિલ્લા પંચાયતમાં ઉતરી પડ્યા છે પરંતુ એ લોકોની વાતોમાં કોઈ ખેડૂતો આવે નહીં. આ ચૂંટણી ગુજરાતના 54 લાખ ખેડૂત પરિવારોની લડાઈ છે, માટે આમ આદમી પાર્ટીના ઉમેદવાર વિનુભાઈ કંડોરીયાને આપનો કિંમતી અને પવિત્ર મત આપીને વિજય બનાવો અને ખેડૂતોનો ડંકો વગાડો.

### ભાડથર બેઠકની પેટાચૂંટણીમાં પૈસા, લાલચ કે સગાવાદમાં આવ્યા વગર મતદાન કરવા AAP ઉમેદવાર વીરુભાઈ કંડોરિયાની અપીલ

ખેડૂતના અસ્તિત્વ માટે અને સરકારને જગાડવા આ વખતે મતદાન કરો

અમદાવાદ | આમ આદમી પાર્ટીના ભાડથર જિલ્લા પંચાયત સીટના ઉમેદવાર વીરુભાઈ કંડોરીયાએ એક વીડિયોના માધ્યમથી મહત્વપૂર્ણ



મુદ્દા પર વાત કરતા જણાવ્યું હતું કે, દ્વારકા જિલ્લાની ભાડથર જિલ્લા પંચાયત સીટ પરથી મેં આમ આદમી પાર્ટી તરફથી ઉમેદવારી કરી છે, તો આ વિસ્તારના તમામ મતદાતાઓને મારી હૃદયપૂર્વક અપીલ છે કે, હાલ તો આપણા પર ખૂબ જ દુઃખના ડુંગરો આવી પડ્યા છે અને જો આ સમયે ભાજપ આ સીટ જીતી જશે તો આવનારા 35 વર્ષ સુધી ભાજપ સામે કોઈ માથું ઊંચું કરી શકશે એવું બનશે જ નહીં. માટે મારી આપ સૌને વિનંતી છે કે પૈસામાં કે બીજી લોભામણી લાલચોમાં કે સગાવાદમાં આવ્યા વગર એક વખત ખેડૂતના અસ્તિત્વ માટે અને સરકારને જગાડવા માટે આ વખતે આપ મતદાન કરજો એવી મારી વિનંતી છે.

### ગાંધીનગર મહાનગરપાલિકા ચૂંટણીને લઈને આમ આદમી પાર્ટીનો જોરશોરથી પ્રચાર







ગાંધીનગર | ગાંધીનગર મહાનગરપાલિકા ચૂંટણીને લઈને આમ આદમી પાર્ટી દ્વારા જોરશોરથી પ્રચાર ચાલી રહ્યો છે. પાર્ટીના આગેવાનો અને કાર્યકરોએ વિવિધ વિસ્તારોમાં પદયાત્રા યોજી તેમજ ડોર ટુ ડોર પ્રચાર કરીને લોકોનો સીધો સંપર્ક સાધ્યો હતો. આ દરમિયાન સ્થાનિક લોકો સાથે જનસંવાદ કરી તેમના પ્રશ્નો, સમસ્યાઓ અને અપેક્ષાઓને સમજવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ પ્રચાર અભિયાન દરમિયાન આમ આદમી પાર્ટીના ફ્રન્ટલ પ્રદેશ પ્રમુખ અને કિસાન મોરચાના પ્રદેશ પ્રમુખ પ્રવીણ રામ, પ્રદેશ મહિલા મોરચાના અધ્યક્ષ પાયલ સાકરિયા, પ્રદેશ ઉપપ્રમુખ ડો. જ્વેલ વસરા, પ્રદેશ ઉપપ્રમુખ કાયનાત અંસારી આથા, પ્રદેશ સંગઠન મંત્રી અને પ્રદેશ મુખ્ય પ્રવક્તા ડૉ. કરન બારોટ તેમજ પ્રદેશ પ્રવક્તા ચિત્રેશ અનાજવાલા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.આગેવાનો અને કાર્યકરોએ સાથે મળીને વિવિધ વિસ્તારોમાં પદયાત્રા અને ડોર ટુ ડોર પ્રચાર કરી લોકો સુધી આમ આદમી પાર્ટીનો સંદેશ પહોંચાડ્યો હતો. જનસંવાદ અને પ્રચાર દરમિયાન સ્થાનિક નાગરિકો તરફથી આમ આદમી પાર્ટીને મળેલા પ્રેમ અને સમર્થનથી કાર્યકરોમાં પણ નવો ઉત્સાહ જોવા મળ્યો હતો. લોકો સાથે સીધો સંપર્ક સાધતા નાગરિકોએ પોતાના પ્રશ્નો રજૂ કર્યા હતા અને પાર્ટીના અભિયાનને સકારાત્મક પ્રતિસાદ આપ્યો હતો. આમ આદમી પાર્ટીના આગેવાનોના જણાવ્યા મુજબ, ગાંધીનગર મહાનગરપાલિકા ચૂંટણીને લઈને પાર્ટીનું જનસંપર્ક અભિયાન આગામી દિવસોમાં પણ વધુ તેજ બનાવવામાં આવશે. અને અમને વિશ્વાસ છે કે ગાંધીનગરમાં આ વખતે નવો ઈતિહાસ રચાશે.

# આઝાદીના દાયકાઓ પછી પણ પાટનગરમાં ચોખ્ખું પાણી, ગટર અને રસ્તાઓનો પ્રશ્ન વિકટ : પાયલ સાકરીયા AAP

અમદાવાદ | આમ આદમી પાર્ટી મહિલા મોરચાના અધ્યક્ષ પાયલ સાકરીયાએ મહિલા ઉપાધ્યક્ષ રચનાબેન હિરપરાની ઉપસ્થિતિમાં ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણી સંદર્ભે શાસકો પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, ગુજરાતનું પાટનગર ગણાતા ગાંધીનગરમાં પ્રવેશતાં જ મુખ્ય માર્ગો જોઈને વિકાસ થયો હોવાનો ભ્રમ ઊભો થાય છે, પરંતુ મુખ્ય રસ્તાઓ પરથી ઉતરીને સ્થાનિક રહેણાંક વિસ્તારોમાં જતાં જ વરવી વાસ્તવિકતા સામે આવે છે. આઝાદીના આટલા વર્ષોથી કોંગ્રેસ અને ત્યારબાદ ભાજપનું શાસન છતાં જર્જરિત રસ્તાઓ, પીવાના ચોખ્ખા પાણીની અછત અને ગટરની યોગ્ય વ્યવસ્થાનો અભાવ છે. જ્યાં મોટા નેતાઓ, સચિવો અને ઉચ્ચ અધિકારીઓ રહે છે, તેવા પાટનગરમાં સામાન્ય નાગરિકોની ફરિયાદોના નિવારણ માટે કોઈ યોગ્ય સિસ્ટમ જ નથી. ગાંધીનગરમાં છેલ્લા ૪૦-૪૫ વર્ષોથી પરાંઓમાં વસતા ગરીબ પરિવારના લોકો લાઈટ, પીવાનું પાણી અને શૌચાલય જેવી



પ્રાથમિક સુવિધાઓ વિના અત્યંત ખરાબ પરિસ્થિતિમાં જીવવા મજબૂર બન્યા છે. શાસકોનો આ 'વિકાસ' સામાન્ય જનતા માટે નથી, પરંતુ માત્ર નેતાઓ માટેનું ગિફ્ટ સિટી બનીને રહી ગયું છે.

બીજી તરફ, ગાંધીનગરમાં રાજ્યનું વહીવટીતંત્ર ચલાવવા દિવસ-રાત મહેનત કરતો અધિકારી અને કર્મચારી વર્ગ પણ નેતાઓના રાજકીય દબાણ હેઠળ માનસિક તણાવમાં કામ કરવા મજબૂર બન્યો છે. ગુજરાતના વિવિધ ખૂણેથી કે બહારથી આવતા સરકારી કર્મચારીઓને ક્વાર્ટર ફાળવણી માટે વર્ષો સુધી વેટિંગમાં રહેવું પડે છે અને લાંબા સમય પછી જે ક્વાર્ટર મળે છે તે પણ જર્જરિત અને ખંડેર હાલતમાં હોય છે. આ દર્શાવે છે કે આટલા વર્ષોમાં વિકાસ માત્ર ભાજપના નેતાઓ, તેમના મળતિયાઓ અને ઉચ્ચ ઉદ્યોગપતિઓનો જ થયો છે, જ્યારે ગરીબ, સામાન્ય માણસ અને કર્મચારીઓની પરિસ્થિતિ ત્યાંની ત્યાં જ રહી છે. ભાજપ અને કોંગ્રેસ બંનેએ મિલીભગતથી સરકાર ચલાવીને જનતાને છેતરી છે. આમ આદમી પાર્ટી સામાન્ય નાગરિકોથી લઈને અધિકારીઓના પ્રાથમિક પ્રશ્નો અને સમસ્યાઓનું નિવારણ કરવા માટે કટિબદ્ધ છે. આગામી ૧૧મી તારીખે યોજાનારી ચૂંટણીમાં ભ્રષ્ટ વ્યવસ્થાની સફાઈ કરવા માટે ગાંધીનગરની તમામ જનતા, કર્મચારીઓ અને અધિકારીઓને પરિવર્તન લાવવા 'ઝાડૂ'ના નિશાન પર મતદાન કરવા અપીલ કરવામાં આવે છે.

# ખેડૂતો માટે સતત અવાજ ઉઠાવેનાર ભરતસિંહ ઝાલાને ભાજપ સરકારે સચિવાલયમાં બ્લેક લિસ્ટ કર્યા: ઈસુદાન

### દુષ્કાળ જાહેર કરાવવાની માંગ સાથે મુખ્યમંત્રીને મળવા જઈ રહેલા ભરતસિંહને સચિવાલયમાં રોકી દેવામાં આવ્યા અને કહ્યું કે "તમે બ્લેક લિસ્ટ છો": ઈસુદાન ગઢવી : જ્યાં જ્યાં ચૂંટણી આવે છે એ દરેક ગામમાંથી અને દરેક જગ્યાએથી ભાજપના નેતાઓને હવે બ્લેકલિસ્ટ કરવાનું શરૂ કરો: ઈસુદાન ગઢવી



અમદાવાદ | આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ અને જાણીતા ખેડૂત નેતા ઈસુદાન ગઢવીએ એક ગંભીર મુદ્દા પર પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, 1985થી ખેડૂતો માટે લડત લડતા ભરતસિંહ ઝાલા, જ્યારે ગઈકાલે ગાંધીનગરમાં દુષ્કાળગ્રસ્ત જાહેર કરાવવા માટે મુખ્યમંત્રીને મળવા જતા હતા ત્યારે તેમને સચિવાલયમાં જ રોકી દેવામાં આવ્યા અને સચિવાલયમાં એવું કહેવામાં આવ્યું કે "તમે બ્લેક લિસ્ટ છો.." ભાજપનો જન્મ થયો ન હતો એ પહેલાથી જે ખેડૂતો માટે લડત લડે છે, ખેડૂતોની ચિંતા કરે છે, એવા ખેડૂત આગેવાનને આ ભાજપે એવું કહીને રોકી દીધા કે "તમે બ્લેક લિસ્ટ છો." હવે ખેડૂતોએ જાગવાનો સમય આવી ગયો છે. જ્યાં જ્યાં ચૂંટણી આવે છે એ દરેક ગામમાંથી અને દરેક જગ્યાએથી ભાજપના નેતાઓને હવે બ્લેકલિસ્ટ કરવાનું શરૂ કરો.

વધુમાં આમ આદમી પાર્ટીના નેતા ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે, બધાને કહી દો કે "ભાજપમાં સગો મામો પણ ઉભો હોય, એ પણ મહાકાય રાક્ષસ છે, રાવણ છે, કંસ છે અને આ લોકોને હવે જવાબ આપવાનો સમય આવી ગયો છે અને તમામ જગ્યાએથી ભાજપને હવે બ્લેકલિસ્ટ કરો." હું ભરતસિંહ ઝાલાને વર્ષોથી ઓળખું છું, પોતે કોઈપણ અપેક્ષા રાખ્યા વગર ખેડૂતો માટે વર્ષોથી એ લડત લડે છે.

રિક્ષામાં અને બસમાં જઈને પણ ખેડૂતોની મદદ કરે છે અને બીજી બાજુ મુખ્યમંત્રી આપણા પૈસાના હેલિકોપ્ટર અને ચાર્ટર પ્લેનમાં ફરે છે એણે ભરતસિંહ ઝાલાને બ્લેકલિસ્ટ કરી દીધા. શા માટે? તો એ ખેડૂતોના મુદ્દા ઉઠાવે છે એટલા માટે. તો તમામ લોકોને મારી વિનંતી છે કે હવે ભરતસિંહ ઝાલાને સાથ આપીએ અને ભાજપને આખા ગુજરાતમાંથી બ્લેક લિસ્ટ કરીએ.

## ભાડથર જિલ્લા પંચાયતના આમ આદમી પાર્ટીના ઉમેદવાર વીરુભાઈના સમર્થનમાં ઈસુદાન ગઢવીની જંગી જનસભા...

અમદાવાદ | ભાડથર જિલ્લા પંચાયત બેઠકના આમ આદમી પાર્ટીના ઉમેદવાર વીરુભાઈના પ્રચાર અર્થે પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીની વિશેષ ઉપસ્થિતિમાં એક જનસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જનસભાને સંબોધન કરતા ઈસુદાન ગઢવીએ શાસક પક્ષ પર તીખા પ્રહારો કરતા જણાવ્યું હતું કે, દ્વારકા, પોરબંદર, જામનગર, ઉત્તર ગુજરાત કે કચ્છ જેવા તમામ વિસ્તારોના થઈને રાજ્યના લગભગ ૧૦૮ તાલુકાઓ હાલમાં ગંભીર અછતની પરિસ્થિતિનો સામનો કરી રહ્યા છે. શાસકો સામે જનતાના અવાજને મજબૂતીથી રજૂ કરવા માટે તેઓએ વિરોધ અને ધરણાં જેવા પગલાં ભર્યા છે. પોતાની રાજકીય સફર અંગે સ્પષ્ટતા કરતા તેમણે ઉમેર્યું હતું કે, તેઓ પદ કે હોદ્દો મેળવવા અથવા તો પ્રસિદ્ધિ ખાતર રાજકારણમાં આવ્યા નથી.

**ખેડૂતોના હક અને પીડિતો માટે હું રાજનીતિમાં આવ્યો છું, પદ કે હોદ્દા માટે નહીં : ઈસુદાન ગઢવી**



ભૂતકાળમાં રાજ્યના મુખ્ય સચિવ (ચીફ સેક્રેટરી) જેવા સર્વોચ્ચ અધિકારી કરતા પણ વધુ વેતન ધરાવતી ઉચ્ચ કોર્પોરેટ નોકરી સ્વેચ્છાએ છોડીને તેઓ માત્રને માત્ર શોષિત ખેડૂતો અને પીડિત જનતાના હક માટે મેદાનમાં ઉતર્યા છે. કોઈપણ જ્ઞાતિ, જાતિ કે ધર્મના ભેદભાવ વિના શાસકો સામે નબળા અને ગરીબ ખેડૂતોની સાથે અડીખમ ઊભા રહેવું એ જ તેમનો મૂળ સ્વભાવ અને પ્રાથમિકતા છે. 'આપ' નેતા ઈસુદાન ગઢવીએ રાજ્યની વર્તમાન પરિસ્થિતિ અને ખેડૂતોની હાલાકી અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, પાડોશી રાજ્ય મહારાષ્ટ્રમાં સામાન્ય વરસાદ છતાં ખેડૂતોનું દેવું માફ કરી દુષ્કાળ રાહત જાહેર કરવામાં આવી છે, જ્યારે ગુજરાતના મંત્રીઓ ખેડૂતો સુખી હોવાના દાવા કરીને ખેડૂતોની મજાક ઉડાવી રહ્યા છે. વધુમાં, ચૂંટણીઓ આવતાં જ શાસક પક્ષના નેતાઓ પોતાની આબરૂ જાળવવા માટે મતદારો પાસે કરગરીને મતો માંગવા નીકળી પડે છે. ખાનગી કંપનીઓને લાભ પહોંચાડવા માટે તંત્ર દ્વારા તુરંત પોલીસ બંદોબસ્ત પૂરો પાડવામાં આવે.

### 3 લોકો પાસેથી લક્ઝમબર્ગના વર્ક વિઝાના બહાને 12.25 લાખ પડાવ્યા

અમદાવાદ | અમદાવાદના શાસ્ત્રીનગરમાં રહેતી યુવતી સહિત 3 લોકો સાથે વિઝા કન્સલ્ટન્સીના માલિકે લક્ઝમબર્ગના વર્ક પરમિટ વિઝા આપવાના બહાને 12.25 લાખ રૂપિયા પડાવ્યા છે. જે લોકો પાસેથી પૈસા લીધા તે તમામ લોકોની ફાઈલ કેન્સલ થઈ હતી.ફાઈલ કેન્સલ થતા પૈસા માંગતા આરોપી અલગ અલગ બહાના બતાવતો હતો જે મામલે નવરંગપુરા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.શાસ્ત્રીનગર વિસ્તારમાં રહેતી 28 વર્ષીય કૃપા જોશી ખાનગી કંપનીમાં એચઆરની જોબ કરે છે. કૃપાને વિદેશ જવું હોવાથી ઓનલાઈન ફોર્ચ્યુન ઈન્ટરનેશનલ વિઝા કન્સલ્ટન્સી કંપનીની જાહેરાત જોઈ ઓફિસ મળવા ગઈ હતી. આ દરમિયાન કૃપાને એક કર્મચારી મળ્યો હતો જેને લક્ઝમબર્ગના વિઝા કરી આપવાનું જણાવી વિઝા પેટે 9 લાખ ફી આપવા જણાવ્યું હતું. યુવતીએ ટુકડે ટુકડે 5.10 લાખ રૂપિયા આપ્યા હતા.
યુવતીનો સંપર્ક કન્સલ્ટન્સી કંપનીના માલિક વૈભવ શિંદે સાથે થયો હતો. યુવતીને વૈભવ શિંદેએ વિઝા માટે અલગ અલગ બહાના આપ્યા હતા.

# ખેડૂતો માટે વર્ષોથી લડત લડતા ભરતસિંહ ઝાલાને સરકારે બ્લેકલિસ્ટ કર્યા: પ્રવીણ રામ, કિસાન મોરચા પ્રદેશ પ્રમુખ AAP

અમદાવાદ | આમ આદમી પાર્ટીના પ્રદેશ ફ્રન્ટલ અધ્યક્ષ અને પ્રદેશ કિસાન મોરચાના અધ્યક્ષ પ્રવીણ રામે ગુજરાતમાં ખેડૂતોની વર્તમાન પરિસ્થિતિ અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. તેમણે જણાવ્યું હતું કે, હાલમાં સમગ્ર ગુજરાતમાં ખેડૂતોની હાલાકી ખૂબ જ દયનીય છે અને તેઓ સરકાર પાસે દુષ્કાળ જાહેર કરવાની વાજબી માંગ કરી રહ્યા છે. ખેડૂતોના આ હક અને ન્યાય માટે આમ આદમી પાર્ટીના નેતા ઈસુદાન ગઢવી તેમજ અન્ય બિન-રાજકીય ખેડૂત આગેવાનો સતત લડાઈ લડી રહ્યા છે. આ લડતમાં વર્ષોથી ખેડૂતોના મુદ્દાઓ, કાયદાકીય બાબતો અને વિવિધ રજૂઆતો માટે સતત સંઘર્ષ કરતા ખેડૂત નેતા ભરતસિંહ ઝાલા પણ સક્રિય રીતે જોડાયેલા છે. ભરતસિંહ ઝાલાએ હંમેશાં શાંતિપૂર્ણ અને લોકશાહી ઢબે જ આંદોલનો કર્યા છે, જેનાથી ક્યારેય કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ખોરવાઈ નથી. છતાં, તાજેતરમાં જ્યારે તેઓ ગુજરાતના ખેડૂતોના હિતમાં દુષ્કાળ જાહેર કરવાની માંગ સાથે રજૂઆત કરવા ગાંધીનગર સચિવાલય પહોંચ્યા, ત્યારે અત્યંત શરમજનક ઘટના

### ભરતસિંહ ઝાલાએ ક્યારેય પણ એવું કોઈ કામ નથી કર્યું જેનાથી કાયદો વ્યવસ્થા ભંગ થાય : ખેડૂતો માટે દુષ્કાળ જાહેર થતો નથી અને ખેડૂત આગેવાનોને બ્લેક લિસ્ટ કરવામાં આવી રહ્યા છે : ખેડૂતોને અપીલ કે હવે ભાજપને બ્લેકલિસ્ટ કરો: પ્રવીણ રામ AAP



સામે આવી હતી. 'આપ' નેતા પ્રવિણ રામે જણાવ્યું હતું કે, સચિવાલયમાં રજૂઆત કરવા ગયેલા ખેડૂત નેતા ભરતસિંહ ઝાલાને જાણવા મળ્યું કે તેમનું નામ નવા સચિવાલયના પ્રવેશ માટે બ્લેકલિસ્ટમાં મૂકી દેવામાં આવ્યું છે. આ કારણે તેમને અંદર જવાની પરવાનગી ન આપીને સચિવાલયની બહારથી જ આવેદનપત્ર સ્વીકારવામાં આવ્યું હતું. જે વ્યક્તિ નિઃસ્વાર્થ ભાવે ખેડૂતોના અધિકારો માટે લડે છે તેને સરકાર દ્વારા બ્લેકલિસ્ટ કરી દેવામાં આવે છે, જ્યારે બીજી તરફ પીડિત ખેડૂતો માટે દુષ્કાળ જાહેર કરવામાં આવતો નથી. આ ઘટના પર આક્રોશ વ્યક્ત કરતા પ્રવીણ રામે ગુજરાતના તમામ ખેડૂતોને ભાવુક અપીલ કરી છે કે, જે સરકાર તમારા માટે લડનારા નેતાઓને બ્લેકલિસ્ટ કરે છે, તે ભાજપને હવે ખેડૂતોએ પણ બ્લેકલિસ્ટ કરવાનો સમય આવી ગયો છે. તેમણે ખેડૂતોને વિનંતી કરી હતી કે આવનારી દ્વારકા જિલ્લા પંચાયતની ચૂંટણીથી જ ભાજપને બ્લેકલિસ્ટ કરવાની શરૂઆત કરવામાં આવે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## ઉશ્કેરાયેલા ટોળાએ અધિકારીઓને ઘેર્યા

# સુરતના માન દરવાજામાં મંદિર ડિમોલિશન વખતે હોબાળો

(એજન્સી) સુરત । તા. 07

સુરત શહેરના અતિ સંવેદનશીલ અને વ્યસ્ત ગણાતા માન દરવાજા વિસ્તારમાં મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલી દબાણ હટાવવાની તેમજ ડિમોલિશનની કામગીરી દરમિયાન અચાનક જ વાતાવરણ તંગ બની ગયું હતું. વિસ્તારમાં આવેલા એક પ્રાચીન મંદિરના ડિમોલિશનની તજવીજ હાથ ધરાતા જ સ્થાનિક રહીશોમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો હતો, જેને પગલે પાલિકાના સ્ટાફ અને નાગરિકો વચ્ચે ઉગ્ર ઘર્ષણ સર્જાયું હતું. ઉશ્કેરાયેલા હજારોની સંખ્યામાં એકત્રિત થયેલા ટોળાએ પાલિકાના જવાબદાર અધિકારીઓ અને કર્મચારીઓને ચારેય બાજુથી ઘેરી લીધા હતા, જેના કારણે સમગ્ર વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.



પ્રાપ્ત વિગતો અનુસાર, સુરત મહાનગરપાલિકાની દબાણ વિભાગની ટીમ પોલીસ બંદોબસ્ત સાથે માન દરવાજા વિસ્તારમાં ગેરકાયદેસર બાંધકામો અને દબાણો દૂર કરવા માટે પહોંચી હતી. પાલિકાની ટીમે જ્યારે નિર્ધારિત કાર્યવાહી શરૂ કરી અને મંદિર પર બુલડોઝર ફેરવવાની પ્રક્રિયા હાથ ધરી, ત્યારે જ સ્થાનિક લોકો મોટી સંખ્યામાં રસ્તા પર ઉતરી આવ્યા હતા. લોકોએ પાલિકાની આ કાર્યવાહીનો ઉગ્ર વિરોધ નોંધાવતા જણાવ્યું હતું કે તંત્ર દ્વારા કોઈપણ પ્રકારની પૂર્વ સૂચના વગર કે ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડ્યા વગર આવી કાર્યવાહી કરવી અત્યંત અયોગ્ય છે. વિરોધ કરી રહેલા લોકોએ પાલિકાના અધિકારીઓ અને કામદારોને ચારે બાજુથી ઘેરીને પોતાનો રોષ વ્યક્ત કર્યો હતો અને કામગીરી તાત્કાલિક ધોરણે રોકવાની માંગણી કરી હતી.

સ્થાનિકોના વધતા જતા આક્રોશ અને પાલિકાના કર્મચારીઓના ઘેરાવને કારણે પરિસ્થિતિ અત્યંત ગંભીર અને વિસ્ફોટક બની ગઈ હતી. કોઈપણ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પાલિકાના અધિકારીઓએ તુરંત જ સ્થાનિક પોલીસ સ્ટેશનનો સંપર્ક સાધીને વધારાના પોલીસ કાફલાની માંગણી કરી હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને સ્થાનિક પોલીસ તથા ઉચ્ચ અધિકારીઓનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે સ્થિતિ પર કાબૂ મેળવવા માટે ભારે જહેમત ઉઠાવી હતી અને ઉશ્કેરાયેલા લોકોને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. પોલીસે મધ્યસ્થતા દાખવીને નાગરિકોને શાંત પાડ્યા હતા અને મામલો વધુ વણસે તે પહેલાં પરિસ્થિતિને સંપૂર્ણપણે નિયંત્રણમાં લઈ લીધી હતી.

આ ઘટના બાદ સમગ્ર માન દરવાજા વિસ્તારમાં ભારે તંગદિલી અને સન્નાટો છવાઈ ગયો છે. સ્થાનિક રહીશોમાં પાલિકા તંત્ર અને વહીવટી અધિકારીઓની કાર્યપૈકી સામે ઊંડો અસંતોષ અને રોષ જોવા મળી રહ્યો છે. લોકોનુંવું કહેવું છે કે તંત્ર દ્વારા તેમની ધાર્મિક આસ્થા સાથે ચેડા કરવામાં આવી રહ્યા છે, જેને ક્યારેય સહન કરવામાં આવશે નહીં. હાલના તબક્કે સ્થળે પોલીસ ચોકી અને પોલીસ જવાનોનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે જેથી વિસ્તારમાં શાંતિ જળવાઈ રહે. મીડિયા અહેવાલ મુજબ, પાલિકા તંત્ર દ્વારા આગામી સમયમાં આ સમગ્ર માર્ગ પર અન્ય દબાણો સામે પણ કડક પગલાં ભરવાની રણનીતિ બનાવવામાં આવી રહી છે, પરંતુ આજના વિરોધ પ્રદર્શનને કારણે તંત્ર પણ હવે ફૂંકી ફૂંકીને પગલાં ભરી રહ્યું છે. સુરત શહેરના આ સંવેદનશીલ મુદ્દે આગામી દિવસોમાં રાજકીય અને સામાજિક મોરચે પણ ઘમાસાણ મચી શકે તેવી પૂરી સંભાવના દેખાઈ રહી છે.

## અંકલેશ્વર એક્સપ્રેસ વે ની ગુણવત્તા પર સવાલ, અંકલેશ્વર નજીક રોડ તૂટ્યો



અંકલેશ્વર | આજે અંકલેશ્વર નજીકથી પસાર થતા મહત્વપૂર્ણ માર્ગ પર પ્રશાસનની પોલ ખુલ્લી પડી ગઈ છે, જ્યાં દિલ્હી મુંબઈ એક્સપ્રેસ વે ની નબળી ગુણવત્તા અને વારંવાર થઈ રહેલા ભ્રષ્ટાચારના કારણે હજારો વાહનચાલકો મુશ્કેલીમાં મુકાયા છે. ભારે વરસાદના કારણે રસ્તાની પિ ક્યુ સી બ્લોક પેનલ સંપૂર્ણપણે જર્જરિત થઈ જતા તંત્ર દ્વારા ભરૂચથી સુરત તરફનો તમામ ટ્રાફિક માત્ર બે જ લેનમાં ડાયવર્ટ કરવામાં આવ્યો છે, જેના લીધે હાઈવે પર લાંબી કતારો લાગી ગઈ છે અને મુસાફરો ભારે પરેશાની ભોગવી રહ્યા છે. મીડિયા અહેવાલ મુજબ આ કોઈ પહેલી ઘટના નથી, પરંતુ ટૂંકા ગાળામાં જ આ માર્ગ પર અનેક વખત ગંભીર ખામીઓ સામે આવી ચૂકી છે. આ વર્ષે માર્ચ મહિનામાં કિમ અને ભરૂચ વચ્ચેના સિમેન્ટ કોંક્રિટ રોડ પર અનેક જગ્યાએ મોટી તિરાડો અને ગેપ જોવા મળ્યા હતા, જેને સુધારવા માટે રાષ્ટ્રીય ધોરીમાર્ગ પ્રાર દ્વારા ક્ષતિગ્રસ્ત પેનલ કાપીને નવી પેનલ મૂકવાની કામગીરી કરવી પડી હતી.

## વડોદરા સાયબર ફ્રોડ, એપીકે ફાઈલના ચક્કરમાં સિનિયર સિટીઝન ફસાયા

(એજન્સી)વડોદરા। તા. 07

ગુજરાતના જાણીતા ઔદ્યોગિક અને સાંસ્કૃતિક નગર વડોદરા શહેરના અતિ પોશ ગણાતા અલકાપુરી વિસ્તારમાં સાયબર ઠગોએ વધુ એક સિનિયર સિટીઝનને પોતાની જાળમાં ફસાવ્યા હોવાની ગંભીર ઘટના પ્રકાશમાં આવી છે. અજાણ્યા સાયબર અપરાધીઓ દ્વારા મોબાઈલ ફોન પર મોકલવામાં આવેલી એક શંકાસ્પદ એપીકે ફાઈલના માધ્યમથી નિવૃત્ત જીવન ગાળતા એક વયોવૃદ્ધ નાગરિકના બેંક ખાતામાંથી ત્રણ અલગ-અલગ ટ્રાન્ઝેક્શન દ્વારા કુલ પંચોતેર હજાર છસો ઓગણીસ રૂપિયા સેરવી લેવામાં આવ્યા છે, જેને લઈને સ્થાનિક સ્તરે ભારે ચકચાર મચી ગઈ છે.

મીડિયા અહેવાલ મુજબ, વડોદરા શહેરના અલકાપુરી વિસ્તારમાં આવેલા શ્રી કુંજ ફ્લેટ ખાતે રહેતા અને શાંતિપૂર્વક નિવૃત્ત જીવન વિતાવી રહેલા નરેન્દ્રભાઈ શેઠના મોબાઈલ ફોન પર ગત ત્રીસમી સપ્ટેમ્બરના રોજ એક અજાણી લિંક આવી હતી. આ લિંકમાં ક્રેડિટ કાર્ડ લિમિટ ઈન્ક્રીઝ એપીકે એવો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. નરેન્દ્રભાઈ પોતે એક પ્રાઈવેટ બેંકનું ક્રેડિટ કાર્ડ વાપરતા હોવાથી તેમને આ મેસેજ અસલી લાગ્યો હતો અને તેમણે અજાણતા જ તે લિંક પર ક્લિક કરીને ફાઈલ ડાઉનલોડ કરી લીધી હતી. લિંક ખોલવાની સાથે જ ગણતરીની સેકન્ડોમાં બેંક ખાતામાંથી એક પછી એક ત્રણ મોટા ટ્રાન્ઝેક્શન થઈ ગયા હતા અને તેમના બેંક ખાતામાંથી સિત્તેર હજારથી વધુ રકમ સફાચટ થઈ ગઈ હતી. પોતાના ખાતામાંથી નાણાં ઉપડી ગયાની જાણ થતાં જ નરેન્દ્રભાઈ સફાળા જાગી ગયા હતા અને ત્વરિત સમયસૂચકતા વાપરીને પોતાનો મોબાઈલ ફોન તરત જ બંધ કરીને રીસેટ કરી નાખ્યો હતો જેથી વધુ નુકસાન અટકાવી શકાય. ત્યારબાદ તેમણે તાત્કાલિક ધોરણે રાષ્ટ્રીય સાયબર ક્રાઈમ હેલ્પલાઈન અને સ્થાનિક સાયબર સેલને આ સમગ્ર બનાવ અંગે સત્તાવાર માહિતી આપી હતી. આ મામલાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને અકોટા પોલીસ સ્ટેશન દ્વારા ગુનો નોંધીને ટેકનિકલ સર્વેલન્સ અને કૉલ ડિટેઈલ્સના આધારે આરોપીઓને પકડી પાડવા માટે સઘન તપાસ શરૂ કરવામાં આવી છે.

## જૂનાગઢમાં મંજૂરી વિના ખડકેલું 'ખેડૂત ભવન' અમિત શાહ પાસે ખુલ્લું મુકાવ્યું



(એજન્સી) જૂનાગઢ । તા. 07

જૂનાગઢમાં શાસક પક્ષ પ્રેરિત સહકારી સંસ્થાઓમાં ચાલતા મનમાની વહીવટ અને કાયદાકીય અરાજકતાનો એક અત્યંત ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે, જ્યાં જૂનાગઢ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના સત્તાધીશો દ્વારા જૂનાગઢ મહાનગરપાલિકાની કોઈપણ પ્રકારની સત્તાવાર બાંધકામ મંજૂરી કે પરવાનગી લીધા વગર જ ચાર માળનું વિશાળ 'ખેડૂત ભવન' ગેરકાયદેસર રીતે ખડકી દેવામાં આવ્યું છે. આ મામલે સ્થાનિક સ્તરે ભારે ચર્ચા જાગી છે અને તંત્રની કામગીરી સામે ગંભીર સવાલો ઉભા થઈ રહ્યા છે. કાયદાના તમામ નિયમોને નેવે મૂકીને તૈયાર કરાયેલા આ ગેરકાયદેસર બિલ્ડિંગનું લોકાર્પણ આજથી બે વર્ષ પહેલાં દેશના કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહના હસ્તે કરાવવામાં આવ્યું હતું, જેના કારણે આખો મામલો વધુ ચર્ચાના એરણે ચઢ્યો છે. તંત્રની આંખ આડા કાન કરવાની નીતિના કારણે આ ગેરકાયદેસર બિલ્ડિંગમાં બેસીને જ હાલ બજાર સમિતિનો સમગ્ર વહીવટ ચલાવવામાં આવી રહ્યો છે. સામાન્ય પ્રજા કે નાગરિકો દ્વારા જો કોઈ નાનુંસૂનું બાંધકામ પણ મંજૂરી વગર કરવામાં આવે તો મહાનગરપાલિકા તંત્ર તુરંત જ સીલિંગની કે તોડફોડની કડક કાર્યવાહી કરે છે, પરંતુ ભાજપ શાસિત માર્કેટિંગ યાર્ડ સામે આંખ આડા કાન કરીને અધિકારીઓ કેમ પાછીપાની કરી રહ્યા છે તે એક મોટો પ્રશ્ન બન્યો છે.

## ગોંડલ ફાયરિંગ કેસમાં રીબડા કોમ્બિંગ સર્ચ ઓપરેશન પોલીસ

(એજન્સી) ગોંડલ । તા. 07

રવિવારે મોડી રાત્રે ગોંડલ તાલુકાના સડક પીપળીયા ગામની સીમમાં ખેતરમાં બકરા ચરાવવાની સામાન્ય બાબતને લઈને જૂની અદાવત અને ખાર રાખીને એક ગંભીર અને ચોંકાવનારી ઘટના સામે આવી છે, જેમાં ગોંડલના પૂર્વ ધારાસભ્ય મહીપતસિંહ જાડેજાના પૌત્ર તથા અનિરૂધ્ધસિંહ જાડેજાના ભત્રીજા ધ્રુવરાજસિંહ જાડેજા તથા તેના અસંખ્ય માણસો દ્વારા એક નિર્દોષ પરિવારના સભ્યો પર જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલા દરમિયાન ઉશ્કેરાયેલા ધ્રુવરાજસિંહ જાડેજા દ્વારા હવામાં બે બેફામ રાઉન્ડ ફાયરિંગ કરવામાં આવતા સમગ્ર ગ્રામ્ય પંથકમાં ભયનો માહોલ વ્યાપી ગયો હતો અને લોકોમાં નાસભાગ મચી ગઈ હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર, સડક પીપળીયા ગામની સીમમાં રહેતા પરિવારના સભ્યો પોતાના રોજિંદા કામમાં વ્યસ્ત હતા ત્યારે ધ્રુવરાજસિંહ જાડેજા પોતાના સાથીદારો સાથે ત્યાં ધસી આવ્યો હતો. ખેતરમાં બકરા ચરાવવા જેવી નજીવી બાબતનો ખાર રાખીને તેણે આડેધડ હુમલો કર્યો હતો અને પિસ્તોલ કાઢીને હવામાં બે રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. આ ભયાનક ઘટના બાદ સમગ્ર વિસ્તારમાં સન્નાટો છવાઈ ગયો હતો. બનાવની ગંભીરતાને ધ્યાનમાં રાખીને રૂરલ પોલીસ તુરંત હરકતમાં આવી ગઈ હતી અને તાત્કાલિક ધોરણે એક સગીર સહીત પાંચ કુખ્યાત શખ્સોની ધરપકડ કરી લીધી હતી. જો કે, આ સમગ્ર ઘટનાનો મુખ્ય સૂત્રધાર અને પૂર્વ ધારાસભ્યનો પૌત્ર ધ્રુવરાજસિંહ જાડેજા ઘટનાસ્થળેથી નાસી છૂટવામાં સફળ રહ્યો હતો, જેને પકડવા માટે પોલીસ તંત્ર દ્વારા સઘન ચક્રોગતિમાન કરવામાં આવ્યા છે. ફરાર થયેલા મુખ્ય આરોપી ધ્રુવરાજસિંહ જાડેજાને સત્વરે પકડી પાડવા માટે ગોંડલ ડિવિઝનના ઈન્ચાર્જ ડીવાયએસપી શ્રીજીતા પટેલના માર્ગદર્શન હેઠળ ગત મોડી રાત્રે રીબડા અને સડક પીપળીયા વિસ્તારમાં વિશાળ પાયે સર્ચ ઓપરેશન અને કોમ્બિંગ હાથ ધરવામાં આવ્યું હતું. એલસીબી, એસઓજી અને ગોંડલ ડિવિઝનના સિત્તેરથી વધુ પોલીસ જવાનોના કાફલાએ રીબડા ગામને ચારેય બાજુથી ઘેરી લીધું હતું જેથી રીબડા પોલીસ છાવણીમાં ફેરવાઈ ગયું હોય તેવું દ્રશ્ય સર્જાયું હતું.

## ગિરનારની દીપડીએ અપનાવ્યા અનાથ બચ્ચાં, જૂનાગઢ ગિરનાર દીપડી માતૃત્વ



જૂનાગઢ | વન્યજીવોની રહસ્યમય, સંવેદનશીલ અને ભાવનાત્મક દુનિયામાંથી એક અત્યંત અનોખી તેમજ હૃદયસ્પર્શી ઘટના પ્રકાશમાં આવી છે, જેમાં ગીર સોમનાથ જિલ્લાના સૂત્રાપાડા વિસ્તારમાંથી પોતાની માતાથી વિખૂટા પડી ગયેલા બે માસૂમ અનાથ બચ્ચાઓને જૂનાગઢ ગિરનાર અભયારણ્યની એક માદા દીપડીએ પોતાના સગાં બાળકની જેમ સહર્ષ અપનાવી લઈને એક નવું જ જીવન બક્ષ્યું છે અને માતૃત્વની એક અદભુત મિસાલ કાયમ કરી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, તાજેતરમાં જૂનાગઢ ગિરનાર અભયારણ્યની ડુંગર દક્ષિણ રેન્જમાંથી વન વિભાગની સચેત ટીમ દ્વારા એક માદા દીપડી અને તેના પોતાના એક નાના બચ્ચાનું સફળતાપૂર્વક રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું. બરાબર આ જ સમયગાળા દરમિયાન ગીર સોમનાથ જિલ્લાના સૂત્રાપાડા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાંથી દીપડીના અન્ય બે અત્યંત નાની વયના અસહાય બચ્ચાઓ પણ મળી આવ્યા હતા. પોતાની જનેતાથી વિખૂટા પડી ગયેલા આ બંને નવજાત બચ્ચાઓ અત્યંત નાજુક અને ગંભીર સ્થિતિમાં હતા.

### સેવા જ્યોતિ યાત્રા રાજપીપળા સભા

# વિકસિત ભારત સંકલ્પ સભા રાજપીપલા




(એજન્સી)રાજપીપળા। તા. 07

ગુજરાત સરકારના પાણી પુરવઠા વિભાગના રાજ્યમંત્રી તથા નર્મદા જિલ્લાના પ્રભારી મંત્રી ઈશ્વરસિંહ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં રાજપીપલા સ્થિત ગુજરાત ફોરેસ્ટ રેન્જર્સ કોલેજ ખાતે ભવ્ય જિલ્લા કક્ષાનો કાર્યક્રમ યોજાયો હતો, જેમાં વડાપ્રધાનના જાહેર જીવન અને દેશસેવાના પચીસ વર્ષ પૂર્ણ થવાના અવસરે આયોજિત સેવા જ્યોતિ યાત્રા અંતર્ગત વિકસિત ભારત સંકલ્પ સભા સફળતાપૂર્વક સંપન્ન થઈ હતી.

રાજપીપલા ખાતે યોજાયેલા આ મહત્વપૂર્ણ જિલ્લા કક્ષાના કાર્યક્રમ દરમિયાન દેશના વડાપ્રધાનની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયેલા રાષ્ટ્રીય કાર્યક્રમનું વર્ચ્યુઅલ માધ્યમથી લાઈવ પ્રસારણ ઉપસ્થિત તમામ મહાનુભાવો અને નાગરિકો દ્વારા ઉત્સાહપૂર્વક નિહાળવામાં આવ્યું હતું. ત્યારબાદ ઉપસ્થિત તમામ અગ્રણીઓ અને મંત્રીશ્રીના વદહસ્તે પ્રતિકાત્મક રીતે પવિત્ર જ્યોતિ પ્રગટાવીને સેવા જ્યોતિ યાત્રાનો સત્તાવાર અને ધમાકેદાર પ્રારંભ કરવામાં આવ્યો હતો, જેનાથી સમગ્ર વાતાવરણ દેશભક્તિ અને ઉત્સાહથી છલકાઈ ગયું હતું.

નર્મદા જિલ્લાના નાંદોદ અને દેડિયાપાડા એમ બંને મહત્વપૂર્ણ વિધાનસભા વિસ્તારોને આવરી લેતા બે અલગ-અલગ રૂટ પર સેવા જ્યોતિ યાત્રાનું ભવ્ય પ્રસ્થાન કરવામાં આવ્યું હતું. આ યાત્રામાં સ્થાનિક જનપ્રતિનિધિઓ, વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ તેમજ મોટી સંખ્યામાં આવેલા ઉત્સાહી નાગરિકોએ જોડાઈને દેશસેવાના આ મહાઅભિયાનને અભૂતપૂર્વ સફળતા અપાવી હતી અને સહયોગનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

આ વિશેષ પ્રસંગે ઉપસ્થિત તમામ મહાનુભાવોએ વડાપ્રધાનના દેશસેવાના પચીસ વર્ષના દીર્ઘકાલીન કાર્યકાળના અવસરે આયોજિત આ યાત્રાના મૂળભૂત ઉદ્દેશ્યો અને વિકસિત ભારતના નિર્માણના સંકલ્પને જનભાગીદારીના માધ્યમથી વધુ મજબૂત બનાવીને આગળ ધપાવવાની દ્રઢ પ્રતિજ્ઞા લીધી હતી, જેણે ઉપસ્થિત જનસમુદાયમાં નવો જોશ અને ઉર્જાનો સંચાર કર્યો હતો.

આ ભવ્ય કાર્યક્રમમાં અતિસન્માનિત સાંસદ મનસુખભાઈ વસાવા, સાંસદ મુકેશભાઈ રાઠવા, ધારાસભ્ય ડૉ. દર્શનાબેન દેશમુખ, પ્રદેશના અગ્રણી સિદ્ધીબેન જોષી, પૂર્વ મંત્રી શબ્દશરણ તડવી, મોતીલાલ વસાવા, જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ શંકરભાઈ વસાવા, પર્યુષાબેન વસાવા, ભીમસિંહભાઈ તડવી, નર્મદા જિલ્લા કલેક્ટર ગંગા સિંઘ, જિલ્લા વિકાસ અધિકારી આર.વી. વાળા તથા રાજપીપળા નગરપાલિકા પ્રમુખ શિવાનીબેન મહેતા સહિત અનેક સ્થાનિક ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ અને નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### દાદાના પ્રેમ અને સરકારી સહાયથી કાજલબેનની સફળતા

# દાદાની હૂંફ અને સરકારની સહાયથી કાજલબેન આત્મનિર્ભર

(એજન્સી)રાજપીપળા। તા. 07

બાળપણમાં જ માતા-પિતાની છત્રછાયા ગુમાવી દેનાર નિરાધાર બાળકો માટે જીવનનો માર્ગ અત્યંત પડકારજનક હોય છે, પરંતુ જ્યારે પરિવારનો કોઈ વડીલ વટવૃક્ષ બનીને ઊભો રહે અને રાજ્ય સરકારની કલ્યાણકારી યોજનાઓનો સચોટ સહારો મળે, ત્યારે નિરાધાર જીવન પણ નવી આશા અને આત્મવિશ્વાસથી ઉજ્જવળ બની શકે છે. નર્મદા જિલ્લાના તિલકવાડા તાલુકામાં આવેલા ચીંચડીયા-ગુણેથા ગામના તડવી કાજલબેન દિનેશભાઈની પ્રેરણાદાયી જીવનકથા આ વાતની જીવંત સાબિતી પૂરી પાડે છે.

કાજલબેન માત્ર બે વર્ષનાં હતાં ત્યારે તેમના પિતા દિનેશભાઈનું સુરત ખાતે મજૂરી કામ દરમિયાન આકસ્મિક અવસાન થયું હતું. પિતાનું છત્ર ગુમાવ્યા બાદ પરિવારની પરિસ્થિતિ બગડતા માતાના પુનઃલગ્ન થયા હતા, અને કાજલબેનનો ઉછેર તેમના પિતાના પરિવાર એટલે કે દાદાના ઘરે શરૂ થયો હતો. માતાની મમતા અને પિતાની હૂંફ બંનેથી વંચિત રહેલી નાનકડી કાજલ માટે તેમના દાદા રેવાભાઈ શંકરભાઈ જીવનના સૌથી મોટા આધાર બની ગયા હતા. દાદા રેવાભાઈએ પૌત્રીને માત્ર આશ્રય જ ન આપ્યો, પરંતુ પિતાની જેમ તેની દરેક નાની-મોટી જરૂરિયાતની જવાબદારી પોતાના ખભે ઉપાડીને તેને સાચા અર્થમાં જીવનની નવી દિશા બતાવી હતી.

પૌત્રીના ઉછેરની આ કપરી જવાબદારી નિભાવતી વખતે દાદા રેવાભાઈએ ગુજરાત સરકારની લોકઉપયોગી પાલક માતા-પિતા યોજનાનો સમયસર લાભ લીધો હતો. આ યોજના હેઠળ દર મહિને રૂપિયા ત્રણ હજારની આર્થિક સહાય પ્રત્યક્ષ બેંક ખાતામાં જમા થતી હતી, જેણે કાજલબેનના શિક્ષણ અને ઉછેરમાં ખૂબ જ મોટો ફાળો આપ્યો હતો. આ સરકારી સહાય અને દાદાની અથાક મહેનતના કારણે કાજલબેને પોતાના અભ્યાસને કોઈપણ મુશ્કેલી વિના સફળતાપૂર્વક પૂર્ણ કર્યો હતો અને જીવનમાં આગળ વધવાની અનમોલ તક મેળવી હતી. સમય વીતતાની સાથે જ દાદાને પૌત્રીના ભવિષ્ય અને લગ્નની ચિંતા સતાવવા લાગી હતી, પરંતુ ગુજરાત સરકારની દીકરી લગ્ન સહાય યોજના અંતર્ગત કાજલબેનને રૂપિયા બે લાખની માતબર રકમ સીધી બેંક ખાતામાં મળતા દાદાને મોટું આર્થિક હળવાશ અનુભવાઈ હતી અને દેવું કરવાનો વારો આવ્યો ન હતો. છોટાઉદેપુર જિલ્લાના સમારિયા ગામના જયમીનભાઈ તડવી સાથે લગ્ન થયા બાદ આજે કાજલબેન પોતાના પતિ સાથે એકતાનગર ખાતે આવેલા સ્ટેચ્યુ ઓફ યુનિટીના પ્રવેગ ટેન્ટ સિટીમાં નોકરી કરીને આત્મનિર્ભર બની રહ્યા છે.



### કલેક્ટર કચેરી બહાર કર્મચારીઓના ધરણાં

# વડોદરામાં મહેસુલી કર્મચારીઓની અચોક્કસ મુદતની હડતાળ

(એજન્સી)વડોદરા। તા. 07

ગુજરાતના સંસ્કારી નગર વડોદરા શહેરમાં મહેસુલી તંત્ર સાથે સંકળાયેલા વિવિધ કર્મચારીઓ પોતાની પડતર માંગણીઓના ત્વરિત ઉકેલ માટે અચોક્કસ મુદતની હડતાળ પર ઉતરી આવ્યા છે, જેના કારણે સરકારી કચેરીઓમાં રોજિંદા કામ માટે આવતા સામાન્ય નાગરિકો અને અરજદારોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. કર્મચારીઓ દ્વારા કલેક્ટર કચેરીની બહાર સત્તાવાર રીતે તંબુ બાંધીને ધરણાં અને વિરોધ પ્રદર્શન શરૂ કરવામાં આવ્યા છે, જેના લીધે વહીવટી કામગીરી સંપૂર્ણપણે ઠપ થઈ ગઈ છે.

મીડિયા અહેવાલ અનુસાર, મહેસુલી કર્મચારીઓની આ અચોક્કસ મુદતની હડતાળને કારણે જમીનના દસ્તાવેજો, હક્કચોકસી, વારસાઈ નોંધો, આવકના દાખલા, જાતિના દાખલા અને વિવિધ પ્રકારના મહત્વપૂર્ણ પ્રમાણપત્રો મેળવવાની કામગીરી સંપૂર્ણપણે અટકી પડી છે. વડોદરા શહેર તેમજ આસપાસના દૂર-દૂરના ગામડાઓમાંથી મોંઘા ભાડા ખર્ચીને પોતાના સરકારી કામ માટે કચેરીએ આવતા નાગરિકોને ખાલી હાથે પરત ફરવાની નોબત આવી રહી છે. અરજદારોના મોઢેથી એવા દયનીય દ્રશ્યો જોવા મળી રહ્યા છે કે સરકારી કચેરીએ આવ્યા તો ખરા, પરંતુ સમય અને નાણાં બંનેનો વ્યય થવા છતાં કામ ક્યાં થાય છે? આંદોલનકારી કર્મચારીઓએ સ્પષ્ટ શબ્દોમાં ચીમકી ઉચ્ચારી છે કે જ્યાં સુધી તેમની તમામ માંગણીઓ અંગે સરકાર દ્વારા સંતોષકારક નિર્ણય નહીં લેવામાં આવે ત્યાં સુધી આ હડતાળ યથાવત રહેશે.

કર્મચારીઓની આ હડતાળના કારણે સરકારી તંત્રની કામગીરી પર માઠી અસર પડી છે અને રોજબરોજના કામો અટવાઈ જતા સામાન્ય પ્રજામાં ભારે રોષ અને અસંતોષની લાગણી પ્રવર્તી રહી છે. અગાઉ પણ અનેક વખત રજૂઆતો કરવા છતાં યોગ્ય નિકાલ ન આવતા આખરે કર્મચારીઓએ આંદોલનનું ઉગ્ર શસ્ત્ર ઉગામ્યું છે.

### જીસીસી મોડેલ આધારિત પ્રોજેક્ટ અને તેની શરતો

# વડોદરામાં ઈ બસ ટિકિટ કોન્ટ્રાક્ટમાં વધારો

(એજન્સી)વડોદરા। તા. 07

વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરમાં આગામી સમયમાં દોડાવવામાં આવનારી એકસો ત્રીસ ઈલેક્ટ્રિક બસના ટિકિટ અને રેવન્યુ કલેક્શન માટેની એજન્સી પસંદગીની પ્રક્રિયામાં અંદાજ કરતાં પણ વધારે ભાવ સામે આવતા સ્થાનિક રાજકારણમાં અને વહીવટી વર્તુળોમાં ભારે ચર્ચા જાગી છે. પ્રશાસન દ્વારા નક્કી કરવામાં આવેલા અંદાજ કરતાં આ ટેન્ડરમાં અંદાજે નવ ટકા જેટલો ઊંચો ભાવ આવ્યો છે, જેને મંજૂરી માટે હવે સ્થાયી સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવ્યો છે.

પીએમ ઈ-બસ સેવા યોજના હેઠળ વડોદરા શહેરને પ્રથમ તબક્કામાં કુલ એકસો ત્રીસ ઈલેક્ટ્રિક બસ ફાળવવામાં આવવાની છે. આ બસોમાં મુસાફરી કરતા નાગરિકો પાસેથી યોગ્ય રીતે ભાડું વસૂલવા માટે અને ટિકિટિંગ સોફ્ટવેરનું સંચાલન કરવા માટે પાંચ વર્ષની મુદત માટે નવી એજન્સીની શોધખોળ હાથ ધરવામાં આવી હતી. આ પાંચ વર્ષની કામગીરી માટેનો અંદાજિત ખર્ચ ચોવીસ કરોડ ચોવીસ લાખ રૂપિયા આસપાસ મુકવામાં આવ્યો હતો. જો કે, આ ટેન્ડર પ્રક્રિયામાં મહેસાણાની જાણીતી દિગ્વિજય એન્ટરપ્રાઈઝ દ્વારા સૌથી ઓછું એટલે કે અંદાજ કરતાં નવ પૂર્ણાંક ઓગણપચાસ ટકા વધુ ભાવપત્રક રજૂ કરવામાં આવ્યું છે, જેના કારણે કોર્પોરેશનને પાંચ વર્ષ માટે આશરે છવ્વીસ કરોડ પંચાવન લાખ રૂપિયાનો ખર્ચ કરવો પડશે. આ સમગ્ર પ્રોજેક્ટ ગ્રોસ કોસ્ટ કોન્ટ્રાક્ટ એટલે કે જીસીસી મોડેલ પર સંપૂર્ણપણે આધારિત છે. આ મોડેલ અંતર્ગત બસોની ખરીદી, માલિકી અને તેના સંચાલનની તમામ મુખ્ય જવાબદારી સંબંધિત ઓપરેટરની રહેશે, જ્યારે મુસાફરો પાસેથી ટિકિટના માધ્યમથી થતી આવકનું કલેક્શન અને તેની દેખરેખ રાખવાની જવાબદારી શહેરી સ્થાનિક સંસ્થા એટલે કે મ્યુનિસિપલ કોર્પોરેશનના હસ્તક રહેશે. બસોને માર્ગ પર યોગ્ય રીતે દોડાવવા માટે કેન્દ્રીય એજન્સી મારફતે ઓપરેટરની પસંદગી અગાઉ જ કરી લેવામાં આવી છે.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

તમારા લાંબા સમયની બીમારીના ઈલાજ માટે સ્મિત થૅરેપીનો ઉપયોગ કરજો કેમ કે તે તમામ સમસ્યાની શ્રેષ્ઠ દવા છે. દિવસમાં મોડેથી નાણાકીય સ્થિતિ સુધરશે. તમારો ભાગીદાર સહકારપૂર્ણ તથા મદદરૂપ હશે. તમારા જીવનસાથી આજે આખો દિવસ તમારા વિશે જ વિચારશે.

**વૃષભ : બ. વ. ઉ.**

તમારા આહારની યોગ્ય તકેદારી રાખવી ખાસ કરીને માઈગ્રેનના દરદીઓએ જેમણે તેમનું ભોજન મિસ ન કરવું જોઈએ કેમ કે એવું કરવાથી તેમના પર લાગણી સંબંધિત તાણ બિનજરૂરી રીતે આવી શકે છે. તમારી પાસે પૈસા પણ પર્યાપ્ત માત્રા માં હશે.

**મિથુન : ક. છ. ઘ.**

આર્થિક સ્થિતિ અને આર્થિક સમસ્યાઓ આમ છતાં ચિંતાનું કારણ બનશે. જે લોકો લઘુ ઉદ્યોગ કરે છે તે લોકો ને આજે પોતાના કોઈ નજીકી દ્વારા સલાહ મળી શકે છે જેના દ્વારા તેમને આર્થિક લાભ થવા ની શક્યતા છે. સામાજિક કાર્યક્રમોમાં હાજર રહેવાની તકો મળવાની શક્યતા છે.

**કર્ક : ડ. હ.**

લાંબા ગાળાની માંદગીથી તમને મુક્તિ મળે એવી શક્યતા છે. થોડા વધુ નાણાં બનાવવા માટે તમારા નાવિન્યસભર વિચારોનો ઉપયોગ કરો. મિત્રો સાથે સાંજ અત્યંત મનોરંજક તથા આનંદસભર રહેશે. તમારા પ્રિયપાત્ર-જીવનસાથી તરફથી આવનારો ફોન કૉલ તમારો દિવસ બનાવશે.

**સિંહ : મ. ટ.**

કોઈક બિનજરૂરી બાબતને લઈને દલીલબાજી કરવામાં તમારી શક્તિ વેડફશો નહીં. હંમેશાં તમારી જાતને યાદ દેવડાવો કે દલીલબાજીથી કશું મળતું નથી પણ તમે કશુંક ચોક્કસ જ ગુમાવો છો. આજે તમારી સામે અનેક આર્થિક યોજનાએ રજૂ કરવામાં આવશે.

**કન્યા : પ. ઠ. ણ.**

જાતે જ પોતાની દવા કરવી એ બાબત ડ્રગ ડિપેન્ડન્સીનું કારણ બની શકે છે. કોઈપણ દવા લેવા પૂર્વે ફિઝિશિયનની સલાહ લો અન્યથા ડ્રગ ડિપેન્ડ્ન્સીની શક્યતા ખાસ્સી વધારે છે. આજ ના દિવસે તમે ઘરે થી ઘણી સકારાત્મકતા સાથે નીકળશો.

**તુલા : ર. ત.**

ખૂલ્લામાં પડ્યું હોય એવું ખાણું ખાતા નહીં કેમ કે તેનાથી તમે માંદા પડી શકો છો. અનિચ્છીત કોઈ મહેમાન આજે ઘરે આવી શકે છે જેના આવવા થી તમારે તે વસ્તુઓ ઉપર પણ ખર્ચ કરવો પડી શકે છે જેને તમે આવતા મહિને કરવાનું વિચાર્યું હતું.

**વૃશ્ચિક : ન. ય.**

તમારૂં ઝઘડાખોર વર્તન તમારા શત્રુઓની યાદીમાં વધારો કરશે. કોઈને પણ તમને એટલા ગુસ્સે કરવા ન દો કે જેનો પસ્તાવો તમને પછીથી થાય. તમારું કોઈ મિત્ર આજે તમારા થી મોટી રકમ ઉધાર માંગી શકે છે, જો તમે તેને આ રકમ આપો છો તો તમે નાણાકીય સંકટ માં આવી શકો છો.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

તમારા જીવનને હળવાશથી લેતા નહીં, જીવનની દરકાર જ સાચી સમજ છે. આખા દિવસ માં ભલે તમે ધન માટે સંઘર્ષ કર્યા હોય પરંતુ સાંજ ની સમયે તમને ધન લાભ થયી શકે છે. તમારા ઘરમાં સૌહાર્દતા લાવવા માટે સહકારપૂર્વક કામ કરો.

**મકર : ખ. જ.**

આજના મનોરંજનમાં રમતગમતની પ્રવૃત્તિઓ તથા બાહ્ય કાર્યક્રમોનો સમાવેશ થવો જોઈએ. આજે તમારું કોઈ નજીકી જોડે ઝગડો થયી શકે છે અને વાત કોર્ટ કચેરી સુધી જયી શકે છે. જેના લીધે તમારું વધારે ધન ખર્ચ થયી શકે છે.

**કુંભ : ગ. સ. શ. ષ.**

તમને નિર્ભેળ આનંદ તથા મોજમજા મળશે-કેમ કે તમે તમારા જીવનને સંપૂર્ણપણે માણવાનો નિશ્ચય કર્યો છે. આ રાશિ ના અમુક લોકો ને પોતાના સંતાન થી આર્થિક લાભ થવા ની શક્યતા છે. આજે તમને પોતાના સંતાન પર ગર્વ અનુભવ થશે.

**મીન : દ. ચ. ઝ. થ.**

તમારા જીવનસાથીનું વફાદાર હૃદય અને હિંમતવાન મનોબળ તમને કદાચ આનંદ આપશે. આજે કોઈપણ પ્રકારનું રોકાણ ટાળવું. તમે જ્યારે જૂથમાં હો ત્યારે તમે શું હોલો છો તેના પર ધ્યાન આપો-તમારી આવેશપૂર્ણ ટિપ્પણી માટે તમારી ભારે ટીકા થઈ શકે છે.

### ફૂડ વિભાગે અસ્વચ્છ સ્થિતિ જોતાં કેટરર્સને સીલ કરી

# નોનવેજ ખાધા બાદ 35 લોકોની તબિયત લથડતા ચકચાર, કેટરર્સનું રસોડું સીલ

(એજન્સી) જામનગર | તા.07

જામનગરના બેડેશ્વર વિસ્તારમાં 'એ-વન બોમ્બે બિરયાની એન્ડ કેટરર્સ'માંથી નોનવેજ ભોજન આરોગ્યા બાદ 30 થી 35 લોકોને ફૂડ પોઈઝનિંગ થયું છે. 4 ઓક્ટોબરે રાત્રે ભોજન લીધા બાદ બીજા દિવસે સવારે પેટમાં દુખાવો, ઝાડા-ઉલટી થતાં તમામને જી.જી. હોસ્પિટલ ખસેડાયા. હાલ 11 દર્દીઓ સારવાર હેઠળ છે. મહાનગરપાલિકાના ફૂડ વિભાગે અસ્વચ્છ સ્થિતિ જોતાં કેટરર્સને સીલ કરી, 5 નમૂના લેબોરેટરીમાં મોકલ્યા છે. જામનગર શહેરના બેડેશ્વર વિસ્તારમાં આવેલી 'એ-વન બોમ્બે બિરયાની એન્ડ કેટરર્સ'માંથી નોનવેજ ભોજન આરોગ્યા બાદ 30 થી 35 જેટલા લોકોને ફૂડ પોઈઝનિંગની અસર થયાની ગંભીર ઘટના સામે આવી છે. આ બનાવને પગલે મહાનગરપાલિકાના ફૂડ વિભાગમાં દોડધામ મચી ગઈ હતી અને ત્વરિત કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.પ્રાપ્ત વિગતો મુજબ, તા. 4 ઓક્ટોબરની રાત્રે બેડેશ્વર અને



આસપાસના વિસ્તારમાં રહેતા 30થી 35 લોકોએ આ કેટરર્સમાંથી બિરયાની અને અન્ય નોનવેજ વાનગીઓ ખરીદીને આરોગી હતી. આ ભોજન લીધા બાદ બીજા દિવસે સવારે અચાનક તમામ લોકોને પેટમાં દુખાવો, ઝાડા-ઉલટી જેવી તકલીફો શરુ થતાં ફૂડ પોઈઝનિંગની અસર હોવાનું સ્પષ્ટ થયું હતું. તબિયત લથડતાં આ તમામ અસરગ્રસ્તોને ત્વરિત સારવાર માટે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલ તેમજ બેડેશ્વરની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સારવાર બાદ જે દર્દીઓની તબિયતમાં સુધારો થયો હતો તેમને તબક્કાવાર રજા આપવામાં આવી છે, જ્યારે હાલ સરકારી જી.જી. હોસ્પિટલમાં 11 દર્દીઓ સારવાર હેઠળ છે અને તેમની તબિયતમાં ક્રમશઃ સુધારો થઈ રહ્યો છે. આ ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને જામનગર મહાનગરપાલિકાના ફૂડ વિભાગના અધિકારીઓ અને ટીમ તાત્કાલિક સ્થળ પર દોડી ગઈ હતી. ટીમ દ્વારા કેટરર્સની જગ્યાએ તપાસ હાથ ધરવામાં આવી હતી. જ્યાં પ્રાથમિક તબક્કે ભારે અસ્વચ્છ (અનહાઈજેનિક) પરિસ્થિતિ જોવા મળી હતી. આ પરિસ્થિતિને જોતાં ફૂડ વિભાગ દ્વારા આગામી આદેશ ન થાય ત્યાં સુધી 'એ-વન બોમ્બે બિરયાની એન્ડ કેટરર્સ'ને સીલ કરી દેવાની કડક કાર્યવાહી કરવામાં આવી છે. આ ઉપરાંત, ફૂડ વિભાગની ટીમે સ્થળ પરથી નોનવેજ વાનગીઓના જુદા જુદા 5 નમૂના જપ્ત કરીને ગુણવત્તા ચકાસણી અને પૃથક્કરણ માટે લેબોરેટરીમાં મોકલી આપ્યા છે, જેથી ફૂડ પોઈઝનિંગનું ચોક્કસ કારણ બહાર આવી શકે.

## જેસરના ચિરોડા ગામે મધ્યરાત્રીએ રહેણાંક મકાનમાં દિપડો ઘુસી ગયો

જેસર : જેસર તાલુકાનાં ચિરોડા ગામે ગત મોડી રાત્રે મેઈન બજારમાં આવેલ એક રહેણાંકી મકાનમાં દિપડો આવી ચડયો હતો. જો કે મકાન માલિક જાગી જતા અને હાંકલા પડકારા કરતા દિપડો ચાલી ગયો હતો. આંગણામાંથી એક કુતરાને દબોચી લીધું હતું. તાકીદે અન્ય અઘટતી ઘટના ઘટે તે પૂર્વે પાંજરૃ મુકવા વ્યાપક માંગણી ઉઠવા પામી છે. જેસર તાલુકાના ચિરોડા ગામે ગત મોડી રાત્રિનાં બે કલાકે મેન બજારમાં આવેલ પ્રદ્યુમનસિંહ સરવૈયાનાં ઘરમાં રાત્રિનાં બે કલાકે વંડી ઠેકીને ઘરમાં દીપડો પ્રવેશ્યો હતો જેથી રાત્રીનાં સમયે પ્રદ્યુમનસિંહ જાગી જતા હાકલા પડકારા કરતા દીપડો જતા જતા ઘરમાં બેસેલ કુતરાને ઉપાડી ડુંગરાળ વિસ્તારમાં ભાગી ગયો હતો જેથી પ્રદ્યુમનસિંહ દિલીપસિંહ



સરવૈયાએ જેસર ફોરેસ્ટ વિભાગમાં જાણ કરતા ફોરેસ્ટના અધિકારીઓ આવી સ્થળ તપાસ કરી અને વદુમાં પાંજરું મુકી દીપડો પકડી પાડશું તેવી હૈયાધારણા આપીને અધિકારીઓ જતા રહ્યા હતા. ચિરોડા ગામમાં સાવજો તેમજ દીપડાઓ અવારનવાર ગામમાં પ્રવેશી કિંમતી માલ ડોરનું મારણ તેમજ નુકસાની કરી જતા રહે છે જેથી વહેલી તકે પાંજરૃં મુકી દીપડાને પકડી બીડ વિસ્તારમાં મુકવામાં આવે તેવી ચિરોડા ગ્રામજનોની માંગ ઉઠવા પામી છે અત્યારે તો ફક્ત માલ ડોર તેમજ કુતરા બિલાડાને નુકસાન કરે છે.

## વન્યજીવ સંશોધક સખી ડાભીએ ઇટાલીના પેસ્કાસ્સેરોલીમાં યોજાયેલી ૨૯મી આંતર રાષ્ટ્રીય કોન્ફરન્સમાં ભાગ લઇ કર્યું મૌખીક પ્રસ્તુતીકરણ

નરેન્દ્ર દવે જૂનાગઢ તા.07,

જૂનાગઢ શહેરની સમીપે ખડીયા ગામની સીમમાં ગીરનાર વનસંપદા સથવારે ઉચ્ચશિક્ષણની જ્ઞાન સરવાણી વહેતી કરનાર ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં નાં સેન્ટર ઓફ એક્સિલન્સ ફોર વાઈલ્ડ લાઈફ એન્ડ કન્ઝર્વેશન સ્ટડીઝ (CWCS)માં પીએચ.ડી. માં શોધકાર્યથી સંકળાયેલ વિદ્યાર્થીની અને વન્યજીવ સંશોધક સખી ડાભીએ ઈટાલીના પેસ્કાસ્સેરોલીમાં ૨૯ મી રીંછ સંશોધન અને વ્યવસ્થાપન માટેની આંતરરાષ્ટ્રીય સંસ્થાની પરિષદમાં વક્તા તરીકે ભાગ લઈને પોતાના સંશોધનનું મૌખિક પ્રસ્તુતીકરણ કર્યુ હતુ. આ આંતરરાષ્ટ્રીય પરિષદમાં ૪૧ દેશોમાંથી આશરે ૩૫૦ પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. સાખી ડાભીએ પશ્ચિમ ભારતમાં મુક્તપણે વિચરતા અને કેદમાં રાખવામાં આવેલા સ્લોથ રીંછના આંતરડાના સૂક્ષ્મ જીવાણુ ઓની વિવિધતા અંગેનો તુલનાત્મક અભ્યાસ વિષય પર સંશોધન રજૂ કર્યુ હતું. તેમના સંશોધનમાં પશ્ચિમ ભારતમાં જોવા મળતા જંગલી અને કેદમાં રહેલા સ્લોથ રીંછના આંતરડાના સૂક્ષ્મજીવોની વિવિધતા તથા રીંછના આરોગ્ય અને પોષણ સાથેના સંબંધનો અભ્યાસ કરવામાં આવ્યો છે.સખી ડાભી આંતરરાષ્ટ્રીય રીંછ સંશોધન અને વ્યવસ્થાપન સંઘ (IBA) વિદ્યાર્થી પરિષદમાં દક્ષિણ એશિયાના પ્રતિનિધિ તરીકે પણ કાર્યરત છે. પરિષદ દરમિયાન યોજાયેલા વિદ્યાર્થી સત્રમાં પણ તેમની સક્રિય ભૂમિકા રહી હતી, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.ની વિદ્યાર્થીને સન્માનિત કરતા યુનિ.નાં કૂલપતિ ડો. પ્રતાપસિંહજી ચૌહાણે જણાવ્યુ હતુ કે વિશ્વભરના વન્યજીવ નિષ્ણાતો અને વૈજ્ઞાનિકોની ઉપસ્થિતિ વચ્ચે આંતર રાષ્ટ્રીય મંચ પર ભકત કવિ નરસિંહ મહેતા વિશ્વ વિદ્યાલયની વિદ્યાર્થિની કુ.સખી ડાભી દ્વારા યુનિવર્સિટી અને દેશનું પ્રતિનિધિત્વ કરવું.

## ધોલેરાના મિંગલપુર મહાકાળી માતાજીના મંદિર પાસે ચાલતું જુગારધામ ઝડપાયુ

ધંધુકા : ધોલેરા તાલુકાના મિંગલપુર ગામમાં આવેલા મહાકાળી માતાજીના મંદિર પાસે ખુલ્લી જગ્યામાં ચાલતા જુગારધામ પર અમદાવાદ ગ્રામ્ય એલ.સી.બી. પોલીસે દરોડો પાડીને મોટી સફળતા મેળવી છે. ગુપ્ત બાતમીના આધારે કરવામાં આવેલી આ કાર્યવાહીમાં પોલીસે તીનપત્તીનો જુગાર રમતા ૮ જુગારીઓને રંગેહાથ ઝડપી પાડયા છે, જ્યારે જુગારધામ ચલાવતા બે આયોજકો સ્થળ પરથી ફરાર થઈ જવામાં સફળ રહ્યા છે.અમદાવાદ ગ્રામ્ય એલ.સી.બી. સ્ટાફ ધોલેરા વિસ્તારમાં પ્રોહિબિશન અને જુગાર અંગે પેટ્રોલીંગમાં હતો, તે સમયે મળેલી ખાનગી બાતમીના આધારે મિંગલપુર ગામ ખાતે દરોડો પાડયો હતો. પોલીસે મહાકાળી મંદિર પાસે ગોળ કુંડાળું વળીને પાનાથી હાર-જીતનો જુગાર રમી રહેલા ઈસમોને ઘેરાબંધી કરીને સ્થળ પર જ દબોચી લીધા હતા.પોલીસે સ્થળ પરથી દાવ પર લગાવેલા રૂ. ૧૦,૫૨૦ રોકડા, પકડાયેલા આરોપીઓની અંગઝડતીમાંથી મળેલી રૂ. ૫૧,૭૭૦ ની રોકડ રકમ તથા ૫૨ ગંજીપાના મળીને કુલ રૂ. ૬૨,૨૯૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.પોલીસના દરોડામાં બાલા મકવાણા, ગુલાબ મકવાણા, જગદિશ કાલ્યા, પ્રકાશ મકવાણા, જીવરાજ વાઘેલા, બટુક કાનાણી, મુન્ના બારૈયા અને સુરેશ કાલ્યા ઝડપાઈ ગયા છે. પૂછપરછ દરમિયાન સામે આવ્યું કે મિંગલપુરના શેતાન ઉજમશીભાઈ કાનાણી તથા અશોક ચતુરભાઈ કાનાણી જુગાર રમવા આવનાર વ્યક્તિ દીઠ રૂ. ૧૦૦૦ નાળ પેટે ઉઘરાવતા હતા.

## ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નો આઠમો યુવા મહોત્સવ આગામી ૯ અને ૧૦ ઓક્ટોબરે યોજાશે

નરેન્દ્ર દવે જૂનાગઢ તા.07,

ભક્તકવિ નરસિહ મહેતા યુનિ.નો આઠમો યુવા મહોત્સવ એટલે કે કલા ઉત્સવ -૨૦૨૬ નુતન યુનિ. કેમ્પસ ખાતે તા. ૯ ઓગષ્ટનાં રોજ સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ દ્વારા યુવક - યુવતીઓમાં રહેલ કલા, કૌશલ્ય અને સુષુપ્ત શક્તિઓને પ્રોત્સાહન આપી યુવા પ્રતિભાઓનું સર્જનાત્મક કલા કૌશલ્ય નિખારવા સાથે સમાજ નિર્માણ થકી રાષ્ટ્ર નિર્માણનાં કેન્દ્રવર્તી વિચાર સાથે યોજાનાર આઠમાં યુવક મહોત્સવ(કલા ઉત્સવ-૨૦૨૬)ને તા. ૯ ઓક્ટોબરનાં રોજ સવારે ૧૦-૦૦ કલાકે સામાજિક ન્યાય અને અધિકારીતા, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ, ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્યનાં કેબીનેટ મંત્રીશ્રી ડો.પ્રદ્યુમનભાઈ વાજા પ્રારંભ કરાવશે. આ ઉદઘાટન કાર્યક્રમમાં રાજ્યનાં વન અને પર્યાવરણ, કલાઈમેટ ચેન્જ, વિજ્ઞાન અને પ્રાધોગિકી વિભાગ, ગુજરાત રાજ્ય કેબીનેટ મંત્રીશ્રી અર્જુનભાઈ મોઢવાડીયા , ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્યરાજ્ય મંત્રીશ્રી ત્રિકમભાઈ છાંગા, સંસદ સભ્યશ્રી રાજેશભાઈ ચુડાસમા, શ્રી માનસિંહભાઈ પરમાર, ધારાસભ્યશ્રી સંજયભાઇ કોરડીયા, જૂનાગઢ રેન્જનાં ડી.આઈ.જી શ્રી રાજેન્દ્રસિંહજી ચુડાસમા, પાર્શ્વગાયક શ્રી અરવિંદભાઈ બારોટની પ્રેરક ઉપસ્થિતીમાં કાર્યક્રમ પ્રારંભ થશે.ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં કુલપતિ પ્રો.ડો.પ્રતાપસિંહજી ચૌહાણની અધ્યક્ષતામાં યોજાનાર કલા ઉત્સવ ૨૦૨૬નાં પ્રારંભ પુર્વે મંત્રીમહોદયશ્રી અને મહેમાનોની ઉપસ્થિતીમાં નરસિંહ મહેતા યુનિ. કેમ્પસ ખાતે માળખાકીય સવલતોમાં વધારો થાય તેવા પ્રકલ્પોનાં ૭૨ કરોડથી વધુ રકમનાં વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત, સોલાર સિસ્ટમનું લોકાર્પણ કાર્ય યોજાનાર છે. આ પ્રસંગે ભારતિય સંસ્કાર અને સંસ્કૃતિને શોભે તેવી કલા યાત્રા યુનિ.નાં માર્ગો પર વિહાર કરી આપણી અસ્મિતા આપણી પરંપરાનો સંદેશો આપશે. ૧૦ ઓક્ટોબર, ૨૦૨૬નાં કલા ઉત્સવ ૨૦૨૬નું સમાપન કાર્યક્રમ બપોરે 03:30 કલાકે મુખ્ય મહેમાન તરીકે ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ વિભાગનાં રાજ્ય મંત્રીશ્રી ત્રિકમભાઈ છાંગાની પ્રેરક ઉપસ્થિતીમાં યોજાશે. આ પ્રસંગે જૂનાગઢ મહાનગરપાલિકા, જૂનાગઢનાં મેયરશ્રી ધર્મેશભાઈ પોશીયા,ડેપ્યુટી મેયરશ્રી, આકાશભાઇ કટારા,શહેર અગ્રણી ગૌરવભાઈ રૂપારેલીયા, પલ્લવીબેન ઠાકર, પોલીસ અધિક્ષકશ્રી સુબોધ ઓડેદરા, લોકગાયક જીતુદાન ગઢવી વગેરે ઉપસ્થિત રહેશે સમગ્ર કાર્યક્રમનાં સુચારૂ આયોજન અને યુનિ. નાં કાર્યક્ષેત્રીય દેવભુમિ દ્વારકા, ગીર સોમનાથ, પોરબંદર અને જૂનાગઢ જિલ્લાની કોલેજોનાં કલામર્મી વિદ્યાર્થીઓ દ્વારા સંગીત વિભાગમાં શાસ્ત્રીય કંઠ્ય સંગીત, શાસ્ત્રીય વાદ્ય સંગીત (તાલ વાદ્ય), શાસ્ત્રીય વાદ્યસંગીત (સ્વરવાદ્ય), પશ્ચિમી વાદ્ય સંગીત (વ્યક્તિગત), હળવું કંઠ્ય સંગીત(વ્યક્તિગત), પશ્ચિમી કંઠ્ય સંગીત (વ્યક્તિગત), સમૂહગીત (ભારતીય), સમૂહગીત (પશ્ચીમી), ભજન, દુહા-છંદ, લોકગીત, સમૂહ લોકવાધ સંગીત,નરસિંહ મહેતાપદ ગાન યોજાશે.

## દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના પ્રતાપપુરામાં સરકારી માન્ય સસ્તા અનાજની દુકાને અનાજનો જથ્થો ઓછો નીકળતા અને 'ડોર-ટુ-સ્ટેપ ડિલિવરી'ના નામે મોટા કૌભાંડનો પર્દાફાશ થયો છે

દિપક રાવલ દાહોદ લીમખેડા

'દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના પ્રતાપપુરા ગામે આવેલી સરકારી સસ્તા અનાજની દુકાન પર જ્યારે અનાજનો માલ ખાલી થઈ રહ્યો હતો, ત્યારે મીડિયા દ્વારા સરપ્રાઈઝ ચેકિંગ કરવામાં આવ્યું હતું. તપાસ દરમિયાન ડિલિવરી ચલણ અને ગેટ પાસમાં ચણાની ૬૨૪ બેગ દર્શાવવામાં આવી હતી, પરંતુ સ્થળ પર માત્ર ૫૫૦ બેગ જ ઉતારવામાં આવી રહી હતી. એટલે કે સીધેસીધી ૧૦૦ કિલો ચણાની ઘટ જોવા મળી હતી. આ ઉપરાંત ગાડીમાં રહેલી બાજરી માટેનો કોઈ ગેટ પાસ જ ઉપલબ્ધ નહોતો અને ૩ તારીખનું ચલણ હોવા છતાં ૪ તારીખે સવારે ૯:૦૦ વાગે માલ ઉતારવામાં આવી રહ્યો હતો.' 'આ ગંભીર ગેરરીતિ સામે આવતા જ લીમખેડા મામલતદાર, પુરવઠા અધિકારી અને DSO કચેરી સુધી દોડધામ મચી ગઈ હતી. લીમખેડા પુરવઠા નાયબ મામલતદાર એન. આર. પલાસ તાત્કાલિક સ્થળ પર પહોંચ્યા હતા. દુકાનદાર અને ગાડીના ચાલકે 'ભૂલથી માલ ઓછો આવ્યો હશે' તેવો છટકાઉ જવાબ આપી બચાવ કરવાનો પ્રયાસ કર્યો હતો.' 'સરકારના નિયમ મુજબ સસ્તા અનાજની દુકાન સુધી માલ પહોંચાડવા માટે 'ડોર-ટુ-સ્ટેપ ડિલિવરી' યોજના અમલમાં છે, જેનું ટ્રાન્સપોર્ટેશન ભાડું સરકાર ચૂકવે છે. પરંતુ દુકાનદાર ચિમનભાઈ



પટેલના જણાવ્યા મુજબ, તેઓ છેલ્લા ૧૫-૨૦ વર્ષથી મહિને , 9,000 થી 10,000 રૂપિયા ભાડું પોતાની જેબમાંથી ચૂકવે છે! જેથી સરકારનું ટ્રાન્સપોર્ટ ભાડું કોન્ટ્રાક્ટર બારોબાર સબડાવી જાય છે કે કેમ તે મોટો સવાલ ઊભો થયો છે.' 'બીજી તરફ ટ્રાન્સપોર્ટર 'મન્સૂરી ટ્રાન્સપોર્ટ'ના માલિક આસિફભાઈ સાથે વાત કરતા તેમણે 'વહીવટ બીજા માણસો કરે છે' તેવો લુલો બચાવ કર્યો હતો. ગોડાઉન મેનેજર ભૂરિયા સાહેબે પણ 'જેને ઓછો માલ પડે તે ગોડાઉન પર આવીને પૂરો માલ લઈ જાય' તેવો ઉડાઉ જવાબ આપ્યો હતો. ગોડાઉનમાંથી ૫૦ કિલોની બોરીમાં ૪૬ થી ૪૯ કિલો જ માલ નીકળતો હોવાના આક્ષેપો સાથે સમગ્ર કૌભાંડની તટસ્થ તપાસ થાય તેવી લોકમાગ ઉઠી છે.' ઇટ ૧ (નાયબ મામલતદાર એન. આર. પલાસ):'ગોડાઉન મેનેજર અને ડ્રાઈવર સાથે વાત કરી ફિઝિકલ જથ્થો તથા સિસ્ટમનો જથ્થો વેરીફાય કરવામાં આવશે. જો કોઈ વધઘટ કે ગેરરીતિ જણાશે તો સંબંધિત સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરાશે.' બાઈટ ૨ (દુકાન સંચાલક ચિમનભાઈ પટેલ):'અમે ૧૫-૨૦ વર્ષથી દુકાન ચલાવીએ છીએ અને ગાડીનું ભાડું મહિને રૂ. 9,000 થી 10 હજાર રૂપિયા પોતાના ખિસ્સામાંથી આપીએ છીએ.' 'તંત્ર દ્વારા આ કૌભાંડમાં ઊંડાણપૂર્વક તપાસ કરીને દોષિત કોન્ટ્રાક્ટરો, ટ્રાન્સપોર્ટરો અને જવાબદારો સામે કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવે તેવી સ્થાનિકો માગ કરી રહ્યા છે.'

## જામનગર જિલ્લા ધ્રોલમાં બાઇક સવારને અજાણ્યા શખ્સોએ પથ્થર મારતાં આંગળીમાં ફ્રેક્ચર

જામનગર : જામનગર જિલ્લાના ધ્રોલથી પોતાના ઘરે મોટરસાઈકલ પર જઈ રહેલા યુવક ઉપર ખારવા રોડ પર બે અજાણ્યા શખ્સોએ પથ્થરમારો કરતાં જમણા હાથની પહેલી આંગળીમાં ફ્રેક્ચર સહિતની ઈજા થઈ હોવાની ફરિયાદ ધ્રોલ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. ધ્રોલના ખારવા રોડ પર નાથીયા હોકરાના ચડતા ઢાળ પાસે તા.3 ઓક્ટોબરના રાત્રિના આશરે આઠ વાગ્યાના અરસામાં આ બનાવ બન્યો હતો. નાગબાઈ સોસાયટી, ખારવા ખાતે રહેતા અને ગેરેજનો વ્યવસાય કરતા ભાવેશભાઈ ગીરધરભાઈ ગડારાએ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ, ભાવેશભાઈ પોતાની મોટરસાઈકલ લઈને ધ્રોલથી ઘરે જઈ રહ્યા હતા. દરમિયાન બનાવના સ્થળે પહોંચતા સામેથી એક મોટરસાઈકલ પર બે અજાણ્યા શખ્સો આવ્યા હતા. તે પૈકી પાછળ બેઠેલા શખ્સે ભાવેશભાઈની મોટરસાઈકલ ઉપર છૂટો પથ્થર ફેંક્યો હતો.

## ખાખીની માનવતા : અકસ્માતગ્રસ્ત પરિવારની વ્હારે દોડી આવ્યા એએસઆઈ મુકેશભાઈ સાધુ

જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

સામત્રા-દેશલપર વચ્ચે મંગળવારની રાત્રે માતાના મઢ દર્શને જઈ રહેલા મોરબી જિલ્લાના વીરપર ગામના કોળી પરિવારની મોટરસાયકલને ટ્રક સાથે ગંભીર અકસ્માત નડ્યો હતો. આ દુર્ઘટનામાં 13 વર્ષીય નિશા કોળીનું ગંભીર ઈજાઓના કારણે કરુણ મોત થયું હતું. બનાવની જાણ થતાં માનકુવા પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. મુકેશભાઈ એન. સાધુ તથા હેડ કોન્સ્ટેબલ કમલેશભાઈ ચૌધરી તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને જરૂરી પોલીસ કાર્યવાહી હાથ ધરી હતી.અકસ્મત બાદ પરિવાર પર દુઃખનો પહાડ તૂટી પડ્યો હતો. બાળકીનો મૃતદેહ તથા પરિવારજનોને વીરપર (મોરબી) પરત લઈ જવા માટે પરિવાર પાસે પૂરતી આર્થિક સગવડ ન હોવાથી મુશ્કેલી ઊભી થઈ હતી. આવી વિકટ પરિસ્થિતિમાં એ.એસ.આઈ. મુકેશભાઈ સાધુ માનવતાની વ્હારે આવ્યા અને પોતાના ખર્ચે શબવાહિનીની વ્યવસ્થા કરી પરિવારને મૃતદેહ સાથે વીરપર



પહોંચાડવામાં મદદ કરી હતી.પોલીસની ફરજ સાથે સંવેદનશીલતા અને માનવતાની જવાબદારી નિભાવનાર મુકેશભાઈ સાધુની આ કામગીરીની પરિવારજનો તથા સ્થાનિકોમાં પ્રશંસા થઈ રહી છે. મુશ્કેલીના સમયે જરૂરિયાતમંદ પરિવારને મદદરૂપ બની તેમણે "પોલીસ પ્રજાનો મિત્ર" હોવાની વાતને માનવતાભરી કામગીરીથી સાર્થક કરી હોવાનું લોકોમાં ચર્ચાઈ રહ્યું છે.મુકેશભાઈ સાધુની આ સેવાભાવી અને માનવતાપૂર્ણ કામગીરીને અખિલ કચ્છ રઘુવંશી સોશ્યલ ગ્રુપના પ્રમુખ રાજેશભાઈ પલણ સહિત સમાજના અગ્રણીઓ અને સેવાભાવી આગેવાનોએ બિરદાવી હતી. મુશ્કેલીના સમયે પોલીસ અધિકારી તરીકેની ફરજ સાથે માનવતાની જવાબદારી નિભાવતી તેમની કામગીરી અન્ય લોકો માટે પણ પ્રેરણારૂપ હોવાનું જણાવાયું હતું.આ માનવતાભરી કામગીરી બદલ રાજેશભાઈ પલણ સહિત અગ્રણીઓએ એ.એસ. આઈ. મુકેશભાઈ સાધુને હૃદયપૂર્વક અભિનંદન પાઠવી તેમની સેવાભાવનાને સલામ કરી હતી.

### મુંબઈથી કચ્છ સુધી ભક્તિનો સંગમ

## ટ્રેનમાં આશાપુરા માતાજીની માંડવી, અખંડ જ્યોત સાથે 240 કિ.મી.ની પદયાત્રા શરૂ

| મહેશ એલ.સોની | નખત્રાણા

નવરાત્રિના પાવન પર્વની શરૂઆત સાથે જ કચ્છની અધિષ્ઠાત્રી, માઁ આશાપુરાની ધરતી ભક્તિના રંગે રંગાઈ ગઈ છે. શ્રદ્ધા અને આસ્થાનું અનેરું ઉદાહરણ પૂરું પાડતા મુંબઈમાં વસતા કચ્છ વાગડ લેઉવા પાટીદાર સમાજના 80થી વધુ માઈભક્તો મુંબઈથી ટ્રેન મારફતે માતાના મઢ જવા રવાના થયા છે.માઈભક્તોએ બાંદ્રાથી ઉપડતી ટ્રેનમાં જ માઁ આશાપુરાની છબિ સ્થાપિત કરીને



નાડાછડીની ભવ્ય માંડવી બનાવી હતી. સ્વસ્તિક, ડમરુ, ઘંટડી અને તાજા ફૂલોથી માંડવીને શણગારવામાં આવી હતી, ટ્રેનની બારીઓ પર હાર લગાવ્યા હતા. ટ્રેન રવાના થતાં પહેલા શ્રીફળ વધેરી, માતાજીની આરતી કરી અને અખંડ જ્યોત પ્રગટાવવામાં આવી હતી.ઢોલ-નગારા અને જય આશાપુરા માઁ ના જયઘોષ સાથે વાજતે-ગાજતે આ સંઘ કચ્છ માટે રવાના થયો હતો. આ અખંડ જ્યોતને હવે પદયાત્રા દરમિયાન માતાના મઢ મંદિરે લઈ જવામાં આવશે.મુંબઈના મુલુંડ, ડોમ્બિવલી, અંધેરી, વિલે પાર્લે, કાંદિવલી સહિતના વિસ્તારોમાં રહેતા સમાજના ભક્તો સોમવારે સામખિયાળી સ્ટેશને ઉતરીને સીધા આધોઈ ગામે પહોંચ્યા હતા. આજે આધોઈમાં આવેલા હાથિયાણી માતાજીના મંદિરે મહાઆરતી બાદ આ સંઘ માતાના મઢ તરફ પગપાળા પ્રસ્થાન કરશે. લગભગ 230થી 240 કિલોમીટરનું અંતર ભક્તો પગપાળા કાપીને માઁ આશાપુરાના દરબારમાં પહોંચશે.આ પદયાત્રામાં મુંબઈ અને કચ્છના ગામડાઓના મળીને 100થી વધુ માઈભક્તો જોડાશે.

## વિકસિત ભારત સંકલ્પ યાત્રા અંતર્ગત નરસિંહ મહેતા તળાવથી સરદારબાગ સુધી સેવા જયોતિ યાત્રા યોજાઇ

| નરેન્દ્ર દવે જૂનાગઢ ,તા.07

જૂનાગઢમાં નરસિંહ મહેતા સરોવર ખાતે સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત આજ રોજ વિકસિત ભારત સંકલ્પ સભા યોજાઈ હતી. આ કાર્યક્રમના સમાપન બાદ નરસિંહ મહેતા સરોવર થી સરદાર બાગ સુધી સેવા જ્યોતિ યાત્રા યોજાઈ હતી. આ અવસરે નરસિંહ મહેતા તળાવ ખાતે વિકસિત ભારત સંકલ્પ સેવા ચોકનું નામકરણ પણ કરવામાં આવ્યુ હતુ. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના જનસેવા અને સુશાસન ના ૨૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે આજ રોજ જૂનાગઢમાં નરસિંહ મહેતા સરોવર ખાતે વિકસિત ભારત સંકલ્પ સભા અને નરસિંહ મહેતા સરોવર થી સરદાર બાગ સુધી સેવા જ્યોતિ યાત્રા યોજાઈ હતી. આ પ્રસંગે પૂર્વ મંત્રીશ્રી અને જૂનાગઢ જિલ્લાના સંગઠનના પ્રભારી શ્રી અરવિંદભાઈ રૈયાણી એ પ્રાસંગીક ઉદબોધન કરતા જણાવ્યુ હતુ કે, આજથી ૨૫ વર્ષ પહેલાં આપણું ગુજરાત અને દેશ કઈ પરિસ્થિતિમાં હતા તથા કઈ દિશામાં ચાલતા હતા, તેનો ખ્યાલ આજની આ યુવા



પેઢીને કદાચ નહીં હોય. ભૂતકાળમાં સમગ્ર ગુજરાતમાં અને વિશેષ કરીને સૌરાષ્ટ્ર વિસ્તારમાં પાણીની અત્યંત ગંભીર સમસ્યાઓ હતી. સામાન્ય અને મધ્યમ વર્ગના પરિવારો માટે હોસ્પિટલમાં ૧ લાખ, ૨ લાખ કે અઢી લાખ રૂપિયા સુધીનો સર્જરીનો ખર્ચ કરવો એ અતિશય ચિંતાનો વિષય હતો. ભૂતકાળમાં યુવાનોને આગળ વધવા માટે અનેક પડકારો અને મુશ્કેલીઓ નો સામનો કરવો પડતો હતો. આ તમામ સમસ્યાઓ અને મુશ્કેલીઓમાંથી મુક્તિ અપાવીને, છેવાડાના માનવી સુધી 'અંત્યોદય'ના સંકલ્પ સાથે તમામ પ્રાથમિક જરૂરિયાતો પૂરી કરવા માટે આપણા દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી છેલ્લા ૧૨ વર્ષથી સતત રાષ્ટ્રસેવા કરી રહ્યા છે. ગુજરાતના આ ટ્રાન્સફોર્મેશન અને સતત વિકાસ યાત્રામાં આપણી યુવા શક્તિનો ફાળો સૌથી મહત્ત્વનો છે. ત્યારે તેમણે નાગરિકોને આ વિકાસ યાત્રાને નવી ઊંચાઈઓ પર લઈ જવા અને વિકસિત ગુજરાતથી વિકસિત ભારતના નિર્માણમાં સક્રિય યોગદાન આપવા અપીલ કરી હતી.

આ કાર્યક્રમ દરમિયાન વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના સંબોધનનું જીવંત પ્રસારણ ઉપસ્થિત સર્વેએ રસપૂર્વક નિહાળ્યું હતું. વંદે માતરમ્ ગાનના ૧૫૦ વર્ષ પૂર્ણ થવાના અવસરે સમૂહગાન પણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન જૂનાગઢ જિલ્લા ભાજપ પ્રમુખશ્રી ચંદુભાઈ મકવાણાએ કર્યું હતું. આ પ્રસંગે રંગોળી સ્પર્ધાના વિજેતાઓને ઇનામ વિતરણ મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યું હતું તેમજ વિવિધ ક્ષેત્રે અગ્રણી નારી શક્તિનું સન્માન પણ કરવામાં આવ્યું હતું.આ સમારોહમાં જૂનાગઢ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી લીનાબેન કાવાણી, મેયરશ્રી ધર્મેશભાઈ પોશિયાસહિતના પદાધિકારીઓ, અધિકારીઓ, આગેવાનો અને નાગરિકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## ૨૫ વર્ષ જનસેવાના સમર્પણથી રાષ્ટ્રસેવા તરફ...

| કમલેશ પટેલ. સંખેડા

'વિકસિત ભારત સંકલ્પ સભા' અંતર્ગત 'સેવા જ્યોતિ યાત્રા'માં ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય સચિવ શ્રી રોહન ગુપ્તાજીની ઉપસ્થિતિમાં નવલખી ગ્રાઉન્ડમાં વોર્ડ-૧૫ કિસાન મોરચા મહામંત્રી અનિલ ઠક્કર અને સંગઠન ટીમની ઉત્સાહભેર હાજરી'૨૫ વર્ષ જનસેવાના, રાષ્ટ્રસેવાના' સંકલ્પ સાથે આયોજિત વિકસિત ભારત સંકલ્પ સભા અંતર્ગત યોજાયેલી સેવા જ્યોતિ યાત્રામાં વડોદરા શહેર વોર્ડ નં. ૧૫ના કિશાન મોરચાના મહામંત્રી શ્રી અનિલ ઠક્કર ઉપસ્થિત રહ્યા હતા અને યાત્રામાં ઉત્સાહપૂર્વક જોડાઈ જનસેવા તથા રાષ્ટ્રસેવાનો સંદેશ વધુ લોકો સુધી પહોંચાડ્યો હતો.સેવા જ્યોતિ યાત્રા દરમિયાન દેશના વિકાસ, જનકલ્યાણ અને રાષ્ટ્ર નિર્માણના સંકલ્પને આગળ વધારવાનો સંદેશ



આપવામાં આવ્યો હતો. યાત્રામાં કાર્યકરો તથા આગેવાનોમાં પણ વિશેષ ઉત્સાહ જોવા મળ્યો હતો.

શ્રી અનિલ ઠક્કરે જણાવ્યું હતું કે, જનસેવા માત્ર જવાબદારી નહીં પરંતુ રાષ્ટ્રસેવાનું એક મહત્વપૂર્ણ માધ્યમ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના *'વિકસિત ભારત'*ના સંકલ્પને સાકાર કરવા માટે સૌએ સાથે મળીને સેવા અને વિકાસની યાત્રામાં યોગદાન આપવું જોઈએ.'સેવા જ્યોતિ'નો પ્રકાશ દરેક ઘર સુધી પહોંચે અને વિકસિત ભારતનું સ્વપ્ન સાકાર થાય–એવો સંકલ્પ યાત્રા દરમિયાન વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# ભારતના પ્રથમ પોર્ટેબલ લિક્વિડ વેપોરાઇઝર સાથે એવરેડીનું મોસ્કિટો પ્રોટેક્શન સેગમેન્ટમાં વિસ્તરણ

(એજન્સી) અમદાવાદ | તા.07

ભારતની નંબર-1 બેટરી બ્રાન્ડ એવરેડી ઈન્ડસ્ટ્રીઝ ઈન્ડિયા લિમિટેડે દેશના પ્રથમ પોર્ટેબલ લિક્વિડ વેપોરાઈઝર, એવરેડી અલ્ટીમા લિક્વિડ વેપોરાઈઝરના લોન્ચિંગ સાથે મોસ્કિટો પ્રોટેક્શન (મચ્છર નિવારણ) સેગમેન્ટમાં પ્રવેશ કરવાની જાહેરાત કરી છે. આ નવું લોન્ચિંગ એવરેડીની વૈવિધ્યિકરણની વ્યૂહરચનાનું એક મહત્વપૂર્ણ પગલું છે, જેના દ્વારા કંપની પોર્ટેબલ પાવરમાં પોતાની નિપુણતાનો ઉપયોગ કરીને ગ્રાહકોની રોજિંદી જરૂરિયાતો માટે અનુકૂળ સોલ્યુશન્સ પૂરા પાડે છે.ભારતમાં હોમ ઈન્સેક્ટિસાઈડનું બજાર હાલ રૂ. 5,000 કરોડથી વધુનું છે, જેમાં લિક્વિડ વેપોરાઈઝર સેગમેન્ટ આશરે રૂ. 2,800 કરોડનો હિસ્સો ધરાવે છે અને તેમાં ઝડપી વૃદ્ધિ થઈ રહી છે. જોકે, સામાન્ય લિક્વિડ વેપોરાઈઝર ચોક્કસ પ્લગ પોઈન્ટ પર લગાવી રાખવા પડે છે, જ્યારે મચ્છરો ઘરના તમામ ભાગોમાં ફરતા હોવાથી એક એવા સુવિધાજનક વિકલ્પની જરૂર ઉભી થઈ છે જે પ્લગ કે સોકેટની ઉપલબ્ધતા પર નિર્ભર રહ્યા વગર દરેક જગ્યાએ મચ્છરો સામે પ્રોટેક્શન પૂરું પાડી શકે.આ પ્રસંગે બોલતા એવરેડી ઈન્ડસ્ટ્રીઝ ઈન્ડિયા લિમિટેડના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રી અનિર્બાન બેનરજીએ જણાવ્યું હતું કે, "ગ્રાહકોનું જીવન સરળ બનાવવું અને તેમને પાવર સોલ્યુશન્સ પૂરા પાડવા તે હંમેશા એવરેડીનો મુખ્ય હેતુ રહ્યો છે. લોકોની જરૂરિયાતો બદલાવાની સાથે અમે અમારો પોર્ટફોલિયો પણ અપગ્રેડ કર્યો છે. મચ્છર પ્રોટેક્શન સેગમેન્ટમાં અમારો પ્રવેશ આ અભિગમનું જ એક સ્વાભાવિક વિસ્તરણ છે, જે અમને પોર્ટેબલ અને રીચાર્જેબલ પાવર ક્ષેત્રની અમારી કુશળતાને એક નવી કેટેગરીમાં રજૂ કરવાની તક આપે છે. ભારતના પ્રથમ પોર્ટેબલ લિક્વિડ વેપોરાઈઝર, એવરેડી અલ્ટિમા લિક્વિડ વેપોરાઈઝર દ્વારા, અમે મચ્છરથી મળતા રક્ષણને વધુ સુવિધાજનક અને ગ્રાહકોની આજની જીવનશૈલી મુજબ અનુકૂળ બનાવી રહ્યા છીએ. આ પ્રોડક્ટ ગ્રાહકોને મચ્છર પ્રોટેક્શનને 'અનપ્લગ' કરીને જ્યાં ખરેખર જરૂર હોય ત્યાં વાપરવાની સુવિધા આપે છે."મચ્છરજન્ય રોગો સતત ચિંતાનો વિષય બની રહ્યાં હોવાથી, ગ્રાહકો ઘરના દરેક ખૂણે અસરકારક રક્ષણ ઈચ્છી રહ્યા છે. ૧૧ મચ્છરો ભલે મરી જાય, પણ બાકી બચેલો એક મચ્છર પરિવારના આરોગ્ય અને સુરક્ષા માટે જોખમ ઊભું કરી શકે છે. મચ્છરો ગમે ત્યાં ખૂણાઓમાં છુપાઈ શકે છે, એક રૂમમાંથી બીજા રૂમમાં જઈ શકે છે અને એવી જગ્યાઓમાં પ્રવેશ કરી શકે છે જ્યાં પરંપરાગત પ્લગ-ઈન વેપોરાઈઝર હંમેશા સતત રક્ષણ આપી શકતા નથી. જોકે ગ્રાહકો પાસે મચ્છરથી બચવાના અનેક ઉપાયો ઉપલબ્ધ છે, પરંતુ સ્પ્રે, કોઈલ અને અગરબત્તી જેવા ઈમરજન્સી (SOS) વિકલ્પોમાં ધુમાડો, તીવ્ર ગંધ અને વારંવાર વાપરવાની જરૂરિયાત જેવા પડકારો રહેલાં છે.શ્રી બેનર્જીએ વધુમાં જણાવ્યું હતું કે, " દાયકાઓથી ચાલ્યા આવતાં મશીનોની ડિઝાઇન અને ફોર્મેટમાં આ એક ઘણો મોટો સુધારો છે. અમે આ પ્રોડક્ટને આજની આધુનિક લાઈફસ્ટાઈલ અને લોકોના ઘરોની વપરાશની પદ્ધતિને ધ્યાનમાં રાખીને વધુ સરળ બનાવી છે. આ લોન્ચિંગ, એવરેડીની બિઝનેસ વિસ્તરણની વ્યાપક યોજનાનો જ એક ભાગ છે, જેનાથી એવરેડીની જૂની ઓળખ વધુ મજબૂત થશે અને ગ્રાહકોની બદલાતી જરૂરિયાતો પૂરી કરતી નવી કેટેગરીમાં પ્રવેશ સાથે નવી પ્રોડક્ટ્સ બજારમાં આવશે."એવરેડી અલ્ટિમા લિક્વિડ વેપોરાઈઝર એટલા માટે લોન્ચ કરાયું છે કે જેથી લોકોને મચ્છર ભગાડવા માટે પ્લગ કે સોકેટ શોધવાની જરૂર ન પડે. આ વાયરલેસ અને પોર્ટેબલ મશીનને તમે બેડરૂમ, બાળકોના પ્લે-એરિયા, બાલ્કની કે બાથરૂમ જેવા પ્લગ વગરના ખૂણાઓમાં પણ આસાનીથી વાપરી શકો છો. એટલું જ નહીં, આ મશીનને કાર કે ટ્રાવેલિંગ દરમિયાન પણ સાથે રાખી શકાય છે.સતત રક્ષણ પૂરું પાડવા માટે ડિઝાઈન કરાયેલું Eveready ULTIMA એ એકમાત્ર એવું લિક્વિડ વેપોરાઈઝર છે, જેને વાયર કે પ્લગ વગર વાપરી શકાય છે, એટલે કે લાઈટ જાય તો પણ આ મશીન બંધ પડતું નથી. આ રીચાર્જેબલ મશીનમાં ૩ કલાક સુધીનો પાવરફુલ બેટરી બેકઅપ મળે છે, જેથી પાવર કટ દરમિયાન પણ તમારો પરિવાર મચ્છરોથી સુરક્ષિત રહે છે.

## બજાજ ફાઈનાન્સે ફિક્સ્ડ ડિપોઝિટ (FD) ના વ્યાજ દરોમાં 40 બેસિસ પોઇન્ટ સુધીનો વધારો કર્યો

મુંબઈ : ભારતની સૌથી મોટી ખાનગી ક્ષેત્રની નોન-બેન્કિંગ ફાઈનાન્સ કંપની, બજાજ ફાઈનાન્સ લિમિટેડે આજે 12 થી 60 મહિના સુધીની તમામ મુદતો માટે તેની ફિક્સ્ડ ડિપોઝિટ પરના વ્યાજ દરોમાં 15 થી 40 બેસિસ પોઈન્ટનો વધારો કર્યો છે. આ સુધારેલા દરો આજથી જ અમલમાં આવશે અને તે નવી થાપણો અને રિન્યુઅલ એમ બંને પર લાગુ પડશે. સૌથી વધુ વધારો લાંબી મુદતની થાપણો પર કરવામાં આવ્યો છે. 31 થી 60 મહિનાની મુદત માટે નિયમિત થાપણદારોના દરોમાં 35 બેસિસ પોઈન્ટ અને વરિષ્ઠ નાગરિકો માટે 40 બેસિસ પોઈન્ટનો વધારો કરવામાં આવ્યો છે.નવી ડિપોઝિટ કરાવનાર નિયમિત થાપણદારો હવે 31 થી 60 મહિના માટે ક્યુમ્યુલેટિવ (સંચિત) ધોરણે વાર્ષિક 7.75% સુધી વ્યાજ મેળવી શકે છે, જે અગાઉ 7.40% હતું. 12 થી 17 મહિનાની મુદત માટેના દરો વાર્ષિક 6.60% થી વધીને 6.80% થયા છે અને 18 થી 30 મહિના માટેના દરો 6.85% થી વધીને 7.00% થયા છે.વરિષ્ઠ નાગરિકો હવે તમામ મુદતો માટે નિયમિત દરો કરતાં વાર્ષિક 0.40% વધારાનું વ્યાજ મેળવી શકશે, જે અગાઉ 0.35% હતું. વરિષ્ઠ નાગરિકોની નવી થાપણો પર 31 થી 60 મહિના માટે હવે વાર્ષિક 8.15% સુધીનું વ્યાજ મળશે, જે પહેલાં 7.75% હતું. 12 થી 17 મહિના માટેના દરો હવે વાર્ષિક 7.20% અને 18 થી 30 મહિના માટેના દરો વાર્ષિક 7.40% થઈ ગયા છે.જે થાપણદારો તેમની પાકતી ડિપોઝિટને રિન્યૂ કરાવશે તેમને વાર્ષિક 0.10% વધારાનું વ્યાજ મળશે. આનાથી નિયમિત થાપણદારો માટે વ્યાજ દર વાર્ષિક 7.85% અને વરિષ્ઠ નાગરિકો માટે વાર્ષિક 8.25% સુધી પહોંચે છે, જે આ નવા સુધારેલા માળખામાં સૌથી વધુ છે. થાપણદારો પાકતી મુદતે વ્યાજ ચૂકવતા ક્યુમ્યુલેટિવ (સંચિત) વિકલ્પને પસંદ કરી શકે છે અથવા માસિક, ત્રિમાસિક, અર્ધ-વાર્ષિક કે વાર્ષિક વ્યાજ ચૂકવણી ધરાવતા નોન-ક્યુમ્યુલેટિવ વિકલ્પની પસંદગી કરી શકે છે. નોન-ક્યુમ્યુલેટિવ દરોમાં પણ તે મુજબ સુધારો કરવામાં આવ્યો છે. ઉદાહરણ તરીકે, 31 થી 60 મહિનાની ડિપોઝિટ પર માસિક વ્યાજ ચૂકવણીનો વિકલ્પ પસંદ કરનાર વરિષ્ઠ નાગરિક હવે વાર્ષિક 7.86% વ્યાજ મેળવશે, જે પહેલાં 7.49% હતું. બજાજ ફાઈનાન્સના સિનિયર એક્ઝિક્યુટિવ વાઈસ પ્રેસિડેન્ટ-ડિપોઝિટ્સ એન્ડ વેલ્થ મેનેજમેન્ટ શ્રી સચિન સિક્કાએ જણાવ્યું હતું કે, 'ફિક્સ્ડ ડિપોઝિટ એ સંતુલિત બચત પોર્ટફોલિયોનો એક મહત્વપૂર્ણ ભાગ છે, ખાસ કરીને એવા વરિષ્ઠ નાગરિકો માટે જેઓ નિશ્ચિત વળતરની અપેક્ષા રાખે છે.

## News Brief

### કર્મચારીઓની માંગ સ્વીકારાશે તો પેન્શનમાં બમ્પર વધારો! ફિટમેન્ટ ફેક્ટરનું ગણિત

(એજન્સી) નવી દિલ્હી | તા.07

8મા પગાર પંચમાં કેન્દ્રીય કર્મચારીઓ અને પેન્શનરો માટે મોટા સમાચાર છે. જો ફિટમેન્ટ ફેક્ટર 2.57 કે તેથી વધુ થાય, તો નિવૃત્ત કર્મચારીઓનું પેન્શન 68,000 સુધી પહોંચી શકે છે. બેઝિક પે અને પેન્શનમાં જંગી વધારાની શક્યતા છે, જેને કારણે લાખો કર્મચારીઓને રાહત મળશે. આ પગાર પંચની ભલામણોનો ઝડપી અમલ કરવાની માંગણી કરાઈ છે.કેન્દ્રીય કર્મચારીઓ અને પેન્શનર્સ વચ્ચે 8મા પગાર પંચને લઈને ઉત્સુકતા વધી રહી છે. જો 8મા પગાર પંચમાં ફિટમેન્ટ ફેક્ટરમાં સુધારો કરવામાં આવે, તો કર્મચારીઓના મૂળ પગારની સાથે સાથે નિવૃત્ત કર્મચારીઓના લઘુતમ પેન્શનમાં પણ જંગી વધારો થઈ શકે છે. ફિટમેન્ટ ફેક્ટર અનુસાર પેન્શન અને પગારનું સંભવિત ગણિત

પગાર પંચ દ્વારા વિવિધ ફિટમેન્ટ ફેક્ટર લાગુ કરવામાં આવે તે સંજોગોમાં પેન્શનમાં થનારા સંભવિત ફેરફારો:

1. ફિટમેન્ટ ફેક્ટર 2.1 રાખવામાં આવે તો: જો 8મા પગાર પંચમાં લઘુતમ 2.1નો ફિટમેન્ટ ફેક્ટર મંજૂર કરવામાં આવે, તો કર્મચારીઓના બેઝિક પે અને પેન્શનમાં પ્રમાણસર સીધો વધારો નોંધાશે.2. ફિટમેન્ટ ફેક્ટર 2.28 લાગુ થાય તો: જો આ ફેક્ટરને 2.28 સુધી વધારવામાં આવે, તો પેન્શન અને માસિક પગારમાં મધ્યમ સ્તરનો સારો ઉછાળો જોવા મળશે.3. ફિટમેન્ટ ફેક્ટર 2.57 કે તેથી વધુ થાય તો: જો 7મા પગાર પંચની જેમ જ 2.57 અથવા તેથી વધુનો ફિટમેન્ટ ફેક્ટર નક્કી કરવામાં આવે, તો ઉચ્ચ પદો પરથી નિવૃત્ત થયેલા કર્મચારીઓનું પેન્શન વધીને 68,000 પ્રતિ માસ સુધી પહોંચી શકે છે.

## રિટેલ લોન વિતરણનો હિસ્સો 33% થી વધીને 43% થયો

# પ્રથમ વખત ધિરાણ મેળવતા ગ્રાહકોમાં ૪૭ ટકા જેટલો હિસ્સો NBFCsનો

અમદાવાદ : જૂન ૨૦૨૬ સુધીમાં પ્રથમ વખત ધિરાણ મેળવતા (ન્યૂ-ટુ-ક્રેડિટ) ગ્રાહકોમાં નોન-બેંકિંગ ફાઈનાન્સિયલ કંપનીઓ (એનબીએફસી)નો હિસ્સો લગભગ અડધોઅડધ (૪૭%) રહ્યો છે, જે ભારતમાં ઔપચારિક ધિરાણ માટેનું એક મુખ્ય પ્રવેશદ્વાર બની રહી છે તેમ ફાઈનાન્સ ઈન્ડસ્ટ્રી ડેવલપમેન્ટ કાઉન્સિલ અને ટ્રાન્સયુનિયન સિબિલના સંયુક્ત અહેવાલમાં જણાવાયું હતું.છેલ્લા એક દાયકામાં એનબીએફસી એ સતત વિસ્તરણ કર્યું છે. તેમના સક્રિય ધિરાણ ગ્રાહકોનો આધાર લગભગ સાત ગણો વધ્યો છે. એ જ રીતે, રિટેલ લોન વિતરણમાં તેમનો હિસ્સો ૩૩% થી વધીને ૪૩% પર પહોંચ્યો છે.જોકે, એનબીએફસીના લોન વિતરણમાં



પ્રથમ વખત લોન લેનારાઓનો હિસ્સો જૂન ૨૦૨૬ માં ઘટીને ૧૯% થઈ ગયો છે, જે અગાઉના વર્ષના સમાન સમયગાળામાં ૨૮% હતો. આ દર્શાવે છે કે શેડો બેંકો (એનબીએફસી) હવે સ્થાપિત ક્રેડિટ હિસ્ટ્રી ધરાવતા ગ્રાહકોને વધુ પ્રમાણમાં ધિરાણ આપી રહી છે.નાના મૂલ્યના ધિરાણમાં એનબીએફસીનો દબદબો યથાવત છે, જેમાં વોલ્યુમની દ્રષ્ટિએ રૂ. ૨ લાખ સુધીની લોનનો ગ્રાહક ધિરાણમાં ૮૨% હિસ્સો છે. અહેવાલ મુજબ, આ પ્રકારના વિતરણમાં બેંકોના ૧૭%ની સરખામણીએ એનબીએફસીનો હિસ્સો ૪૭% છે.

એનબીએફસી જેમ જેમ વિસ્તરી રહી છે તેમ તેમ તેમની લોન બુકમાં પણ ફેરફાર થઈ રહ્યો છે. એનબીએફસીના ક્રેડિટ-એક્ટિવ કન્ઝ્યુમર વૉલેટ્સમાં વપરાશલક્ષી ધિરાણનો હિસ્સો જૂન ૨૦૧૬ ના ૫૧% થી વધીને જૂન ૨૦૨૬માં ૬૨% થયો છે. દરમિયાન, આ જ સમયગાળામાં વેપારલક્ષી ધિરાણનો હિસ્સો ૪%થી વધીને ૧૧% થયો છે.નોન-બેંક ધિરાણકર્તાઓ કોમર્શિયલ ક્રેડિટ (વ્યાપારી ધિરાણ)માં પણ પોતાનો વ્યાપ વધારી રહ્યા છે. ક્રેડિટ-એક્ટિવ કોમર્શિયલ એકમોમાં તેમનો હિસ્સો જૂન ૨૦૨૧ના ૧૦%થી વધીને જૂન ૨૦૨૬માં ૧૮% થયો છે. એનબીએફસીની પહોંચ હવે માત્ર પ્રથમ વખત લોન લેનારાઓ પૂરતી મર્યાદિત નથી રહી. હવે પછીનો તબક્કો ગ્રાહકોની બદલાતી ક્રેડિટ જરૂરિયાતો અનુસાર તેમની સાથે વધુ ઊંડા અને લાંબા ગાળાના સંબંધો બાંધવાનો રહેશે.

## ૭૭ અબજ ડોલર સાથે કરન્સી હેજિંગ સપ્ટેમ્બરમાં ઓલટાઈમ હાઈ સપાટીએ રહ્યું

મુંબઈ ; ડોલર સામે રૂપિયો વધુ તૂટવાની ધારણાંએ આયાતકારો દ્વારા ગયા મહિને હેજિંગમાં જંગી વધારો થયો છે. રૂપિયાની કોઈપણ નબળાઈ સામે સુરક્ષિત રહેવા સપ્ટેમ્બરમાં આયાતકારો દ્વારા ૭૭ અબજ ડોલરની કરન્સી હેજ કરવામાં આવી હોવાનું પ્રાપ્ત ડેટા પરથી જણાય છે.

ડોલર સામે રૂપિયાને વધુ ઘટતો અટકાવવા રિઝર્વ બેન્ક દ્વારા જૂનમાં ફોરેન કરન્સી નોન-રેસિડેન્ટ (બેન્ક) (એફસીએનઆર-બી) ડિપોઝિટ સ્કીમ જાહેર કરવામાં આવી હતી અને આ સ્કીમ હેઠળ ૧૨૭ અબજ ડોલરનો પ્રવાહ જોવા મળ્યો હતો. આ પ્રવાહ છતાં રૂપિયામાં અપેક્ષિત સુધારો જોવા મળ્યો નથી અને ક્રુડ તેલના ઊંચા ભાવને કારણે રૂપિયા પર દબાણ જળવાઈ રહ્યું છે. સપ્ટેમ્બરમાં કરન્સી હેજની માત્રા વાર્ષિક ધોરણે ૮૦ ટકા ઊંચી રહી છે એટલું જ નહીં કોઈ એક મહિનામાં ૭૭ અબજ ડોલરનું હેજિંગ અત્યારસુધીનું સૌથી ઊંચુ હોવાનું રિઝર્વ બેન્કના સુત્રોએ જણાવ્યું હતું.આયાતકારોની સરખામણીએ નિકાસકારોનું કરન્સી હેજિંગ ૪૧ અબજ ડોલર રહ્યું છે જે વાર્ષિક ધોરણે ૭૭ ટકા વધુ છે. હેજિંગની માત્રા પરથી કંપનીઓ રૂપિયાની હિલચાલ અંગે કેવી અપેક્ષા રાખે છે તેનો અંદાજ મળી રહે છે. આયાતકારો તથા નિકાસકારો દ્વારા હેજિંગમાં મોટા તફાવતથી રૂપિયામાં વોલેટિલિટી અટકાવવા રિઝર્વ બેન્કની દરમિયાનગીરી આવશ્યક બની રહે છે, એમ એક વિશ્લેષકે જણાવ્યું હતું.

ક્રુડ તેલના ઊંચા ભાવ તથા ભારતીય ઈક્વિટીસમાં વિદેશી રોકાણકારોની સતત વેચવાલીથી રૂપિયા પર દબાણ જળવાઈ રહ્યું છે.

વર્તમાન વર્ષના જાન્યુઆરીથી સપ્ટેમ્બરના ગાળામાં આયાતકારોએ ફોરવર્ડમાં ૫૭૬.૬૦ અબજ ડોલર હેજ કર્યા છે જ્યારે નિકાસકારોએ ૩૦૫.૬૦ અબજ ડોલર હેજ કર્યા હોવાનું પ્રાપ્ત ડેટા જણાવે છે. વર્તમાન વર્ષમાં ડોલર સામે રૂપિયો ૬ ટકાથી વધુ નબળો પડયો છે અને એશિયામાં રૂપિયાનો સૌથી નબળો દેખાવ રહ્યો છે. એફસીએનઆર સ્કીમ હેઠળ ડોલર પ્રવાહ અપેક્ષા કરતા નોંધપાત્ર વધુ રહ્યો છે જેને કારણે દેશની નાણાં વ્યવસ્થામાં લિક્વિડિટીમાં જોરદાર વધારો થયો હતો.

## HD Fire Protect Limited નો IPO મંગળવાર, 13 ઓક્ટોબર, 2026 ના રોજ ખુલશે




મુંબઈ | HD Fire Protect Limited ('કંપની') તેના ઈક્વિટી શેરના પ્રારંભિક જાહેર ભરણણા (IPO) માટે બિડ/ઓફર મંગળવાર, 13 ઓક્ટોબર, 2026 ના રોજ ખોલશે. આ બિડ/ઓફર ગુરુવાર, 15 ઓક્ટોબર, 2026 ના રોજ બંધ થશે. એન્કર ઈન્વેસ્ટર માટે બિડિંગની તારીખ સોમવાર, 12 ઓક્ટોબર, 2026 રહેશે. ન્યૂનતમ 55 ઈક્વિટી શેર માટે અને ત્યારબાદ 55 ઈક્વિટી શેરના ગુણાંકમાં બિડ કરી શકાય છે.પ્રાઈસ બેન્ડ પ્રતિ ઈક્વિટી શેર 258 થી 271 નક્કી કરવામાં આવી છે. આ ઓફરમાં પ્રમોટર વેચાણકર્તા શેરધારકો દ્વારા 5ની ફેસ વેલ્યુ (અંકિત મૂલ્ય) ધરાવતા કુલ 26,284,500 સુધીના ઈક્વિટી શેરના વેચાણની ઓફર (Offer for Sale)નો સમાવેશ થાય છે; જેમાં હરીશ નરશી ધરમશી દ્વારા 5ની ફેસ વેલ્યુ ધરાવતા 8,983,700 સુધીના ઈક્વિટી શેર અને કુસુમ હરીશ ધરમશી દ્વારા 5ની ફેસ વેલ્યુ ધરાવતા 17,300,800 સુધીના ઈક્વિટી શેરના વેચાણની ઓફર સામેલ છે. આ ઓફરમાં નવા શેર બહાર પાડવાનો (Fresh Issue) કોઈ હિસ્સો નથી.'કર્મચારી અનામત હિસ્સા' (Employee Reservation Portion) હેઠળ બિડ કરનારા પાત્ર કર્મચારીઓને પ્રતિ ઈક્વિટી શેર 25નું ડિસ્કાઉન્ટ આપવામાં આવી રહ્યું છે. 'રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ' દ્વારા ઓફર કરવામાં આવનારા ઈક્વિટી શેર્સને સ્ટોક એક્સચેન્જો - એટલે કે BSE લિમિટેડ ('BSE') અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ ('NSE', અને BSE સાથે મળીને 'સ્ટોક એક્સચેન્જો') - પર સૂચિબદ્ધ (લિસ્ટ) કરવાનો પ્રસ્તાવ છે. આ ઓફરના હેતુસર, BSE એ 'નિર્દિષ્ટ સ્ટોક એક્સચેન્જ' (Designated Stock Exchange) છે.

## ૨૭ ટકા હિસ્સા સાથે ઓમાન ભારતનું એલએનજીનું સૌથી મોટુ પૂરવઠેદાર

મુંબઈ : પશ્ચિમ એશિયા યુદ્ધને પરિણામે દેશના લિક્વિફાઈડ નેચરલ ગેસ (એલએનજી)ના પૂરવઠેદારોમાં મોટા બદલાવ આવી રહ્યા છે. સપ્ટેમ્બરમાં ૨૭ ટકા શિપમેન્ટ હિસ્સા સાથે ઓમાન ભારતનું એલએનજીનું સૌથી મોટુ પૂરવઠેદાર રહ્યું છે જ્યારે ઓગસ્ટમાં ૩૫ ટકા સાથે અમેરિકા સૌથી મોટુ પૂરવઠેદાર રહ્યું હતું.એક સમયે ભારતના એલએનજીના આયાત પૂરવઠામાં કતારનો મોટો હિસ્સો રહેતો હતો ત્યાંથી ઓગસ્ટમાં આયાત લગભગ શૂન્ય રહ્યા બાદ સપ્ટેમ્બરમાં સહેજ વધી ૪.૩૦ ટકા રહી છે.સપ્ટેમ્બરમાં ઓમાન ખાતેથી ભારતે ૫.૮૫ લાખ ટન એલએનજીની આયાત કરી છે જે ઓગસ્ટની સરખામણીએ ૧૧.૫૦ ટકા વધુ છે એમ કેપ્લરના ડેટા જણાવે છે. ઓમાન બાદ ૩.૫૧ લાખ ટન સાથે નાઈજિરિયા બીજા ક્રમે રહ્યું છે જ્યારે અમેરિકા ખાતેથી ઓગસ્ટની સરખામણીએ આયાત ૫૯ ટકા ઘટી ૩.૪૭ લાખ ટન રહી છે.ભારતની સપ્ટેમ્બરની એલએનજીની આયાતમાં અમેરિકાનો હિસ્સો ઘટી ૧૬ ટકા પર આવી ગયો છે. ૯૪૦૦૦ ટન સાથે કતાર છઠ્ઠો મોટો પૂરવઠેદાર રહ્યો છે.યુદ્ધ પહેલા ભારતની એલએનજી આયાતમાં કતારનો હિસ્સો ૪૫ ટકા જેટલો રહેતો હતો.ઓગસ્ટમાં ૨૫ લાખ ટનની સરખામણીએ સપ્ટેમ્બરમાં ભારતની એલએનજી આયાત ૧૪ ટકા ઘટી ૨૧.૭૦ લાખ ટન રહ્યાનું પણ પ્રાપ્ત ડેટા જણાવે છે.એલએનજીના વૈશ્વિક પૂરવઠામાં કતારનો હિસ્સો ૧૯ ટકા જેટલો રહ્યો છે. કતારના રાસ લફાન ઈન્ડસ્ટ્રીઅલ સિટી પર ઈરાનના હુમલા બાદ સ્થિતિ થાળે પાડતા મહિનાઓ લાગી શકે છે.

## સ્મિથ એન્ડ જોન્સે રસિકા દુગલ સાથે નવું કેમ્પેઇન શરૂ કર્યું, ગ્રાહકોને તેમના જિંજર ગાર્લિક પેસ્ટ અંગે પ્રશ્ન કરવા પ્રોત્સાહિત કર્યા

મુંબઈ | ટાટા કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ લિમિટેડની અગ્રણી ફૂડ બ્રાન્ડ તથા ભારતની પ્રથમ ક્રમની કૂકિંગ પેસ્ટ જિંજર ગાર્લિક પેસ્ટના ઉત્પાદક સ્મિથ એન્ડ જોન્સે રસિકા દુગલ સાથે એક નવું કેમ્પેઈન રજૂ કર્યું છે, જેનો ઉદ્દેશ્ય ગ્રાહકોને હળવા અને રસપ્રદ અંદાજમાં જિંજર ગાર્લિક પેસ્ટ ખરીદતી વખતે કઇ બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ.જિંજર ગાર્લિક પેસ્ટ કેટેગરી સતત વિકસી રહી છે ત્યારે ગ્રાહકો પાસે પહેલા કરતાં વધુ ચોઇસ ઉપલબ્ધ છે. જોકે, એક પેસ્ટ બીજી પેસ્ટથી કઇ રીતે અલગ છે તેના વિશેની જાણકારી મર્યાદિત છે. એક સરળ વિઝ્યુઅલ રજૂઆત દ્વારા આ કેમ્પેઇન માહિતી આપે છે, જે ગ્રાહકોને ગાઢ, સુસંગત જિંજર ગાર્લિક પેસ્ટને પાણીવાળા પેસ્ટથી અલગ પાડવામાં અને વધુ માહિતીપ્રદ પસંદગી કરવામાં મદદ કરે છે. આ કેમ્પેઈન કહે છે, 'હો ગયા ના પેસ્ટ કા પેસ્ટ ઔર પાની કા પાની.'આ કેમ્પેઈન વિશે ટાટા કન્ઝ્યુમર પ્રોડક્ટ્સના પેકેજ્ડ ફૂડ્સ, કેપિટલ ફૂડ્સ અને સોલફુલના પ્રેસિડેન્ટ દીપિકા ભાને કહ્યું હતું કે, "નવી વાનગીઓ અજમાવવા અને વિવિધ સામગ્રી સાથે પ્રયોગ કરવો ક્યારેક મૂશ્કેલ લાગે છે, પરંતુ સ્મિથ અને જોન્સ સાથે અમે તેને ખૂબ જ સરળ બનાવવા માંગીએ છીએ. આ કેમ્પેઈન તેને દર્શાવે છે."ધ વોમ્બના સીઓઓ હેવલ પટેલે કહ્યું હતું કે, ''સ્મિથ અને જોન્સ જિંજર ગાર્લિક પેસ્ટ કેટેગરીમાં અગ્રણી છે. આજે, જ્યારે આ કેટેગરીને એક કોમોડિટી તરીકે ગણવામાં આવે છે.

## વૈશ્વિક બોન્ડ યીલ્ડમાં વધારો EM માટે ચિંતાનો વિષય

અમદાવાદ : વૈશ્વિક બોન્ડ યીલ્ડમાં થયેલો ઉછાળો ઉભરતા બજારો (EM) માટે મૂડીના ખર્ચ સામે નવા પડકારો ઊભા કરે છે, અને હવે તેને માત્ર નાણાકીય નીતિ અને રાજકોષીય નીતિઓના દ્રષ્ટિકોણથી જ ન જોઈ શકાય, પરંતુ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ)ના ડેટ-ફાઈનાન્સિંગ (દેવા દ્વારા ભંડોળ એકત્ર કરવાના) પ્રયાસોની અસર તરીકે પણ જોવું પડશે તેમ આર્થિક બાબતોના સચિવ અનુરાધા ઠાકુરે વૈશ્વિક મૂડી ક્ષેત્રમાં આવેલા એક મોટા ફેરફાર તરફ ધ્યાન દોર્યું હતું.તેમણે જણાવ્યું કે ફક્ત સરકારી બોન્ડ્સ હવે વૈશ્વિક જીડીપીના ૮૦ ટકાથી વધુ હિસ્સો ધરાવે છે, જેનાથી સોવરેન બોન્ડ માર્કેટ રોકાણ કરી શકાય તેવા દેવાનો સૌથી મોટો સ્ત્રોત અને સમગ્ર નાણાકીય વ્યવસ્થામાં મૂડીના ખર્ચ માટેનો બેન્ચમાર્ક બની ગયું છે. સરકારો મોટા પાયે ઉધાર લઈ રહી હોવાથી, રોકાણકારો ફુગાવો, રાજકોષીય અનિશ્ચિતતા અને સમયગાળાના જોખમ માટે વધુ વળતરની માંગ કરી રહ્યા છે.યુએસ ટ્રેઝરી બોન્ડ યીલ્ડ ૫.૩૪ ટકા પર પહોંચી ગઈ છે, જે ૨૦૦૨ પછીનું સર્વોચ્ચ સ્તર છે, અને જાપાનના લાંબા ગાળાના બોન્ડ યીલ્ડ ૧૯૯૬ પછીના સૌથી ઊંચા સ્તરે છે. ઉભરતા બજારો માટે આ એક મોટો પડકાર ઊભો કરે છે, કારણ કે વૈશ્વિક બોન્ડ બજારોમાં મૂડીની ઓપોર્ચ્યુનિટી કોસ્ટ હોય છે, અને આ બાબતમાં વૈશ્વિક અસંતુલન પણ ઉમેરાય છે. જ્યારે વેપાર તુલનાત્મક ફાયદાઓને બદલે સુરક્ષા અને ભૂ-રાજકીય ચિંતાઓને આધારે ગોઠવવામાં આવે છે, ત્યારે માલસામાન અને મૂડીની હેરફેર ઓછી કાર્યક્ષમ બને છે, સરપ્લસ અને ખાધ ઘર્ષણના કારણો બને છે, અને વિશ્વભરમાં દરેક માટે મૂડીનો ખર્ચ વધુ વધે છે.

## ડેરિવેટિવ્ઝ સેટલમેન્ટના નિયમોમાં અમુક ફેરફારની શકયતા

મુંબઈ : મૂડી બજાર નિયામક તંત્ર સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) ડેરિવેટિવ્ઝ સેટલમેન્ટના ભાવ નક્કી કરવા માટે ક્લોઝિંગ ઓકશનનો ઉપયોગ ઓછામાં ઓછા એક વર્ષ માટે મોકૂફ રાખે એવી શકયતા છે. આ અંગેની જાણકારી ધરાવતા સૂત્રોએ આ માહિતી આપી હતી. ડેરિવેટિવ્ઝના સેટલમેન્ટ માટે છેલ્લી ૩૦ મિનિટના ટ્રેડિંગના વોલ્યુમ-વેઈટેજ સરેરાશ ભાવ અપનાવવામાં આવી શકે છે. જ્યારે ઓછી તરલત ધરાવતા શેરો માટે ક્લોઝિંગ ઓક્શન યથાવત રાખવામાં આવી શકે છે.

આ પગલું સેબી દ્વારા શેરોના અને ડેરિવેટિવ્ઝ કોન્ટ્રાક્ટના અંતિમ ભાવ નક્કી કરવા માટે તાજેતરમાં અમલમાં મૂકવામાં આવેલી નવી વ્યવસ્થામાં આંશિક ફેરફાર સમાન હશે. સેબીએ ઓગસ્ટમાં એવા શેરો માટે ક્લોઝિંગ ઓકશન સેશન (સીએએસ) મેકેનિઝમ શરૂ કર્યું હતું, જેના પર ફ્યુચર્સ એન્ડ ઓપ્શન્સ કોન્ટ્રાક્ટ ઉપલબ્ધ છે. આ વ્યવસ્થા હેઠળ ટ્રેડિંગ દિવસના અંતે ટૂંકા સમય માટે યોજાતા ઓક્શન દ્વારા શેરનો ક્લોઝિંગ ભાવ નક્કી કરવામાં આવે છે. અમેરિકા અને હોંગકોંગ સહિતના કેટલાક વૈશ્વિક બજારોમાં પણ આ પ્રકારની પદ્ધતિનો ઉપયોગ થાય છે.

પરંતુ નવી વ્યવસ્થાને કારણે ડેરિવેટિવ્ઝની એક્સપાયરીના દિવસે ભાવમાં મોટા પ્રમાણમાં વધઘટ જોવા મળી હતી. જેના પરિણામે સેબીએ સમગ્ર પદ્ધતિની સમીક્ષા કરી હતી. સેબીએ સપ્તાહના અંતે સોશ્યલ મીડિયા એક્સ પરની એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, નિયમોમાં ફેરફાર અંગે જાહેર કરાયેલા પરામર્શ ડોક્યુમેન્ટના જવાબમાં તેને ૨૦,૦૦૦ જેટલા સૂચનો મળ્યા છે.

## લગભગ સવા ત્રણ વર્ષના ગાળા બાદ આજે વ્યાજ દરમાં વધારો થવાની વકી

મુંબઈ : રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)ની મોનિટરી પોલિસી કમિટિ (એમપીસી) ત્રણ દિવસની બેઠકના અંતે આવતી કાલે રેપો રેટમાં ૦.૨૫ ટકાનો વધારો કરશે તેવી શકયતા વ્યકત કરવામાં આવી રહી છે. ઊંચા ફુગાવા, રૂપિયામાં નબળાઈ, ઊંચી વૈશ્વિક બોન્ડ યીલ્ડસ તથા ક્રુડ તેલના ભાવમાં ફરી ઉછાળાને ધ્યાનમાં રાખી લગભગ સવાત્રણ વર્ષના ગાળા બાદ વ્યાજ દરમાં પહેલી જ વખત વધારો જોવા મળવા સંભવ છે.ઊંચા ફુગાવાને પરિણામે એશિયાના વિવિધ દેશોએ પણ તાજેતરમાં વ્યાજ દરમાં વધારો કર્યો છે. વ્યાજ દરમાં વધારો કરીને એમપીસી ન્યુટ્રલ પોલિસિ સ્ટાન્સ જાળવી રાખી નજીકના ભવિષ્યમાં રેપો રેટમાં વધારો કરવાનો વિકલ્પ ખુલ્લો રાખશે.એમપીસીની ઓગસ્ટની બેઠક બાદ ફુગાવામાં વધુ વધારો થયો છે અને ક્રુડ ઓઈલના ભાવ પણ બેરલ દીઠ ફરી ૧૦૦ ડોલર નજીક પહોંચી ગયા છે.રિઝર્વ બેન્કે ફેબ્રુઆરી ૨૦૨૩માં રેપો રેટ ૦.૨૫ ટકા વધારી ૬.૫૦ ટકા કર્યો હતો અને ત્યાર બાદ તેમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો હતો.દેશમાં ફુગાવો હાલમાં પાંચ ટકાની નજીક છે અને ટૂંક સમયમાં રિઝર્વ બેન્કની છ ટકાની મહત્તમ રેન્જ સુધી પહોંચી જવા સંભવ છે. અલ નિનોની અસરને કારણે વર્તમાન વર્ષમાં કૃષિ ઉત્પાદન પર અસર જોવા મળવાની શકયતા રહેલી છે. આ અસરને કારણે ખાદ્ય પદાર્થનો ફુગાવો પણ વધી રહ્યો છે. આવી સ્થિતિમાં રિઝર્વ બેન્ક રેપો રેટ પા ટકા વધારી ૫.૫૦ ટકા સુધી લઈ જશે એમ એક એનાલિસ્ટે જણાવ્યું હતું. દેશના આર્થિક વિકાસ દરના સાનુકૂળ સ્તર વચ્ચે રેપો રેટમાં પા ટકાનો વધારો વિકાસ સામે કોઈ રુકાવટ નહીં લાવે. માગ મોરચે સ્થિતિ સારી છે એમ એક બેન્કરે જણાવ્યું હતું.ક્રુડ તેલના ઊંચા ભાવ ઉપરાંત ફોરેન કરન્સી નોન-રેસિડેન્ટ (બેન્ક) (એફસીએનઆર-બી) ડિપોઝિટ સ્કીમને કારણે દેશમાં લિક્વિડિટી વધી જતા ફુગાવો વધવાનું જોખમ રહેલુ છે, આ હકીકતને ધ્યાનમાં રાખીને પણ વ્યાજ દરમાં વધારો કરાશે એમ અન્ય એક એનાલિસ્ટે જણાવ્યું હતું. ડોલર પ્રવાહ છતાં રૂપિયો હાલમાં તૂટી ૯૬ની સપાટીની ઉપર ચાલી ગયો છે.તહેવારો ટાંકણે જ વ્યાજ દરમાં કોઈપણ વધારાથી રહેઠાણ સહિતની વિવિધ લોનો મોંઘી બનવાની પણ શકયતા રહેલી છે.

**તમારી લોન મોંઘી થઈ ગઈ** | **રિઝર્વ બેંકના વલણમાં બદલાવનો અર્થ શું? : ગવર્નર સંજય મલ્હોત્રાનો ખુલાસો**

# RBIએ રેપો રેટ 0.25 ટકા વધાર્યો, દર મહિનાના EMI પણ વધી જશે

(એજન્સી) નવી દિલ્હી | તા.07

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (RBI)ની મોનિટરી પોલિસી કમિટી (એમપીસી) ત્રણ દિવસની બેઠકના અંતે રેપો રેટમાં 0.25 ટકાનો વધારો કરી દીધો છે. ઊંચા ફુગાવા, રૂપિયામાં નબળાઈ, ઊંચા વૈશ્વિક બોન્ડ યીલ્ડસ તથા ક્રુડ ઓઈલના ભાવમાં ફરી ઉછાળાને ધ્યાનમાં રાખી લગભગ સાડા ત્રણ વર્ષના ગાળા બાદ વ્યાજ દરમાં પહેલી જ વખત વધારો જોવા મળ્યો છે. આરબીઆઈના રેપો રેટમાં 0.25% ના વધારા સાથે નવો રેપો રેટ 5.25% થી વધીને 5.50% પર પહોંચી ગયો છે. તેની સીધી અસર તમારા હોમ લોનની ઈએમઆઈ અને એફડીના રિટર્ન પર થવાની છે. તમારા ઈએમઆઈ વધી શકે છે. ઉલ્લેખનીય છે કે અગાઉની ત્રણ બેઠકમાં રેપો રેટ યથાવત્ રાખવામાં આવ્યો હતો.આ સાથે SDF રેટ (સ્ટેન્ડિંગ ડિપોઝિટ ફેસિલિટી) પણ 5.25% પર પહોંચી ગયો છે. જ્યારે MSF રેટ (માર્જિનલ સ્ટેન્ડિંગ ફેસિલિટી રેટ) પણ વધીને 5.75% પર પહોંચાડી દેવાયો છે. ઊંચા ફુગાવાને પરિણામે એશિયાના વિવિધ દેશોએ પણ તાજેતરમાં વ્યાજ દરમાં વધારો કર્યો છે. વ્યાજ દરમાં વધારો કરીને એમપીસી ન્યુટ્રલ પોલિસિ સ્ટાન્સ જાળવી રાખી નજીકના ભવિષ્યમાં પણ રેપો રેટમાં વધારો કરવાનો વિકલ્પ ખુલ્લો રાખ્યો છે. એમપીસીની ઓગસ્ટની બેઠક બાદ ફુગાવામાં વધુ વધારો થયો છે અને ક્રુડ ઓઈલના ભાવ પણ બેરલ દીઠ ફરી 100 ડોલર નજીક પહોંચી ગયા છે. રિઝર્વ બેન્કે ફેબ્રુઆરી 2023માં રેપો રેટ 0.25 ટકા વધારી 6.50 ટકા કર્યો હતો અને ત્યાર બાદ તેમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો હતો. દેશમાં ફુગાવો હાલમાં પાંચ ટકાની નજીક છે અને ટૂંક સમયમાં રિઝર્વ બેન્કની છ ટકાની મહત્તમ રેન્જ સુધી પહોંચી જવા સંભવ છે. 'આરબીઆઈ (RBI) દ્વારા ઓક્ટોબરમાં કરવામાં આવેલો રેટ હાઇક એ વાતની સ્પષ્ટ સાક્ષી પૂરે છે કે ચક્રીય મોંઘવારી (Cyclical Inflation) ના જોખમો હવે સામાન્ય નથી રહ્યા. વલણમાં ફેરફાર (Change in Stance) એ પણ દર્શાવે છે કે આરબીઆઈની મોનેટરી પોલિસી કમિટી (MPC) નો ઈરાદો સખત (Hawkish Intent) છે.' ઊંચા તેલના ભાવો, વૈશ્વિક સ્તરે કડક પરિસ્થિતિઓ અને પ્રતિકૂળ હવામાનને કારણે ખાદ્ય ફુગાવા પર તોળાતા જોખમોની પૃષ્ઠભૂમિમાં, નીતિઘડવૈયાઓએ જોખમો વધુ ઊંડા ઉતરે તે પહેલાં મોંઘવારી અંગેની વિશ્વસનીયતાને મજબૂત કરવાનું પસંદ કર્યું છે." રિઝર્વ બેંકના ગવર્નર સંજય મલ્હોત્રાએ એ વાતની પણ જાહેરાત કરી છે કે એમપીસી (MPC) નું નીતિગત વલણ હવે તટસ્થ (Neutral) થી ખસીને 'કેલિબ્રેટેડ ટાઈટનિંગ' (મપાયેલું અને કડક વલણ) તરફ શિફ્ટ થઈ ગયું છે.'આરબીઆઈના આ નિર્ણય સાથે હોમ લોન, કાર લોન લેનારા ગ્રાહકોના ઈએમઆઈ વધી શકે છે. આરબીઆઈ ગવર્નર સંજય મલ્હોત્રાએ તેમના સંબોધનમાં વેસ્ટ એશિયાના સંઘર્ષ, ક્રૂડ ઓઈલની કિંમતમાં વધારાનો ઉલ્લેખ કર્યો હતો. આ સાથે ગ્લોબલ સ્તરે મોંઘવારી વધવા, એનર્જીની કિંમતો મોંઘી થવા અને ખાણી-પીણી વસ્તુઓના ભાવ પણ વધવા સામે ચિંતા વ્યક્ત કરી હતી. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) એ વ્યાજદરો (રેપો રેટ) માં વધારો કરવાની સાથે નાણાકીય વર્ષ 2026-27 (FY27) માટે મોંઘવારી દરના અંદાજમાં પણ વધારો કર્યો છે. રિઝર્વ બેંકે કોર ફુગાવાનો અંદાજ અગાઉના 4.3% થી વધારીને 4.4% કર્યો છે. આ સિવાય કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ (CPI) આધારિત મોંઘવારીનો અંદાજ પણ 5% થી વધારીને 5.2% કરવામાં આવ્યો છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, ભાદરવા વદ-13

# ન્યૂમોનિક પ્લેગ : દુનિયા ઉપર તોળાઈ રહેલો બીજી મહામારીનો જીવલેણ ખતરો

રશિયાના સાઈબીરીયામાંથી આવેલા એક ભયાનક અહેવાલે સમગ્ર માનવજાતના રૂંવાડા ઊભા કરી દીધા છે. ઈર્કુત્સ્કની એક અત્યંત સુરક્ષિત એન્ટિ-પ્લેગ પ્રયોગશાળામાં એક ૨૮ વર્ષીય યુવાન વૈજ્ઞાનિક દારિયા શિપિલોવાના અચાનક અને કરુણ મોતે રશિયા સહિત સમગ્ર વૈશ્વિક શક્તિઓને હચમચાવી દીધી છે. માત્ર એક ટેસ્ટ ટ્યુબ તૂટી જવાની બેદરકારી કે દુર્ઘટનાએ એવા રાક્ષસી જીવાણુને મુક્ત કરી દીધો છે, જે સદીઓ પહેલાં આખી પૃથ્વી પર કરોડો જીવોને ભરખી ચૂક્યો હતો. ક્રેમલિનથી લઈને વોશિંગ્ટન સુધી સાયરનો વાગી રહ્યા છે, ૨૦૦થી વધુ નિર્દોષ લોકોને રાતોરાત ક્વોરેન્ટાઇન કરી દેવાયા છે અને સમગ્ર પ્રદેશમાં કટોકટી જેવી સ્થિતિ સર્જાઈ ગઈ છે. આ કોઈ સામાન્ય તાવ કે મોસમી ફ્લૂ નથી, આ ઇતિહાસનો સૌથી લોહિયાળ 'બ્લેક ડેથ' એટલે કે પ્લેગ છે. તેને ન્યૂમોનિક પ્લેગ પણ કહેવામાં આવે છે. આ જીવલેણ ઘટનાક્રમની શરૂઆત ત્યારે થઈ જ્યારે સાઈબીરિયાની સુરક્ષિત લેબમાં કામ કરતી સંશોધક દારિયા શિપિલોવાના હાથમાંથી ૨૫ સપ્ટેમ્બરે ન્યુમોનિક પ્લેગના અત્યંત ઘાતક પેથોજેન ધરાવતી કાચની ટેસ્ટ ટ્યુબ અચાનક પડીને તૂટી ગઈ. લેબના બંધ વાતાવરણમાં ક્ષણાર્ધમાં શ્વાસ મારફતે ફેફસાંમાં ઉતરી ગયેલા બેક્ટેરિયાએ પોતાનું તાંડવ શરૂ કરી દીધું. આ ઘટના બન્યાના થોડા જ કલાકોમાં આ યુવતીના શરીરમાં અસહ્ય પીડા, ઉધરસ અને અતિશય તાવના ચિહ્નો દેખાવા લાગ્યા. ૨૯ સપ્ટેમ્બર સુધીમાં સ્થિતિ એટલી હદે વણસી ગઈ કે તેને ગંભીર ન્યુમોનિયા સાથે આઇસોલેશન વોર્ડમાં ખસેડવી પડી. આધુનિક તબીબી વિજ્ઞાન જ્યારે કશું વિચારે કે સમજે તે પહેલાં જ, માત્ર બે જ દિવસમાં, ૧ ઓક્ટોબરે તેનું દર્દનાક મોત નીપજ્યું. આ મોત જૈવિક સુરક્ષા વ્યવસ્થા પર પડેલો એવો કારમો તમાચો હતો જેણે સમગ્ર વહીવટી તંત્રના પગ નીચેથી જમીન સરકાવી દીધી. ઉલ્લેખનીય છે કે, આ ઘાતક દુર્ઘટના સામે આવતાં જ રશિયન સત્તાધીશોમાં નાસભાગ મચી ગઈ. ઈર્કુત્સ્ક શહેરમાં આયોજિત તમામ જાહેર કાર્યક્રમો, સભાઓ અને મેળાવડાઓને તાત્કાલિક અસરથી રદ કરી દેવાયા. દારિયાના સંપર્કમાં આવેલા ૨૦૦થી વધુ ડોક્ટરો, નર્સો, પ્રયોગશાળાના સહકર્મીઓ અને સગા-સંબંધીઓને ક્વોરેન્ટાઇનમાં ધકેલી દેવાયા છે. રશિયાની સત્તાવાર તપાસ એજન્સીઓએ આરોગ્ય અને સુરક્ષા પ્રોટોકોલના ઘોર ઉલ્લંઘન બદલ ફોજદારી કેસ નોંધીને તપાસના આદેશ આપ્યા છે. આ આક્રોશ એટલા માટે વાજબી છે કારણ કે બેદરકારી કરનારાઓએ માત્ર પોતાના જીવ જોખમમાં નથી મૂક્યા, પરંતુ હજારો સામાન્ય નાગરિકોના શ્વાસમાં ઝેર ઘોળવાનું પાપ કર્યું છે. આ કટોકટીની ગંભીરતાનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે વ્હાઇટ હાઉસે પણ સત્તાવાર નિવેદન બહાર પાડીને કહ્યું છે કે ટ્રમ્પ પ્રશાસન રશિયામાં ફેલાઈ રહેલા આ સંભવિત રોગચાળા પર અત્યંત બારીકાઈથી નજર રાખી રહ્યું છે. બીજી તરફ, આ મામલે રશિયાના સ્થાનિક તંત્રમાં જૂઠાણાં અને લીપાપોતીની રમત પણ શરૂ થઈ ચૂકી છે. મોંગોલિયા સરહદ નજીકના બુરિયાતિયા પ્રજાસત્તાકની આસપાસથી આ ચેપ આવ્યો હોવાના અહેવાલો વહેતા થતાં જ ત્યાંના વડા અલેક્સી ત્સીદેનોવે તરત જ હાથ અદ્ધર કરી લીધા અને દાવો કર્યો કે આ વૈજ્ઞાનિક ક્યારેય તેમના વિસ્તારમાં આવી જ નહોતી. સ્થાનિક અધિકારીઓ આ ઘાતક રોગને જાહેરમાં ન્યૂમોનિક પ્લેગ કહેવાને બદલે માત્ર ખતરનાક ચેપ તરીકે ખપાવવાનો મરણિયો પ્રયાસ કરી રહ્યા છે. પરંતુ ઇતિહાસ સાક્ષી છે કે રોગચાળાને છુપાવવાની આ શાસકીય વૃત્તિ હંમેશા વિનાશક સાબિત થઈ છે. જ્યારે વાયરસ કે બેક્ટેરિયા હવામાં વહેતા હોય ત્યારે નિવેદનોની ઢાલ કોઈ કામમાં આવતી નથી. લોકોના જીવ જોખમમાં મૂકીને પોતાની બેદરકારી છુપાવવાનો આ વહીવટી ખેલ અત્યંત શરમજનક અને અક્ષમ્ય છે. વિજ્ઞાનની દ્રષ્ટિએ જોઈએ તો, પ્લેગ એ યર્સિનિયા પેસ્ટિસ નામના અત્યંત ઝેરી બેક્ટેરિયાથી ફેલાતો રોગ છે. પ્લેગના મુખ્ય ત્રણ સ્વરૂપો છે : બ્યુબોનિક, સેપ્ટિસેમિક અને ન્યુમોનિક. આ ત્રણેયમાં ન્યુમોનિક પ્લેગ એ પૃથ્વી પરનો સૌથી વિકરાળ, આક્રમક અને જીવલેણ અવતાર છે. સામાન્ય બ્યુબોનિક પ્લેગમાં દર્દીના લસિકા સૂજી જાય છે અને તે મોટે ભાગે ચાંચડના કરડવાથી ફેલાય છે, પરંતુ ન્યુમોનિક પ્લેગ સીધો માનવ ફેફસાં પર હુમલો કરે છે.

## પીએમ શ્રી ચંદ્રમાણા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને સન્માનિત કરાયા

નિતીન ઠાકર | ચાણસ્મા

પ્રમોદભાઈ બી વ્યાસ. નવીનભાઈ બી પટેલ. ચેતનભાઇ એસ દેસાઈ. નીતિનભાઈ વ્યાસ. ની વિશેષ ઉપસ્થિતિ હતી .પાટણ વાડા ઔદીચ્યસહસ્ત્ર બ્રહ્મ સમાજના જ્ઞાતિ રત્ન સ્વ .માણેકલાલ હરિશંકર વ્યાસ પરિવાર દ્વારા



આંગણવાડી.. પ્રાથમિક શાળા ...તેમજ હાઈસ્કૂલના બાળકોને બુંદી અને ગાંઠીયા ના ફૂડ પેકેટ નો નાસ્તો આપવામાં આવ્યો હતો. તેમજ ભારત કો જાનો પરીક્ષામાં પ્રથમ નંબર તેજલબા નવલસંગ રાજપૂત અને દ્વિતીય નંબર બીજલબા પોપટજી રાજકપૂત આ બંને દીકરીઓને પણ સન્માનિત કરવામાં આવ્યા ...એ આઈ ના સદ ઉપયોગ વિશે જિલ્લા કક્ષાની ડ્રામા સ્પર્ધામાં તૃતીય નંબર મેળવવા બદલ પણ દીકરીઓને સન્માનિત કરવામાં આવી . તેમજ પાટણ જિલ્લાના સાંતલપુર તાલુકાના ચિત્રકાર કે.ડી.ધવલ 11 દેશોમાં પોતાના ચિત્રો મોકલી ચૂક્યા છે એમનું પણ સન્માન કરવામાં આવ્યું.

## થરાદ ખાતે વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીની ઉપસ્થિતિમાં 'વિકસિત ભારત સંકલ્પ સભા - સેવા જ્યોતિ' કાર્યક્રમ યોજાયો

માહિતી બ્યુરો,થરાદ | સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત '૨૫ વર્ષ જન સેવાથી રાષ્ટ્રસેવા'ના ભાગરૂપે વાવ-થરાદ વિસ્તારના મુખ્ય મથક થરાદ ખાતે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને 'વિકસિત ભારત સંકલ્પ સભા' અને 'સેવા જ્યોતિ' કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નવી દિલ્હીથી દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી તેમજ રાષ્ટ્રીય અધ્યક્ષશ્રીના વર્ચ્યુઅલ સંબોધનનું જીવંત પ્રસારણ ઉપસ્થિત સૌ નાગરિકો અને કાર્યકરોએ નિહાળ્યું હતું. વડાપ્રધાનશ્રીના પ્રેરણાદાયી વિચારોથી ઉપસ્થિત જનમેદનીમાં રાષ્ટ્રનિર્માણ અને સેવાની નવી ઊર્જાનો સંચાર થયો હતો.કાર્યક્રમ દરમિયાન જિલ્લા કક્ષાની વિવિધ સ્પર્ધાઓમાં વિજેતા બનેલા પ્રતિભાશાળી વિદ્યાર્થીઓનું વિધાનસભાના અધ્યક્ષશ્રી તથા ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. સભાના સમાપન બાદ મહાનુભાવો દ્વારા મશાલ પ્રગટાવી 'સેવા જ્યોત યાત્રા'નું પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. આ મશાલ યાત્રા ગાયત્રી વિદ્યાલય થરાદ થી લઈને થરાદ બસ સ્ટેશન સુધી પહોંચી હતી, જેના થકી સેવા, સંકલ્પ અને રાષ્ટ્રનિર્માણનો સંદેશ જન-જન સુધી પહોંચાડવામાં આવ્યો હતો. આ 'વિકસિત ભારત સંકલ્પ સભા' અને 'સેવા જ્યોતિ' કાર્યક્રમ અંતર્ગત વાવ - થરાદ જિલ્લાના વિવિધ તાલુકાઓમાંથી બાઇક રેલી યોજાઈ હતી. જે થરાદ ગાયત્રી વિદ્યાલય ખાતે પહોંચી હતી. આ પ્રસંગે વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ છેલ્લા ૨૫ વર્ષમાં રાજ્ય અને દેશમાં જે નિષ્ઠાપૂર્વક કામ કર્યું છે, તેના પરિણામે પ્રત્યેક નાગરિકના જીવનમાં મોટો સકારાત્મક બદલાવ આવ્યો છે. ૨૫ વર્ષ પહેલાંની સ્થિતિ વાગોળતાં તેમણે કહ્યું કે, ભૂતકાળમાં બનાસકાંઠા જેવા સરહદી વિસ્તારમાં ઓછા વરસાદ વખતે લોકોને હિજરત કરવી પડતી, હાઈવે પર અકસ્માત સમયે સારવારના અભાવે યુવાનો જીવ ગુમાવતા, વીજળી માંડ પાંચ-સાત કલાક મળતી અને શાળાઓમાં ઓરડા કે શિક્ષકોની ભારે અછત હતી.

## પુસ્તક આપવું એટલે સારા વિચારોનું વાવેતર કરવું : 'સત્યના સંગાથે'થી આધ્યાત્મિક વિચારધારાનો સંદેશ

જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

આજના ઝડપી ડિજિટલ યુગમાં મોબાઇલ અને સોશિયલ મીડિયાના વધતા ઉપયોગ વચ્ચે પુસ્તક વાંચનની ટેવ ધીમે ધીમે ઓછી થતી જાય છે. ત્યારે નખત્રાણા લોહાણા સમાજના અગ્રણી અને વડીલ પ્રાગજીભાઈ ઠક્કર દ્વારા પુસ્તક વાંચન અને આધ્યાત્મિક ચિંતનને પ્રોત્સાહન આપતી સરાહનીય પહેલ કરવામાં આવી છે.આત્મજ્ઞાની *દિલીપભાઈ ઠક્કર લિખિત આધ્યાત્મિક પુસ્તક 'સત્યના સંગાથે'*નું પ્રાગજીભાઈ ઠક્કરે પોતાના વતી નખત્રાણાના અગ્રણીઓ હિરેનભાઈ વ્યાસ, જીતુભા જાડેજા અને કાંતિભાઈ વાઘેલાને અર્પણ કરી પુસ્તક વિતરણ કર્યું હતું.આ પ્રસંગે વડીલ પ્રાગજીભાઈ ઠક્કરે પુસ્તક વાંચનના મહત્વ પર ભાર મૂકતાં જણાવ્યું કે એક સમય એવો હતો જ્યારે પુસ્તકાલય એટલે જ્ઞાનનું મંદિર ગણાતું. લોકો નિયમિત રીતે લાઈબ્રેરીમાં જતા, વિવિધ વિષયોના



પુસ્તકો વાંચતા અને તેમાંથી મળેલા જ્ઞાન તથા વિચારોનું જીવનમાં આચરણ કરતા. આજના સમયમાં પુસ્તક વાંચનની પરંપરાને ફરી જીવંત કરવાની જરૂર છે.તેમણે ઉમેર્યું કે આધ્યાત્મિક અને સારા વિચારો ધરાવતાં પુસ્તકોનું વાંચન વ્યક્તિને માત્ર જ્ઞાન જ નથી આપતું, પરંતુ આત્મચિંતન, સંસ્કાર, સદવિચાર અને જીવન જીવવાની સાચી દિશા પણ આપે છે. ખાસ કરીને યુવા પેઢી પુસ્તકો સાથે જોડાય તે સમયની મહત્વપૂર્ણ જરૂરિયાત છે.'સત્યના સંગાથે' જેવા આધ્યાત્મિક પુસ્તકનું વિતરણ એ માત્ર એક પુસ્તક ભેટ આપવાની પ્રવૃત્તિ નથી, પરંતુ સમાજમાં સારા વિચારોનું વાવેતર કરવાની અને વાંચન સંસ્કૃતિને જીવંત રાખવાની એક સુંદર પહેલ છે.વડીલ પ્રાગજીભાઈ ઠક્કરની આ પહેલને ઉપસ્થિત અગ્રણીઓ દ્વારા આવકારવામાં આવી હતી. પુસ્તક વાંચન અને સારા સાહિત્યના પ્રસાર માટે સમાજના અન્ય લોકો પણ આવી પ્રવૃત્તિઓ સાથે જોડાય તેવી લાગણી વ્યક્ત કરવામાં આવી હતી.

## રાજપીપલાની બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટીમાં રાષ્ટ્રીય વન્યજીવ સપ્તાહની ઉત્સાહભેર ઉજવણી

સત્યવલંબ બારોટ | રાજપીપળા

બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી, રાજપીપળાની સ્કૂલ ઓફ સાયન્સમાં કાર્યરત ઝુઓલોજી વિષય અને નર્મદા વન વિભાગના સંયુક્ત ઉપક્રમે તા. ૨ થી ૫ ઓક્ટોબર દરમિયાન રાષ્ટ્રીય વન્યજીવ સપ્તાહ ની વિવિધ શૈક્ષણિક અને જાગૃતિપ્રેરક પ્રવૃત્તિઓ સાથે ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. પ્રાપ્ત માહિતી મુજબ વન્ય પ્રાણી સપ્તાહ ની આ વર્ષની થીમ "Connecting Habitats, Thriving Wildlife" રાખવામાં આવી હતી. વન્યજીવ સંરક્ષણ અંગે વિદ્યાર્થીઓમાં જાગૃતિ કેળવવાના હેતુથી વન્યજીવ ક્વિઝ, પોસ્ટર મેકિંગ, ડિબેટ, વાઈલ્ડલાઈફ ફોટોગ્રાફી અને રંગોળી જેવી વિવિધ સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. સમાપન કાર્યક્રમમાં નર્મદા વન વિભાગના DFO, IFS અભય કુમાર, ACF અનિલ પ્રજાપતિ, RFO હરેશ વાંદા, જાણીતા વન્યજીવ વિશેષજ્ઞ અને દીપડા પર સંશોધન કરી રહેલા કૌશલ મોદી, સ્કૂલ ઓફ સાયન્સના આચાર્ય ડૉ. દિગ્વિજયસિંહ રાણા સહિત વન વિભાગના અધિકારીઓ, અધ્યાપકો અને મોટી સંખ્યામાં



વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. RFO હરેશ વાંદા દ્વારા વન્યજીવ સપ્તાહના મહત્વ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું, જ્યારે કૌશલ મોદીએ "Practical Aspects of Leopard" વિષય પર દીપડાના ખોરાક, સ્વભાવ, રેસ્ક્યુ અને બ્રિડિંગ સહિતના વિવિધ પાસાઓ અંગે રસપ્રદ માહિતી આપી હતી. ACF અનિલ પ્રજાપતિએ ઝુઓલોજીના વિદ્યાર્થીઓને વન વિભાગમાં કારકિર્દીની તકો અને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી અંગે માર્ગદર્શન આપ્યું હતું. DFO અભયકુમાર સિંઘે વિદ્યાર્થીઓને વન્યજીવોમાં રસ કેળવી તેમના સંરક્ષણમાં સક્રિય સહભાગી બનવા અનુરોધ કર્યો હતો.કાર્યક્રમ દરમિયાન વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેનાર તથા વિજેતા વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો અને રોકડ પુરસ્કારો એનાયત કરવામાં આવ્યા હતા તથા ઉપસ્થિત મહાનુભાવોને સ્મૃતિચિહ્ન આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત સ્વચ્છતા અભિયાનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં યુનિવર્સિટી અને વન વિભાગની ટીમોએ સંયુક્ત રીતે મોટી માત્રામાં પ્લાસ્ટિક અને અન્ય કચરો એકત્ર કરી પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપ્યો હતો.

## ચિંચલી ખાતે એથર ઈન્ડસ્ટ્રીઝ દ્વારા નિઃશુલ્ક મેડિકલ કેમ્પનું સફળ આયોજન

સુશીલ પવાર | ડાંગ

ડાંગ જિલ્લાનાં આહવા તાલુકાના ચિંચલી ગામ ખાતે આવેલી આદર્શ માધ્યમિક શાળામાં એથર ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ, સુરત તથા ડાંગ યુવક સેવા સમિતિના સંયુક્ત સહયોગથી એક વિશાળ અને નિઃશુલ્ક આરોગ્ય હતું અને ગ્રામીણ વિસ્તારમાં આવી ઉત્કૃષ્ટ માનવસેવા પૂરી પાડવા બદલ એથર પરિવારનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.આ નિઃશુલ્ક આરોગ્ય શિબિરમાં જનરલ ફિઝિશિયન, ત્વચારોગ નિષ્ણાત, અસ્થિરોગ નિષ્ણાત, દંત ચિકિત્સક અને



શિબિરનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતુ. માનવસેવાના આ ભગીરથ કાર્યક્રમના અધ્યક્ષસ્થાને એથર ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ, સુરતના દીપકભાઈ મહેતા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.આ કાર્યક્રમના પ્રારંભમાં શાળાના આચાર્ય ભગેશભાઈ તથા સમગ્ર શિક્ષક સ્ટાફ દ્વારા ઉપસ્થિત મહાનુભાવોનું પુષ્પગુચ્છ આપી ભાવભર્યું સ્વાગત કરવામાં આવ્યું ઓપ્ટોમેટ્રિસ્ટ (આંખના નિષ્ણાત) જેવા નિષ્ણાત તબીબોએ પોતાની સેવાઓ આપી હતી. ડૉ. અંકિત ચોઢાણી, ડૉ. વિરેન ઠક્કર, ડૉ. પૂર્વા ઠક્કર, ડૉ. નિકુંજ ભાલાળા, ડૉ. પ્રણય ભટ્ટ અને ડૉ. કરણ ખાસે સહિત મેડિકલ અને નર્સિંગ સ્ટાફની બહોળી ટીમે દર્દીઓની ગહન અને કાળજીપૂર્વક તપાસ કરી હતી. શિબિર દરમિયાન તમામ લાભાર્થીઓને જરૂરિયાત મુજબ વિનામૂલ્યે દવાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત દાંત અને આંખની તપાસ, ECG તેમજ બ્લડ સુગર, હિમોગ્લોબિન અને સિકલ સેલ જેવા વિવિધ રોગોના નિઃશુલ્ક બ્લડ ટેસ્ટ પણ કરવામાં આવ્યા હતા. આંખની તપાસ બાદ જરૂરિયાતમંદ લાભાર્થીઓને ફ્રી ચશ્મા તથા મહિલા લાભાર્થીઓને સેનિટરી પેડ્સનું પણ નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતુ.ડાંગનાં ચિંચલી ખાતે એથર ઈન્ડસ્ટ્રીઝ દ્વારા યોજાયેલો આ બીજો સફળ મેડિકલ કેમ્પ હતો, જ્યાં સંસ્થા દ્વારા એક નવી શાળાનું પણ નિર્માણ કરવામાં આવ્યું છે. આ પ્રસંગે સ્થાનિક સલાહકાર સમિતિના સભ્યો અને આગેવાનો ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને શિબિરને સફળ બનાવવા યોગદાન આપ્યું હતું. આ સમગ્ર શિબિર દરમિયાન ચિંચલી તથા આસપાસના ગ્રામીણ વિસ્તારોમાંથી આવેલા 407 જેટલા જરૂરિયાતમંદ લોકો અને ગ્રામજનોએ નિઃશુલ્ક આરોગ્ય સેવાનો લાભ મેળવ્યો હતો.અને એથર ઈન્ડસ્ટ્રીઝનાં દિપક મહેતાનો આભાર વ્યક્ત કર્યો હતો.

## દાહોદના ઐતિહાસિક છાબ તળાવ ખાતે યોગ બોર્ડના ચેરમેનશ્રી શીશપાલ રાજપૂતની ઉપસ્થિતિમાં 'વિકસિત ભારત સંકલ્પ સભા' યોજાઈ

દિપક રાવલ દાહોદ લીમખેડા

દાહોદનું હૃદય ગણાતા ઐતિહાસિક છાબ તળાવ ખાતે યોગ બોર્ડના ચેરમેનશ્રી શીશપાલ રાજપૂતની ઉપસ્થિતિમાં 'વિકસિત ભારત સંકલ્પ સભા'નું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના પ્રારંભે આદિવાસી નૃત્ય દ્વારા ચેરમેનશ્રી શીશપાલ



રાજપૂતનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યા બાદ 'વંદે માતરમ'ના ગાન સાથે કાર્યક્રમનો પ્રારંભ થયો હતો.આ પ્રસંગે દાહોદ જિલ્લા ભાજપ પ્રમુખશ્રી સ્નેહલ ધરીયાએ યોગ બોર્ડના ચેરમેનશ્રી શીશપાલ રાજપૂત સહિત ઉપસ્થિત મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરી દાહોદ જિલ્લાના વિકાસની ગાથા અને વિવિધ વિકાસલક્ષી કાર્યોની સંક્ષિપ્ત માહિતી આપી હતી.ચેરમેનશ્રી શીશપાલ રાજપૂતે પ્રસંગોચિત ઉદ્દબોધન કરતાં જણાવ્યું હતું કે, દેશને વિકસિત અને આત્મનિર્ભર બનાવવાના સંકલ્પ સાથે સૌએ એકતાથી આગળ વધવું જરૂરી છે. જનસેવાને રાષ્ટ્રસેવા સાથે જોડીને વિકાસના સંકલ્પને સાકાર કરવા સૌએ સહભાગી બનવું જોઈએ.ત્યારબાદ વર્ચ્યુઅલ માધ્યમથી નીતિન નવીન તેમજ દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશવાસીઓને સંબોધન કર્યું હતું. આ પ્રસંગે છેલ્લા ૨૫ વર્ષમાં જનસેવાથી રાષ્ટ્રસેવા સુધીની યાત્રા અને દેશના વિકાસ માટે હાથ ધરાયેલા વિવિધ પ્રયાસોની ગાથા રજૂ કરવામાં આવી હતી. રાષ્ટ્રપ્રેમ અને દેશસેવાની ભાવનાને વધુ મજબૂત બનાવવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.કાર્યક્રમ દરમિયાન 'સબકા સાથ, સબકા વિકાસ'ના સંકલ્પ સાથે ઉપસ્થિત સૌએ વિકસિત ભારતની પ્રતિજ્ઞા લીધી હતી. ત્યારબાદ ચેરમેનશ્રી શીશપાલ રાજપૂતના હસ્તે 'સેવા જ્યોતિ યાત્રા'ની જ્યોતિ પ્રજ્વલિત કરવામાં આવી હતી અને યાત્રાને પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. છાબ તળાવથી શરૂ થયેલી સેવા જ્યોતિ યાત્રા ભગીની સમાજ સર્કલ ખાતે પૂર્ણ થઈ હતી, જ્યાં જ્યોતિની સ્થાપના કરવામાં આવી હતી.સમગ્ર કાર્યક્રમ દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે જિલ્લા પોલીસ વિભાગ દ્વારા પૂરતો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.આ પ્રસંગે સાંસદશ્રી જશવંતસિંહ ભાભોર, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી ગમાબેન મોહનિયા, જિલ્લા ભાજપ પ્રમુખશ્રી સ્નેહલ ધરીયા, જિલ્લાના ધારાસભ્યશ્રીઓ, જિલ્લા કલેકટરશ્રી સુરભિ ગૌતમ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી હિરેન બારોટ, પોલીસ અધિક્ષકશ્રી રવિરાજસિંહ જાડેજા, નાયબ પોલીસ અધિક્ષકશ્રીઓ, નિવાસી અધિક કલેકટરશ્રી જે. એમ. રાવલ, પ્રાંત અધિકારીશ્રીઓ સહિત પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ તેમજ મોટી સંખ્યામાં દાહોદવાસીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## વંડરલેન્ડ ટુર્સ એન્ડ વેકેશન' કંપની વિરુદ્ધ રૂ. ૨૨ લાખની છેતરપિંડીનો ગુનો દાખલ, ગ્રાહકોને રૂ. ૧૦ લાખથી વધુની રકમ અપાવી પરત

સુશીલ પવાર | ડાંગ

ડાંગ જિલ્લાના સાપુતારા પોલીસ સ્ટેશન ખાતે 'વંડરલેન્ડ ટુર્સ એન્ડ વેકેશન પ્રા.લિ.' કંપનીના માલિક અને કર્મચારીઓ વિરુદ્ધ ગ્રાહકો સાથે લાખો રૂપિયાની છેતરપિંડી કરવા બદલ ગુનો નોંધાયો છે.મળતી માહિતી મુજબ, આરોપી નિલેશભાઈ રામદાસભાઈ આહીરેએ વર્ષ ૨૦૨૪થી 'વંડરલેન્ડ ટુર્સ એન્ડ વેકેશન પ્રા.લિ.' નામની કંપની શરૂ કરી હતી.આ કંપની દ્વારા ગ્રાહકોને ભારત તથા એશિયામાં આવતી ફાઈવ સ્ટાર હોટલોમાં ૫ થી ૧૦ વર્ષ માટે અલગ-અલગ મેમ્બરશિપ લેવા માટેનું પ્રેઝન્ટેશન બતાવવામાં આવતું હતુ. ગ્રાહકોને દુબઈ, બાલી, કાશ્મીર સહિતના ડોમેસ્ટિક અને એશિયન ડેસ્ટિનેશન પર હોલિડે બુકિંગ કરાવવાની લોભામણી લાલચ આપી કુલ ૫૦ જેટલા ગ્રાહકો પાસેથી આશરે રૂ. ૨૨,૦૨,૭૫૦/- ની રકમ મેળવી લેવામાં આવી હતી. પરંતુ, કંપની દ્વારા મેમ્બરશિપમાં જણાવ્યા મુજબની સુવિધાઓ ન પૂરી પાડીને કે રકમ રિફંડ ન કરીને છેતરપિંડી કરવામાં આવી હતી. આ અંગે મૂળ વડોદરાના પ્રતીકભાઈ ગીરીશભાઈ ચૌહાણે કંપનીના માલિક નિલેશભાઈ રામદાસભાઈ આહીરે, કર્મચારી મિતભાઈ સુરેશભાઈ શાહ, પૂજા શર્મા (રહે. નાશિક) તથા જયદીપ ચંદ્રહાસ શેટ્ટી (રહે. મુંબઈ) વિરુદ્ધ સાપુતારા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે સાપુતારા પોલીસે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ-૩૧૮(૪) અને ૫૪ મુજબ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. સાપુતારા પોલીસ મથકનાં પી. આઈ.જે.કે.બારીયાની ટીમે કડક કાર્યવાહી કરતા આરોપીઓ પાસેથી કુલ ૧૯ જેટલા ગ્રાહકોને રૂ. ૧૦,૦૪,૯૯૮/- જેટલી રિફંડ રકમ પરત અપાવવામાં આવી છે. જેમાં મુખ્ય ફરિયાદી પ્રતીકભાઈ ચૌહાણ (રૂ. ૭૫,૦૦૦), રાકેશકુમાર પટેલ (રૂ. ૫૫,૦૦૦), મહેશકુમાર પટેલ (રૂ. ૭૩,૦૦૦), મનીષ જીરોલે (રૂ. ૧,૬૬,૦૦૦) તથા અન્ય ગ્રાહકોને તેમની રિફંડ રકમ પરત મળી છે. ડાંગ પોલીસ દ્વારા જણાવાયું છે કે, જો આ કંપની તરફથી અન્ય કોઈ પણ ગ્રાહક સાથે આવી રીતે છેતરપિંડી કરવામાં આવી હોય, તો તેઓ સાપુતારા પોલીસ સ્ટેશનનો સંપર્ક સાધી શકે છે.

## ડાંગ જિલ્લામાં મહેસુલી કર્મચારીઓની અનિશ્ચિત મુદતની હડતાળ

### ડાંગ જિલ્લામાં મહેસુલી કર્મચારીઓ પડતર પ્રશ્નોના નિરાકરણની માંગ સાથે મેદાનમાં,કર્મચારીઓની અનિશ્ચિત હડતાળનાં પગલે આદિવાસી પ્રજાને મુશ્કેલીઓ..

સુશીલ પવાર | ડાંગ

ડાંગ જિલ્લામાં મહેસુલી કર્મચારીઓ દ્વારા પોતાના પડતર પ્રશ્નો અને વિવિધ માંગણીઓના નિરાકરણની માંગ સાથે આજે તા. 7મી ઓક્ટોબરથી અનિશ્ચિત મુદતની હડતાળનો પ્રારંભ કરવામાં આવ્યો છે.ગુજરાત રાજ્ય મહેસુલ મહામંડળના આદેશ અનુસાર સમગ્ર ગુજરાત રાજ્યમાં મહેસુલી કર્મચારીઓ દ્વારા હડતાળનું એલાન કરવામાં આવ્યું છે.આ નિર્ણયના પગલે ડાંગ જિલ્લા મહેસુલ મંડળના પ્રમુખ ચિરાગભાઈ રાણા સહિત મંડળના હોદ્દેદારો તેમજ મહેસુલી વિભાગનો સ્ટાફ હડતાળમાં જોડાયો છે. કર્મચારીઓના જણાવ્યા મુજબ,રાજ્યનાં મહેસુલ વિભાગ સમક્ષ લાંબા સમયથી વિવિધ પડતર પ્રશ્નો અને માંગણીઓ રજૂ કરવામાં આવી છે,તેમ છતાં હજુ સુધી તેનો યોગ્ય ઉકેલ આવ્યો નથી.મહેસુલી કર્મચારીઓનું કહેવું છે કે, જ્યાં સુધી મહેસુલ વિભાગ દ્વારા તેમના પડતર પ્રશ્નો અંગે યોગ્ય અને સંતોષકારક નિર્ણય લેવામાં નહીં આવે ત્યાં સુધી અનિશ્ચિત મુદતની હડતાળ ચાલુ રાખવામાં આવશે. ડાંગ જિલ્લામાં મહેસુલી કર્મચારીઓ હડતાળ પર ઉતરતાં મહેસુલી વિભાગ સાથે સંકળાયેલી વિવિધ કામગીરી પર અસર થવાની શક્યતા ઉભી થઈ છે. ખાસ કરીને જમીન મહેસુલ, હક્કપત્રક, વિવિધ પ્રમાણપત્રો, મહેસુલી અરજીઓ સહિતની કામગીરી માટે દુરનાં ગામડેથી



કચેરીઓમાં આવતા અરજદારોને મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે.ડાંગ જિલ્લાના વહીવટી તંત્રમાં મહેસુલી કર્મચારીઓની મહત્વની ભૂમિકા હોવાથી તેમની હડતાળને કારણે મહેસુલી તેમજ વહીવટી કામગીરી પર પણ તેની અસર જોવા મળે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.ડાંગ જિલ્લા મહેસુલ મંડળના પ્રમુખ ચિરાગભાઈ રાણા અને મંડળના હોદ્દેદારોના નેતૃત્વ હેઠળ મહેસુલી કર્મચારીઓએ પોતાની માંગણીઓ અંગે મહેસુલ વિભાગ દ્વારા સકારાત્મક નિર્ણય લઈ પડતર પ્રશ્નોનો વહેલી તકે ઉકેલ લાવવામાં આવે તેવી માંગ કરી છે.હાલમાં ડાંગ જિલ્લાના મહેસુલી કર્મચારીઓ હડતાળને સમર્થન આપી કામગીરીથી અળગા રહ્યા છે. હવે મહેસુલ વિભાગ દ્વારા કર્મચારીઓના પડતર પ્રશ્નોના નિરાકરણ માટે શું પગલાં લેવામાં આવે છે તેના પર સૌની નજર છે..

## સાસુ-વહુના પારિવારિક વિવાદમાં 181 અભયમની સમજાવટથી સુખદ સમાધાન

સુશીલ પવાર | ડાંગ

ડાંગ જિલ્લાના એક ગામમાંથી એક મહિલાએ 181 અભયમ મહિલા હેલ્પલાઈન પર સંપર્ક કરી મદદની માંગણી કરી હતી. મહિલાએ જણાવ્યું હતું કે પારિવારિક મતભેદના કારણે સાસરી પક્ષ તેમને ઘરમાં રાખવા માંગતું નથી અને તેમને ઘરેથી બહાર જવા જણાવવામાં આવ્યું છે. મહિલાની મદદ માટે 181 અભયમ ટીમે તાત્કાલિક પ્રતિસાદ આપી ઘટના સ્થળે પહોંચી હતી.મહિલા સાથેની વાતચીત દરમિયાન જાણવા મળ્યું હતું કે ચાંદલા વિધિ બાદ તેઓ છેલ્લા આશરે એક વર્ષ અને ત્રણ મહિનાથી સાસરીમાં રહેતા હતા. આ સમયગાળા દરમિયાન ઘરગથ્થુ કામકાજ બાબતે સાસુ-સસરા દ્વારા વારંવાર રોકટોક કરવામાં આવતી હોવાનું તેમજ તેમની તબિયતને લઈને ટિપ્પણીઓ કરવામાં આવતી હોવાનું મહિલાએ જણાવ્યું હતું. જેના કારણે મહિલા માનસિક રીતે વ્યથિત હોવાનું જણાયું હતું.પારિવારિક મતભેદ વધતાં સાસુ દ્વારા મહિલાને સાસરીનું ઘર છોડી જવા જણાવવામાં આવ્યું હતું. આ પરિસ્થિતિમાં મહિલાએ 181 અભયમ મહિલા હેલ્પલાઇનનો સંપર્ક કરી યોગ્ય માર્ગદર્શન અને સહાય મેળવવાની માંગણી કરી હતી.માહિતી મળતાં જ 181 અભયમ ટીમે સ્થળ પર પહોંચી મહિલાની તેમજ સાસરી પક્ષની વાત શાંતિપૂર્વક સાંભળી સમગ્ર પરિસ્થિતિનું મૂલ્યાંકન કર્યું હતું. ત્યારબાદ બંને પક્ષનું કાઉન્સેલિંગ કરવામાં આવ્યું હતું. ટીમ દ્વારા સાસુ અને વહુ બંનેને પરસ્પર સન્માન, સંવાદ, સહનશીલતા અને સમજણથી પારિવારિક પ્રશ્નો ઉકેલવા અંગે સમજાવવામાં આવ્યું હતું. કાઉન્સેલિંગ દરમિયાન બંને પક્ષને સમજાવવામાં આવ્યું હતું કે પારિવારિક મતભેદોને કારણે સંબંધોમાં તણાવ વધે નહીં અને કોઈપણ નિર્ણય ઉતાવળમાં લેવામાં ન આવે. પરસ્પર વાતચીત, સમજણ અને સહકારથી સમસ્યાનું નિરાકરણ લાવવા માટે 181 અભયમ ટીમે જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.આમ, 181 અભયમ ટીમની તાત્કાલિક સ્થળ મુલાકાત, સંવેદનશીલ અભિગમ, અસરકારક કાઉન્સેલિંગ અને કાયદાકીય માર્ગદર્શનના પરિણામે પારિવારિક વિવાદનું સુખદ સમાધાન કરાવવામાં આવ્યું હતું. 181 અભયમ દ્વારા મહિલાને જરૂરી સહાય અને માર્ગદર્શન પૂરું પાડી પારિવારિક વિવાદને શાંતિપૂર્ણ રીતે ઉકેલવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવવામાં આવી હતી.

## નર્મદા સુગરમાં સભાસદ યાદી મામલે તડાફડી, મામલો આખરે પોલીસ મથકે પહોંચ્યો

સત્યવલંબ બારોટ | રાજપીપળા

પ્રાપ્ત માહિતી અને વિશ્વસનીય સૂત્રો ના જણાવ્યા મુજબ નર્મદા જિલ્લા ની સ્થાપના અગાઉ તત્કાલીન પીઢ સહકારી અગ્રણીઓ સર્વ સ્વ . રત્નસિંહ મહિડા , મંગળભાઈ વરાધભાઈ પટેલ , વિઠ્ઠલભાઈ મગનભાઈ પટેલ , ચંદુભાઈ પારેખ (નાવરા ) વગેરે ના અથાગ પ્રયાસો થી સ્થપાયેલ અને ભારતસિંહ માંગરોલા ના ચેરમેનપદ દરમ્યાન જ્યાં ખાંડ ઉત્પાદન નો પ્રારંભ થયો હતો ત્યારબાદ ભાજપ સરકાર માં ઘનશ્યામ પટેલ છેલ્લા 30 વર્ષ થી ચેરમેન છે તે નર્મદા સુગર માં સભાસદ યાદી મામલે ઘનશ્યામ પટેલ અને સરકાર નિયુક્ત ડિરેક્ટર સુનિલ પટેલ વચ્ચે ભારે તડાફડી થતા પોલીસ બોલવવામાં આવતા મામલો આમલેથા પોલીસ મથકે પહોંચ્યો હતો .જાણવા મળ્યા મુજબ સુનિલ પટેલે વારંવાર સભાસદ યાદી માંગી હતી જે આપવા ખાંડ નિયામક અને જિલ્લા રજિસ્ટ્રારે પણ સૂચના આપી હતી છતાં યાદી આપવામાં આવી નહતી ત્યારે બનાવ ના સમયે M .D . ની ચેમ્બર માં સુનિલ પટેલે યાદી માંગતા સંબંધિત કર્મચારી એ ' મને ચેરમેને યાદી આપવાની ના પાડી છે.' કહેતા મામલો બિચક્યો હતો અને ઉગ્ર બોલાચાલી થતા સિક્યોરિટી એ પોલીસ બોલાવી હતી દરમ્યાન ચેરમેન ની પણ એન્ટ્રી થતા બંને જૂથે. સામસામે ફરિયાદ ની વાત થતા સૌ આમલેથા પોલીસ મથકે પહોંચ્યા હતા . જ્યાં ફરિયાદ નોંધતા અગાઉ પોલીસ અધિકારી એ ચેરમેન ને કડક શબ્દો માં ' જાહેર સંસ્થા છે પારદર્શક વહીવટ રાખી ડિરેક્ટર ને યાદી આપવી જોઈએ એમ કહ્યા બાદ ચેરમેને યાદી આપવા લેખિત સંમતિ આપી હતી . જોકે આ મામલે ગઈકાલે M .D . ને ટેલિફોનિક પૃચ્છા કરતા ' બોર્ડ મિટિંગ ની વ્યસ્તતા ને કારણે યાદી અપાઈ નથી જે હવે આપીશું એવો જવાબ આપ્યો હતો ત્યારે અહીં ગંભીર બાબત એ છે કે ખાંડ નિયામક ની સૂચના છતાં સરકાર નિયુક્ત ડિરેક્ટર ને સભાસદ યાદી નહિ આપવા પાછળ શું કારણ હશે ? ખેડૂતો માં થતી ચર્ચા મુજબ નર્મદા સુગર ની ચૂંટણી આવતા અગાઉ તો અનેક ઘટના બનશે અને સમીકરણો બદલાશે . આ સમગ્ર કિસ્સો ટોક ઓફ ધ ટાઉન બની ગયો છે . અને ગ્રામ્ય વિસ્તાર માં તેની ભારે ચર્ચા ચાલી રહી છે.

## ૮મી ઓકટોમ્બર એટલે વિશ્વ દ્રષ્ટિ દિવસ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જુનાગઢ સિવિલ હોસ્પિટલ ખાતે આંખના વિભાગના વડા ડો.કિશન મકવાણાના નેતૃત્વ હેઠળ આંખ વિભાગમાં વર્ષ 2026૬૮૮માં કુલ 26,467 વ્યક્તિઓએ આંખની ઓપીડી માં સારવાર લીધી છે, જેમાં 18 વર્ષથી ઓછી ઉંમરના 3449 બાળકો મળીને કુલ 12,353 વ્યક્તિઓએ આંખના નંબરની તપાસ કરાવી છે, જ્યારે કુલ-1749 દર્દીઓની આંખની માઈનોર સર્જરી કરાઈ છે, જામરની કુલ 655 દર્દીઓએ સારવાર મેળવી છે, 1283 દર્દીઓએ આંખના વોર્ડમાં દાખલ દર્દી તરીકે સારવાર મેળવી છે,મોતિયાના કુલ 370 ઓપરેશન કરવામાં આવ્યા છે, મોતિયાના ઓપરેશન બાદ જમા થતી છારી દૂર કરવા માટે ની કેપ્સુલોટોમી 703 દર્દીઓએ સારવાર કરાવી, 10 વ્યક્તિ ઓએ ચક્ષુદાન કરેલ છે. આંખોના લાંબા ગાળાના સ્વાસ્થ્ય અને દ્રષ્ટિની જાળવણી માટે નીચે મુજબની બાબતોનું ખાસ ધ્યાન રાખવાનું જણાવ્યું છે.* સ્ક્રીનથી આરામ: ડિજિટલ સ્ક્રીનનો ઉપયોગ કરતી વખતે આંખોનો થાક ઘટાડવા માટે ૨૦-૨૦-૨૦ નો નિયમ અપનાવો (દર ૨૦ મિનિટે, ૨૦ સેકન્ડ માટે, ૨૦ ફૂટ દૂર રહેલી વસ્તુને જુઓ).* સ્વચ્છતા અને સંભાળ: આંખોના ચેપથી બચવા માટે ચહેરો અડતા કે કોન્ટેક્ટ લેન્સ સાફ કરતા પહેલાં હાથ બરાબર ધોવા. આંખોને વારંવાર ઘસવાનું ટાળવું, કારણ કે તેનાથી કોર્નિયાને નુકસાન થઈ શકે છે.* આંખોનું રક્ષણ: સૂર્યના હાનિકારક કિરણોથી બચવા માટે યુવી-બ્લોકિંગ સનગ્લાસ પહેરવા.સ્વસ્થ લાઈફસ્ટાઈલ: , ધૂમ્રપાન છોડવું , * આહાર અને પાણી: આંખોના સ્વાસ્થ્ય માટે લીલા પાંદડાવાળા શાકભાજી (પાલક વગેરે) અને ફળો ખાવા તેમજ પૂરતા પ્રમાણમાં પાણી પીવું.* નિયમિત તપાસ: વધતી ઉંમર, હાઈ બીપી તથા ડાયાબિટીના જોખમ સામે આંખોની નિયમિત તપાસ કરાવવી જરૂરી છે.

## સેવા સંકલ્પ અભિયાન : જૂનાગઢ શહેર અને ગ્રામ્ય વિભાગની રંગોળી તથા કોલાજ મેકિંગ સ્પર્ધાના વિજેતાઓને સન્માનિત કરવામાં આવ્યા

નરેન્દ્ર દવે જૂનાગઢ

સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત જૂનાગઢ શહેર અને ગ્રામ્ય વિભાગની રંગોળી તથા કોલાજ મેકિંગ સ્પર્ધાના વિજેતાઓને મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવ્યા હતા.સેવા સંકલ્પ અભિયાન હેઠળ શહેર અને ગ્રામ્ય એમ બે વિભાગમાં યોજાઈ હતી.આ સ્પર્ધા વિદ્યાર્થીઓ અને નાગરિકોમાં સર્જનાત્મકતા અને ટીમ વર્કને પ્રોત્સાહન આપવા કરાયું હતુ.જૂનાગઢ જિલ્લામાં સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત તા.૩ ઓક્ટોબર ના રોજ કૃષિ યુનિવર્સિટીના સભા ગૃહ ખાતે રંગોળી સ્પર્ધા અને કોલાજ મેકિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જૂનાગઢ શહેર અને જૂનાગઢ ગ્રામ્ય એમ બે ભાગમાં આ સ્પર્ધા યોજાઈ હતી. જિલ્લામાં વિદ્યાર્થીઓની તથા નાગરિકોની સર્જનાત્મકતા, ટીમ વર્ક, સ્થાનિક સંસ્કૃતિ અને સામૂહિક ભાગીદારીને પ્રોત્સાહિત કરવા માટે "સેવાના રંગ, રાષ્ટ્રના સંગ" અંતર્ગત રંગોળી સ્પર્ધા અને કોલાજ વર્ક સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાનું આજે પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. વ્યક્તિગત રંગોળી સ્પર્ધના વિજેતા (જૂનાગઢ શહેર) પ્રથમ: ચૌહાણ હરેશ સી.- જૂનાગઢ, દ્વિતિય: રાઠોડ રૂબિના યુ. - નરસિંહ વિદ્યા મંદિર, દ્વિતિય: કાચા ઉત્સવ જે. - પુલકિત માધ્યમિક શાળા,તૃતિય: સુખડીયા દિયા - આકૃતિ આર્ટ,તૃતિય: સાવીયા બાનુ અન્સારી - ગવર્મેન્ટ ગર્લ્સ સ્કુલ,તૃતિય: કોરીયા પાર્થ કે. - પુલકિત માધ્યમિક શાળા,સમૂહ રંગોળી સ્પર્ધાના વિજેતા(જૂનાગઢ શહેર), પ્રથમ: સોજીત્રા દર્શન જે. - સ્વામી નારાયણ ગુરુકુળ, દ્વિતિય: ખાખડીયા ક્રિષા - સ્વ. ટી. એલ. વાળા કન્યા વિદ્યામંદિર,તૃતિય: મેઘનાથી યશ્વી - સ્વ. કે.જી. ૈહાણ કન્યા વિદ્યામંદિર.કોલાજ વર્ક સ્પર્ધા (જૂનાગઢ શહેર), પ્રથમ: વાળા ધાર્મિક વી. - મા. શાળા સરગવાડા, દ્વિતિય: કાચરોલા પલક - એન. પી. ભાલોડીયા સ્કુલ, તૃતિય: ભેંસદડીયા ક્રિષ્ના એસ. - પુષ્ટિ સંસ્કાર સ્કુલ. વ્યક્તિગત રંગોળી સ્પર્ધાના વિજેતા (જૂનાગઢ ગ્રામ્ય)પ્રથમ: રાયજાદા શ્રદ્ધાબા કે. - આદર્શ વિદ્યા મંદિર-કોયલાણા, કેશોદ.,દ્વિતિય: કથીરીયા શ્રીયા વી. - મા. શાળા, બગડુ,દ્વિતિય: સાવલીયા હીર સી. - ગ્રા.મા. શાળા, મોટા કોટડા, વિસાવદર,તૃતિય: વાળા ઉર્વશી યુ. - ગ્રા. મા. શાળા, મોટા કોટડા, વિસાવદર.તૃતિય: બેલીમ મહેક આઇ. - મા. શાળા, ચાખવા, તૃતિય: ડાકી સંધ્યા એમ. - કનકાઈ હાઈસ્કુલ, ઢેલાણા.સમૂહ રંગોળી સ્પર્ધાના વિજેતા(જૂનાગઢ ગ્રામ્ય)પ્રથમ: સિદ્ધાર્થ હિરપરા-ભા.જ.પ. ગ્રુપ વિસાવદર,દ્વિતિય: બગડા સંજય ગ્રુપ - કેશોદ, તૃતિય: ભેસાણીયા કાવ્યા જે. - ડ્રીમલેન્ડ સ્કુલ, ભેંસાણ.કોલાજ વર્ક સ્પર્ધાના વિજેતા(જૂનાગઢ ગ્રામ્ય)પ્રથમ: જેઠવા દિપ સી. - જ્ઞાનજ્યોતિ સ્કુલ, ખીરસરા, દ્વિતિય: ભાષા સાધ્વી એ. - એન. સી. પરમાર કન્યા વિદ્યાલય, વિસાવદર,તૃતિય: સરમાણી મીત આર. - સરદાર સ્મૃતિ વિદ્યાલય, વધાવી.

# માંગરોળના શીલ અને મેખડી ગામ ખાતે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો : ૨૮૪૨ અરજીઓનો સ્થળ પર જ નિકાલ

નરેન્દ્ર દવે જૂનાગઢ

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના જનસેવા અને સુશાસનના ૨૫ વર્ષ પૂર્ણ થવાના અવસરની ગુજરાત સરકાર દ્વારા સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે માંગરોળ તાલુકાના શીલ અને મેખડી ગામ ખાતે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો હતો. જેનો બહોળી સંખ્યામાં ગ્રામજનોએ લાભ લીધો હતો અને કુલ ૨૮૪૨ જેટલી અરજીઓનો સ્થળ પર જ નિકાલ કરવામાં આવ્યો હતો. વહીવટી તંત્ર દ્વારા માંગરોળ તાલુકાના શીલ ગામ ખાતે આયોજિત સેવા સેતુ કાર્યક્રમમાં ૧૬૧૯ જેટલી અરજીઓનો સ્થળ પર જ નિકાલ કરવામાં આવ્યો હતો. જ્યારે મેખડી ગામ ખાતે યોજાયેલા સેવા સેતુ કાર્યક્રમમાં ૧૨૨૩ જેટલી અરજીઓનો સ્થળ પર જ નિકાલ કરવામાં આવ્યો હતો. આ સેવા સેતુ કાર્યક્રમની સાથે નાગરિકોએ આરોગ્ય સેવાઓનો પણ લાભ મેળવ્યો હતો. આ સેવા સેતુ કાર્યક્રમના માધ્યમથી વિવિધ પ્રજાલક્ષી સેવાઓનો લાભ ગ્રામજનોને ઘરઆંગણે મળી રહે તે માટે વિવિધ સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. જેમાં મુખ્યત્વે આવક અને જાતિના પ્રમાણપત્રો, EWS પ્રમાણપત્ર, નોન-ક્રીમીલેયર પ્રમાણપત્ર, ડોમિસાઈલ પ્રમાણપત્ર, રેશનકાર્ડ સંબંધિત સેવાઓ, નવા રેશનકાર્ડમાં નામ ઉમેરવું, નામ કમી કરવું તથા જરૂરી સુધારા કરાવવા, નવું આધારકાર્ડ કઢાવવું અથવા તેમાં જરૂરી સુધારા કરાવવા, આયુષ્માન ભારત કાર્ડ, જન્મ, મરણ અને લગ્ન નોંધણીના પ્રમાણપત્રો, નિરાધાર વૃદ્ધ પેન્શન યોજના ઉપરાંત ખેતીવાડી, પશુપાલન સહિતના વિવિધ વિભાગોની યોજનાઓનો લાભ લેવા માટે જરૂરી સેવાઓ ગ્રામજનોને ઉપલબ્ધ કરાવવામાં આવી હતી.

# જાફરાબાદ તાલુકાના બાબરકોટ ગામે રાત્રીના સમયે સિંહણ કૂવામાં ખાબકી : રાત્રીના સમયે વનવિભાગ દ્વારા દિલધડક ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

જાફરાબાદ તાલુકાના બાબરકોટ ગામે ખોડલીવાવ વિસ્તારમાં એક સિંહણ ઊંડા અવાવરુ/ખાલી કૂવામાં ખાબકવાની ઘટના સામે આવી છે. રાત્રિના સમયે શિકારની શોધમાં નીકળેલી આશરે ૧ વર્ષની બાળ સિંહણ અચાનક કૂવામાં પડી ગઈ હતી કૂવામાંથી અવાજ આવતા જ સ્થાનિક ગ્રામજનો ઘટનાસ્થળે એકઠા થઈ ગયા હતા પરિસ્થિતિ ની ગંભીરતા જોઈને સ્થાનિક લોકોએ તરત જ વનવિભાગ ને જાણ કરી હતી કૂવો ઊંડો હોવાથી સિંહણ પોતે બહાર નીકળી શકે તેમ નહોતી તાત્કાલિક વનવિભાગ દ્વારા દિલધડક રેસ્ક્યૂ હાથ ધરવામાં આવ્યું હતું જાફરાબાદ રેન્જના RFO જિજ્ઞાસા છેતરણીયા વનવિભાગના સ્ટાફ, ટ્રેકર્સ અને શૂટરની ટીમ સાથે



તાત્કાલિક બાબરકોટ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. રાત્રિના અંધારામાં કૂવામાં રીંગ કેચ પાંજરું ઉતારીને ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. સફળ બચાવ વન વિભાગની ટીમે સતત ૬ કલાકની ભારે જહેમત બાદ સિંહણને કોઈ પણ ઈજા વગર કૂવામાંથી સહીસલામત બહાર કાઢી હતી. એનિમલ કેર સેન્ટર કૂવામાંથી સુરક્ષિત રેસ્ક્યૂ કર્યા બાદ સિંહણના સ્વાસ્થ્ય પરીક્ષણ અને પ્રાથમિક સારવાર માટે તેને બાબરકોટના એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડવામાં આવી છે.આ વિસ્તારમાં સિંહોની અવરજવર વધવાના કારણે સ્થાનિક ગ્રામજનો અને સરપંચ દ્વારા માનવ સુરક્ષા અને વન્યજીવોના રક્ષણ માટે રાત્રિ પેટ્રોલિંગ વધારવાની માગ પણ કરવામાં આવી છે. આ જ ૨૪ કલાક દરમિયાન અમરેલીના ધારી તાલુકાના વીરપુર ગામે પણ એક સિંહણ કૂવામાં ખાબકી હતી, જેને પણ વન વિભાગે સફળતાપૂર્વક બચાવી લીધી છે.



ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી ગાંધીનગર ના આર્થિક સહયોગ થી અનુસુચિત જાતિ વારસાગત સાંસ્કૃતિક કલા યોજના હેઠળ શ્રી નવદુર્ગા ભવાઈ કલા મંડળ રોડા ના સંચાલક તુરી મનુભાઈ રણછોડ ભાઈ દ્વારા તા 28.9.2026 ના હારીજ તાલુકાના રૂગનાથપુરા ગામે લોક સાંસ્કૃતિક કલા યોજના હેઠળ લોક ડાયરા નો કાર્યક્રમ યોજાયો હતો જેમાં નામી અનામી કલાકારો દ્વારા રમઝટ બોલાવવામાં આવી હતી.

# રક્તદાનથી માનવતાની મિસાલ : નિરોણાના રમેશભાઈ આહીરે 28 વર્ષની ઉંમરે 23 વખત રક્તદાન કર્યું



**“મારા રક્તથી કોઈનું જીવન બચે એ જ મારા માટે સૌથી મોટી સેવા” — યુવાનોને રક્તદાન માટે પ્રેરણા**

જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

માનવસેવા માટે ઉંમર નહીં, પરંતુ સેવાભાવ જરૂરી છે તે વાતને નિરોણા ગામના યુવાન રમેશભાઈ વેરશીભાઈ આહીરે સાર્થક કરી બતાવી છે. માત્ર 28 વર્ષની ઉંમરે રમેશભાઈએ અત્યાર સુધીમાં 23 વખત રક્તદાન કરીને માનવતાની ઉત્તમ મિસાલ પૂરી પાડી છે.જરૂરિયાતમંદ દર્દીઓને સમયસર રક્ત મળી રહે અને રક્તની અછતના કારણે કોઈનું જીવન જોખમમાં ન મુકાય તેવા ઉમદા હેતુથી રમેશભાઈ સતત સ્વૈચ્છિક રક્તદાન કરતા આવ્યા છે. અકસ્માતગ્રસ્ત દર્દીઓ, પ્રસૂતિ દરમિયાન રક્તની જરૂરિયાત ધરાવતી મહિલાઓ તેમજ વિવિધ સારવાર લઈ રહેલા દર્દીઓ માટે રક્તદાન જીવનદાયી સાબિત થાય છે. રમેશભાઈનું 23 વખતનું રક્તદાન માત્ર એક આંકડો નથી, પરંતુ માનવતા, સેવાભાવ અને સમાજ પ્રત્યેની જવાબદારીનું જીવંત ઉદાહરણ છે. તેમની આ સેવાથી અનેક જરૂરિયાતમંદ દર્દીઓ અને તેમના પરિવારોને મુશ્કેલીના સમયે મદદ મળી છે. રમેશભાઈ જણાવે છે કે, “આપણા રક્તથી કોઈ જરૂરિયાતમંદ વ્યક્તિનું જીવન બચી શકે તો તેનાથી મોટી સેવા બીજી કોઈ નથી. સ્વસ્થ અને પાત્ર વ્યક્તિઓએ પણ રક્તદાન માટે આગળ આવવું જોઈએ.”નિરોણા ગામના આ યુવાનની સેવાભાવનાને લઈને ગ્રામજનો તેમજ આસપાસના વિસ્તારમાંથી શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે. ખાસ કરીને યુવાનોમાં નિયમિત રક્તદાનની ભાવના કેળવાય તે માટે રમેશભાઈનું કાર્ય પ્રેરણારૂપ બની રહ્યું છે.

# જૂનાગઢમાં SGFI રાજ્ય કક્ષાની બહેનો માટેની ચેસ સ્પર્ધા યોજાઈ

નરેન્દ્ર દવે જૂનાગઢ

ગુજરાત સરકારના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર, જિલ્લા રમત ગમત અધિકારીશ્રીની કચેરી, જૂનાગઢના સંચાલન હેઠળ SGFI રાજ્ય કક્ષાની બહેનો માટેની ચેસ સ્પર્ધાનું આયોજન ગત તા.૦૫/૧૦/૨૦૨૬ થી આગામી તા.૦૯/૧૦/૨૦૨૬ દરમિયાન સરદાર પટેલ સ્પોર્ટસ કોમ્પ્લેક્સ, ગાંધીગ્રામ, જૂનાગઢ ખાતે કરવામાં આવી રહ્યું છે. આ રાજ્યકક્ષાની સ્પર્ધામાં ગુજરાત રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી જિલ્લા કક્ષાએ વિજેતા બનેલી પ્રતિભાશાળી ખેલાડીઓ એ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સ્પર્ધા દરમિયાન ખેલાડીઓમાં રમત ગમત પ્રત્યેની ખેલદિલીની ભાવના, સ્પર્ધાત્મકતા અભિગમ તથા ચેસ રમત પ્રત્યેનો ઉત્સાહ જોવા મળ્યો હતો.આ પ્રસંગે બાળકોનો ઉત્સાહ વધારવા તથા ખેલાડીઓને પ્રોત્સાહિત કરવા માટે શ્રી ચંદુભાઈ મકવાણા, શ્રી ગૌરવભાઈ રૂપારેલીયા, શ્રી જીગ્નેશભાઈ ચાવડા, શ્રી હમીરસિંહ વાળા, શ્રી ભરતભાઈ ભેટારીયા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. જે અન્વયે યોજાયેલી અન્ડર-૧૪ કેટેગરીમાં બહેનોની ચેસ સ્પર્ધામાં ખેલાડીઓએ ઉત્કૃષ્ટ રમતનું પ્રદર્શન કર્યું હતું. સ્પર્ધાના અંતે આ ખેલાડીઓએ પ્રથમ પાચ ક્રમ પ્રાપ્ત કર્યા હતા. જેમાં પ્રથમ ક્રમે વીની ગાંધી - અમદાવાદ શહેર, દ્વિતીય ક્રમમાં રાજવી શુક્લા - ભરૂચ, તૃતીય ક્રમમાં માધવી ઘોષ - વડોદરા, ચોથા ક્રમમાં કવીસા પી. આડેસરા - અમદાવાદ ગ્રામ્ય અને પાંચમા ક્રમમાં આધ્યા ડીઓ - સુરત- આ સર્વે વિજેતાનો સમાવેશ થાય છે. આ વિજેતા બનેલા ખેલાડીઓ હવે આગામી SGFI રાષ્ટ્રીય કક્ષાની ચેસ સ્પર્ધામાં ગુજરાત રાજ્યનું પ્રતિનિધિત્વ કરશે. આ પ્રસંગે વિજેતા ખેલાડીઓને અભિનંદન પાઠવી રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં શ્રેષ્ઠ પ્રદર્શન કરી ગુજરાતનું ગૌરવ વધારવા માટે શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, જુનાગઢ દ્વારા આયોજિત આ સ્પર્ધામાં ખેલાડીઓને રમત ગમતની જરૂરી તમામ સુવિધાઓ અને વ્યવસ્થાઓ પૂરી પાડવામાં આવી રહી છે. સમગ્ર સ્પર્ધા સફળતાપૂર્વક સંપન્ન થાય તે માટે આયોજન સાથે સંકળાયેલા તમામ અધિકારીશ્રીઓ, કર્મચારીશ્રીઓ, આર્બીટર્સ તથા સહયોગી સંસ્થાઓ દ્વારા કામગીરી કરવામાં આવી રહી છે. તેમ મનીષકુમાર જીલડીયા, જિલ્લા રમત ગમત અધિકારી ,જુનાગઢની યાદીમાં જણાવ્યુ છે.

# ૨૭ વર્ષથી પાવર પ્રોજેક્ટ શરૂ ન થતાં ખેડૂતોની જમીન પરત આપવા માંગ, રાજુલા ડેપ્યુટી કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું



કિશોર આર. સોલંકી | જાફરાબાદ

રાજુલા તાલુકાના રામપરા-૨ અને ઉચૈયા ગામના ખેડૂતો તથા ગ્રામજનોએ આજે વિવિધ માંગણીઓ સાથે રાજુલા ડેપ્યુટી કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું હતું.વર્ષ *1999માં ગુજરાત પાવર કોર્પોરેશન લિમિટેડ (GPCL)*ને પાવર પ્રોજેક્ટ માટે આપવામાં આવેલી જમીનને ૨૭ વર્ષનો સમય વીતી જવા છતાં પાવર પ્લાન્ટનું નિર્માણ કાર્ય શરૂ ન થતાં ખેડૂતો દ્વારા પોતાની જમીન પરત આપવાની માંગ કરવામાં આવી છે.ખેડૂતોના જણાવ્યા મુજબ, હાલમાં આ જમીન પર કોઈ પ્રોજેક્ટનું કામ ન થતાં મોટા પ્રમાણમાં ગાંડા બાવળનું જંગલ ઊગી નીકળ્યું છે, જે પર્યાવરણને પણ નુકસાન પહોંચાડી રહ્યું છે.ખેડૂતોએ જણાવ્યું હતું કે, કંપની પાવર પ્રોજેક્ટ શરૂ કરે તો ખેડૂતોને કોઈ વાંધો નથી, પરંતુ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવે તો નિયમો મુજબ સ્થાનિક ખેડૂતો અને ગ્રામજનોને રોજગારીની તકો પણ આપવામાં આવે તેવી માંગ છે.આ ઉપરાંત જમીન પરત આપવા સહિતની વિવિધ માંગણીઓને લઈને રામપરા-૨ અને ઉચૈયા ગામના લોકોએ રાજુલા ડેપ્યુટી કલેક્ટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું.

# મંત્રીશ્રી અર્જુનભાઈ મોઢવાડિયા તા.૯ ઓક્ટોબરના રોજ જૂનાગઢ જિલ્લાના પ્રવાસે

નરેન્દ્ર દવે જૂનાગઢ | વન અને પર્યાવરણ ક્લાઈમેટ ચેન્જ વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના કેબિનેટ મંત્રીશ્રી અર્જુનભાઈ મોઢવાડિયા તા.૯ ઓક્ટોબરના રોજ જૂનાગઢ જિલ્લાના પ્રવાસે પધારનાર છે.

મંત્રીશ્રી તા. ૯ ઓક્ટોબર ના રોજ સવારે ૧૦ કલાકે જૂનાગઢ ખાતે આગમન અને વાઈલ્ડ લાઈફ એડવાન્સ કન્ઝર્વેશન સેન્ટરના ખાતમુહૂર્તમાં ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ ખાતે ઉપસ્થિત રહેશે. ૧૦-૩૦ કલાકે ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી ખાતે યોજાનારા ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના આઠમાં યુવક મહોત્સવમાં ઉપસ્થિત રહેશે.


# માંગરોળના શીલ અને મેખડી ગામ ખાતે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો : ૨૮૪૨ અરજીઓનો સ્થળ પર જ નિકાલ

નરેન્દ્ર દવે જૂનાગઢ

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના જનસેવા અને સુશાસનના ૨૫ વર્ષ પૂર્ણ થવાના અવસરની ગુજરાત સરકાર દ્વારા સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે માંગરોળ તાલુકાના શીલ અને મેખડી ગામ ખાતે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો હતો. જેનો બહોળી સંખ્યામાં ગ્રામજનોએ લાભ લીધો હતો અને કુલ ૨૮૪૨ જેટલી અરજીઓનો સ્થળ પર જ નિકાલ કરવામાં આવ્યો હતો. વહીવટી તંત્ર દ્વારા માંગરોળ તાલુકાના શીલ ગામ ખાતે આયોજિત સેવા સેતુ કાર્યક્રમમાં ૧૬૧૯ જેટલી અરજીઓનો સ્થળ પર જ નિકાલ કરવામાં આવ્યો હતો. જ્યારે મેખડી ગામ ખાતે યોજાયેલા સેવા સેતુ કાર્યક્રમમાં ૧૨૨૩ જેટલી અરજીઓનો સ્થળ પર જ નિકાલ કરવામાં આવ્યો હતો. આ સેવા સેતુ કાર્યક્રમની સાથે નાગરિકોએ આરોગ્ય સેવાઓનો પણ લાભ મેળવ્યો હતો. આ સેવા સેતુ કાર્યક્રમના માધ્યમથી વિવિધ પ્રજાલક્ષી સેવાઓનો લાભ ગ્રામજનોને ઘરઆંગણે મળી રહે તે માટે વિવિધ સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. જેમાં મુખ્યત્વે આવક અને જાતિના પ્રમાણપત્રો, EWS પ્રમાણપત્ર, નોન-ક્રીમીલેયર પ્રમાણપત્ર, ડોમિસાઈલ પ્રમાણપત્ર, રેશનકાર્ડ સંબંધિત સેવાઓ, નવા રેશનકાર્ડમાં નામ ઉમેરવું, નામ કમી કરવું તથા જરૂરી સુધારા કરાવવા, નવું આધારકાર્ડ કઢાવવું અથવા તેમાં જરૂરી સુધારા કરાવવા, આયુષ્માન ભારત કાર્ડ, જન્મ, મરણ અને લગ્ન નોંધણીના પ્રમાણપત્રો, નિરાધાર વૃદ્ધ પેન્શન યોજના ઉપરાંત ખેતીવાડી, પશુપાલન સહિતના વિવિધ વિભાગોની યોજનાઓનો લાભ લેવા માટે જરૂરી સેવાઓ ગ્રામજનોને ઉપલબ્ધ કરાવવામાં આવી હતી.


# નગરપાલિકા કેશોદ ખાતે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો

નરેન્દ્ર દવે જૂનાગઢ

કેશોદ નગરપાલિકા દ્વારા સરકારશ્રીની સૂચના અનુસાર શહેરી વિસ્તાર માટે સેવા સેતુ કાર્યક્રમનું આયોજન નગરપાલિકા ભવન ખાતે કરવામાં આવ્યું હતું. નગરપાલિકાના પ્રમુખ પ્રતીક્ષાબેન દેવળીયા તથા સાથી સદસ્યો ના હસ્તે કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.સેવા સેતુ અંતર્ગત નગરજનોને વિવિધ વિભાગોની 54 પ્રકારની સરકારી સેવાઓનો લાભ એક જ સ્થળે મળી રહે તે માટે વ્યવસ્થા કરવામાં આવી હતી. જેમાં રેશનકાર્ડ સંબંધિત કામગીરી, આવકના દાખલા, જાતિના પ્રમાણપત્રો, સમાજ સુરક્ષા યોજનાઓ, આદિજાતિ તથા વિકસતી જાતિ સંબંધિત કામગીરી, જિલ્લા પંચાયતની સેવાઓ, આરોગ્યલક્ષી સેવાઓ તેમજ બેન્કિંગ સહિતની વિવિધ કામગીરી માટે કાઉન્ટરો ઉભા કરવામાં આવ્યા હતા.વિવિધ સરકારી વિભાગોના કર્મચારીઓ દ્વારા સ્થળ પર જ અરજીઓ સ્વીકારી જરૂરી માર્ગદર્શન અને સેવાઓ પૂરી પાડવામાં આવી હતી. સેવા સેતુ કાર્યક્રમનો મોટી સંખ્યામાં નગરજનોએ લાભ લીધો હતો.

# જૂનાગઢમાં વાહન ખરીદદારોને વાહનના પસંદગીના નંબર મેળવવાની તક

નરેન્દ્ર દવે જૂનાગઢ | આર.ટી.ઓ. કચેરી, જૂનાગઢના કાર્યક્ષેત્રના તમામ વાહન માટે નોન ટ્રાન્સપોર્ટ ટુ વ્હીલર વાહનોમાં નવી સીરીઝ GJ-11-ED માં ઈ-ઓક્શન કરવામાં આવશે. આ ઈ-ઓકશન પ્રક્રિયામાં ભાગ લેવા માટે રજીસ્ટ્રેશન આગામી તારીખ ૧૩-૧૦-૨૦૨૬ ના રોજ સાંજના ૦૪:૦૦ કલાકે શરૂ થશે અને આગામી તારીખ ૨૧-૧૦-૨૦૨૬ ના રોજ સાંજના ૦૪:૦૦ કલાકે બંધ થશે. પસંદગીના વાહન નંબર મેળવવા માટે ઈ-ઓકશન આગામી તા. ૨૧-૧૦-૨૦૨૬ ના રોજ ૦૪:૦૦ કલાકે પ્રારંભ થશે અને તા.૨૩-૧૦-૨૦૨૬ ના રોજ સાંજના ૦૪:૦૦ કલાકના પૂર્ણ થશે.જેમાં ગોલ્ડન નંબર માટે ૧, ૫, ૭, ૯, ૧૧, ૯૯, ૧૧૧, ૩૩૩, ૫૫૫, ૭૭૭, ૭૮૯, ૯૯૯, ૧૧૧૧, ૧૨૩૪, ૨૨૨૨, ૩૩૩૩, ૪૪૪૪, ૫૫૫૫, ૭૭૭૭, ૮૮૮૮, ૯૦૦૦, ૯૦૦૯, ૯૦૯૦, ૯૦૯૯, ૯૯૦૯, ૯૯૯૦ અને ૯૯૯૯ નો સમાવેશ થાય છે. જેમાં ટુ-વ્હીલર માટેની ફી રૂ. ૮૦૦૦ રહેશે. સિલ્વર નંબર માટે ૨, ૩, ૪, ૮, ૧૦, ૧૮, ૨૭, ૩૬, ૪૫, ૫૪, ૬૩, ૭૨, ૮૧, ૯૦, ૧૦૦, ૧૨૩, ૨૦૦, ૨૨૨, ૨૩૪, ૩૦૦, ૩૦૩, ૪૦૦, ૪૪૪, ૪૫૬, ૫૦૦, ૫૬૭, ૬૦૦, ૬૭૮, ૭૦૦, ૭૮૯, ૮૦૦, ૮૮૮, ૯૦૦, ૯૦૯, ૧૦૦૦, ૧૦૦૧, ૧૦૦૮, ૧૧૮૮, ૧૮૧૮, ૧૮૮૧, ૨૦૦૦, ૨૩૪૫, ૨૫૦૦, ૨૭૨૭, ૨૭૭૨, ૩૦૦૦, ૩૪૫૬, ૩૯૩૯, ૩૯૯૩, ૪૦૦૦, ૪૪૫૫, ૪૫૪૫, ૪૫૫૪, ૪૫૬૭, ૫૦૦૦, ૫૦૦૫, ૫૪૦૦, ૫૪૪૫, ૫૪૫૪, ૬૦૦૦, ૬૩૩૬, ૬૩૬૩, ૬૭૮૯, ૭૦૦૦, ૭૦૦૭, ૭૨૨૭, ૭૨૭૨, ૮૦૦૦, ૮૦૦૮, ૮૦૫૫, ૮૧૧૮, અને ૮૧૮૧ નો સમાવેશ થાય છે. જેમાં ટુ-વ્હીલર માટેની ફી રૂ. ૩૫૦૦ રહેશે. તેમજ ગોલ્ડન અને સિલ્વર સિરીઝ સિવાયના અન્ય નંબરના વાહનો માટેની ફી જેમાં ટુ-વ્હીલર વાહનો માટેની ફી રૂ.૨૦૦૦ રહેશે. પસંદગીના નંબર મેળવવા માટે ઈચ્છુક વાહન માલિકોએ તેમના વાહનોનું રજીસ્ટ્રેશન કરાવીને https://fancy.parivahan.gov.in આ વેબસાઈટ પર નોંધણી, યુઝર આઈ.ડી. અને પાસવર્ડની વિગતો ભરીને વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરીના પરિપત્રમાં દર્શાવેલી સૂચનાઓ મુજબ હરાજીની પ્રક્રિયામાં ભાગ લેવાનો રહેશે.

# કેશોદમાં ત્રિદિવસીય બિઝનેસ એક્સ્પો- 2026નો ભવ્ય પ્રારંભ

નરેન્દ્ર દવે જૂનાગઢ

કેશોદ શહેરની લોહાણા મહાજનવાડી ખાતે તા. ૫ થી ૭ ઓક્ટોબર દરમિયાન ત્રિદિવસીય બિઝનેસ એક્સ્પો-2026નું આયોજન કરવામાં આવ્યું છે. મહિલા ઉદ્યોગસાહસિકોને પોતાના ઉત્પાદનોના પ્રદર્શન અને વેચાણ માટે પ્લેટફોર્મ મળી રહે તેમજ મહિલાઓને સ્વનિર્ભર બનવા પ્રોત્સાહન મળે તે હેતુથી એક્સ્પો યોજાયો છે. એક્સ્પોમાં કેશોદ ઉપરાંત રાજકોટ, ગોંડલ, વેરાવળ, જૂનાગઢ, માણાવદર અને માંગરોળ સહિતના શહેરોમાંથી મહિલા પ્રદર્શકોએ ભાગ લીધો છે. હેન્ડીક્રાફ્ટ, હેન્ડલૂમ, ઘરેલુ અથાણાં-પાપડ, બુટિક કલેક્શન, જ્વેલરી, કોસ્મેટિક્સ તથા ઓર્ગેનિક પ્રોડક્ટ્સ સહિતની વિવિધ ચીજવસ્તુઓના સ્ટોલ આકર્ષણનું કેન્દ્ર બન્યા છે.આયોજકો દ્વારા ‘વોકલ ફોર લોકલ’ અને સ્વદેશી ઉત્પાદનો ને પ્રોત્સાહન આપવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. પ્રથમ દિવસે જ કેશોદ તથા આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં મહિલાઓ એક્સ્પોની મુલાકાતે આવી હતી. વિવિધ ઉત્પાદનોની ખરીદી સાથે એક્સ્પો સ્થળે ઉત્સવ જેવો માહોલ જોવા મળ્યો હતો.

# સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીને સંશોધન ક્ષેત્રે પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય ‘બેસ્ટ સેન્ટર એવોર્ડ’ એનાયત



માહિતી બ્યુરો, પાલનપુર| સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના પાક સુધારણા કેન્દ્રને સંભવિત પાકોના સંશોધન અને વિકાસ ક્ષેત્રે છેલ્લા પાંચ વર્ષની ઉત્કૃષ્ટ કામગીરી બદલ રાષ્ટ્રીય સ્તરે પ્રતિષ્ઠિત ‘બેસ્ટ સેન્ટર એવોર્ડ’ એનાયત કરવામાં આવ્યો છે. આ ગૌરવપૂર્ણ સિદ્ધિ પ્રાપ્ત થતાં સમગ્ર યુનિવર્સિટી પરિવાર તેમજ રાજ્યના કૃષિ જગતમાં હર્ષ અને ગૌરવની લાગણી પ્રસરી ગઈ છે.આ પ્રતિષ્ઠિત એવોર્ડ ઉત્તર પ્રદેશના પ્રયાગરાજ ખાતે SHUATS માં ૨૬ સપ્ટેમ્બરના રોજ યોજાયેલા ‘XII Rabi Group Meet 2025-26’ દરમિયાન અર્પણ કરવામાં આવ્યો હતો. ઉત્તર પ્રદેશના કૃષિ મંત્રીશ્રી સૂર્ય પ્રતાપ શાહી, ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ (ICAR), નવી દિલ્હીના ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ ડૉ. ડી. કે. યાદવ તેમજ SHUATS ના કુલપતિશ્રી સહિતના મહાનુભાવોના વરદ હસ્તે આ બહુમાન એનાયત થયું હતું. પાક સુધારણા કેન્દ્રના વડા ડૉ. એન. એન. પ્રજાપતિ અને સંશોધન વૈજ્ઞાનિક શ્રીમતી લલિતા સૈનીએ સંયુક્તપણે આ એવોર્ડ સ્વીકાર્યો હતો.વર્ષ ૨૦૧૮ થી ૨૦૨૩ દરમિયાન ‘ક્વિન્ક્વેનિયલ રિવ્યુ ટીમ’ (QRT) દ્વારા કેન્દ્રની પાંચ વર્ષની કામગીરીનું સઘન મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. આ સમયગાળા દરમિયાન કેન્દ્ર દ્વારા રાજગરો, કાલિંગડા, કંકોડા અને કિનોઆ જેવા સંભવિત પાકોની વધુ ઉત્પાદન આપતી સુધારેલી જાતોનો વિકાસ, ફિલ્ડ મૂલ્યાંકન, પ્રસાર તેમજ આધુનિક ખેતી પદ્ધતિઓ અંગે નોંધપાત્ર સંશોધન કાર્ય કરવામાં આવ્યું હતું. આ ઉત્કૃષ્ટ પરિણામોના આધારે ‘ઓલ ઈન્ડિયા કોઓર્ડિનેટેડ રિસર્ચ નેટવર્ક (AICRN) ઓન પોટેન્શિયલ ક્રોપ્સ’ અંતર્ગત દેશભરના સંશોધન કેન્દ્રોમાંથી SDAU ના પાક સુધારણા કેન્દ્રની ‘બેસ્ટ સેન્ટર’ તરીકે પસંદગી કરવામાં આવી છે. પાક સુધારણા કેન્દ્રની આ ઉપલબ્ધિ વર્તમાન તથા પૂર્વ વૈજ્ઞાનિકો અને સંશોધકોના અવિરત પરિશ્રમનું પરિણામ છે, જે રાષ્ટ્રીય ફલક પર ગુજરાતના કૃષિ સંશોધન ક્ષેત્રના પ્રદાનને ઉજાગર કરે છે. યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રીના સતત પ્રોત્સાહન, સંશોધન નિયામકશ્રીના દિશાસૂચક માર્ગદર્શન તેમજ વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીના પ્રસાર-પ્રચાર અંગેના સહયોગથી સંશોધન પ્રવૃત્તિઓને નવી દિશા અને ગતિ પ્રાપ્ત થઈ છે.


# જૂનાગઢમાં SGFI રાજ્ય કક્ષાની બહેનો માટેની ચેસ સ્પર્ધા યોજાઈ

નરેન્દ્ર દવે જૂનાગઢ | ગુજરાત સરકારના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર, જિલ્લા રમત ગમત અધિકારીશ્રીની કચેરી, જૂનાગઢના સંચાલન હેઠળ SGFI રાજ્ય કક્ષાની બહેનો માટેની ચેસ સ્પર્ધાનું આયોજન ગત તા.૦૫/૧૦/૨૦૨૬ થી આગામી તા.૦૯/૧૦/૨૦૨૬ દરમિયાન સરદાર પટેલ સ્પોર્ટસ કોમ્પ્લેક્સ, ગાંધીગ્રામ, જૂનાગઢ ખાતે કરવામાં આવી રહ્યું છે. આ રાજ્યકક્ષાની સ્પર્ધામાં ગુજરાત રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી જિલ્લા કક્ષાએ વિજેતા બનેલી પ્રતિભાશાળી ખેલાડીઓ એ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સ્પર્ધા દરમિયાન ખેલાડીઓમાં રમત ગમત પ્રત્યેની ખેલદિલીની ભાવના, સ્પર્ધાત્મકતા અભિગમ તથા ચેસ રમત પ્રત્યેનો ઉત્સાહ જોવા મળ્યો હતો.આ પ્રસંગે બાળકોનો ઉત્સાહ વધારવા તથા ખેલાડીઓને પ્રોત્સાહિત કરવા માટે શ્રી ચંદુભાઈ મકવાણા, શ્રી ગૌરવભાઈ રૂપારેલીયા, શ્રી જીગ્નેશભાઈ ચાવડા, શ્રી હમીરસિંહ વાળા, શ્રી ભરતભાઈ ભેટારીયા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. જે અન્વયે યોજાયેલી અન્ડર-૧૪ કેટેગરીમાં બહેનોની ચેસ સ્પર્ધામાં ખેલાડીઓએ ઉત્કૃષ્ટ રમતનું પ્રદર્શન કર્યું હતું. સ્પર્ધાના અંતે આ ખેલાડીઓએ પ્રથમ પાચ ક્રમ પ્રાપ્ત કર્યા હતા. જેમાં પ્રથમ ક્રમે વીની ગાંધી - અમદાવાદ શહેર, દ્વિતીય ક્રમમાં રાજવી શુક્લા - ભરૂચ, તૃતીય ક્રમમાં માધવી ઘોષ - વડોદરા, ચોથા ક્રમમાં કવીસા પી. આડેસરા - અમદાવાદ ગ્રામ્ય અને પાંચમા ક્રમમાં આધ્યા ડીઓ - સુરત- આ સર્વે વિજેતાનો સમાવેશ થાય છે. આ વિજેતા બનેલા ખેલાડીઓ હવે આગામી SGFI રાષ્ટ્રીય કક્ષાની ચેસ સ્પર્ધામાં ગુજરાત રાજ્યનું પ્રતિનિધિત્વ કરશે. આ પ્રસંગે વિજેતા ખેલાડીઓને અભિનંદન પાઠવી રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં શ્રેષ્ઠ પ્રદર્શન કરી ગુજરાતનું ગૌરવ વધારવા માટે શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, જુનાગઢ દ્વારા આયોજિત આ સ્પર્ધામાં ખેલાડીઓને રમત ગમતની જરૂરી તમામ સુવિધાઓ અને વ્યવસ્થાઓ પૂરી પાડવામાં આવી રહી છે. સમગ્ર સ્પર્ધા સફળતાપૂર્વક સંપન્ન થાય તે માટે આયોજન સાથે સંકળાયેલા તમામ અધિકારીશ્રીઓ, કર્મચારીશ્રીઓ, આર્બીટર્સ તથા સહયોગી સંસ્થાઓ દ્વારા કામગીરી કરવામાં આવી રહી છે. તેમ મનીષકુમાર જીલડીયા, જિલ્લા રમત ગમત અધિકારી ,જુનાગઢની યાદીમાં જણાવ્યુ છે.


# બનાસકાંઠાના સ્થાનિક ઉદ્યોગ અને હસ્તકળાને મળશે દેશ-વિદેશમાં બજાર: ODOP સર્વેમાં ભાગ લેવા અપીલ

માહિતી બ્યુરો, પાલનપુર | બનાસકાંઠા જિલ્લાની આગવી ઓળખ ધરાવતા ઉત્પાદન, હસ્તકલા કે ઉદ્યોગને દેશ-વિદેશમાં નવી ઓળખ અને બજાર મળી રહે તે હેતુથી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ‘વન ડિસ્ટ્રિક્ટ વન પ્રોડક્ટ’ (ODOP) કાર્યક્રમ અંતર્ગત જિલ્લાની મુખ્ય પ્રોડક્ટની પસંદગી માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. સ્થાનિક સ્તરે તૈયાર થતી વિશિષ્ટ ચીજવસ્તુઓ, પરંપરાગત કળાઓ અને વિવિધ ઉત્પાદનોને પ્રોત્સાહન આપી તેમને વિશાળ બજાર અને વૈશ્વિક સ્તરે સ્થાન અપાવવાના ઉદ્દેશ્યથી આ પહેલ હાથ ધરાઈ છે. જિલ્લા કલેક્ટરશ્રી મિહિર પટેલના માર્ગદર્શન દ્વારા જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, પાલનપુર દ્વારા જાહેર સર્વે હાથ ધરવામાં આવ્યો છે. આ સર્વેમાં બનાસકાંઠા જિલ્લાના નાગરિકો, કારીગરો, વેપારીઓ તથા ઉદ્યોગસાહસિકો પોતાના સૂચનો અને અભિપ્રાયો આપી શકશે. આ માટે https://docs.google.com/forms/d/e/1FAIpQLSc_Bpmd0bvjU4ZuM85mJH4DngM_oSYxqJYNlNquxzzPTpTV_w/viewform ઓનલાઈન ગૂગલ ફોર્મની લિંક જાહેર કરવામાં આવી છે. ફોર્મમાં પોતાનું નામ, ગામ/શહેર, તાલુકો, મોબાઈલ નંબર સહિત ભલામણ કરવા માંગતા ઉત્પાદન, હસ્તકલા અથવા ઉદ્યોગનું નામ તથા અન્ય જરૂરી વિગતો ભરીને સૂચન મોકલી શકાશે.બનાસકાંઠા જિલ્લાની આગવી ઓળખ અને સ્થાનિક વિશેષતાઓને ધ્યાનમાં રાખીને યોગ્ય ઉત્પાદનની પસંદગી થઈ શકે તે માટે જિલ્લાના મહત્તમ નાગરિકો, કારીગરો, વેપારીઓ, ઉદ્યોગસાહસિકો તથા વિવિધ સંગઠનો આ સર્વેમાં ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાના મહત્વપૂર્ણ સૂચનો અને અભિપ્રાયો નોંધાવે તેવી અપીલ જનરલ મેનેજર તથા સંયુક્ત ઉદ્યોગ કમિશનર, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, પાલનપુર દ્વારા કરવામાં આવી છે.

# તંત્ર મંત્ર ના પ્રયોગો



\- રુપાલી દવે

તંત્ર મંત્ર શું છે? આ બાબતે વિચારીએ તો ઊંડું મનો મંથન માંગી લે એવો વિષય છે.તમને લાગશે કે આ જ વિષય પર કેમ લખ્યું? એની પાછળ નું કારણ સાંપ્રત સમય માં તંત્ર શાસ્ત્ર ના સંમોહન ના પ્રયોગ થી કહેવાતા આધ્યાત્મિક આશ્રમો માં એકઠી થઈ રહેલી ભીડ એ ચિંતા નું કારણ છે.આંધલુકિયા કરીને લોકો શિકાર બને એનો વાંધો નહી પણ એના લીધે “ગુરુ” નું પવિત્ર પદ વગોવાઈ એ ચિંતા જનક છે. ગુરુ શબ્દ સાથે ગુરુ દત્તાત્રેય,શંકરાચાર્ય વગેરે ઉચ્ચ આધ્યાત્મિક ગુરુઓના નામ જોડાયેલ છે.વર્તમાન સમયમાં “સંમોહન વિદ્યા” નો પ્રયોગ થી લોકો આશ્રમો માં જોડાઈ તો જાય છે પણ એ બાદ એનું જીવન લટકતી તલવાર જેવું બની જતું હોય છે. સંમોહન વિદ્યા પ્રયોગ બાદ જાગૃત મન એ નિંદ્રાધીન થઈ જાય છે ને અર્ધ જાગૃત મન એ સૂચનો માટે વધારે જાગૃત થઈ જાય છે.”મન એવ મનુષ્યાણાં કારણં બંધમોક્ષયોઃ‘ આમ જ થોડું કીધું છે.મન જ માણસ ને ઊંચા સ્થાન પર બેસાડી શકે છે ને મન જ માણસ ના પતન નું કારણ પણ બને છે.મન ના અતિ આત્મ વિશ્વાસ ના લીધે જ યુવતીઓ પોતાનું સારું નરસું વિચાર્યા વગર પ્રેમજાળ માં ફસાતી હોય છે.ઈશ્વર એ માણસ ને બુદ્ધિ અને મન બન્ને આપ્યા છે પણ માણસ ને બુદ્ધિ કરતા મનગમતું બધુય કરી શકાય એટલે મન ને વધારે અનુસરે છે.વિચારો જાગૃત મન નિંદ્રાધીન થતું હશે ત્યારે બુદ્ધિ ના કમાડ પણ બંધ જ થઈ જતા હશે ને અર્ધ જાગૃત મન અન્ય ના હાથ નું ચાવી દીધેલ રમકડું બની જતા એ એના પર કબજો મેળવી લે છે.જે રીતે રમકડું બેટરી હોય તો જ દોડે ભાગે છે એ જ રીતે સંમોહન પ્રયોગ બાદ વ્યક્તિ ખુદ ના માટે વિચારવાનો કાબુ ગુમાવી બેસતો હોય છે.

ત્રીસ વર્ષ પહેલા અનુભવેલ કિસ્સો: લગભગ ત્રીસેક વર્ષ પહેલાં અચાનક ભાવનગર શહેર ની એક પ્રતિષ્ઠિત શાળા માં રેશમી સફેદ ધોતી,કુર્તા,સોનેરી ફ્રેમના ચશ્મા અને લાંબા સફેદ વાળ ધરાવતા વ્યક્તિ એ ચમચમાતી કાર માં પ્રવેશ્યા.આ શખ્સ નું વ્યક્તિત્વ એટલું બધું ઉજાસ મારતું હતું ને કે શાળા ના સંચાલક થી લઈને ટ્રસ્ટી બધા ને એની વાત પર “મિલે સુર મેરા તુમ્હારા..”ના એ નિર્માતા છે ને વૃક્ષારોપણ ના કાર્યક્રમ માં પધારનાર પ્રતિષ્ઠત નેતાજી ના કહેવાથી આવ્યા છે.ત્રીસ વર્ષ પહેલા મોબાઈલ નો આવિષ્કાર કદાચ થયો હતો પણ સ્માર્ટ મોબાઈલ નહતા એટલે ગુગલ પ્લેટફોર્મ વિશે જાણકારી નહતી.બુઝર્ગ ના પ્રભાવિત વ્યક્તિત્વ ના પ્રભાવમાં આવી ને સંચાલક,ટ્રસ્ટી સહિત બુદ્ધિજીવી લોકો એ એની સાથે પરિચય વધાર્યો. આ પ્રભાવશાળી બુઝર્ગ ની જીભ પર સરસ્વતી ને નોલેજેબલ વ્યક્તિ હતા એટલે જેને ઘરે પધારે એને ત્યાં લોકો આવીને એને કલાકો ના કલાકો સંભળાતા હતા. અવિરત વિવિધ વિષયો પર લોકોના પ્રશ્નો ના સમાધાન કરતા કરતા એને સવાર ના ચાર વાગી જતા છતાંય લોકો એને સાંભળ્યા કરતા હતા..તમને થશે કે કેમ આટલું ઊંડાણ માં જાણું છું? અરે!!અમારા ભોળાભાવ ના પતિ એ પણ એ બુઝુર્ગ ને અમારા ઘેર પધરાવ્યા હતા ત્યારે એ બુઝુર્ગ નું પ્રવચન સાંભળવા લાગતા વળગતા સગા સબંધીઓ ની ભીડ ભેગી થઈ હતી.ત્યારે દસ પંદર વખત ચા બનાવી પડી હતી એ કસરત નો થાક મને આજેપણ ભૂલાયો નથી. અચાનક શાળા ના વૃક્ષારોપણ ના કાર્યક્રમ ના બે દિવસ પહેલા એ ભાવનગર ની સરહદ વટાવી ને એ બુઝુર્ગ અદ્રશ્ય થઈ ગયા... ક્યાં ગયા? ક્યાં ગયા? ની ચિંતા થતા બુઝુર્ગ જ્યાં ઉતર્યા હતા એ હોટલ માં ચિંતિત લોકો એ તપાસ કરી તો હોટેલ ના મેનેજર એ કહ્યું કે આ નામની અને આવા હુલિયા ધરાવતી બુઝુર્ગ વ્યક્તિ અમારા હોટેલ માં ઉતરી જ નથી.સમસ્યા એ નહતી કે લોકો પર સંમોહન ના પ્રયોગ કર્યો હોવાના લીધે લોકો માનવા તૈયાર નહતા કે એ ઠગ હતો. ચાર પાંચ દિવસ વીત્યા બાદ લોકોની આંખ ખુલતા એ તાંત્રિક ઠગ વિરોધ લાખોની ઠગાઈ નો પોલીસ કેસ કર્યો હતો પણ..પણ.. એ ઠગની ભાળ ક્યારેય મળી નહતી. તંત્ર શાસ્ત્ર માં સંમોહન એ એક એવો પ્રયોગ છે કે જેના દ્વારા માણસ થી લઈને પ્રાણીઓ,પક્ષીઓ વગેરે બધાને સાધી શકાય છે.વર્તમાન સમયમાં આ પ્રયોગ ચેલા ચેલકીઓ વધારવા ન ચક્કર માં આશ્રમો માં થતો હોય છે.તમને ખબર નહી હોય પણ આશ્રમો ના ગુરુ પણ ત્યાં આવતા સેલિબ્રિટીની સંખ્યા પરથી સારા કે મધ્યમ નક્કી થતા હોય છે.આ ટ્રેન્ડ યોગ ગુરુ રામદેવ બાબા ની યોગ શિબિર થી શરૂ થયો છે.રામદેવ બાબા ની યોગ શિબિર માં મલ્લિકા શેરાવત અને શિલ્પા શેટ્ટી પધાર્યા બાદ એની યોગ શિબિર ને કાયમી હાઉસ ફુલ ના પાટિયા લાગી ગયા છે.દેશ ના કોઈપણ ખૂણે યોગ ગુરુ રામદેવ બાબા ની શિબિર આયોજિત થયા બાદ એની ટિકિટો ફટાફટ વેચાઈ જાય છે. ટેક્નોલોજી વિકસાવી એ માણસ નું રૂટિન જીવન સરળ અને સુવિધા વાળું તો બનાવ્યું છે છતાંય એ માનસિક ટ્રેસ નો શિકાર વધારે બન્યો છે. આપણે બધા દિવસ ના ૨૪ કલાક માંથી ૧૬ થી ૧૭ કલાક સતત ટેક્નોલોજી નો ઉપયોગ કરીએ છીએ. આમાં આંખ,મન અને બુદ્ધિ નો ઉપયોગ વધારે થાય છે જેના કારણે આપણે બધા શારીરિક કસરત કર્યા વગર પણ થાક અનુભવતા માનસિક સ્ટ્રેસ નો શિકાર બની એ છીએ. માનસિક ટ્રેસ માંથી રાહત મેળવવાના ચક્કર માં “આધુનિક તાંત્રિક ગુરુ” ના ફોલોવર્સ બની જઇએ છીએ.આધ્યાત્મિક તાંત્રિક ગુરુ ના સાનિધ્ય માં લોકો નો સ્ટ્રેસ ઓછો થતો હશે કે નહી એની જાણકારી આશ્રમ માં નાના મોટા હાદસા થયા બાદ સામન્ય લોકોને સમજાય છે પણ ફોલોવર્સ માં સંમોહન વિદ્યા ની અસર ને લીધે ફર્ક પડતો નથી.આશ્રમ માં થતા હાદસા થી ભલે ફોલોવર્સ ને ફર્ક પડતો નથી પણ આશ્રમ ના બાબાઓ ઉર્ફ ગુરુઓ ને ખાસ્સો ફર્ક પડતો હોય છે.ત્યારે તો પ્રેમા નંદજીના આશ્રમ મોટો હાદસો બન્યા બાદ ડરીને બાગેશ્વર બાબા એ જાહેરાત કરી કે અમારા ત્યાં મહિલા પ્રવેશ નિષેધ છે.સાચું કહું તો કાળ ની ગતિ માં ભાગતો દોડતો સમાજ એ આધુનિક બનવા ને બદલે દક્યાનુંસી અને અંધ વિશ્વાસુ આંધળો ને પાંગળો બનવા લાગ્યો છે.

ગુજરાતી સાહિત્ય ના પ્રસિદ્ધ લેખક રમણભાઈ નીલકંઠ એ એની હાસ્ય નવલ કથા “ભદ્રં ભદ્રં” માં તંત્ર મંત્ર,વહેમો,અંધ શ્રદ્ધા અને રૂઢિચુસ્ત પ્રયોગો ને ખુલ્લા પાડ્યા છે. વાસ્તવિકતા તો એ છે કે જે લોકો માનસિક રીતે નબળી પ્રકૃતિ ધરાવતા હોય એ જ લોકો સંમોહન,ભૂતપ્રેત અને તંત્ર મંત્ર ના શિકાર થતા હોય છે. બુદ્ધિવાદી લેખકો જેવા કે સંજીવ શાહ,ડોક્ટર જયંત નારલીકર એ એના પુસ્તક માં ઢોંગી ગુરુઓ અને અંધશ્રદ્ધા નો પર્દાફાશ કરતા સત્ય પર આધારિત પુસ્તકો લખ્યા છે.તંત્ર શાસ્ત્ર માં સાધક નું રક્ષણ કરવા માટે થતા પ્રયોગો આપ્યા છે એનો અર્થ એ કે જે તે સમય માં ઉપચાર માટે જરૂરી દવાઓ અને સાધનો નહતા ત્યારે મૃત્યુ ના મુખ માંથી માણસ ને તંત્ર વિદ્યા ના સહારે બચાવવા માં આવતા હશે.કદાચ માણસ નું મન સ્વાર્થી લોભી લાલચુ અને હીન પ્રકૃતિ નું થયું હશે ત્યારે એણે તાંત્રિક ને સીડી બનાવી ને કાર્ય સાધવા પ્રયત્ન કર્યા હશે. સ્વ સફળતા અને સ્વ વિકાસ ના માટે તંત્ર સાધના સિદ્ધ કરે એને તાંત્રિક કહેવાય છે.આ પ્રકાર ના પ્રયોગ ગિરનાર અને હિમાલયની ગુફાઓમાં ગુપ્ત વાસ કરતા સિદ્ધ સાધુ સંતો કરતા હોતા નથી કેમકે એનું ધ્યાન પરમાત્મા પ્રાપ્તિ માટેનું જ હોય છે એટલે તો એ નિર્જન વગડા માં જ્યાં માણસ પહોંચી ન શકે એવી જગ્યા એ પૂર્ણ પરમાત્માની પ્રાપ્તિ માટે તપ કરતા હોય છે.આ પ્રકાર ના પવિત્ર સિદ્ધ યોગીઓ ના લાઈફ માં એક વાર પણ દર્શન થઈ ગયા તો સમજો પૂર્ણ પરમાત્મા એ કૃપા કરી.

# અનુષ્કાએ ખરીદ્યો ₹14.9 કરોડનો લક્ઝરી ફ્લેટ



(એજન્સી) મુંબઈ | તા.07 બોલિવૂડ એક્ટ્રેસ અનુષ્કા શર્મા ભલે અત્યારે ફિલ્મોથી દૂર હોય, પરંતુ તે મુંબઈમાં રિયલ એસ્ટેટમાં રોકાણમાં ધ્યાન આપી રહી છે. અનુષ્કાએ મુંબઈના પોશ વિસ્તાર વર્સોવામાં 14.9 કરોડ રૂપિયાનો લક્ઝરી ફ્લેટ ખરીદ્યો છે. નોંધનીય છે કે, આ જ માળ પર અનુષ્કા અને તેના પરિવારે કુલ 3 ફ્લેટ ખરીદ્યા છે, જેમની કિંમત લગભગ 44.1 કરોડ રૂપિયા છે. અનુષ્કા શર્માએ વર્સોવા વિસ્તારમાં યારી રોડ પર બની રહેલા ગોધરેજ સ્કાઈશોર પ્રોજેક્ટમાં રોકાણ કર્યું છે. અનુષ્કાએ અંદાજે 14.9 કરોડમાં 24માં માળે ખરીદેલા આ ફ્લેટનું ક્ષેત્રફળ લગભગ 2,154 સ્ક્વેર ફૂટ છે. તેમાં 2,026 સ્ક્વેર ફૂટ કાર્પેટ એરિયા અને લગભગ 128 સ્ક્વેર ફૂટની બાલકની અને ટેરેસની જગ્યા સામેલ છે.

આ ફ્લેટ સાથે ત્રણ કાર માટે બેઝમેન્ટ પાર્કિંગ પણ મળી શકે છે. ફ્લેટ માટે લગભગ 74.48 લાખ રૂપિયાની સ્ટેમ્પ ડ્યૂટી ચૂકવવામાં આવી છે. દસ્તાવેજ પ્રમાણે અનુષ્કાએ આ ફ્લેટ વન-સ્ટોપ બિઝનેસ સર્વિસીસ એલએલપીથી ખરીદ્યો છે. હાલમાં આ પ્રોજેક્ટ નિર્માણાધીન છે. કરાર મુજબ આ ફ્લેટનો કબજો એક્ટ્રેસને જૂન 2031 સુધીમાં મળવાની આશા છે. ફ્લેટની રકમની ચૂકવણી અલગ-અલગ તબક્કા પૂરા થવા પર થશે.

**વિરાટ કોહલીનો રિયલ એસ્ટેટ પોર્ટફોલિયો છે લક્ઝરી**

દિલ્હીમાં ઉછરેલા વિરાટ કોહલી પાસે ગુરુગ્રામના પોશ DLF ફેઝ 1માં પણ આશરે 10,000 ચોરસ ફૂટનો બંગલો છે. મીડિયા રિપોર્ટ્સ મુજબ, આ ભવ્ય ઘરની અંદાજિત કિંમત આશરે ₹80 કરોડ છે. આ પ્રોપર્ટીમાં પ્રાઇવેટ સ્વિમિંગ પૂલ, હાઇ-ટેક જીમ અને ઘણી પ્રીમિયમ સુવિધાઓ ઉપલબ્ધ છે.



# સુપ્રીમ કોર્ટની ચેતવણી બાદ રાજપાલ યાદવે નમતું જોખ્યું

(એજન્સી) મુંબઈ | તા.07

બોલિવૂડ એક્ટર રાજપાલ યાદવને બુધવારે સુપ્રીમ કોર્ટે ફટકાર લગાવી. કોર્ટે ચેક બાઉન્સના મામલે તાત્કાલિક 1.15 કરોડ રૂપિયા જમા કરવાનો આદેશ આપ્યો. સાથે જ તેને આપવામાં આવેલી સજા વધારવાની ચેતવણી પણ આપી. ત્યારબાદ રાજપાલ યાદવે કોર્ટમાં 1.15 કરોડ રૂપિયાનો ડિમાન્ડ ડ્રાફ્ટ જમા કરાવ્યો, જેને રજિસ્ટ્રીમાં જમા કરાવવાના નિર્દેશ આપવામાં આવ્યા.

કોર્ટે આજે રાજપાલ યાદવને 7 ચેક બાઉન્સના કેસોમાં દોષી ઠેરવવામાં આવ્યા બાદ આપવામાં આવેલી 3 મહિનાની સજાના વિરોધમાં દાખલ તેની અરજી પર સુનાવણી કરી. આ દરમિયાન રાજપાલ યાદવ જજ સમક્ષ હાજર થયો.

રાજપાલ યાદવે ચીફ જસ્ટિસ ઑફ ઈન્ડિયા (CJI) ની બેન્ચને કહ્યું કે, 'અતા પતા લાપતા' ફિલ્મમાં તેને નુકસાન થયું છે. તેના 17 કરોડ રૂપિયા ડૂબી ગયા અને કુલ 22 કરોડ રૂપિયા લાગ્યા હતા, પરંતુ ફિલ્મથી એક રૂપિયાની પણ કમાણી થઈ ન હતી. ફિલ્મ એક પણ થિયેટરમાં રિલીઝ થઈ શકી ન હતી. અદાલતે તેને બાકીના 85 લાખ રૂપિયા જમા કરવા માટે 13 ઑક્ટોબર સુધીનો સમય આપ્યો છે. આ કેસની આગામી સુનાવણી 2 અઠવાડિયા બાદ થશે.

## બે દિવસ પહેલાં ઠપકો આપ્યો હતો

ચેક બાઉન્સના સાત કેસમાં દોષી બોલિવૂડ એક્ટર રાજપાલ યાદવને સુપ્રીમ કોર્ટે આકરી ફટકાર લગાવી હતી. કોર્ટના આદેશ છતાં 5 કરોડ રૂપિયા જમા ન કરાવતાં જસ્ટિસ જોયમાલ્ય બાગચી નારાજ થઈ ગયા. તેમણે કહ્યું હતું કે, 'આ ઘમંડને યોગ્ય જગ્યા બતાવવી પડશે. તમને ખબર હોવી જોઈએ કે ક્યારે મોઢું ખોલવું. તમારી જગ્યા જેલમાં છે.'

સુનાવણી દરમિયાન રાજપાલ યાદવ તરફથી 50 લાખ રૂપિયાના ડિમાન્ડ ડ્રાફ્ટની નકલ રજૂ કરવામાં આવી. તેના વકીલે જણાવ્યું કે, ડ્રાફ્ટ બેંકમાં પ્રક્રિયા હેઠળ છે. આ અંગે બેન્ચે કહ્યું કે, તેને હજુ એ પણ ખબર નથી કે ડ્રાફ્ટ વાસ્તવિક છે કે નહીં. કોર્ટે એમ પણ કહ્યું કે, રાજપાલ યાદવને 5 ઑક્ટોબર સુધીમાં 5 કરોડ રૂપિયા જમા કરાવવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો, પરંતુ તેણે તેનું પાલન કર્યું નથી.

# જયા બચ્ચને રિપોર્ટરના માઇકને ધક્કો માર્યો...!

## કંગના રનૌતનો પીઢ એક્ટ્રેસ પર કટાક્ષ- ધરણા પર બેઠા છે, પણ પૂછો તો કહે છે - નહીં કહું

(એજન્સી) મુંબઈ | તા.07

મંગળવારે દિલ્હીમાં ઈન્ડિયા બ્લોકના સાંસદોએ ચૂંટણી પંચ વિરુદ્ધ વિરોધ પ્રદર્શન કર્યું. આ માર્ચમાં સમાજવાદી પાર્ટીનાં સાંસદ અને એક્ટ્રેસ જયા બચ્ચન પણ સામેલ થયાં હતાં. વિરોધ પ્રદર્શન દરમિયાન જયા બચ્ચનનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો. એક ન્યૂઝ ચેનલ સાથે વાત કરવાનો ઈનકાર કરતાં તેઓ માઈકને પાછળ ધકેલતાં જોવા મળ્યાં. આ દરમિયાન તેમના ચહેરા પર નારાજગી દેખાઈ. ત્યારબાદ ભાજપ સાંસદ અને એક્ટ્રેસ કંગના રનૌતે જયા બચ્ચન પર કટાક્ષ કર્યો.

ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાં જયા બચ્ચનનો વીડિયો શેર કરતાં કંગનાએ લખ્યું, 'જ્યારે તમે આખી દુનિયા સામે તમારી વાત રજૂ કરવા માટે ધરણા પર બેસો છો, પરંતુ જ્યારે તમને પૂછવામાં આવે છે કે આખરે તમે કહેવા શું માગો છો, ત્યારે જયા બચ્ચનજીનો જવાબ હોય છે- નહીં કહું.' આ પહેલીવાર નથી જ્યારે કંગના રનૌતે જયા બચ્ચન પર ટિપ્પણી કરી હોય. જયા બચ્ચન ઘણીવાર મીડિયા સામેના પોતાના વર્તનને લઈને ચર્ચામાં રહે છે. તેઓ પાપારાઝી અને સામાન્ય લોકોને ઘણીવાર ઠપકો આપી ચૂકી છે. ગયા વર્ષે નવી દિલ્હીના કૉન્સ્ટિટ્યુશન ક્લબની બહાર જયા બચ્ચને એક વ્યક્તિને સેલ્ફી લેવાની ના પાડતી વખતે ધક્કો મારીને પાછળ હટાવ્યો હતો. ત્યારે કંગનાએ તેમને બગડેલી અને વિશેષાધિકાર ભોગવતી મહિલા ગણાવી હતી. સાથે જ આ ઘટનાને શરમજનક ગણાવી હતી. સુશાંત સિંહ રાજપૂતના અવસાન બાદ બોલિવૂડમાં ડ્રગ્સ અને નેપોટિઝમને લઈને ચર્ચા શરૂ થઈ હતી.

આ દરમિયાન કંગનાએ ફિલ્મ ઈન્ડસ્ટ્રીની તુલના 'ગટર' સાથે કરી હતી. કંગનાના નિવેદન પર જયા બચ્ચને રાજ્યસભામાં નામ લીધા વિના પ્રતિક્રિયા આપી હતી. તેમણે કહ્યું હતું કે, 'કેટલાક લોકો જે થાળીમાં ખાય છે, એ જ થાળીમાં કાણું પાડે છે.'

જયા બચ્ચને બોલિવૂડને ગટર કહેવું ખોટું ગણાવ્યું હતું. આ પછી કંગનાએ સોશિયલ મીડિયા પર જયા બચ્ચનના નિવેદનનો જવાબ આપ્યો હતો. તેણે લખ્યું હતું, 'જયાજી, જો મારી જગ્યાએ તમારી દીકરી શ્વેતા સાથે કિશોરાવસ્થામાં મારપીટ કરવામાં આવી હોત, તેને નશીલા પદાર્થો આપવામાં આવ્યા હોત અને તેની સાથે છેડતી કરવામાં આવી હોત, તો શું તમે ત્યારે પણ આ જ વાત કહેતાં? જો અભિષેક સતત ગુંડાગીરી અને ઉત્પીડનની ફરિયાદ કરતો રહ્યો હોત






# 'ધ ઈસ્કોન બ્રિજ'નું ટીઝર ને 'ચોર નંબર 1'નું ટ્રેલર રિલીઝ

## એક ફિલ્મની પેરાનોર્મલ એક્ટિવિટી દર્શકોને ડરાવશે તો બીજી ફિલ્મ પેટ પકડીને હસાવશે

અમદાવાદ | તાજેતરમાં ગુજરાતી ફિલ્મ 'ધ ઈસ્કોન બ્રિજ'નું ટીઝર ને 'ચોર નંબર 1'નું ટ્રેલર રિલીઝ કરવામાં આવ્યું હતું. 'ધ ઈસ્કોન બ્રિજ'ની વાત કરીએ તો, આ ફિલ્મ પેરાનોર્મલ થ્રિલર પર આધારિત છે. ભારતની પહેલી AI જનરેટેડ ગુજરાતી ફિલ્મ છે. ફિલ્મના તમામ પાત્રો AIના માધ્યમથી બનાવવામાં આવ્યા છે.

આ ફિલ્મ ભારતભરમાં બનેલી રિયલ ઘટનાઓ પર બનાવવામાં આવી છે. ફિલ્મની સ્ટોરી, સ્ક્રીનપ્લે, ડાયલૉગ્સ, મ્યૂઝિક, એડિટિંગ ને ડિરેક્શનમાં હ્યુમન ક્રિએટિવિટીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ફિલ્મમાં ટોટલ 82 AI કેરેક્ટર બનાવવામાં આવ્યા છે. ફિલ્મનું પ્રોડક્શન ગો સ્ક્રિપ્ટોથી ડેવલપ કરવામાં આવેલા એડવાન્સ્ડ AI પ્રોડક્શન પ્લેટફોર્મનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

મેકર્સના મતે, ફિલ્મની સ્ટોરીને વધુ રિયાલિસ્ટિક બનાવવા નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી તથા ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી પાસેથી ઈનપુટ્સ લેવામાં આવ્યા છે. આ ફિલ્મ 13 નવેમ્બરે થિયેટરમાં રિલીઝ થશે અને પછી OTT પર આવશે. એ વાત પણ ચર્ચામાં છે કે 13 નવેમ્બરે સલમાન ખાનની ફિલ્મ 'માતૃભૂમિ' રિલીઝ થવાની છે. ફિલ્મનું ટીઝર નેશનલ ફિલ્મ ડેવલપમેન્ટ કોર્પોરેશને ફેબ્રુઆરી, 2026માં નવી દિલ્હીમાં યોજાયેલા AI ઈમ્પેક્ટ સમિટ માટે ઑફિશિયલી સિલેક્ટ કરવામાં આવ્યું હતું. આ સમિટ મિનિસ્ટ્રી ઑફ ઈન્ફર્મેશન એન્ડ બ્રોડકાસ્ટિંગે યોજી હતી. ફિલ્મના રાઈટર ને ડિરેક્ટર ચેતન ચૌહાણ, ક્રિએટિવ ડિરેક્ટર કુનાલ શાહ, મ્યૂઝિક વિવેક છેત્રી, ગીતકાર ચિરાગ ત્રિપાઠી, એડિટર અંકિત ગઢવી, સ્ક્રીનપ્લે તથા ડાયલૉગ્સ વૃંદા બુચ ને સાઉન્ડ ડિઝાઈન અવિનાશ સોનવણેએ કર્યું છે.

હવે બીજી ગુજરાતી ફિલ્મ 'ચોર નંબર 1'ની વાત કરીએ તો, આ ફિલ્મમાં ભરપૂર કોમેડી છે. ફિલ્મમાં ચોરના ઘરે ચોરી થાય છે અને પછી ધમાલ મસ્તી જોવા મળે છે. ફિલ્મમાં શ્રેય મારડિયા, રિશી જાની, પાર્થ મોદી, આંચલ શાહ, અર્ચન ત્રિવેદી, કેતન ઠક્કર, મનીન ત્રિવેદી, રવિ સોલંકી, હેતલ બારોટ તથા કવન પટેલ જેવા કલાકારો છે. ફિલ્મને રાકેશ શાહે ડિરેક્ટ કરી છે. જ્યારે પ્રોડ્યુસર્સ પ્રશાંત મોદી, અમિત વેડાવાલા, પિંકી વેડાવાલા, નિલેશ મોદી ને એક્ઝિક્યૂટિવ પ્રોડ્યુસર અંકિતા જિયાની છે. સંગીત મૌલિક મહેતાનું છે ને ફિલ્મના ગીતો ઉમેશ બારોટ, મીર મહેતા ને મૌલિક મહેતાએ ગાયા છે. ગીતકાર કિરન પરિહાર છે. દર્શકને ભરપેટ હસાવતી આ ફિલ્મ 23 ઓક્ટોબરે થિયેટરમાં રિલીઝ થવાની છે.

# યામી ગૌતમ-આદિત્ય ધર મુંબઈ નહીં છોડે : હિમાચલ પ્રદેશ શિફ્ટ થવાના દાવાને 'ધુરંધર' ડિરેક્ટરની ટીમે ફગાવ્યા

(એજન્સી) મુંબઈ | તા.07

નેશનલ અવોર્ડ વિનર યામી ગૌતમ અને 'ધુરંધર' ડિરેક્ટર આદિત્ય ધર મુંબઈ છોડીને હિમાચલ પ્રદેશમાં કાયમી વસવાટ કરશે, તેવા અહેવાલોને આદિત્ય ધરની ટીમે ફગાવી દીધા છે. ટીમે જણાવ્યું છે કે, દંપતી હિમાચલમાં સ્થળાંતર કરશે તેવા અહેવાલોમાં કોઈ તથ્ય નથી. તાજેતરમાં કેટલાક અહેવાલોમાં કહેવામાં આવ્યું હતું કે બંને મુંબઈ છોડીને હિમાચલ પ્રદેશના મંડી જિલ્લામાં કાયમી રીતે વસવા જઈ રહ્યા છે. જોકે, આદિત્યની ટીમે સ્ક્રીન સાથેની વાતચીતમાં આ દાવાઓને ખોટા ગણાવ્યા છે. 37 વર્ષની યામી ગૌતમનો જન્મ હિમાચલ પ્રદેશના બિલાસપુરમાં થયો હતો. લગ્ન પહેલાં તેમણે મંડીના ગોહરમાં 25 એકર જમીન પર બનેલું 100 વર્ષ જૂનું હેરિટેજ ઘર ખરીદ્યું હતું.લાકડા અને પથ્થરથી બનેલા આ ઘરની આસપાસ બગીચા છે, જ્યાં સફરજન, બટાકા, આલૂબુખારા અને આદુ ઉગાડવામાં આવે છે. 40 વર્ષના આદિત્ય ધર અને યામી ગૌતમે 4 જૂન 2021ના રોજ આ જ પ્રોપર્ટીમાં લગ્ન કર્યા હતા. આદિત્ય ધર અને યામી ગૌતમે 4 જૂન 2021ના રોજ આ જ પ્રોપર્ટીમાં લગ્ન કર્યા હતા. આદિત્ય ધર અને યામી ગૌતમે 4 જૂન 2021ના રોજ આ જ પ્રોપર્ટીમાં લગ્ન કર્યા હતા.

### રજનીકાંતની 'જેલર-2'માં વિદ્યા બાલનનો રહસ્યમય અવતાર

# ટૂંકા વાળ, ડાર્ક સ્ટાઈલિંગ અને દમદાર સ્વેગ! ટ્રેલરમાં હૃતિકના લુક પર સસ્પેન્સ યથાવત

(એજન્સી) મુંબઈ | તા.07

સાઉથ સુપરસ્ટાર રજનીકાંતની લાંબા સમયથી રાહ જોવાતી ફિલ્મ 'જેલર-2'નું ટ્રેલર રિલીઝ થઈ ગયું છે. રજનીકાંતના સિગ્નેચર સ્વેગ, દમદાર અંદાજ અને જબરદસ્ત એક્શનથી ભરપૂર આ ફિલ્મમાં વિદ્યા બાલન, જેકી શ્રોફ સહિતના બોલિવૂડ સ્ટાર્સ જોવા મળશે. જોકે, આ તમામ વચ્ચે હૃતિક રોશનના લુક અને કેરેક્ટર અંગે ટ્રેલરમાં સસ્પેન્સ જાળવવામાં આવ્યું છે.

રજનીકાંતની 'જેલર-2' ફિલ્મનું ટ્રેલર એક સસ્પેન્સથી શરૂ થાય છે. કેટલાક લોકો એવા વ્યક્તિની શોધમાં છે, જે તેમના માણસોને મારી રહ્યો છે. મજેદાર વાત એ છે કે, કોઈપણ વ્યક્તિ તે શખ્સનું નામ કે ચહેરો ઓળખતી નથી. આ શોધખોળ દરમિયાન એન્ટ્રી થાય છે રિટાયર્ડ IPS જેલર 'ટાઈગર' મુથુવેલ પાંડિયનની. મુથુવેલ પાંડિયન એક અંડરકવર પોલીસ અધિકારી છે. તેણે વર્મનની હત્યા કરી હતી. જોકે, તેને જાણ નથી કે, જે વર્મનને તેણે મારી નાખ્યો છે, તેની સાથે બીજા ખતરનાક લોકો સામેલ છે. વર્મનની હત્યાનો બદલો લેવા માટે હવે તે મુથુવેલને શોધી રહ્યા છે. આ વખતે જેલર ટાઈગરનો સામનો એક નહીં પરંતુ 3-4 ખૂંખાર વિલન સાથે થશે. ટ્રેલરમાં રજનીકાંત પછી સૌથી વધુ ધ્યાન વિદ્યા બાલને ખેંચ્યું છે. વિદ્યા બોલ્ડ અને અસરદાર લુકમાં જોવા મળી રહી છે.

# દીકરીના જન્મના 15 મહિના પછી કિયારા-સિદ્ધાર્થે ફરી આપ્યા 'GOOD NEWS'

## દીકરીનો ફોટો પોસ્ટ કરી જાણકારી આપી, લખ્યું- ફરી એકવાર જીવનની મોટી ભેટ મળવાની છે



(એજન્સી) મુંબઈ | તા.07

કિયારા અડવાણી અને સિદ્ધાર્થ મલ્હોત્રા બીજી વાર માતા-પિતા બનવાના છે. બંનેએ બુધવારે સોશિયલ મીડિયા પર એક તસવીર શેર કરીને આ ખુશખબર આપી. પોસ્ટમાં કિયારા અને સિદ્ધાર્થે લખ્યું, "ફરી એક વાર અમને જીવનની સૌથી મોટી ભેટ મળવાની છે. અમારાં હૃદય પ્રેમ અને આભારથી ભરાઈ ગયાં છે." કિયારા અડવાણી અને સિદ્ધાર્થ મલ્હોત્રાનાં લગ્ન 7 ફેબ્રુઆરી 2023ના રોજ થયાં હતાં. બંનેએ રાજસ્થાનના જેસલમેર સ્થિત સૂર્યગઢ પેલેસમાં પરિવાર અને નજીકના મિત્રોની હાજરીમાં લગ્ન કર્યાં હતાં. બંનેની લવસ્ટોરી ફિલ્મ 'શેરશાહ' દરમિયાન ચર્ચામાં આવી હતી. ફિલ્મમાં બંનેએ સાથે કામ કર્યું હતું. ફિલ્મના શૂટિંગ દરમિયાન તેમની નિકટતા વધી હતી. લગ્નના લગભગ બે વર્ષ બાદ કિયારા અને સિદ્ધાર્થ પહેલી વાર માતા-પિતા બન્યા હતા. જુલાઈ 2025માં બંનેએ સોશિયલ મીડિયા પર પુત્રીના જન્મની જાણકારી આપી હતી. કપલે જણાવ્યું હતું કે તેમના ઘરે પુત્રીનું આગમન થયું છે. બાદમાં નવેમ્બર 2025માં બંનેએ પોતાની પુત્રીનું નામ પણ જણાવ્યું હતું.

એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ

# સ્ટાર બેટર ટીમ ઈન્ડિયા માટે બન્યો માથાનો દુઃખાવો

## ● વૈભવ સૂર્યવંશીને ફરી રમાડવાનો માર્ગ મોકળો!



(એજન્સી) લખનઉ । તા. 07

લખનઉના એકાના સ્ટેડિયમ ખાતે વેસ્ટ ઈન્ડિઝ સામે રમાયેલી પ્રથમ T20 મેચમાં ભારતીય ટીમે કેપ્ટન શ્રેયસ અઐયરની અણનમ અને વિસ્ફોટક સદીની મદદથી ૮ વિકેટે ભવ્ય વિજય નોંધાવ્યો છે. જો કે, ટીમની આ ıનદાર જીત છતાં વિકેટકીપર-બેટ્સમેન સંજુ સેમસનનું નબળું પ્રદર્શન ક્રિકેટ ચાહકો માટે ચિંતા અને નારાજગીનો વિષય બન્યું છે. આ મેચમાં પણ સંજુ માત્ર ૯ બોલમાં ૧ સિક્સર અને ૧ ચોગ્ગાની મદદથી ૧૧ રન બનાવીને પેવેલિયન ભેગો થઈ ગયો હતો.

T20 વર્લ્ડ કપ ૨૦૨૬ માં શાનદાર પ્રદર્શન કરનાર સંજુ સેમસનનું બેટ તાજેતરની મેચોમાં સંપૂર્ણપણે શાંત રહ્યું છે. તેની છેલ્લી ચાર ઈનિંગ્સ પર નજર કરીએ તો:

ગત ૧૭ સપ્ટેમ્બરે અફઘાનિસ્તાન સામે ૩૫ બોલમાં ૫૦ રનની અડધી સદી ફટકાર્યા બાદ તે સતત મોટી ઈનિંગ્સ રમવામાં નિષ્ફળ સાબિત થઈ રહ્યો છે. સંજુ સેમસનની સતત નિષ્ફળતા બાદ સોશિયલ મીડિયા પર ફેન્સનો રોષ જોવા મળી રહ્યો છે. ઘણા યુઝર્સે હેડ કોચ ગૌતમ ગંભીર અને સિલેક્ટર્સ સામે સવાલો ઉઠાવતા બેન્ચ પર બેઠેલા ૧૫ વર્ષીય યુવા બેટ્સમેન વૈભવ સૂર્યવંશીને પ્લેઈંગ 11માં રમાડવાની જોરદાર માંગણી શરૂ કરી દીધી છે. સોશિયલ મીડિયા પર એક ફેન્સે લખ્યું હતું કે, "હવે સંજુ સેમસનથી આગળ વિચારવાનો સમય આવી ગયો છે; વર્લ્ડ કપ જીતાડવા બદલ તેનું સન્માન છે, પરંતુ હવે તેનાથી રન નથી બની રહ્યા."

# ભારતીય શૂટિંગમાં ચિંતાજનક ઘટાડો અને તેનું સત્ય



(એજન્સી) નવી દિલ્હી । તા. 07

તાજેતરમાં એશિયન ગેમ્સની શૂટિંગ સ્પર્ધાઓમાં ભારતીય ખેલાડીઓ દ્વારા અપેક્ષા કરતા ઓછું પ્રદર્શન જોવા મળ્યું હતું, જેમાં માત્ર હરિયાણાની નીરુ ધંડાએ ઐતિહાસિક ટ્રેપ ગોલ્ડ મેડલ જીતીને દેશનું નામ રોશન કર્યું હતું, પરંતુ રાઈફલ અને પિસ્તોલ વિભાગમાં ઊભી થયેલી ગંભીર ચિંતાઓ સામે આવી છે. ખેલ જગતના આ મહાકુંભમાં ભારતે કુલ પંદર પદકો મેળવ્યા હતા, જેમાં ત્રણ ગોલ્ડ, આઠ સિલ્વર અને ચાર બ્રોન્ઝ સામેલ છે. આ શાનદાર દેખાવ સાથે ભારત માત્ર ચીન પછી બીજા ક્રમે રહ્યું હતું, કારણ કે ચીને અઠ્ઠાવીસ પદકો મેળવ્યા હતા. આમ છતાં, આ આંકડા માત્ર સપાટી પરની ખુશી દર્શાવે છે કારણ કે અગાઉ હાંગઝોવ ખાતે રેકોર્ડબ્રેક બાવીસ પદકો જીતનારા ભારતીય શૂટરોનું આ પ્રદર્શન પાછલા વર્ષોની સરખામણીમાં મોટો ઘટાડો દર્શાવે છે. ખાસ કરીને સ્વર્ણ પદકોની સંખ્યામાં ભારે ઓટ આવી છે, જે ભારતીય રમતગમત જગત માટે ગહન ચિંતનનો વિષય બન્યો છે.

અગાઉની એશિયન ગેમ્સમાં ભારતે સાત સ્વર્ણ પદકો મેળવ્યા હતા, જેમાંથી પાંચ તો માત્ર ટીમ સ્પર્ધાઓમાં જ આવ્યા હતા. આંતરરાષ્ટ્રીય શૂટિંગ ફેસિલિટીના નિયમો અનુસાર આ સ્પર્ધાઓમાં સમાન લિંગના ત્રણ સભ્યોના કુલ સ્કોરના આધારે વિજેતા નક્કી થાય છે. આ વખતે ભારત એક પણ ટીમ ગોલ્ડ મેડલ જીતી શક્યું નહીં, જેના કારણે ખેલાડીઓની પ્રતિભામાં રહેલી ઊંડાણપારખ અને કઠિન પરિસ્થિતિમાં ટકી રહેવાની ક્ષમતા પર સવાલો ઊભા થયા છે. ભલે આ સ્પર્ધાઓ ઓલિમ્પિકમાં સામેલ ન હોય, પરંતુ આંતરરાષ્ટ્રીય સ્તરે તકોને સોનામાં ન બદલી શકવું એ ચિંતાજનક બાબત છે. જે વિભાગોમાંથી ભારત હંમેશા સૌથી વધુ અપેક્ષાઓ રાખતું હતું તેવા રાઈફલ અને પિસ્તોલ વર્ગમાં સૌથી મોટો નિરાશાજનક માહોલ જોવા મળ્યો હતો. બિન-શૉટગન સ્પર્ધાઓમાં ભારત માત્ર ચાર જ વ્યક્તિગત પદકો મેળવી શક્યું હતું, જેમાં એલેવેનિલ વાલારિવનનો સિલ્વર, રુદ્રાક્ષ પાટીલ અને હિમાંશુ સિંહના બ્રોન્ઝ તથા ઈશા સિંહનો સિલ્વર સામેલ છે.

# હરમનપ્રીતના સ્થાને હવે સ્મૃતિ મંધાનાને નવી કેપ્ટન જાહેર કરી



(એજન્સી) નવી દિલ્હી । તા. 07

ભારતીય મહિલા ક્રિકેટ ટીમમાં એક નવા યુગની શરુઆત થઈ છે. હરમનપ્રીત કૌરે કેપ્ટનશિપ છોડ્યા બાદ ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) દ્વારા સ્ટાર ઓપનર સ્મૃતિ મંધાનાને ભારતીય મહિલા ક્રિકેટ ટીમની નવી કેપ્ટન તરીકે સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. વર્ષ ૨૦૧૩થી ભારતીય ટીમનો અભિન્ન હિસ્સો રહેલી સ્મૃતિ મંધાના હવે વ્હાઈટ બોલ સહિત તમામ ફોર્મેટમાં ટીમના નેતૃત્વની જવાબદારી સંભાળશે.

સ્મૃતિ મંધાનાએ પોતાની શાનદાર કેપ્ટનશિપના દમ પર રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB) ને ૨૦૨૪ અને ૨૦૨૬માં વિમેન્સ પ્રીમિયર લીગ (WPL) નો ખિતાબ જીતાડ્યો છે. જો કે, તે અગાઉ પણ ૧૮ T20I અને 4 વનડે મેચોમાં કાર્યકારી કેપ્ટન તરીકે ભારતનું સફળ નેતૃત્વ કરી ચૂકી છે.

નવી જવાબદારી મળ્યા બાદ સ્મૃતિ મંધાનાએ પોતાની પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, "ભારતનું નેતૃત્વ કરવાની તક મળવી એ મારા માટે અત્યંત ગર્વ અને સન્માનની વાત છે. ભારતનું પ્રતિનિધિત્વ કરવું મારા માટે હંમેશાં ખાસ રહ્યું છે. હું BCCI, સિલેક્ટર્સ અને ટીમના સાથી ખેલાડીઓનો આભાર માનું છું. આ સાથે હું હરમનપ્રીતના યોગદાનને પણ યાદ કરીશ, જેમણે ટીમનું અત્યંત સમર્પણ સાથે નેતૃત્વ કર્યું છે." BCCI પ્રમુખ મિથુન મન્હાસે સ્મૃતિને અભિનંદન પાઠવતા કહ્યું હતું કે, "તે લાંબા સમયથી ભારતીય ક્રિકેટનો મુખ્ય આધારસ્તંભ રહી છે. તેમનો અનુભવ અને રમત પ્રત્યેની ઊંડી સમજ ટીમ માટે ખૂબ ઉપયોગી સાબિત થશે."

# આર્જેન્ટિનાના ફૂટબોલ સ્ટાર મેસીની વિદાય

(એજન્સી) બ્યુનસ આર્સ । તા. 07



વિશ્વના મહાન ફૂટબોલર લીઓમેસીએ મંગળવારે બ્યુનસ આર્સ ખાતે બેનિન સામેની પોતાની અંતિમ આંતરરાષ્ટ્રીય મેચ રમ્યા બાદ આંતરરાષ્ટ્રીય ફૂટબોલમાંથી ભાવાત્મક વિદાય લીધી છે, જ્યાં તેમણે પોતાની છેલ્લી મેચમાં શાનદાર પ્રદર્શન કરતા બે ગોલ માટે મદદ કરી હતી અને એક પેનલ્ટી ગોલ પણ નોંધાવ્યો હતો.

મેચ પૂરી થયા બાદ સ્ટેડિયમમાં હાજર હજારો પ્રશંસકોની હાજરીમાં લીઓમેસીએ એક અત્યંત ભાવુક ભાષણ આપ્યું હતું. આ વિશેષ પ્રસંગે તેમણે પોતાના દિલની વાત ખુલીને કહી હતી અને જણાવ્યું હતું કે આ જર્સી પહેરીને દેશનું પ્રતિનિધિત્વ કરવું તેમના માટે જીવનનું સૌથી મોટું સૌભાગ્ય રહ્યું છે. તેમણે યાદ કર્યું કે કેવી રીતે વીસ વર્ષથી વધુ સમય સુધી તેમણે પોતાના દેશ માટે મેદાન પર સંઘર્ષ કર્યો છે અને ક્યારેય હાર માની નથી.

પોતાના સંબોધનની શરૂઆત કરતા મેસીએ પોતાના દિવંગત પિતા જોર્જને યાદ કર્યા હતા, જેમનું ગત ઓગસ્ટ મહિનામાં લાંબી માંદગી બાદ અવસાન થયું હતું. પિતાની ગેરહાજરીમાં આ ભાવનાત્મક ક્ષણે મેસીની આંખો નામ થઈ ગઈ હતી. તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે તેઓ જીવનભર આર્જેન્ટિના માટે રમવા માંગતા હતા કારણ કે આ દેશની જર્સી પહેરીને મેદાન પર ઉતરવું એ દુનિયાની સૌથી સુંદર અનુભૂતિ છે.

પ્રશંસકો અને સાથી ખેલાડીઓનો આભાર વ્યક્ત કરતા મેસીએ કહ્યું કે જ્યારે ટીમ એક થઈને રમે છે ત્યારે તે કોઈપણ મુશ્કેલીનો સામનો કરવા માટે સૌથી શક્તિશાળી બની જાય છે. તેમણે વચન આપ્યું કે ભલે તેઓ મેદાન પર નહીં હોય, પરંતુ આગામી સમયમાં આર્જેન્ટિનાની ટીમનું સમર્થન હંમેશા કરતા રહેશે. આ ઐતિહાસિક વિદાય સમયે સ્ટેડિયમમાં ઉપસ્થિત પ્રશંસકોએ પણ તાળીઓના ગડગડાટ સાથે પોતાના મહાન ખેલાડીને ભીની આંખે ભવ્ય વિદાય આપી હતી.

# ભારત-વેસ્ટ ઈન્ડિઝ T20I મેચમાં કેચને લઈને મોટો વિવાદ



(એજન્સી) લખનઉ । તા. 07

ભારત રત્ન શ્રી અટલ બિહારી વાજપેયી એકાના ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રમાયેલી પાંચ મેચોની T20 શ્રેણીના પ્રથમ મુકાબલામાં ભારતે વેસ્ટ ઈન્ડિઝને ૮ વિકેટથી કારમી હાર આપી છે. ભારતે ૧૭૨ રનનો વિજયી લક્ષ્યાંક માત્ર ૧૪.૪ ઓવરમાં જ હાંસલ કરીને શ્રેણીમાં ૧-૦ની લીડ મેળવી લીધી છે. ભારતીય કેપ્ટન શ્રેયસ ઐયરે ૪૩ બોલમાં ૧૦ ચોગ્ગા અને ૬ ગગનચુંબી સિક્સરની મદદથી અણનમ ૧૦૨ રનની વિસ્ફોટક ઈનિંગ રમી હતી. જોકે, આ મેચ દરમિયાન ઈશાન કિશનના એક વિવાદાસ્પદ કેચને કારણે મેદાન પર ભારે હોબાળો મચી ગયો હતો.

અભિષેક શર્મા (૨૧ રન) અને સંજુ સેમસન (૧૧ રન)ની વિકેટ ગુમાવ્યા બાદ ઈશાન કિશન અને શ્રેયસ ઐયરે ઈનિંગ સંભાળી હતી. ઈનિંગ્સની ૧૧મી ઓવરમાં શમર સ્પ્રિંગરના પાંચમા બોલ પર ઈશાન કિશને ઑફ-સ્ટમ્પ બહાર શોટ રમવાનો પ્રયાસ કર્યો હતો. બોલ બેટની કિનારી લઈને ડીપ કવર તરફ ગયો, જ્યાં ફિલ્ડર મેથ્યુ ફોર્ડે આગળ દોડીને ડાઈવ લગાવીને જમીનની અત્યંત નજીક કેચ પકડ્યો હતો. વેસ્ટ ઈન્ડિઝના ખેલાડીઓ વિકેટની ઉજવણી કરવા લાગ્યા, પરંતુ ઓન-ફિલ્ડ અમ્પાયરોએ મામલો થર્ડ અમ્પાયર રોહન પંડિત પાસે મોકલ્યો હતો.

રિપ્લેમાં ફોર્ડની આંગળીઓ બોલ નીચે દેખાતી હતી, પરંતુ બોલ કેચ કરતી વખતે હાથ અને જમીન વચ્ચે ઘાસને અડકી ગયો હોવાની શંકા ઊભી થઈ હતી. થર્ડ અમ્પાયરે 'બેનિફિટ ઓફ ડાઉટ' આપતા ઈશાન કિશનને 'નોટ આઉટ' જાહેર કર્યો. આ નિર્ણયથી વેસ્ટ ઈન્ડિઝના ખેલાડી મેથ્યુ ફોર્ડ મેદાન પર જ બેસીને નારાજ જોવા મળ્યો હતો, જ્યારે વેસ્ટ ઈન્ડિઝના કોચ ડેરેન સેમી ડગઆઉટમાં આ નિર્ણયથી ભારે ગુસ્સામાં નજરે પડ્યા હતા. આ જીવનદાન બાદ ઈશાન કિશને ઈનિંગ આગળ વધારી અને ભારતે સરળતાથી મેચ જીતી લીધી.

### થર્ડ અમ્પાયરનો નિર્ણય અને વિન્ડિઝ કેમ્પમાં આક્રોશ

રિપ્લેમાં ફોર્ડની આંગળીઓ બોલ નીચે દેખાતી હતી, પરંતુ બોલ પકડતી વખતે હાથ અને જમીન વચ્ચે બોલ ઘાસને અડકી ગયો હોવાનું ઘણા એંગલ પરથી સ્પષ્ટ થયું હતું. થર્ડ અમ્પાયરે બેનિફિટ ઓફ ડાઉટ આપીને ઈશાન કિશનને 'નોટ આઉટ' જાહેર કર્યો. આ નિર્ણય આવતાં જ મેથ્યુ ફોર્ડ મેદાન પર જ બેસીને માથું પકડી રડમસ ચહેરે જોવા મળ્યો હતો. વેસ્ટ ઈન્ડિઝના કોચ ડેરેન સેમી ડગઆઉટમાં થર્ડ અમ્પાયરના આ નિર્ણયથી અત્યંત નારાજ અને ગુસ્સે જોવા મળ્યા હતા.

# સૌરવ ગાંગુલી દિલ્હી કેપિટલ્સના હેડ કોચ બન્યા



(એજન્સી) નવી દિલ્હી । તા. 07

ભારતીય ક્રિકેટ જગતના દિગ્ગજ અને પૂર્વ કેપ્ટન સૌરવ ગાંગુલી આગામી ટૂર્નામેન્ટ માટે દિલ્હી કેપિટલ્સ ફ્રેન્ચાઈઝીના મુખ્ય પ્રશિક્ષક તરીકે નિયુક્ત થયા છે, જેના કારણે સમગ્ર દેશના ખેલ પ્રેમીઓમાં ભારે ઉત્સાહ અને ચર્ચાનો માહોલ છવાઈ ગયો છે.

વર્તમાન સમયમાં ક્રિકેટ વર્તુળોમાં આ પરિવર્તન અત્યંત ચર્ચાસ્પદ બન્યું છે. ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ કેપ્ટન સૌરવ ગાંગુલી પ્રથમ વખત ઈન્ડિયન પ્રીમિયર લીગમાં કોઈ ફ્રેન્ચાઈઝીના હેડ કોચ તરીકેની જવાબદારી સંભાળી રહ્યા છે. તેમણે હેમાંગ બદાણીનું સ્થાન લીધું છે, જેમણે અગાઉ બે સીઝન સુધી આ મહત્વપૂર્ણ પદ સંભાળ્યું હતું. સૌરવ ગાંગુલી વર્ષ ૨૦૧૯ થી આ ફ્રેન્ચાઈઝી સાથે જોડાયેલા છે અને અગાઉ પુરુષ તથા મહિલા બંને ટીમો માટે ડિરેક્ટર ઓફ ક્રિકેટ તરીકે ઉત્કૃષ્ટ સેવાઓ આપી ચૂક્યા છે. ફ્રેન્ચાઈઝીની રણનીતિ ઘડવામાં તેમનો દીર્ઘકાલીન અનુભવ અત્યંત ઉપયોગી સાબિત થશે.

આજના દિવસ દરમિયાન બનેલી મુખ્ય ઘટનાઓની જો વાત કરીએ, તો દિલ્હી કેપિટલ્સે હેમાંગ બદાણી ઉપરાંત બોલિંગ કોચ મુનાફ પટેલ, ટીમ ડિરેક્ટર વેણુગોપાલ રાવ અને સહાયક કોચ ઈયાન બેલને પણ રીટેન ન કરવાનો મોટો નિર્ણય લીધો છે. દિલ્હીની ટીમ ગત સીઝનમાં છઠ્ઠા અને અગાઉની સીઝનમાં પાંચમા ક્રમે રહી હતી. ગાંગુલી હવે ટીમની સફળતા માટે પોતાની પસંદગીનો નવો સપોર્ટ સ્ટાફ મેદાનમાં લાવશે તેવી પૂરી શક્યતા છે. અગાઉ તેમણે અન્ય ટૂર્નામેન્ટમાં પ્રિટોરિયા કેપિટલ્સના હેડ કોચ તરીકે શાનદાર પ્રદર્શન કર્યું હતું અને ટીમને ફાઈનલ સુધી પહોંચાડી હતી. ક્રિકેટ ફ્રેન્ચાઈઝી ક્ષેત્રે થઈ રહેલા આ મોટા બદલાવો માત્ર રમત પૂરતા મર્યાદિત નથી, પરંતુ તે વ્યાપારી અને આર્થિક દૃષ્ટિકોણથી પણ ખૂબ મહત્વના છે. સૌરવ ગાંગુલી ક્રિકેટ એસોસિએશન ઓફ બેંગાલના પ્રમુખ તરીકે પણ ઉત્તમ ફરજો બજાવે છે. દિલ્હી કેપિટલ્સમાં તેઓ કેપ્ટન અક્ષર પટેલ અને અનુભવી બેટ્સમેન કેએલ રાહુલ જેવા ખેલાડીઓની આગેવાની હેઠળના લીડરશિપ ગ્રુપ સાથે મળીને કામ કરશે. આ ઉપરાંત, ફ્રેન્ચાઈઝીએ અન્ય પ્રતિષ્ઠિત ખેલાડીઓને પણ ટીમમાં સામેલ કર્યા છે, જેનાથી ટીમનો ભારતીય કોર વધુ મજબૂત બન્યો છે. સહ-માલિકોએ પણ ગાંગુલીની આ નિમણૂકનું હાર્દિક સ્વાગત કર્યું છે અને તેમના નેતૃત્વ પર સંપૂર્ણ વિશ્વાસ વ્યક્ત કર્યો છે.

# બીસીસીઆઈના ચીફ સિલેક્ટર પદેથી અજિત અગરકરનું રાજીનામું

## કોચ ગૌતમ ગંભીરે ભાવુક પોસ્ટ શેર કરી ઈતિહાસ યાદ કર્યો

(એજન્સી) નવી દિલ્હી । તા. 07



ભારતીય ક્રિકેટ ટીમના ચીફ સિલેક્ટર (મુખ્ય પસંદગીકાર) પદેથી અજિત અગરકરના રાજીનામા બાદ ક્રિકેટ જગતમાં ચર્ચાનો દોર શરૂ થઈ ગયો છે. આ વિદાય બાદ ભારતીય ક્રિકેટ ટીમના હેડ કોચ ગૌતમ ગંભીરે સોશિયલ મીડિયા પર એક અત્યંત ભાવુક અને અર્થસભર સંદેશ શેર કરીને અગરકર સાથેના કામકાજના અનુભવોને યાદ કર્યા છે. ગંભીરે પોતાના સંદેશમાં જણાવ્યું હતું કે અગરકરના કાર્યકાળ દરમિયાન ભારતે જે ૩ આઈસીસી (ICC) ટ્રોફીઓ જીતી છે, તે ટીમને હંમેશાં વ્યક્તિગત સ્વાર્થથી ઉપર રાખવાની તેમની 'ટીમ ફર્સ્ટ' વિચારસરણીનું સીધું પરિણામ છે.

ગૌતમ ગંભીરે અગરકરને સંબોધતા લખ્યું હતું કે, "પ્રિય અજિત ભાઈ, તમારી સાથે કામ કરવું મારા માટે અત્યંત સન્માનની વાત રહી છે... મારે ચોક્કસપણે કહેવું પડશે કે ઈતિહાસ તમારા પ્રત્યે વધુ દયાળુ રહેશે." અગરકરના કાર્યકાળ દરમિયાન ખેલાડીઓની પસંદગી અને કેટલાક સીનિયર ખેલાડીઓને ટીમમાંથી ડ્રોપ કરવા જેવા વિવાદાસ્પદ નિર્ણયો લેવાયા હતા. ગંભીરનો આ ઈશારો સ્પષ્ટ હતો કે સમય જતાં લોકોના વિરોધ શમી જશે અને પરિણામોના આધારે અગરકરના નિર્ણયોની સાચી કિંમત સમજાશે.

ગંભીરે વધુમાં જણાવ્યું હતું કે અગરકરનું ક્યારેય એવું લક્ષ્ય નહોતું કે ચાહકોમાં લોકપ્રિય બને તેવા નિર્ણયો લે, પરંતુ તેમનું એકમાત્ર ધ્યેય ભારતીય ક્રિકેટ ટીમ માટે હંમેશાં યોગ્ય અને કઠિન નિર્ણયો લેવાનું હતું. અગરકર અને ગંભીરની આ જોડીએ ભારતીય ક્રિકેટમાં આક્રમકતા અને પારદર્શિતા લાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે, અને તેમની આ વિદાય સાથે ભારતીય ક્રિકેટના એક સફળ અધ્યાયનો અંત આવ્યો છે.

તૈયારીઓ પૂર્ણ // કોહલી પાંચ કરોડ વિવાદનો અંત, પ્રેમાનંદ મહારાજ આશ્રમ વિવાદ સત્ય હકીકત

# વૃંદાવન વિરાટ કોહલી પાંચ કરોડ વિવાદ સચોટ ખુલાસો

(એજન્સી) વૃંદાવન । તા. 07



ભારતીય ક્રિકેટ જગતના મહાન બેટ્સમેન વિરાટ કોહલી દ્વારા ઉત્તર પ્રદેશના વૃંદાવન ખાતે પૂજ્ય પ્રેમાનંદ મહારાજના આશ્રમની મુલાકાત લેવા બાબતે ફેલાવવામાં આવેલા પચાસ મિલિયન રૂપિયા અથવા પાંચ કરોડ રૂપિયાના આર્થિક લેણદેણના તમામ ભ્રામક અને પાયાવિહોણા દાવાઓને કોહલીની સત્તાવાર પ્રવક્તા ટીમે સખત શબ્દોમાં ફગાવી દીધા છે અને તેને સંપૂર્ણપણે અસત્ય ગણાવ્યા છે.

આ સમગ્ર વિવાદની શરૂઆત ત્યારે થઈ જ્યારે શ્રી કૃષ્ણ જન્મભૂમિ સંઘર્ષ ન્યાસના અધ્યક્ષ અને ફલાહારી મહારાજ તરીકે ઓળખાતા દિનેશ શર્માએ એક ટીવી ચેનલ સમક્ષ સનસનાટીભર્યો દાવો કર્યો હતો. આ દાવા મુજબ રાજસ્થાનની એક ખાનગી કંપની અને પ્રોપર્ટી બિલ્ડર લોબી દ્વારા વિરાટ કોહલીને પ્રેમાનંદ મહારાજના આશ્રમે લાવવા માટે પાંચ કરોડ રૂપિયા ચૂકવવામાં આવ્યા હતા. આ પ્રકારના ગંભીર આક્ષેપોથી ધાર્મિક અને ક્રિકેટ જગતમાં મોટો ખળભળાટ મચી ગયો હતો. ખાસ કરીને આશ્રમ સાથે જોડાયેલા અન્ય વિવાદોની વચ્ચે આ નિવેદને સોશિયલ મીડિયા પર આગની જેમ ચર્ચા જગાવી હતી. આવા પાયાવિહોણા અને સનસનીખેજ આક્ષેપો સામે આવ્યા બાદ વિરાટ કોહલીના પ્રવક્તા દ્વારા એક સત્તાવાર નિવેદન જારી કરવામાં આવ્યું હતું. આ નિવેદનમાં સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું છે કે ફલાહારી મહારાજ દ્વારા કરવામાં આવેલા તમામ દાવાઓ સંપૂર્ણપણે અસત્ય, નિરાધાર અને તથ્યવિહીન છે. વિરાટ કોહલી પૂજ્ય પ્રેમાનંદ મહારાજ પ્રત્યેની પોતાની વ્યક્તિગત શ્રદ્ધા અને અસીમ આસ્થાના કારણે જ તેમની મુલાકાતે જાય છે, કોઈ પણ પ્રકારના વ્યાવસાયિક લેણદેણ કે નાણાકીય સોદા માટે નહીં. કોહલીની ટીમે મીડિયા અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મને પણ વિનંતી કરી છે કે આવા ભ્રામક સમાચારો ફેલાવતા પહેલા તેની સત્યતાની પૂરેપૂરી તપાસ કરવી અત્યંત આવશ્યક છે.

વિરાટ કોહલી અને તેમની ધર્મપત્ની તથા જાણીતી બોલિવૂડ અભિનેત્રી અનુષ્કા શર્મા સૌપ્રથમ વખત જાન્યુઆરી 2023માં વૃંદાવન ખાતે પ્રેમાનંદ મહારાજના આશ્રમે આશીર્વાદ લેવા પહોંચ્યા હતા. તે સમયથી લઈને અત્યાર સુધી આ દંપતી અવારનવાર મહારાજજીના સત્સંગ અને દર્શન માટે એકદમ સાદગીપૂર્ણ રીતે જતું રહ્યું છે. તેમની આ મુલાકાતો હંમેશાં આધ્યાત્મિક શાંતિ અને આંતરિક શ્રદ્ધા સાથે જોડાયેલી રહી છે, જેને કોઈપણ વેપારીકરણ સાથે ના જોડવી જોઈએ તેવું તેમના ચાહકો પણ માની રહ્યા છે.

આવા સંવેદનશીલ ધાર્મિક વિષયો પર રિપોર્ટિંગ કરતી વખતે કોઈપણ પ્રકારની પાયા વગરની અવાફાઓથી દૂર રહેવું જોઈએ તેવું મીડિયા અહેવાલો દ્વારા પણ સૂચવવામાં આવ્યું છે. કોઈ જાણીતી વ્યક્તિના નામનો ઉપયોગ કરીને ખોટા સનસનાટીભર્યા અહેવાલો બનાવવા એ નૈતિક પત્રકારત્વની વિરુદ્ધ છે.

વેસ્ટ ઈન્ડિઝ સામે શાનદાર જીત

# ભારત વેસ્ટ ઈન્ડિઝ શાનદાર વિજય, શ્રેયસ ઐયરની વિસ્ફોટક સદી

(એજન્સી) નવી દિલ્હી । તા. 07

ક્રિકેટ જગતના રોમાંચક મુકાબલામાં ભારતીય ટીમે વેસ્ટ ઈન્ડિઝ સામેની શ્રેણીની પ્રથમ ટી ટ્વેન્ટી મેચમાં શાનદાર અને ધમાકેદાર ઓલરાઉન્ડ પ્રદર્શન કરીને 8 વિકેટે વિજય મેળવ્યો છે, જેમાં કેપ્ટનની વિસ્ફોટક સદી અને નમન ધીરની ઘાતક બોલિંગે મહત્વની ભૂમિકા ભજવી હતી. વેસ્ટ ઈન્ડિઝની ટીમે પ્રથમ બેટિંગ કરતા નિર્ધારિત ઓવરોમાં 171 રનનો સ્કોર બનાવ્યો હતો અને ટીમ ઓલઆઉટ થઈ ગઈ હતી. વેસ્ટ ઈન્ડિઝ તરફથી શેરફેન રધરફોર્ડે 34 બોલમાં 56 રનની શાનદાર ઈનિંગ રમી હતી, જ્યારે કેપ્ટન શાઈ હોપે પણ 37 બોલમાં 52 રનની અડધી સદી ફટકારી હતી. અન્ય ખેલાડીઓમાં અકીલ હુસૈને 15 રન અને કામિલ પૂરને 12 રનનું યોગદાન આપ્યું હતું, જેનાથી ટીમ એક respectable સ્કોર સુધી પહોંચવામાં સફળ રહી હતી.

ભારતીય બોલિંગ આક્રમણ સામે વિરોધી ટીમના બેટ્સમેનો શરૂઆતથી જ મુશ્કેલીમાં મુકાયા હતા. નમન ધીરે અત્યંત ઘાતક બોલિંગ પ્રદર્શન કરતા 4 ઓવરમાં 31 રન આપીને 3 મહત્વપૂર્ણ વિકેટો ઝડપી હતી. આ ઉપરાંત અનુભવી ઓલરાઉન્ડર અક્ષર પટેલે 26 રન આપીને 2 વિકેટ મેળવી હતી અને સ્પિનર કુલદીપ યાદવે પણ 33 રન ખર્ચીને 2 મહત્વની વિકેટ પોતાના નામે કરી હતી. ઝડપી બોલરો અર્શદીપ સિંહ અને મયંક યાદવે પણ એક-એક વિકેટ ઝડપીને વિરોધી ટીમની કમર તોડી નાખી હતી. વેસ્ટ ઈન્ડિઝ દ્વારા આપવામાં આવેલા 172 રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી ભારતીય ટીમની શરૂઆત આક્રમક રહી હતી. કેપ્ટન શ્રેયસ ઐયરે કેપ્ટન ઈનિંગ રમતા મેદાનની ચારેય તરફ ચોગ્ગા-છગ્ગાનો વરસાદ કર્યો હતો અને માત્ર 43 બોલમાં 10 ચોગ્ગા તથા 6 ગગનચુંબી છગ્ગાની મદદથી અણનમ 102 રનની વિસ્ફોટક સદી ફટકારી હતી. તેમને સાથ આપતા ઈશાન કિશને 27 બોલમાં અણનમ 37 રન બનાવ્યા હતા, જેનાથી ભારતે માત્ર 14.4 ઓવરમાં જ 2 વિકેટ ગુમાવીને 172 રનનો લક્ષ્યાંક સરળતાથી હાંસલ કરી લીધો હતો. પ્રથમ મુકાબલામાં ભવ્ય વિજય મેળવ્યા બાદ હવે ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે શ્રેણીની બીજી ટી ટ્વેન્ટી મેચ શુક્રવાર, 9 ઓક્ટોબરના રોજ રાંચી ખાતે રમાશે. ત્યારબાદ ત્રીજી મેચ 11 ઓક્ટોબરે ઈન્દોરમાં, ચોથી મેચ 14 ઓક્ટોબરે હૈદરાબાદમાં અને પાંચમી તaથા અંતિમ મેચ 17 ઓક્ટોબરે બેંગલુરુ ખાતે યોજાશે.

### રેસ્ક્યૂ ઓપરેશન પાર પાડી 23 ભારતીય ક્રૂ મેમ્બર્સને સુરક્ષિત બચાવાયા

# રશિયાના બ્લેક સીમાં ઓઈલ ટેન્કર પર ભયાનક ડ્રોન હુમલો



(એજન્સી)મોસ્કો। તા. 07

રશિયાના કાળા સમુદ્ર (બ્લેક સી) કિનારે એક અજાણ્યા અનમેન્ડ વેસલ (ડ્રોન) વડે કરાયેલા ભયાનક હુમલા બાદ લાઈબેરિયાના ધ્વજ હેઠળ જઈ રહેલા ઓઈલ ટેન્કર ‘એફ્રામેક્સ રિયો’ (Aframax Rio) માં ભીષણ આગ ફાટી નીકળી હતી. આ ગંભીર દુર્ઘટના બાદ રશિયન કોસ્ટગાર્ડ અને ઈમરજન્સી ટીમો દ્વારા તાત્કાલિક ધોરણે એક મોટું રેસ્ક્યૂ ઓપરેશન ચલાવવામાં આવ્યું હતું, જેના પરિણામે ટેન્કર પર સવાર તમામ ૨૩ ભારતીય ક્રૂ મેમ્બર્સને સુરક્ષિત રીતે બહાર કાઢી લેવામાં આવ્યા છે. રશિયન ટ્રાન્સપોર્ટ મંત્રાલયે ટેલિગ્રામ પર સત્તાવાર નિવેદન જારી કરીને પુષ્ટિ કરી છે કે તમામ ભારતીય નાગરિકો સુરક્ષિત છે અને આ ભીષણ આગમાં સદનસીબે કોઈને પણ ઈજા પહોંચી નથી.

મંગળવારે બ્લેક સીમાં બનેલી આ ઘટનાના સામે આવેલા વીડિયોમાં દરિયામાં સળગી રહેલા જહાજમાંથી આકાશ તરફ ધુમાડાના ઘાટા ગોટા ઉડતા નજરે પડ્યા હતા. રશિયાના દક્ષિણી ક્રાસ્નોદાર ક્ષેત્રમાં સ્થિત સિરિયસના સ્થાનિક તંત્રે દરિયામાં ઈમરજન્સી ઓપરેશન્સ ચાલી રહ્યા હોવાના કારણે આજુબાજુના દરિયા કિનારા (બીચ) સામાન્ય નાગરિકો માટે તાત્કાલિક અસરથી બંધ કરી દીધા હતા. ફાયરફાઈટર્સની ટીમોએ ભારે જહેમત બાદ ટેન્કરમાં લાગેલી આગ પર કાબૂ મેળવ્યો હતો. રશિયા-યુક્રેન યુદ્ધ અને ડ્રોન હુમલાના કારણે બ્લેક સી ક્ષેત્રમાં આંતરરાષ્ટ્રીય જહાજો અને ક્રૂ મેમ્બર્સની સુરક્ષા સામે મોટો ખતરો ઊભો થયો છે. અગાઉ પણ આ જ ક્ષેત્રમાં એક કાર્ગો શિપ પર થયેલા હુમલામાં ભારતીય કેપ્ટનનું મોત નીપજ્યું હતું, ત્યારે તાજેતરની આ ઘટનામાં સુરક્ષા દળોની સમયસૂચકતાને કારણે મોટો જાનમાલનો બચાવ થયો છે.

આંતરરાષ્ટ્રીય જળમાર્ગો પર ચાલી રહેલા સંઘર્ષો વચ્ચે માલવાહક જહાજો અને ખલાસીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે વૈશ્વિક સ્તરે કેવા વધારાના સુરક્ષા ધોરણો અપનાવવા જોઈએ તે અંગે આપ શું વિચારો છો?

### મોસ્કોમાં ફ્યૂઅલ ડેપો ખાક, વળતા પ્રહારમાં 5 ઘાયલ

# રશિયા પર યુક્રેનનો 900 ડ્રોનનો ભયાનક હુમલો



(એજન્સી) કીવ/મોસ્કો । તા. 07

રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલું યુદ્ધ હવે અત્યંત ખતરનાક અને વિનાશક મોડ પર પહોંચી ગયું છે. તાજેતરમાં યુક્રેને રશિયાની મુખ્ય ભૂમિ પર અત્યાર સુધીનો સૌથી મોટો ડ્રોન હુમલો કરતા એકસાથે આશરે ૯૦૦ જેટલા ડ્રોન છોડ્યા હતા. યુક્રેને રશિયા દ્વારા કબજે કરવામાં આવેલા વિસ્તારો તેમજ સીધા રશિયન આંતરરાળ વિસ્તારોને નિશાન બનાવ્યા છે. આ ભીષણ હુમલાના કારણે મોસ્કોમાં પેટ્રોલ-ડીઝલના ફ્યૂઅલ ડેપોમાં ભયાનક આગ લાગી હતી અને બે લોકોના મોત થયા હોવાના અહેવાલ છે.

મીડિયા રિપોર્ટ્સ અને મોસ્કોના મેયર સેરગેઇ સોબ્યાનીના જણાવ્યા અનુસાર, સોમવાર સાંજથી મંગળવાર વચ્ચે યુક્રેને માત્ર મોસ્કો પ્રાંત તરફ જ ૬૫૦થી વધુ ડ્રોન છોડ્યા હતા. રશિયન રક્ષણ મંત્રાલયે દાવો કર્યો હતો કે તેમની એર ડિફેન્સ સિસ્ટમે હવામાં જ મોટાભાગના ડ્રોનને તોડી પાડ્યા હતા, પરંતુ કેટલાક ડ્રોન મોસ્કોના મધ્ય ભાગ સુધી પહોંચવામાં સફળ રહ્યા હતા અને ઈંધણના ડેપો પર ત્રાટકતા મોટો ધડાકો થયો હતો. યુક્રેન લાંબા સમયથી રશિયાની ઓઈલ રિફાઈનરીઓ અને ઈંધણ ડેપોને આર્થિક નુકસાન પહોંચાડવા માટે આ પ્રકારની રણનીતિ અપનાવી રહ્યું છે.

યુક્રેન ઘણા સમયથી રશિયાના અંતરિયાળ વિસ્તારો સુધી હુમલા કરી શકે તેવા ડ્રોનનો ઉપયોગ વધારી રહ્યું છે. થોડા દિવસો પહેલા જ મોસ્કોને ટાર્ગેટ કરીને એક હજાર જેટલા ડ્રોન છોડયા હતા. હવે ફરી ૯૦૦ જેટલા ડ્રોન છોડવામાં આવ્યા છે. જેમાં રશિયાની રાજધાની મોસ્કોને ફરી નિશાન બનાવી છે. રશિયાએ એક નિવેદન જાહેર કરીને જણાવ્યું હતુ કે અમે યુક્રેન દ્વારા છોડાયેલા ૯૦૦માંથી મોટાભાગના ડ્રોનને હવામાં જ તોડી પાડયા હતા. જોકે સ્થાનિક મીડિયાના દાવા મુજબ કેટલાક ડ્રોન મોસ્કો સુધી પહોંચીને ઈંધણના ડેપો પર ત્રાટક્યા હતા. મોસ્કોના મેયર સેરગેઇ સોબ્યાનીને કહ્યું હતું કે યુક્રેને સોમવારથી મંગળવાર વચ્ચે મોસ્કો પ્રાંત પર આશરે ૬૫૦ જેટલા ડ્રોન છોડયા હતા. જેમાંથી મોટાભાગનાનો નાશ કરાયો હતો.

યુક્રેન વારંવાર રશિયાના ઓઈલ મથકો, ઈંધણ ડેપોને નિશાન બનાવી ડ્રોન હુમલા કરી રહ્યું છે. તાજેતરમાં જ યુક્રેને કહ્યું હતું કે તેણે રશિયાની રિફાઈનરીની ૫૧ ટકા ક્ષમતાને નિષ્ક્રિય કરી નાખી છે. યુક્રેને સાથે એવો પણ દાવો કર્યો છે કે રશિયા અમારા પર મોટો હુમલો કરવાની તૈયારીમાં છે. જોકે અમે આવા કોઈ પણ હુમલાને નિષ્ફળ બનાવવા માટે તૈયાર છીએ. રશિયા યુક્રેનમાં બ્રિજ પર બહુ હુમલા કરી રહ્યું છે, અત્યાર સુધી કિવમાં અનેક આવા બ્રિજ રશિયાએ તોડી પાડયા હતા, હવે ઝેપોરિઝ્ઝિયા શહેરમાં ડીનીપ્રો નદી પરના અનેક બ્રિજો પર રશિયાએ હુમલા કર્યા છે. કેટલાક બ્રિજો તુટી પડતા ભારે ટ્રાફિકની સમસ્યા સર્જાઇ હતી. રાત્રે રશિયાએ કરેલા આ હુમલામાં રહેણાંકની ઈમારતો પણ નિશાના પર આવી ગઇ હતી, જેને કારણે પાંચ લોકો ઘાયલ થયા હતા.

#### રશિયાના વળતા પ્રહાર અને નુકસાન

યુક્રેનના આ વ્યાપક હુમલા સામે રશિયાએ પણ વળતી આક્રમક કાર્યવાહી શરૂ કરી છે. રશિયાએ યુક્રેનના મહત્વપૂર્ણ પુલો, બંદરો અને સપ્લાય રૂટ્સને ધ્વસ્ત કરવાનું શરૂ કર્યું છે. કિવ બાદ હવે ઝેપોરિઝ્ઝિયા શહેરમાં ડીનીપ્રો નદી પર આવેલા પુલોને નિશાન બનાવવામાં આવ્યા છે, જેના કારણે પરિવહન ઠપ થઈ ગયું છે. આ ઉપરાંત, રાત્રે કરવામાં આવેલા મિસાઈલ અને ડ્રોન હુમલામાં રહેણાંક ઈમારતો પણ પ્રભાવિત થઈ છે, જેમાં પાંચ નાગરિકો ઈજાગ્રસ્ત થયા છે. બ્લેક સી અને આસપાસના દરિયાઈ વિસ્તારોમાં શિપિંગ અટકાવવા માટે પણ રશિયા સતત હુમલા કરી રહ્યું છે.

## ન્યૂઝ બ્રીફ

### મહાન બ્રિટિશ સાહિત્યકાર જેફ્રી આર્ચરનું ૮૬ વર્ષની વયે નિધન



લંડન | વિશ્વભરમાં પોતાના અદ્ભુત વાર્તા કહેવાની કળા માટે જાણીતા મહાન બ્રિટિશ સાહિત્યકાર જેફ્રી આર્ચરનું ૮૬ વર્ષની વયે નિધન થયું છે. તેમના પ્રકાશક ‘હાર્પર કોલિન્સ’ દ્વારા આ દુઃખદ સમાચારની પુષ્ટિ કરવામાં આવી છે કે તેઓ સોમવારે ઘરે શાંતિપૂર્વક અવસાન પામ્યા હતા. ખાસ વાત એ છે કે તેમની અત્યંત ચર્ચિત અને છેલ્લી નવલકથા ‘આદમ એન્ડ ઈવ’ ટૂંક સમયમાં જ પ્રકાશિત થવાની હતી, પરંતુ તેના થોડા જ દિવસો પૂર્વે તેમનું નિધન થવાથી સાહિત્ય જગતમાં ઘેરો શોક છવાઈ ગયો છે. જેફ્રી આર્ચરે તેમની ૫૦ વર્ષની લાંબી સાહિત્યિક યાત્રા દરમિયાન વિશ્વ સાહિત્યને અનેક બેસ્ટસેલર પુસ્તકો ભેટમાં આપ્યા છે. આ સપ્તાહે યોજાનારા ચેલીનહામ લિટરરી ફેસ્ટિવલમાં તેઓ હાજરી આપીને પોતાની ૫૦ વર્ષની સફર વિશે વક્તવ્ય આપવાના હતા. તેમના એડિટર કેટ ઈલ્ટને તેમને ‘માસ્ટર સ્ટોરીટેલર’ અને ‘એડિટર્સ-ડ્રીમ’ તરીકે બિરદાવ્યા છે.

### એડવાન્સ્ડ એઆઈ ખોટા હાથોમાં જશે તો માનવજાત માટે મોટું જોખમ




ક્યોટો | દુનિયામાં સતત વિકસિત થઈ રહેલી શક્તિશાળી AI સિસ્ટમ વિશે જાપાનના અબજોપતિ અને સોફ્ટબેન્ક ગ્રુપના સ્થાપક માસાયોશી સોને એક મોટી ચેતવણી આપી છે. જાપાનના ક્યોટો ખાતે યોજાયેલા ‘સાયન્સ એન્ડ ટેક્નોલોજી ઈન સોસાયટી ફોરમ’ કાર્યક્રમમાં બોલતા તેમણે જણાવ્યું હતું કે જો અત્યાધુનિક એઆઈ ખોટા હાથોમાં જશે, તો તે સમગ્ર માનવજાત માટે અત્યંત જોખમી સાબિત થશે. હવે કોઈપણ દેશ એડવાન્સ્ડ એઆઈ સાથે પરસ્પર લડવા સક્ષમ નથી અને માનવજાતે પરસ્પર લડવાને બદલે એઆઈ સામે એક થઈને તૈયારી રાખવી પડશે. એઆઈના વિકાસ માટે અબજો ડોલરનું રોકાણ કરનાર અને ઓપનએઆઈમાં ૬૫ અબજ ડોલરનું ભંડોળ આપનાર માસાયોશી સોન અગાઉ એઆઈને માનવ જીવનધોરણ સુધારવા માટે ઉત્તમ ગણાવતા હતા. પરંતુ, તાજેતરના મહિનાઓમાં એડવાન્સ્ડ એઆઈ મોડેલ્સ દ્વારા સુરક્ષા ભંગની વધતી ઘટનાઓને ધ્યાનમાં રાખીને તેમણે વૈશ્વિક સ્તરે સલામતી અને આંતરરાષ્ટ્રીય સહકાર વધારવાની ભારપૂર્વક જરૂરિયાત દર્શાવી છે. આ જ મંચ પરથી અમેરિકા તરફથી વ્હાઈટ હાઉસના ઓફિસ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી પોલિસીના નિર્દેશક માઈકલ ક્રેટસિઓસ દ્વારા ‘ક્યોટો વિઝન ફોર અ ગોલ્ડન એજ ઓફ સાયન્સ’ દસ્તાવેજ રજૂ કરવામાં આવ્યો હતો.

### ફ્રાન્સમાં ૧૯૬૮ બાદ પહેલીવાર વિદ્યાર્થીઓનું પ્રચંડ આંદોલન

# શિક્ષણ વ્યવસ્થા સામે રોષે ભરાયેલા 2.56 લાખ લોકો રસ્તા પર ઊતર્યા

(એજન્સી) પેરિસ । તા. 07

ફ્રાન્સની કથળેલી શિક્ષણ વ્યવસ્થા અને વહીવટી તંત્ર સામે વિદ્યાર્થીઓનો લાંબા સમયથી દબાયેલો રોષ હવે એક રાષ્ટ્રીય સંકટમાં પરિવર્તિત થઈ ગયો છે. ગત ૨૧ સપ્ટેમ્બરના રોજ સેન્ટ-એક્સુપરી હાઈસ્કૂલથી શરૂ થયેલું આ આંદોલન જંગલની આગની જેમ સમગ્ર ફ્રાન્સમાં ફેલાઈ ગયું છે. પેરિસથી લઈને લિલી અને માર્સિલે સુધીના શહેરોમાં સેંકડો શાળાઓ બંધ રહી છે અને રસ્તાઓ પર વિદ્યાર્થીઓની વિશાળ ભીડ જોવા મળી રહી છે. ૧૯૬૮ના ઐતિહાસિક આંદોલનની યાદ અપાવતી આ ઘટનાએ ફ્રાન્સની સરકાર અને અર્થવ્યવસ્થાની મુશ્કેલીઓમાં ભારે વધારો કરી દીધો છે.

સત્તાવાર આંકડાઓ મુજબ, મંગળવારે ફ્રાન્સભરમાં આશરે ૨.૫૬ લાખ લોકોએ પ્રદર્શન કર્યું હતું, જેમાં એકલા પેરિસમાં જ લગભગ ૫૬ હજાર લોકો એકઠા થયા હતા. જ્યારે વિદ્યાર્થી સંગઠનો દ્વારા પ્રદર્શનકારીઓની આ સંખ્યા ૪.૫ લાખ સુધીની હોવાનો દાવો કરવામાં આવ્યો છે.

આ આંદોલન પાછળનું મુખ્ય કારણ ફ્રાન્સની બગડતી શિક્ષણ વ્યવસ્થા છે. વિદ્યાર્થીઓ અને શિક્ષકો ખચાખચ ભરેલા વર્ગખંડો, શિક્ષકોની તીવ્ર અછત અને પાયાના સંસાધનોના અભાવ સામે વિરોધ નોંધી રહ્યા છે. વર્ષ ૨૦૦૮ની સરખામણીમાં શાળાઓમાં શિક્ષકોની સંખ્યા ઘટી છે, જ્યારે સેકન્ડરી શાળાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યામાં આશરે ૨.૫ લાખનો વધારો થયો છે, જેના કારણે શૈક્ષણિક માળખું અત્યંત દબાણ હેઠળ છે.

પેરિસમાં પ્રદર્શન દરમિયાન સ્થિતિ અત્યંત તણાવપૂર્ણ બની હતી. દંગા-નિયંત્રિત કરનાર પોલીસ અને પ્રદર્શનકારીઓ વચ્ચે ઉગ્ર અથડામણો થઈ હતી, જેમાં પોલીસે ભીડને ખદેડવા માટે ટીયરગેસ છોડ્યો હતો. વિરોધ પ્રદર્શન દરમિયાન અનેક સ્થળોએ કચરાપેટીઓ તેમજ શાળાના ડેસ્ક અને ખુરશીઓમાં આગ લગાડી દેવાની ઘટનાઓ પણ સામે આવી છે.



છેલ્લા કેટલાક સપ્તાહોમાં સુરક્ષા દળો દ્વારા ૬૦૦૦થી વધુ લોકોને હિરાસતમાં લેવામાં આવ્યા છે, જેમાં મોટાભાગના સગીરો છે અને તેમનો અગાઉનો કોઈ અપરાધિક રેકોર્ડ ન હોવાનું પણ બહાર આવ્યું છે. આ હિંસા અને ઘર્ષણમાં ૨૧૫ વિદ્યાર્થીઓ અને ૮૫ શિક્ષણ કર્મચારીઓ ઘાયલ થયા છે.

સરકાર દ્વારા વિદ્યાર્થીઓની કેટલીક માંગણીઓ પર છૂટછાટ આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો અને શિક્ષણ મંત્રીની વિદ્યાર્થી નેતાઓ સાથે બેઠક પણ યોજાઈ હતી, પરંતુ કોઈ નક્કર સમજૂતી સુધી પહોંચી શકાયું નથી. રાષ્ટ્રપતિની ચૂંટણીથી બિલકુલ પહેલાં થઈ રહેલા આ વ્યાપક પ્રદર્શનોએ વર્તમાન સરકારની ચિંતાઓમાં મોટો વધારો કર્યો છે.

શિક્ષણ અને યુવા પેઢીના ભવિષ્ય સાથે જોડાયેલા આવા ગંભીર પ્રશ્નોના નિરાકરણ માટે સરકારોએ નીતિગત સ્તરે કેવા દીર્ઘદ્રષ્ટિવાળા પગલાં ભરવા જોઈએ તેવું આપને લાગે છે?

સરકારે વિદ્યાર્થીઓની કેટલીક માંગણીઓ પર છૂટછાટ આપવાનો પ્રયાસ કર્યો હતો અને શિક્ષણ મંત્રીની વિદ્યાર્થી નેતાઓ સાથે બેઠક પણ યોજાઈ હતી, પરંતુ કોઈ નક્કર સમજૂતી સુધી પહોંચી શકાયું નહીં. સરકારના પ્રયાસો અને ઓનલાઈન પોર્ટલ છતાં વિદ્યાર્થીઓનો રોષ શાંત થયો નથી અને હજુ પણ મોટા વિરોધ પ્રદર્શનોનું એલાન કરવામાં આવી રહ્યું છે.

આ આંદોલન ઈતિહાસના 1968ના પ્રદર્શનોની યાદ અપાવી રહ્યું છે, જ્યારે વિદ્યાર્થીનું આંદોલન રાષ્ટ્રીય હડતાલમાં ફેરવાઈ ગયું હતું. રાષ્ટ્રપતિની ચૂંટણીથી બિલકુલ પહેલાં થઈ રહેલા આ પ્રદર્શનોએ ફ્રાન્સની સરકાર અને અર્થવ્યવસ્થાની મુશ્કેલીઓમાં ભારે વધારો કરી દીધો છે.

# ફિઝિક્સના નોબેલ પુરસ્કારની જાહેરાત, બેલ્જિયમના 82 વર્ષીય વૈજ્ઞાનિક ફ્રાન્સિસ હાલ્ઝનને સન્માન

(એજન્સી)મોસ્કો। તા. 07

રોયલ સ્વીડિશ એકેડમી ઓફ સાયન્સે વર્ષ ૨૦૨૬ના ફિઝિક્સ નોબેલ એવોર્ડની જાહેરાત કરી છે, જેમાં બેલ્જિયમના ૮૨ વર્ષીય વૈજ્ઞાનિક ફ્રાન્સિસ હાલ્ઝનની પસંદગી કરવામાં આવી છે. તેમને આઈસક્યુબ ન્યૂટ્રિનો ઓબ્ઝર્વેટરીમાં આપેલા ઉત્કૃષ્ટ યોગદાન અને ખગોળીય મૂળના હાઈ-એનર્જી (ઉચ્ચ ઉર્જાવાન) ન્યૂટ્રિનોની શોધ માટે આ પ્રતિષ્ઠિત સન્માન આપવામાં આવશે. બેલ્જિયમમાં જન્મેલા હાલ્ઝન અમેરિકાની વિસ્કોન્સિન યુનિવર્સિટી-મેડિસિન સાથે જોડાયેલા છે.

ફ્રાન્સિસ હાલ્ઝને ૧૯૮૮માં પહેલીવાર એવો દ્રષ્ટિકોણ રજૂ કર્યો હતો કે દક્ષિણ ધ્રુવના શુદ્ધ ગ્લેશિયર બરફનો ઉપયોગ ન્યૂટ્રિનો નામના કણોને ટ્રેક કરવા માટે થઈ શકે છે. તેમના વૈજ્ઞાનિક નેતૃત્વને કારણે દક્ષિણ ધ્રુવ પર ‘આઈસક્યુબ ઓબ્ઝર્વેટરી’નું નિર્માણ શક્ય બન્યું, જે આજે દુનિયાની સૌથી મોટી ન્યૂટ્રિનો ઓબ્ઝર્વેટરી છે. આ એક કિલોમીટર ઘન બરફમાં ફેલાયેલા પ્રકાશ સેન્સરોનું એક વિશાળ નેટવર્ક છે, જે ન્યૂટ્રિનો પરમાણુ નાભિક સાથે ટકરાતી વખતે પેદા થતી પ્રકાશની ચમકને ટ્રેક કરે છે.

ન્યૂટ્રિનોને બ્રહ્માંડના સૌથી માયાવી કણ માનવામાં આવે છે, કારણ કે તે પદાર્થ સાથે બહુ ઓછી પ્રતિક્રિયા કરે છે અને સરળતાથી પસાર થઈ જાય છે. અન્ય કણોથી વિપરિત, ન્યૂટ્રિનો પોતાની દિશા બદલ્યા વિના અને ઊર્જા ગુમાવ્યા વિના સીધા આપણા સુધી પહોંચે છે. આ ગુણધર્મને કારણે તે બ્રહ્માંડની અત્યંત ઊર્જાવાન પ્રક્રિયાઓ અને રહસ્યો વિશે એવી માહિતી પૂરી પાડે છે જે અન્ય કોઈ રીતે મેળવવી અશક્ય છે.

# લેબમાં ટેસ્ટ ટ્યુબ તૂટતા ઘાતક બેક્ટેરિયલ સંક્રમણ ફેલાયાનો દાવો, રશિયામાં 200થી વધુ લોકો તબીબી દેખરેખ હેઠળ

(એજન્સી)મોસ્કો। તા. 07

સોશિયલ મીડિયા પર ‘પ્રોફેટ ઓફ ડૂમ’ તરીકે ઓળખાતા બ્રિટિશ ભવિષ્યવક્તા ક્રેગ હેમિલ્ટન-પાર્કરની એક ભવિષ્યવાણી હાલમાં ભારે ચર્ચાનો વિષય બની છે. વિશ્વમાં નવી અને ઘાતક મહામારી આવવાની ચેતવણી આપ્યાના થોડા જ દિવસો બાદ રશિયાની એક ગુપ્ત લેબમાં ૨૮ વર્ષીય યુવા વિજ્ઞાની ડાર્યા શિપિલોનું શંકાસ્પદ અને દર્દનાક મોત થતાં આખી દુનિયામાં હડકંપ મચી ગયો છે. લોકો આ ઘટનાને ભવિષ્યવક્તાની ચેતવણી સાથે જોડીને જોઈ રહ્યા છે.

યુકેના રહેવાસી ક્રેગ હેમિલ્ટન-પાર્કરે અગાઉ પણ અનેક દાવા કર્યા છે. ગત ૨૪ સપ્ટેમ્બરે તેમણે એક





વીડિયોમાં દાવો કર્યો હતો કે તેમના ઘરે અચાનક આવેલા બે તિબ્બતી ભિક્ષુઓએ તેમને ચેતવણી આપી હતી કે દુનિયામાં ટૂંક સમયમાં જ ફેફસાં પર હુમલો કરનાર એક ખતરનાક બેક્ટેરિયલ મહામારી દસ્તક દેવાની છે.

આ અજીબોગરીબ દાવા બાદ સાઈબિરીયાની એન્ટિ-પ્લેગ ઈન્સ્ટિટ્યૂટમાંથી એક ડરામણી ખબર સામે આવી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ત્યાં કામ કરતી વિજ્ઞાની ડાર્યા શિપિલોવા પ્લેગના સૌથી ઘાતક સ્વરૂપ ગણાતા ‘ન્યુમોનિક પ્લેગ’નો શિકાર બની ગઈ હતી. લેબમાં કામ કરતી વખતે તેની પાસેથી લાઈવ બેક્ટેરિયાવાળી ટેસ્ટ ટ્યુબ તૂટી જવાથી આ જીવલેણ સંક્રમણ ફેલાયું હતું અને ૧ ઓક્ટોબરે તેનું મૃત્યુ થયું હતું.

રશિયન વહીવટી તંત્રમાં ભારે દોડધામ મચી ગઈ છે. ડાર્યા સાથે કામ કરનાર ૬૦થી વધુ સહયોગીઓને તે જ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટની અંદર રોકી રાખવામાં આવ્યા છે, જ્યારે અંદાજે ૨૦૦ જેટલા લોકોને ડોક્ટરોની કડક દેખરેખ હેઠળ રાખવામાં આવ્યા છે. આ ઉપરાંત, ઈરકુત્સ્ક વિસ્તારની પાંચ મોટી હોસ્પિટલોને ‘મહામારી મોડ’ પર મૂકીને ત્રણ અઠવાડિયા માટે સંપૂર્ણપણે સીલ કરી દેવામાં આવી છે.

**એઆઈ** નાસાના હબલ સ્પેસ ટેલિસ્કોપે ૩૬ વર્ષમાં પૂરી કરી પૃથ્વીની ૨ લાખ પ્રદક્ષિણા

# 17 લાખ બ્રહ્માંડ નિરીક્ષણો દ્વારા ખોલ્યા રહસ્યો

(એજન્સી) વોશિંગ્ટન/મુંબઈ । તા. 07

અમેરિકી અંતરિક્ષ સંશોધન સંસ્થા નાસા (NASA) ના અત્યંત લોકપ્રિય અને ઐતિહાસિક હબલ સ્પેસ ટેલિસ્કોપે (HST) ૧૯ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ પૃથ્વીની ૨,૦૦,૦૦૦ (બે લાખ) પ્રદક્ષિણા પૂરી કરીને ખગોળશાસ્ત્રના ઈતિહાસમાં એક સોનેરી અધ્યાય જોડ્યો છે. છેલ્લા ૩૬ વર્ષથી અંતરિક્ષના અણમોલ રહસ્યો અને અશ્ચર્યોનો તાગ મેળવવામાં હબલે અભૂતપૂર્વ સફળતા મેળવી છે. મહાન ખગોળશાસ્ત્રી એડવિન હબલના સન્માનમાં નામ આપવામાં આવેલું આ ટેલિસ્કોપ આજે પણ બ્રહ્માંડના ઊંડાણની અદ્ભુત તસવીરો દુનિયાને આપી રહ્યું છે.

નાસા દ્વારા ૨૪ એપ્રિલ ૧૯૯૦ના રોજ પૃથ્વીથી ૪૮૩ કિલોમીટરના અંતરે તરતું મૂકવામાં આવેલું આ ટેલિસ્કોપ અદભુત ગતિએ કાર્ય કરી રહ્યું છે: પ્રચંડ ગતિ: હબલ અંતરિક્ષમાં ૨૭,૦૦૦ કિલોમીટર પ્રતિ કલાકની તીવ્ર ગતિએ ગતિ કરે છે.

ભ્રમણકક્ષાનો સમય: તેને પૃથ્વીનું એક ચક્કર પૂરું



કરવામાં માત્ર ૯૦ મિનિટનો સમય લાગે છે, જે હિસાબે તે એક દિવસમાં પૃથ્વીની આશરે ૧૫ પ્રદક્ષિણા કરે છે.

કુલ અંતર: ૧૯ સપ્ટેમ્બરે પૃથ્વીની બે લાખમી પ્રદક્ષિણા પૂર્ણ કરવા સાથે તેણે પૃથ્વી ફરતે આઠ અબજ કિલોમીટરનો વિશાળ પ્રવાસ ખેડ્યો છે.

મૂળભૂત રીતે નાસાએ હબલને માત્ર ૧૫ વર્ષ માટે જ કાર્યરત કરવાનું આયોજન કર્યું હતું, પરંતુ તેની ઉત્કૃષ્ટ કામગીરીને કારણે તેણે અનેક દાયકાઓ સુધી વિજ્ઞાન જગતની સેવા કરી છે. તેની આ ૩૬ વર્ષની યાત્રા દરમિયાન તેણે અનંત બ્રહ્માંડમાં ૧૭ લાખ પ્રકારનાં વિવિધ નિરીક્ષણો કર્યા છે. જેમાં દૂરની આકાશગંગાઓ (Galaxy), નિહારિકા (Nebula), સૌરમંડળ અને સૂર્યમંડળ બહારના ગ્રહો (Exoplanets) ની યાદગાર શોધ સામેલ છે. જ્યારે હબલે એક સુપરનોવા (તારાના વિસ્ફોટ) નું નિરીક્ષણ કર્યું, તે જ ક્ષણે તેણે પોતાની ૨ લાખ પ્રદક્ષિણાઓનો સીમાચિહ્ન આંક પાર કર્યો હતો.

ટાટા ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફંડામેન્ટલ રિસર્ચ ના સિનિયર ખગોળશાસ્ત્રી અને નાસા-ઈસરોના પ્રોજેક્ટના વિજ્ઞાની ડો. મયંક વાહિયાના જણાવ્યા અનુસાર, હબલના સંશોધનોએ વિશ્વભરના ખગોળશાસ્ત્રીઓને બ્રહ્માંડના રહસ્યોનો સાચો ખજાનો આપ્યો છે. હાલના સમયમાં જેમ્સ વેબ સ્પેસ ટેલિસ્કોપ ભલે બ્રહ્માંડના બાળપણ સુધી નજર પહોંચાડી રહ્યું હોય, પરંતુ તેની પાયાની સફળતાનો શ્રેષ્ઠ માર્ગ હબલ ટેલિસ્કોપે જ તૈયાર કર્યો છે. વૈજ્ઞાનિકોના અંદાજ મુજબ, હબલ સ્પેસ ટેલિસ્કોપ હજી ૨૦૩૦ના અંત સુધી કાર્યરત રહી શકે છે.

# હિમાલયથી દિલ્હી સુધી ભૂકંપનું જોખમ, દર વર્ષે ૫ સે.મી. ખસી રહી છે ભારતીય પ્લેટ

(એજન્સી) હૈદરાબાદ । તા. 07

ભારતીય પ્લેટની ઉત્તર તરફ થઈ રહેલી સતત હલચલને લઈને એક અત્યંત મહત્વપૂર્ણ અને ચિંતાજનક વૈજ્ઞાનિક ખુલાસો સામે આવ્યો છે. હૈદરાબાદ સ્થિત નેશનલ જિયોફિઝિકલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (NGRI)ના વૈજ્ઞાનિકો દ્વારા કરવામાં આવેલા તાજેતરના સંશોધન મુજબ, ભારતીય પ્લેટ તિબ્બત તરફ દર વર્ષે ૫ સેન્ટીમીટરના દરે આગળ વધી રહી છે. આ બંને પ્લેટોની ભીષણ ટક્કરના કારણે હિમાલયની નીચે આશરે ૧૦૦ કિલોમીટર સુધી ભારે દબાણ સર્જાઈ રહ્યું છે, જેના કારણે પ્લેટ વળી રહી છે તેમજ તૂટી પણ રહી છે. આ સંશોધને ઉત્તર ભારત અને હિમાલયી ક્ષેત્રોમાં ભૂકંપની સંભાવનાઓ અંગે નવી ચેતવણી ઉચ્ચારી છે.

ગુરુત્વાકર્ષણ, ભૂકંપ અને સેટેલાઇટથી પ્રાપ્ત આંકડાઓના આધારે કરવામાં આવેલા આ સંશોધનમાં જાણવા મળ્યું છે કે ભારતીય પ્લેટ અને યુરેશિયન પ્લેટ વચ્ચે લાખો વર્ષોથી ટક્કર થઈ રહી છે, જેના પરિણામે જ હિમાલયનું નિર્માણ થયું હતું. જમીનની અંદર ખડકો પર સતત વધતા જતા તણાવ અને દબાણને કારણે જ્યારે આ ઊર્જા અચાનક બહાર આવે છે ત્યારે વિનાશક ભૂકંપ આવે છે. રિપોર્ટ અનુસાર, ભારતીય પ્લેટ દરેક જગ્યાએ એક સરખી રીતે આગળ નથી વધી રહી, પરંતુ કેટલાક ભાગોમાં તે નીચે તરફ વળી રહી છે તો કેટલાક ભાગોમાં તૂટી રહી છે, જે ભૂકંપની દૃષ્ટિએ અત્યંત સંવેદનશીલ સ્થિતિ દર્શાવે છે. આ સંશોધનમાં સૌથી મોટો ખુલાસો એ થયો છે કે ગંગાના મેદાન નીચે કેટલીક જૂની અને છુપાયેલી પર્વતીય સંરચનાઓ પણ અસ્તિત્વ ધરાવે છે. જેમાં દિલ્હી-હરિદ્વાર, ફૈઝાબાદ અને મુંગેર-સહરસા જેવી સંરચનાઓ સામેલ છે.

# NFR દ્વારા તેના સ્કાઉટ્સ અને ગાઇડ્સની ઉત્કૃષ્ટ કામગીરી અને સેવાઓના સન્માનમાં 'સ્ટેટ એવોર્ડ રેલી'નું આયોજન

માલિગાંવ | નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલ્વે (NFR) ના 'ભારત સ્કાઉટ્સ એન્ડ ગાઇડ્સ' દ્વારા ૩ થી ૫ ઓક્ટોબર, ૨૦૨૬ દરમિયાન માલિગાંવ સ્થિત રંગ ભવન અને સ્ટેટ ટ્રેનિંગ સેન્ટર ખાતે 'સ્ટેટ એવોર્ડ રેલી'નું આયોજન કરવામાં આવ્યું હતું. રાજ્ય સ્તરે સ્કાઉટ્સ, ગાઇડ્સ, રોવર્સ અને રેન્જર્સને આપવામાં આવતા સન્માનોમાં 'સ્ટેટ એવોર્ડ'ને સર્વોચ્ચ સન્માન માનવામાં આવે છે. આ કાર્યક્રમમાં NFRના જનરલ મેનેજર અને NFR ભારત સ્કાઉટ્સ એન્ડ ગાઇડ્સના મુખ્ય સંરક્ષક (ચીફ પેટ્રન) શ્રી ચેતન કુમાર શ્રીવાસ્તવ તથા નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલ્વે વિમેન્સ વેલ્ફેર ઓર્ગેનાઈઝેશન (NFRWWO)ના પ્રમુખ શ્રીમતી શાલિની શ્રીવાસ્તવ ઉપસ્થિત રહ્યા હતા.આ રેલીમાં વર્ષ ૨૦૨૨-૨૩, ૨૦૨૩-૨૪ અને ૨૦૨૪-૨૫ માટે 'સ્ટેટ એવોર્ડ' (જે 'ગવર્નર એવોર્ડ' તરીકે પણ ઓળખાય છે) પ્રાપ્ત કરનાર સ્કાઉટ્સ, ગાઇડ્સ, રોવર્સ અને રેન્જર્સનું સન્માન કરવામાં આવ્યું હતું. આ વર્ષો દરમિયાન કુલ ૩૨૧ સભ્યોની આ પુરસ્કાર માટે પસંદગી કરવામાં આવી હતી. જેમાં ૨૦૨૨-૨૩ માટે ૫, ૨૦૨૩-૨૪ માટે ૧૩૫ અને ૨૦૨૪-૨૫ માટે ૧૮૧ સભ્યોનો સમાવેશ થાય છે. ૫ ઓક્ટોબરના રોજ યોજાયેલા પુરસ્કાર સમારોહમાં ૨૯૩ સભ્યોએ ભાગ લીધો હતો, જેમાં સાંસ્કૃતિક અને બેન્ડ ટુકડીઓ તેમજ NFR ભારત સ્કાઉટ્સ એન્ડ ગાઇડ્સની જિલ્લા સંસ્થાઓના અધિકારીઓનો સમાવેશ થતો હતો.રેલ્વે સંસ્થાઓમાં, આ પુરસ્કાર સંબંધિત ઝોનલ રેલ્વેના મુખ્ય સંરક્ષક અને જનરલ મેનેજર દ્વારા એનાયત કરવામાં આવે છે. ઉમેદવારો જરૂરી 'પ્રોફિશિયન્સી બેજ' (કુશળતા બેજ) મેળવ્યા બાદ અને પાંચ દિવસીય પરીક્ષણ શિબિર સફળતાપૂર્વક પૂર્ણ કર્યા પછી આ પુરસ્કાર મેળવે છે; આ શિબિરમાં લાયક પરીક્ષકો તેમના જ્ઞાન અને કૌશલ્યનું મૂલ્યાંકન કરે છે. આ સિદ્ધિ પાત્ર સભ્યોને રાષ્ટ્રીય સ્તરના 'પ્રેસિડેન્ટ્સ એવોર્ડ' (રાષ્ટ્રપતિ પુરસ્કાર) માટેની પરીક્ષણ શિબિરની તૈયારી કરવામાં પણ મદદરૂપ થાય છે. NFR ભારત સ્કાઉટ્સ એન્ડ ગાઇડ્સે અસંખ્ય રાષ્ટ્રીય પુરસ્કારો અને સમર્પિત સામુદાયિક સેવા દ્વારા પોતાની આગવી ઓળખ ઊભી કરી છે. આ વર્ષે, ૨૪ સ્કાઉટ્સ, ગાઇડ્સ, રોવર્સ અને રેન્જર્સે પ્રતિષ્ઠિત 'પ્રેસિડેન્ટ્સ એવોર્ડ' (રાષ્ટ્રપતિ પુરસ્કાર) મેળવ્યો, જ્યારે ૪૪ કબ્સ અને બુલબુલ્સને 'ગોલ્ડન એરો એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવ્યા. અંબુબાચી મેળા ૨૦૨૬ દરમિયાન, ૨૨૫ સભ્યોએ કામાખ્યા ધામ ખાતે યાત્રાળુઓને ચોવીસેય કલાક સહાય પૂરી પાડી હતી. સ્વયંસેવકોએ NFRWWO ના સહયોગથી શિબિર અને જોરહાટ જિલ્લામાં પૂરથી અસરગ્રસ્ત પરિવારોને રાહત પણ પહોંચાડી હતી. તેમના યોગદાનમાં સ્વચ્છતા અભિયાનો, પર્યાવરણીય જાગૃતિ કાર્યક્રમો, કૌશલ્ય વિકાસ કાર્યક્રમો, માર્ગ સુરક્ષા અંગેના શેરી નાટકો, પીવાના પાણીનું વિતરણ અને રેલ્વે સ્ટેશનો પર ભીડનું સંચાલન જેવી પ્રવૃત્તિઓનો સમાવેશ થતો હતો. 'સ્ટેટ એવોર્ડ રેલી'એ શિસ્ત, નેતૃત્વ, ટીમવર્ક અને સામુદાયિક સેવા પ્રત્યે NFR ભારત સ્કાઉટ્સ એન્ડ ગાઇડ્સની પ્રતિબદ્ધતાને ઉજાગર કરી. પોતાના યુવા સભ્યોની સિદ્ધિઓને બિરદાવીને, NFR જવાબદાર નાગરિકત્વ અને સ્વૈચ્છિક સેવાની ભાવનાને પ્રોત્સાહન આપે છે, અને તેમને રેલ્વે તેમજ સમાજમાં અર્થપૂર્ણ યોગદાન આપવા માટે પ્રેરિત કરે છે.




# જ્ઞાનેશ સામે વિપક્ષનું હાઇ વોલ્ટેજ શક્તિ પ્રદર્શન



નવી દિલ્હી : મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ વોટ ચોરીના આક્ષેપો સાથે મંગળવારે કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીના નેતૃત્વમાં ઈન્ડિયા બ્લોકના ૧૪૦થી વધુ સાંસદોએ જ્ઞાનેશ કુમારના રાજીનામાની માગણી કરતાં સંસદથી ચૂંટણી પંચ ભવન સુધી 'સેવ ડેમોક્રસી માર્ચ' કરી હતી. જોકે, રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી સહિત સાંસદો અને દેખાવકારોને દિલ્હી પોલીસે ચૂંટણી પંચથી ૩૦૦ મીટર દૂર સુધી અટકાવી દીધા હતા. વિપક્ષના દેખાવોના કેન્દ્રમાં આવી ગયેલા રાહુલ ગાંધી સહિત દેખાવકારો આકાશવાણી ભવનમાં નવ કલાક કરતા વધુ સમય સુધી ધરણાં પર બેસી ગયા હતા. જોકે, દિલ્હી પોલીસે રાતે રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી, અખિલેશ યાદવ તથા ૫૦થી વધુ સાંસદો સહિતના નેતાઓની અટકાયત કરી હતી અને તેમને કિંગ્સવે કેમ્પ લઈ ગઈ હતી. જ્ઞાનેશ કુમાર સામે પાંચ દિવસમાં આ પાંચમા દેખાવો હોવાનું કહેવાઈ રહ્યું છે.દેશની મતદાર યાદીમાં સુધારા માટે ચૂંટણી પંચે શરૂ કરેલા 'સર' અભિયાને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સામે ભારે મુશ્કેલીઓ ઊભી કરી છે. 'સર' કાર્યવાહી હેઠળ દેશના કરોડો નાગરિકોના નામ મતદાર યાદીમાંથી દૂર કરવાની ચૂંટણી પંચની કાર્યવાહીના સામે કોંગ્રેસના નેતૃત્વમાં વિપક્ષે મંગળવારે સંસદથી ચૂંટણી પંચની ઓફિસ સુધી 'સેવ ડેમોક્રસી માર્ચ' યોજી હતી. મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માગણી કરતાં વિપક્ષના નેતાઓને પોલીસે ચૂંટણી પંચની ઓફિસ પહેલા અનેક વખત રોક્યા હતા. 'જ્ઞાનેશ, ઈટ્સ ડન બ્રો'ના પોસ્ટરો અને 'વોટ ચોરી'ના સૂત્રોચ્ચાર સાથે વિપક્ષના રસ્તા પરના દેખાવોના કેન્દ્રમાં આવી ગયેલા રાહુલ ગાંધી ચૂંટણી પંચની ઓફિસથી ૩૦૦ મીટર નજીક પોલીસના બેરિકેડ પર ચઢી ગયા અને તિરંગો લહેરાવ્યો હતો.

## News Brief

### દિશા સાલિયન કેસને લઈ મોટા સમાચાર, પિતાએ બોમ્બે હાઈકોર્ટના આદેશની એક શરત પર વ્યક્ત કર્યો વાંધો

મુંબઈમાં દિશા સાલિયન મૃત્યુ કેસમાં બોમ્બે હાઈકોર્ટના નિર્ણય બાદ આ કેસ હેડલાઈન્સમાં રહ્યો છે. દિશાનું મૃત્યુ 8 જૂન, 2020 ના રોજ મુંબઈના મલાડ વિસ્તારમાં બહુમાળી ઈમારત પરથી પડી જવાથી થયું હતું.

મુંબઈમાં દિશા સાલિયન મૃત્યુ કેસમાં બોમ્બે હાઈકોર્ટના નિર્ણય બાદ આ કેસ હેડલાઈન્સમાં રહ્યો છે. દિશાનું મૃત્યુ 8 જૂન, 2020 ના રોજ મુંબઈના મલાડ વિસ્તારમાં બહુમાળી ઈમારત પરથી પડી જવાથી થયું હતું. સીબીઆઈ આ કેસની તપાસ કરી રહી છે. દિશાના પિતા સતીશ સાલિયને બોમ્બે હાઈકોર્ટમાં અરજી દાખલ કરી છે જેમાં 2 સપ્ટેમ્બરના આદેશમાં સમાવિષ્ટ શરતને દૂર કરવા અથવા સ્પષ્ટ કરવા માટે વિનંતી કરવામાં આવી છે.બોમ્બે હાઈકોર્ટે પોતાના આદેશમાં સીબીઆઈને એફઆઈઆર નોંધવા અને દિશા સાલિયનના મૃત્યુની તપાસ કરવાનો નિર્દેશ આપ્યો હતો. આદેશમાં કહેવામાં આવ્યું હતું કે જ્યાં સુધી તપાસ અધિકારી પાસે કોઈ વ્યક્તિ સામે વાજબી શંકા માટે પૂરતા કારણો ન હોય, ત્યાં સુધી તેને આરોપી ગણવો જોઈએ નહીં.

સતીશ સાલિયનનો દાવો છે કે આ સ્થિતિ તેમને ગંભીર અસર કરી રહી છે અને આરોપીઓ દ્વારા તેનો દુરુપયોગ કરવામાં આવી રહ્યો છે. પરિણામે, તેમણે આ શરતને દૂર કરવા અથવા સ્પષ્ટ કરવા માંગ કરી છે.સ્થાનિક પોલીસ અને એક સ્વતંત્ર SIT પહેલાથી જ દિશા સાલિયનના મૃત્યુને આત્મહત્યા ગણાવી ચૂકી છે.

### સંસદ ભવનથી ચૂંટણી પંચ સુધી માર્ચ અને આકાશવાણી ભવન ખાતે ધરણાં

# રાહુલ ગાંધી સાથે ઝપાઝપીના દૃશ્યો જોઈ ભડક્યા શશિ થરુર, કહ્યું - સરકારની કાર્યવાહી શરમજનક

(એજન્સી) નવી દિલ્હી | તા.07

નવી દિલ્હીમાં વિપક્ષી 'ઈન્ડિયા' ગઠબંધન દ્વારા ચૂંટણી પંચ સામે ઉગ્ર વિરોધ પ્રદર્શન યોજાયું હતું. સંસદ ભવનથી ચૂંટણી પંચ સુધીની કૂચ દરમિયાન પોલીસે રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી સહિત 260 નેતાઓને અટકાયતમાં લીધા હતા. આકાશવાણી ભવન પાસે ધરણાં પર બેઠેલા નેતાઓને બે કલાક બાદ મુક્ત કરાયા. રાહુલ ગાંધીએ PM મોદી, અમિત શાહ પર વોટ ચોરીનો ગંભીર આરોપ લગાવ્યો.નવી દિલ્હીમાં વિપક્ષી 'ઈન્ડિયા' ગઠબંધન દ્વારા ચૂંટણી પંચ સામે મોટો વિરોધ પ્રદર્શન યોજવામાં આવ્યો હતો. આ પ્રદર્શન દરમિયાન હોબાળો, સૂત્રોચ્ચાર અને ધરણાં પ્રદર્શનો વચ્ચે લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી અને કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી સહિત અનેક દિગ્ગજ નેતાઓને દિલ્હી પોલીસે મંગળવારે અટકાયતમાં લીધા હતા. મંગળવારે વિપક્ષી ગઠબંધનના સાંસદોએ સંસદ ભવનથી ચૂંટણી પંચ તરફ કૂચ કરી હતી. પરંતુ પોલીસે સંસદ માર્ગ પર નીતિ આયોગ અને આકાશવાણી ભવન પાસે જ આ માર્ચને



અટકાવી દીધી હતી. ત્યારબાદ તમામ વિપક્ષી સાંસદો રસ્તા પર જ ધરણાં પર બેસી ગયા હતા.આ દરમિયાન રાહુલ ગાંધીએ વડાપ્રધાન મોદી, ગૃહમંત્રી અમિત શાહ, આરએસએસ પ્રમુખ મોહન ભાગવત અને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર પર વોટ ચોરી દ્વારા દેશને હાઈજેક કરવાનો ગંભીર આરોપ લગાવ્યો હતો. તેમણે કહ્યું કે વિપક્ષી પક્ષોના આશરે 300 સાંસદો મુખ્ય ચૂંટણી કમિશનરને મળવા ગયા હતા પરંતુ તેમને મળવા દેવામાં આવ્યા ન હતા. તેમજ મંગળવારે રાત્રે આશરે 8 વાગ્યે પોલીસ દ્વારા રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી અને કે.સી. વેણુગોપાલ તેમજ 10 સાંસદો સહિત કુલ 260 જેટલા લોકોને કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા. જો કે, અટકાયતના લગભગ બે કલાક બાદ રાત્રે આશરે 10 વાગ્યે તમામ નેતાઓને મુક્ત કરવામાં આવ્યા હતા.બહાર આવ્યા બાદ રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને લખ્યું, 'લોકતંત્રના ગદ્દારોને બચાવવા માટે અત્યારે જે થોડું-ઘણું લોકતંત્ર અસ્તિત્વમાં છે તેને ઘસડવામાં આવ્યું છે. હિસાબ થશે, એક પણ દેશદ્રોહી બક્ષવામાં નહીં આવે.'આ સમગ્ર ઘટનાક્રમ વચ્ચે કોંગ્રેસ સાંસદ શશિ થરૂર આ પ્રદર્શનમાં સામેલ નહોતા કારણ કે તેઓ ચાર મહિના પહેલાં નક્કી થયેલી જર્મનીની એક કોન્ફરન્સમાં ભાગ લઈ રહ્યા છે. તેમ છતાં તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'x' પર સરકાર સામે આક્રોશ વ્યક્ત કર્યો હતો. થરૂરે જણાવ્યું હતું કે, 'વિપક્ષ નેતા રાહુલ ગાંધી સાથે હાથાપાઈ કરવા અને તેમને અટકાયતમાં લેવાની તસવીરો જોઈને હું ખૂબ દુઃખી છું. એક તરફ 13 કરોડ મતદારોના અધિકારો છીનવાઈ રહ્યા છે ત્યારે વિરોધ પ્રદર્શન કરવું એ દરેક નાગરિકના બંધારણીય અધિકારો માટે ઊભા રહેવા જેવું છે અને આ મામલે સરકારની પ્રતિક્રિયા અત્યંત શરમજનક છે.

### સરહદ પર ચાપતી નજર... તો મ્યાનમારથી ભાતમાં ઘુસણખોરી, UPથી ઝડપાઈ 4 યુવતીઓ



(એજન્સી) નવી દિલ્હી | તા.07

ભારતમાં ગેરકાયદેસર રીતે વિદેશી મહિલાઓની તસ્કરી કરતા નેટવર્કની તપાસમાં ઘૂસણખોરીના નવા રૂટ અને જોડાણો ખુલ્યા છે.ભારતમાં ગેરકાયદેસર રીતે વિદેશી મહિલાઓની તસ્કરી કરતા નેટવર્કની તપાસમાં ઘૂસણખોરીના નવા રૂટ અને જોડાણો ખુલ્યા છે. આરોપી મોહમ્મદ હસનની પૂછપરછમાં જાણવા મળ્યું છે કે, બાંગ્લાદેશ સરહદ પર દેખરેખ વધારવાને કારણે નેટવર્ક મ્યાનમારની સરહદે આવેલા મણિપુર અને મિઝોરમના પર્વતીય પ્રદેશોમાંથી ઘૂસણખોરી કરવાનું શરૂ કર્યું.રાષ્ટ્રીય ગુપ્તચર એજન્સી (NIA) ની એક ટીમ મંગળવારે ગ્વાલિયર પહોંચવાની હતી, પરંતુ તે પહોંચી ન હતી. NIA ની પૂછપરછ પછી મહિલાઓને પરત મોકલવાની પ્રક્રિયા શરૂ થશે. રવિવારે ગ્વાલિયર GRP એ ઉત્તર પ્રદેશના અલીગઢથી ચાર મ્યાનમારની મહિલાઓ સહિત છ લોકોની ધરપકડ કરી હતી. તપાસમાં જાણવા મળ્યું છે કે આ ગેંગ અગાઉ ત્રણ વિદેશી મહિલાઓને ભારતમાં લાવી હતી. સરહદ પાર કર્યા પછી તેમને વિવિધ શહેરોમાં મોકલવામાં આવ્યા હતા જ્યાં તેમને ઘરેલુ કામ, લગ્ન અથવા સ્થાનિક લોકો સાથેના સંબંધો દ્વારા રહેઠાણ પૂરું પાડવાની શંકા હતી. એજન્સીઓને શંકા છે કે UHID કાર્ડ સહિતના દસ્તાવેજોનો ઉપયોગ કરીને કેટલીક મહિલાઓને સ્થાનિક રહેવાસી તરીકે સ્થાપિત કરવાનો પ્રયાસ પણ કરવામાં આવ્યો હતો. બે યુવતીઓની ઓળખ રોહિંગ્યા તરીકે કરવામાં આવી છે. જોકે, દસ્તાવેજ ચકાસણી પછી સત્તાવાર પુષ્ટિ કરવામાં આવશે.

# દિલ્હી સહિત ઉત્તર ભારતમાં 4.9ના ભૂકંપથી ધરતી ધ્રૂજી



**પુલવામા અને શ્રીનગરમાં સાંજે 3.2ની તીવ્રતાના ભૂકંપથી લોકોમાં ગભરાટ : જાનહાની-નુકસાન નહીં**

નવી દિલ્હી : દિલ્હી-NCR સહિત હરિયાણા, યુપી અને ઉત્તરાખંડમાં મોડી રાત્રે 4.9 તીવ્રતાનો ભૂકંપ અનુભવાયો. ઉત્તરાખંડના ચમોલીમાં કેન્દ્રબિંદુ હતું. આ સિવાય શ્રીનગર અને પુલવામામાં સાંજે 3.2ની તીવ્રતાનો આંચકો આવ્યો. લોકોમાં ગભરાટ ફેલાયો, પરંતુ કોઈ જાનહાનિ કે નુકસાનના સમાચાર નથી. ઊંચી ઈમારતોમાંથી લોકો બહાર દોડી આવ્યા હતા. દેશની રાજધાની દિલ્હી અને આજુબાજુના વિસ્તારોમાં મોડી રાતે ભૂકંપના આંચકા અનુભવાતા લોકોમાં ભારે ગભરાટ ફેલાઈ ગયો હતો. રિક્ટર સ્કેલ પર ભૂકંપની તિવ્રતા ૪.૯ માપવામાં આવી હતી. જોકે, ભૂંકપના કારણે જાનહાની કે નુકસાનના કોઈ અહેવાલ નથી. આ સિવાય જમ્મુ-કાશ્મીરના શ્રીનગર અને પુલવામામાં સ્થાનિક લોકોને સાંજે ૬.૪૪ કલાકે ૩.૨ની તિવ્રતાનો ભૂકંપ અનુભવાયો હતો.

દિલ્હી-એનસીઆર અને આજુબાજુના વિસ્તારોમાં મોડી રાતે ૧૦.૨૩ કલાકે ભૂકંપનો આંચકો આવ્યો હતો, જેની અસર હરિયાણા, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડમાં અનુભવાઈ હતી. રાષ્ટ્રીય ભૂકંપ વિજ્ઞાન કેન્દ્ર મુજબ રિક્ટર સ્કેલ પર તેની તિવ્રતા ૪.૯ નોંધાઈ હતી અને તેનું કેન્દ્રબિંદુ ઉત્તરાખંડના ચમોલીમાં જમીનથી ૧૩ કિ.મી. નીચે હતું. ભૂકંપનો આંચકો અનુભવાતા ઊંચી ઈમારતોમાં રહેતા લોકો ગભરાઈને નીચે દોડી આવ્યા હતા. તેમણે તેમના અનુભવો સોશિયલ મીડિયા પર શેર કરવાનું શરૂ કરી દીધું હતું. આ પહેલા જમ્મુ-કાશ્મીરના શ્રીનગર અને પુલવામામાં સાંજે ૬.૪૪ કલાકે ૩.૨ની તિવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. તેનું કેન્દ્ર શ્રીનગરથી દક્ષિણ પૂર્વ તરફ ૨૮ કિ.મી. દૂર અને પાંચ કિ.મી. નીચે હતું. જોકે, ભૂકંપથી નુકસાનના કોઈ અહેવાલ નથી.

## યુપીના 7 જિલ્લાઓમાં પૂર, લખનઉમાં 6 મિત્રો તણાયા:ઉત્તરાખંડ અને હરિયાણામાં કરા પડ્યા; એમપી-બિહાર સહિત 9 રાજ્યોમાં વરસાદનું અનુમાન

નવી દિલ્હી : દેશના મોટાભાગના રાજ્યોમાંથી ચોમાસું પાછું ફરી ગયું છે. જોકે, મધ્ય પ્રદેશના 16 જિલ્લાઓમાં ચક્રવાતની અસરને કારણે આગામી 3 દિવસ વરસાદ પડવાની આગાહી છે. તેમજ ઉત્તરાખંડ, બિહાર, હરિયાણા, ઝારખંડ, ઉત્તર પ્રદેશ, હિમાચલ પ્રદેશ, છત્તીસગઢ અને પંજાબમાં વરસાદની શક્યતા છે.

પહાડોમાં થયેલા વરસાદને કારણે ઉત્તર પ્રદેશમાં 10 નદીઓ ગાંડીતૂર બની છે. લખનઉ અને સીતાપુર સહિત 7 જિલ્લાઓમાં તથા ગોંડાના 10 ગામોમાં હજુ પણ પૂર છે. લખનઉના ઈટૌંજા વિસ્તારમાં પૂરનાં પાણીના ઝડપી પ્રવાહમાં 6 મિત્રો તણાઈ ગયા. એકનું મૃત્યુ થયું. 5 લોકોને બચાવી લેવામાં આવ્યા. ઉન્નાવમાં દીવાલ ધરાશાયી થતાં એક મહિલાનું મૃત્યુ થયું. ઉત્તરાખંડના અનેક વિસ્તારોમાં મંગળવાર સાંજે વરસાદ અને હિમવર્ષા થઈ. દેહરાદૂનમાં વરસાદ પડ્યો, જ્યારે અલ્મોડા અને ઉત્તરકાશીમાં ભારે વરસાદ સાથે કરા પડ્યા. તેમજ હરિયાણાના પંચકુલામાં પણ કરા પડ્યા. યમુનાનગરમાં થયેલા ભારે વરસાદને કારણે મંડીઓમાં ખુલ્લામાં રાખવામાં આવેલું ડાંગરનું પાક અને ટ્રેક્ટર-ટ્રોલીઓમાં ભરેલી ઉપજ પણ ભીંજાઈ ગઈ.બિહારના મુંગેર, ગયાજી, બાંકા અને મોતીહારીમાં મંગળવારે વરસાદ થયો. 6 જિલ્લાના આશરે 466 ગામો હજુ પણ પૂરની ઝપેટમાં છે. આશરે 8 લાખ લોકો પૂરથી અસરગ્રસ્ત છે.

## દિલ્હીમાં કોકરોચ પાર્ટી અને ડાબેરી પક્ષની પ્રેસ કોન્ફરન્સ:કહ્યું- અગાઉ પણ સરકારને ઝુકાવી હતી, ફરી પ્રદર્શન કરીશું; જ્ઞાનેશ કુમારના રાજીનામાની માગ

નવી દિલ્હી : દિલ્હીના પ્રેસ ક્લબમાં કૉકરોચ જનતા પાર્ટી અને લેફ્ટના વિદ્યાર્થી સંગઠનોની પ્રેસ કૉન્ફરન્સ થઈ છે.આમાં AISAનાં અધ્યક્ષ નેહા, CJPના પ્રવક્તા સૌરવ દાસ અને રત્ના સિંહ, SFIના અધ્યક્ષ આદર્શ શાજી અને AISFના અધ્યક્ષ વિરજ સામેલ થયા છે.આ દરમિયાન નેહા બોરાએ કહ્યું કે અમે દિલ્હીમાં અને CJPએ મુંબઈમાં પ્રદર્શન કર્યું. દિલ્હીમાં 1000 લોકોને કસ્ટડીમાં લેવામાં આવ્યા. પોલીસે પ્રદર્શનકારીઓ સાથે મારપીટ કરી. અમે અગાઉ સરકારને ઝુકાવી હતી. એ જ લડાઈને અમે 10 ઑક્ટોબરે આગળ વધારીશું.10 ઑક્ટોબરે કૉકરોચ જનતા પાર્ટી દિલ્હીના જંતર-મંતર પર મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામા માટે પ્રદર્શન કરવાની છે. 2 ઑક્ટોબરથી 7 ઑક્ટોબર સુધી દેશભરમાં જ્ઞાનેશ કુમારના રાજીનામા માટે 7 મોટા પ્રદર્શનો થઈ ચૂક્યાં છે.ધ ઈન્ડિયન એક્સપ્રેસના અહેવાલ મુજબ, ચૂંટણી કમિશનર સુખબીર સિંહ સંધૂ અને વિવેક જોશીએ SIR સાથે જોડાયેલા નિર્ણયો અને આદેશો સામે રેકોર્ડમાં ઓછામાં ઓછા 14 વખત વાંધો ઉઠાવ્યો હતો.અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે કેટલાક નિર્ણયો બંને ચૂંટણી કમિશનરોની જાણકારી અથવા ભલામણ વિના જારી કરવામાં આવ્યા હતા. ત્યારબાદ વિપક્ષ CEC જ્ઞાનેશ કુમરના રાજીનામાની માંગ સાથે દેશભરમાં પ્રદર્શન કરી રહ્યો છે.કોકરોચ જનતા પાર્ટીના સ્થાપક અભિજિત દીપકેએ 2 ઓક્ટોબરની રાત્રે લગભગ 10:46 વાગ્યે 'એક્સ' પર પોસ્ટ કરીને કહ્યું હતું કે જો જ્ઞાનેશ કુમારે રાજીનામું નહીં આપ્યું, તો 10 ઓક્ટોબરે સમગ્ર દેશમાંથી કોકરોચ દિલ્હી પહોંચશે.

# જાવેદ અખ્તરે ફરી ધર્મ-આસ્થા સામે ઊઠાવ્યા સવાલ

(એજન્સી) નવી દિલ્હી | તા.07

પ્રખ્યાત ગીતકાર જાવેદ અખ્તરે ધર્મ, આસ્થા અને નાસ્તિકતા પર ખુલીને પોતાના વિચારો રજૂ કર્યા. તેમણે કહ્યું કે, મુશ્કેલ સમયમાં ધર્મ માનસિક સહારો આપી શકે, પરંતુ સુકુન મળવું એ સાચા હોવાનો પુરાવો નથી. ઈલોન મસ્કનું ઉદાહરણ આપી સમજાવ્યું કે, માત્ર આશાથી વાસ્તવિકતા બદલાતી નથી. 99% લોકો જન્મ્યા તે જ ધર્મમાં મૃત્યુ પામે છે, જે દર્શાવે છે કે ધર્મ પસંદગી નથી. વિચારો પર ભરોસો કરવો જોઈએ, વ્યક્તિ પર નહીં. પ્રખ્યાત લેખક અને ગીતકાર જાવેદ અખ્તર તેમના સ્પષ્ટ, નિડર અને ખુલ્લો અભિપ્રાય માટે જાણીતા છે. તેઓ એવી બાબતો પર સવાલ ઉઠાવે છે, જેને લોકો વગર વિચારે સાચી માની લેતા હોય છે. તાજેતરમાં એક વાતચીતમાં તેમણે ધર્મ, આસ્થા અને નાસ્તિકતાને લઈને ખુલીને પોતાના વિચારો રજૂ કર્યા હતા. તેમણે સ્વીકાર્યું કે મુશ્કેલ સમયમાં ધર્મ અને આસ્થા માનવીને માનસિક સહારો આપી શકે છે, પરંતુ તેમનો સવાલ એ છે કે કોઈ બાબતથી માનસિક શાંતિ મળવી એ વાતનો પુરાવો કઈ રીતે બની શકે કે તે બાબત વાસ્તવમાં સાચી પણ છે?જાવેદ અખ્તરે જણાવ્યું કે,



'ઘણા લોકો મુશ્કેલ સમયમાં કોઈ મોટી શક્તિ કે ભગવાન પર એટલા માટે ભરોસો કરે છે કારણ કે તેનાથી તેમને ભાવનાત્મક સહારો મળે છે. તેમને લાગે છે કે કોઈ છે જે તેમની સંભાળ રાખી રહ્યું છે. પરંતુ, માત્ર આ ભરોસાના આધારે કોઈ ધાર્મિક વિશ્વાસને સાચો માની શકાય નહીં. આ એક એવો આધાર છે જે માનવીને માનસિક રાહત તો આપી શકે છે, પરંતુ તે હકીકત હોય તે જરૂરી નથી.'પોતાની વાત સ્પષ્ટ કરવા માટે જાવેદ અખ્તરે દુનિયાના જાણીતા ઉદ્યોગપતિ ઈલોન મસ્કનું ઉદાહરણ આપ્યું હતું. તેમણે કહ્યું કે, 'જો કોઈ વ્યક્તિ પૂરા દિલથી એવું માની લે કે ઈલોન મસ્ક તેનો ભાઈ છે અને આગામી મહિને તેને અબજો ડૉલર મળવાના છે, તો આ વિચાર તેને ખુશી અને સુરક્ષાનો અહેસાસ કરાવી શકે છે.

જો કોઈ સતત એમ કહ્યા કરે કે પૈસા આવવાના છે, તો તે આ આશાના સહારે ખુશ રહી શકે છે. પરંતુ તેનાથી એ સાબિત નથી થઈ જતું કે ખરેખર ઈલોન મસ્ક તેનો ભાઈ છે કે તેને પૈસા મળવાના છે.' જાવેદ અખ્તરે એવો સવાલ પણ ઉઠાવ્યો કે શું ધર્મ વાસ્તવમાં મોટાભાગના લોકોની પોતાની પસંદગીની ચીજ છે? તેમણે કહ્યું કે, 'દુનિયામાં મોટાભાગના લોકો તે જ ધર્મને માનતા મોટા થાય છે જેમાં તેમનો જન્મ થયો હોય છે. આશરે 99 ટકા લોકો તે જ ધર્મમાં મૃત્યુ પામે છે જેમાં તેઓ જન્મ્યા હતા. એવી સ્થિતિમાં એ વિચારવું જરૂરી છે કે આપણી ધાર્મિક માન્યતાઓ આપણે જાતે તર્ક અને વિચાર-વિમર્શથી બનાવી છે કે પછી તે આપણને બાળપણથી જ મળી છે?' જાવેદ અખ્તરે જણાવ્યું કે, 'કોઈ વ્યક્તિની વાતને માત્ર એટલા માટે સાચી ન માની લેવી જોઈએ કારણ કે આપણે તે વ્યક્તિ પર ભરોસો કરીએ છીએ. તેમના મતે, સમય સાથે વ્યક્તિ પોતાના અભિપ્રાય બદલી શકે છે. એટલા માટે કોઈ વ્યક્તિના બદલે તેના વિચારોને પારખવા જોઈએ. કોણ કહી રહ્યું છે, તેના કરતા એ વધારે મહત્ત્વનું છે કે તે જે કહી રહ્યો છે તેમાં કેટલો દમ છે. દુનિયાના તમામ ધર્મોને માત્ર એટલા માટે એક સરખા ન કહી શકાય કે બધા ધર્મો માનવીને સારા બનાવવાની વાત કરે છે; જુદા-જુદા ધર્મોની માન્યતાઓ અને વિચારો એકબીજાથી અલગ હોય છે.'

**asREC (India) Limited** બિલ્ડિંગ નં. ૨, યુનિટ નં. ૨૦૧-૨૦૨A અને ૨૦૦-૨૦૨B, ગ્રાઉન્ડ ફ્લોર, સોલિટેર કોર્પોરેટ પાર્ક, અંધેરી ઘાટકોપર લિંક રોડ, ચકલા, અંધેરી (પૂર્વ), મુંબઈ-૪૦૦ ૦૯૩.

**પરિશિષ્ટ-IV-એ**
**જાહેર હરાજી માટેની જાહેર નોટિસ - અચલ મિલકતનું વેચાણ**

**(સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, 2002 ના નિયમ 9 સાથે વંચાણમાં લેવાયેલ નિયમ 8(6) હેઠળ)**

આથી, ASREC (ઈન્ડિયા) લિમિટેડ એ એક સિક્યોરિટાઈઝેશન એન્ડ એસેટ રીકન્સ્ટ્રક્શન કંપની છે (ત્યારબાદ 'એએસઆરઈસી' તરીકે ઓળખવામાં આવે છે) અને સ્ટેટ બેંક ઓફ બિકાનેર એન્ડ જયપુર (હવે એસબીઆઈ) સાથે તારીખ 27.06.2014 ના રોજ કરવામાં આવેલ એસાઈનમેન્ટ કરાર અનુસાર લોન લેનાર ખાતાઓની સુરક્ષિત લેણદાર છે અને તેણે મૂળ લેણદાર, સ્ટેટ બેંક ઓફ બિકાનેર એન્ડ જયપુર (હવે એસબીઆઈ) પાસેથી મેસર્સ ડાયનેમિક્સ ઉર્જા (ઈન્ડિયા) લિમિટેડ અને ડિરેક્ટરો/જામીનદારો શ્રી નારાયણ પ્રસાદ ટેકરીવાલ, મેસર્સ હાઈ-ટેક એબ્રાસિવ લિમિટેડ, શ્રી રોહિત મસ્કારા, શ્રી પંકજ ટેકરીવાલ, શ્રી અશોક મસ્કારા, શ્રી સુનીલ મસ્કારા, શ્રીમતી નીતા મસ્કારાનું સુરક્ષિત દેવું અંતર્ગત સિક્યોરિટીઝ સાથે હસ્તગત કર્યું છે.

સ્ટેટ બેંક ઓફ બિકાનેર એન્ડ જયપુર (હવે એસબીઆઈ) ના અધિકૃત અધિકારીએ, ફાઈનાન્સિયલ એસેટ્સનું સિક્યોરિટાઈઝેશન અને રીકન્સ્ટ્રક્શન અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટની એન્ફોર્સમેન્ટ એક્ટ, 2002 (સરફેસી) અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, 2002 હેઠળ પ્રદાન કરવામાં આવેલી સત્તાઓનો ઉપયોગ કરીને, ઉપરોક્ત અધિનિયમની કલમ 13(2) હેઠળ તારીખ 25.05.2010 ની માંગણી નોટિસ જારી કરી હતી જેમાં લોન લેનારાઓ/ડિરેક્ટરો/જામીનદારો/ગીરો મૂકનારને તારીખ 25.05.2010 ની સ્થિતિએ વ્યાજ અને ખર્ચ વગેરે વગર તારીખ 26.06.2010 થી આગળના વ્યાજ સહિત રૂ. 28,71,36,263.80/- (રૂપિયા અઠ્ઠાવીસ કરોડ એકર લાખ છત્રીસ હજાર બસ શિવાય એંશી પૈસા માત્ર) ની રકમ, જો કોઈ વસૂલાત કરવામાં આવી હોય તો તેને મજરે આપ્યા પછી, 60 દિવસના નિર્ધારિત સમયગાળાની અંદર ચૂકવવા માટે જણાવવામાં આવ્યું હતું.

ચૂકવણી કરવામાં લોન લેનાર, ડિરેક્ટરો/જામીનદારો/ગીરો મૂકનાર નિષ્ફળ ગયા હોવાથી, ઉપરોક્ત અધિનિયમની કલમ 13(2) હેઠળ તારીખ 25.05.2010 ની માંગણી નોટિસ મુજબ, લોન લેનારાઓ/ડિરેક્ટરો/જામીનદારો/ગીરો મૂકનાર પર બજાવવામાં આવેલી નોટિસના અનુસંધાનમાં અને સિક્યોરિટીઝ (ઈન્ટરેસ્ટ) એન્ફોર્સમેન્ટ નિયમો, 2002 સાથે વંચાણમાં લેવાયેલ કલમ 13(4) હેઠળ પ્રદાન કરવામાં આવેલી સત્તાઓનો ઉપયોગ કરીને, ASREC (ઈન્ડિયા) લિમિટેડના અધિકૃત અધિકારીએ નીચે અનુસૂચિમાં વધુ વિગતવાર વર્ણવેલ મિલકતનો ભૌતિક કબજો તારીખ 18.04.2011 ના રોજ લીધો.

તારીખ 27.06.2014 ના એસાઈમેન્ટ કરારના અનુસંધાનમાં, ASREC (ઈન્ડિયા) લિમિટેડ, ASREC પીએસ 02/2014-15 ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકેની ક્ષમતામાં કાર્ય કરીને, સરફેસી એક્ટ, 2002 ની કલમ 5 હેઠળ અંતર્ગત સિક્યોરિટી ઈન્ટરેસ્ટ સાથે તમામ હકો, ટાઈટલ અને હિતો સાથે સ્ટેટ બેંક ઓફ બિકાનેર એન્ડ જયપુર (હવે એસબીઆઈ) પાસેથી ઉપરોક્ત લોન લેનારની નાણાકીય અસ્કયામતો હસ્તગત કરી છે.

ઉપર જણાવેલ લોન લેનાર/ડિરેક્ટરો/ગીરો મૂકનાર/જામીનદાર ઉપરોક્ત માંગણી નોટિસ મુજબની સંપૂર્ણ બાકી રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયા છે અને સ્ટેટ બેંક ઓફ બિકાનેર એન્ડ જયપુર (હવે એસબીઆઈ) દ્વારા ASREC (ઈન્ડિયા) લિમિટેડની તરફેણમાં ઉપરોક્ત એસાઈમેન્ટ અનુસાર, ASREC (ઈન્ડિયા) લિમિટેડના અધિકૃત અધિકારી હવે લેણાંની વસૂલાત માટે નીચે દર્શાવેલ મિલકતનું વેચાણ કરવા માગે છે.

આથી સામાન્ય જનતાને અને ખાસ કરીને લોન લેનાર / સંયુક્ત / સહ-લોન લેનાર / ગીરો મૂકનાર / જામીનદારને આ નોટિસ આપવામાં આવે છે કે ASREC (ઈન્ડિયા) લિમિટેડના અધિકૃત અધિકારી લેણાંની વસૂલાત માટે નીચે દર્શાવેલ સુરક્ષિત મિલકતનું વેચાણ કરવા માગે છે અને તેથી નીચે વર્ણવેલ સુરક્ષિત મિલકતની ખરીદી માટે સામાન્ય જનતા પાસેથી ટેન્ડરો/બોલીઓ આમંત્રિત કરવામાં આવે છે. મિલકતનું વેચાણ ચુસ્તપણે "જે સ્થિતિમાં છે જ્યાં છે", "જે સ્થિતિમાં છે જેવી છે", "જેવી પણ સ્થિતિમાં છે" અને "કોઈ રીકોર્સ ધોરણે નહીં" ના ધોરણે કરવામાં આવશે.

| મિલકતનું વર્ણન | અનામત કિંમત (રૂપિયામાં) | અર્નેસ્ટ મની ડિપોઝિટ (ઈએમડી) (રૂપિયામાં) | બોલી વધારો (રૂપિયામાં) |
|---|---|---|---|
| મેસર્સ ડાયનેમિક્સ ઉર્જા (ઈન્ડિયા) લિમિટેડની માલિકીની, ગામ કણયાબે, ભચાઉ રોડ, જિ. ભુજ, ગુજરાત ખાતે સર્વે નં. 133(287) માં આવેલ અંદાજે 2-43-00 હેક્ટર ક્ષેત્રફળવાળી ફેક્ટરીની જમીન અને મકાન પરના પ્રથમ સમકક્ષ (પારી પાસ્યુ) ચાર્જનો તમામ તે ટુકડો, ભાગ અને પાર્સલ જેની સીમાબદ્ધ નીચે મુજબ છે: » ઉત્તર તરફ: રોડ અને અન્ય ફેક્ટરી » દક્ષિણ તરફ: ખુલ્લો પ્લોટ સર્વે નં. 132 » પૂર્વ તરફ: રોડ અને AMW (એશિયા મોટર વર્ક્સ) સર્વે નં. 135 » પશ્ચિમ તરફ: ખુલ્લો પ્લોટ સર્વે નં. 114 | 29.00 | 2.90 | 0.25 |
| | **29.00** | **2.90** | **0.25** |

**હરાજીની વિગતો:**

» હરાજીની તારીખ અને સમય: 27.10.2026 ના રોજ સવારે 11.00 વાગ્યે

» મિલકતનું નિરીક્ષણ: તારીખ 21.10.2026 ના રોજ સવારે 10.00 વાગ્યાથી બપોરે 12.00 વાગ્યા સુધી (કોઈપણ પ્રશ્ન માટે અગાઉથી જાણ કરીને સંપર્ક કરી શકાય છે.)

» બોલી ફોર્મનું સંગ્રહ: તારીખ 08.10.2026 થી 26.10.2026 - સવારે 10.00 વાગ્યાથી સાંજે 4.00 વાગ્યા સુધી

» બોલી ફોર્મ જમા કરાવવાની છેલ્લી તારીખ અને સમય: તારીખ 26.10.2026 ના રોજ સાંજે 5.00 વાગ્યા સુધી

» બોલી ફોર્મ સંગ્રહ/જમાનું સ્થળ: ASREC (ઈન્ડિયા) લિમિટેડની ઓફિસ, 201/202એ, બિલ્ડિંગ નં. 2, સોલિટાઈર કોર્પોરેટ પાર્ક, અંધેરી-ઘાટકોપર લિંક રોડ, ચકલા, અંધેરી (પૂર્વ), મુંબઈ-400093 ખાતેથી. ટેન્ડર ફોર્મ ASREC (ઈન્ડિયા) લિમિટેડની વેબસાઈટ (www.asrecindia.co.in) પરથી પણ ડાઉનલોડ કરી શકાશે. ASREC દ્વારા પ્રાપ્ત થયેલ ઓફરો/ટેન્ડરો અધિકૃત અધિકારી દ્વારા અમારી ઉપરોક્ત જણાવેલ ઓફિસના સરનામે તારીખ 27.10.2026 ના રોજ સવારે 11.00 વાગ્યે ખોલવામાં આવશે જ્યાં આંતરિક બોલી (ઈન્ટર-સે બિડિંગ) થઈ શકે છે.

શરતો અને નિયમો:

1. અધિકૃત અધિકારીની શ્રેષ્ઠ જાણકારી અને માહિતી મુજબ, મિલકત પર અન્ય કોઈ બોજો નથી. ઈચ્છુક બોલી લગાવનારાઓએ તેમની બોલી સબમિટ કરતા પહેલા બોજાઓ, હરાજીમાં મૂકવામાં આવેલ મિલકતના શીર્ષક અને મિલકતને અસર કરતા દાવાઓ/હકો/લેણાં અંગે પોતાની સ્વતંત્ર પૂછપરછ કરી લેવી જોઈએ. આ જાહેર હરાજીની જાહેરાત ASRECની કોઈપણ પ્રતિબદ્ધતા અથવા રજૂઆત સમાન નથી અને તેને તેમ ગણવામાં આવશે નહીં. આ મિલકત ASRECને જાણીતી હોય કે અજાણ્યા હોય તેવા તમામ હાલના બોજાઓ સાથે વેચવામાં આવી રહી છે. અધિકૃત અધિકારી / સુરક્ષિત લેણદાર તૃતીય પક્ષના દાવાઓ/હકો/મંતવ્યો માટે કોઈપણ પ્રકારે જવાબદાર રહેશે નહીં.

2. હરાજી ઉપરોક્ત જણાવ્યા મુજબ સમગ્ર મિલકત માટે "જે સ્થિતિમાં છે જ્યાં છે", "જે સ્થિતિમાં છે જેવી છે" અને "જેવી પણ સ્થિતિમાં છે" અને "કોઈ રીકોર્સ ધોરણે નહીં" ના ધોરણે યોજવામાં આવશે.

3. ટેન્ડર દસ્તાવેજમાં આપેલા નિર્ધારિત ફોર્મેટમાં બોલી ASREC (ઈન્ડિયા) લિમિટેડના અધિકૃત અધિકારી, બિલ્ડિંગ નં. 2, યુનિટ નં. 201-202એ & 200-202બી, ગ્રાઉન્ડ ફ્લોર, સોલિટાઈર કોર્પોરેટ પાર્ક, અંધેરી ઘાટકોપર લિંક રોડ, ચકલા, અંધેરી (પૂર્વ), મુંબઈ - 400093 ખાતે સબમિટ કરવાની રહેશે. કોઈપણ કારણોસર તારીખ 26.10.2026 ના રોજ સાંજે 5:00 વાગ્યા પછી પ્રાપ્ત થયેલ બોલી ફોર્મ અથવા ઈએમડી ધ્યાનમાં લેવામાં આવશે નહીં. ઈએમડી વગરની બોલી ત્વરિતપણે રદ કરવામાં આવશે.

4. સફળ બોલી લગાવનારની અર્નેસ્ટ મની ડિપોઝિટ (ઈએમડી) વેચાણ કિંમતના ભાગરૂપે જાળવી રાખવામાં આવશે અને અસફળ બોલી લગાવનારાઓની ઈએમડી તે જ રીતે પરત કરવામાં આવશે. ઈએમડી પર કોઈ વ્યાજ મળવાપાત્ર રહેશે નહીં. ઝડપી અને યોગ્ય રિફંડ સુનિશ્ચિત કરવા માટે બોલી લગાવનારાઓને તેમની બેંક ખાતાની વિગતો આપવા વિનંતી કરવામાં આવે છે.

5. સફળ બોલી લગાવનારે તુરંત જ એટલે કે તે જ દિવસે અથવા તો સંજોગો અનુસાર આગામી કામકાજના દિવસ કરતાં મોડું નહીં તે રીતે, વેચાણ કિંમતના 25% (જમા કરાયેલ ઈએમડી રકમ સહિત) અધિકૃત અધિકારી પાસે જમા કરાવવાના રહેશે અને આવી થાપણ જમા કરાવવામાં કસૂરવાર ઠરવા પર, ઈએમડી જપ્ત કરવામાં આવશે અને મિલકતનું ફરીથી વેચાણ કરવામાં આવશે.

6. વેચાણ કિંમતની બાકી રકમ મિલકતના વેચાણની પુષ્ટિના 15મા દિવસની અંદર અથવા સુરક્ષિત લેણદાર અને સફળ બોલી લગાવનાર વચ્ચે લેખિતમાં સંમત થયા મુજબના લંબાવેલા સમયગાળા દરમિયાન ચૂકવવામાં આવશે. ઉપરોક્ત નિર્ધારિત સમયગાળાની અંદર ચૂકવણી કરવામાં કસૂરવાર ઠરવા પર, થાપણ જપ્ત કરવામાં આવશે અને મિલકતનું પુનઃવેચાણ કરવામાં આવશે અને કસૂરવાર ખરીદનાર મિલકત પરના અથવા પાછળથી જે રકમમાં તેનું વેચાણ થઈ શકે તેના કોઈપણ ભાગ પરના તમામ દાવાઓ ગુમાવશે.

7. વેચાણ ફાઈનાન્સિયલ એસેટ્સનું સિક્યોરિટાઈઝેશન અને રીકન્સ્ટ્રક્શન અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ એક્ટ, 2002 હેઠળ નિર્ધારિત નિયમો/શરતોને આધીન રહેશે.

8. ઈએમડી રકમ વગરની અને/અથવા રિઝર્વ પ્રાઈસ કરતાં ઓછી બોલી સ્વીકારવામાં/પુષ્ટિ કરવામાં આવશે નહીં.

9. ઈચ્છુક ખરીદદારો/બોલી લગાવનારાઓએ બેંક ઓફ ઈન્ડિયા, એસએસઆઈ, અંધેરી શાખા, આઈએફએસસી કોડ : BKID0000090, લાભાર્થીનું નામ : ASREC - પીએસ 02 / 2014-15 ટ્રસ્ટ, ખાતા નં.: 009020110001054 માં NEFT/RTGS દ્વારા, અથવા કોઈપણ રાષ્ટ્રીયકૃત કે શેડ્યૂલ બેંક પર ASREC - પીએસ 02 / 2014-15 ટ્રસ્ટની તરફેણમાં કાઢવામાં આવેલ અને મુંબઈમાં ચૂકવવાપાત્ર ડિમાન્ડ ડ્રાફ્ટ દ્વારા ઈએમડી રકમ જમા કરાવવાની રહેશે.

10. રસ ધરાવતા બોલી લગાવનારાઓ તારીખ 21.10.2026 ના રોજ સવારે 10.00 a.m. થી બપોરે 12.00 p.m. સુધી મિલકતનું નિરીક્ષણ કરી શકે છે (કોઈપણ પ્રશ્ન માટે અગાઉથી જાણ કરીને સંપર્ક કરી શકાય છે.) સંપર્ક વિગતો: શ્રી હર્ષદ વી. ગરુડે - સેલ નં. 9594692251, 022-61387060 નો કોઈપણ પૂછપરછ માટે સંપર્ક કરી શકાય છે.

11. અધિકૃત અધિકારી પાસે કોઈપણ કારણો આપ્યા વગર કોઈપણ અથવા તમામ ઓફરોને સ્વીકારવા અથવા નકારવા અને/અથવા કોઈપણ શરતો/નિયમોમાં ફેરફાર કરવાનો સંપૂર્ણ અધિકાર છે.

12. સફળ બોલી લગાવનારે નિયમ અનુસાર લાગુ પડતા રજીસ્ટ્રેશન, સ્ટેમ્પ ડ્યુટી, રજીસ્ટ્રેશન ફી, આકસ્મિક ખર્ચ વગેરે માટે ચૂકવવાપાત્ર શરતો/ફી ભોગવવી પડશે.

13. વેચાણના નિયમો અને શરતોના પાલન પર અને વેચાણની પુષ્ટિ પર અધિકૃત અધિકારી સફળ બોલી લગાવનારની તરફેણમાં વેચાણનું પ્રમાણપત્ર (સર્ટિફિકેટ ઓફ સેલ) જારી કરશે.

14. જો ઉપર જણાવેલ હરાજી કોઈપણ કારણસર નિષ્ફળ જાય છે, તો ASRECને ખાનગી વાટાઘાટો (પ્રાઈવેટ ટ્રીટી) દ્વારા અથવા સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમોના નિયમ 8(5) ની જોગવાઈઓ અને સરફેસી એક્ટ, 2002 હેઠળ આ નોટિસ દ્વારા હરાજી દ્વારા સુરક્ષિત અસ્કયામત વેચવાનો અધિકાર છે.

15. સર્વોચ્ચ બોલી સુરક્ષિત લેણદાર/અધિકૃત અધિકારીની મંજૂરીને આધીન રહેશે.

આ નોટિસ સરફેસી એક્ટ અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમોના નિયમ 8(6) અને 9(1) હેઠળ જો લોન લેનારાઓની બાકી લેણાંની રકમ સંપૂર્ણપણે ચૂકવવામાં ન આવે તો ઉપરોક્ત ઉલ્લેખિત તારીખે સુરક્ષિત મિલકતના વેચાણ માટે લોન લેનારાઓ અને સંયુક્ત/સહ-લોન લેનારાઓ/જામીનદારને 15 (પંદર) દિવસની નોટિસ તરીકે કામ કરે છે.

તારીખ: 08.10.2026
સ્થળ: મુંબઈ

સહી/-
અધિકૃત અધિકારી,
ASREC (ઈન્ડિયા) લિમિટેડ

સિટી એક્સપ્રેસ

THURSDAY 08 OCTOBER-2026

AHMEDABAD



## અમદાવાદમાં નિવૃત્ત બેંક કર્મચારી હનીટ્રેપનો ભોગ બન્યા!

અમદાવાદ | અમદાવાદમાં એક નિવૃત્ત બેંક કર્મચારીને ફેસબુક પર પાયલ નામની યુવતીના ફેક એકાઉન્ટથી ફ્રેન્ડ રિક્વેસ્ટ મોકલી હનીટ્રેપમાં ફસાવી નાર્કોટિક્સ પોલીસની ખોટી ઓળખ આપીને લાખો રૂપિયા પડાવતી ગેંગનો પર્દાફાશ થયો છે. ઓક્ટોબર 2025 માં વૃદ્ધ દહેગામ ખાતે યુવતીને મળવા ગયા ત્યારે મોટરસાયકલ પર આવેલા 2 શખસોએ પોલીસ તરીકેની ઓળખ આપી ગુનામાં ફસાવી દેવાનો અને આજીવન કેદનો ડર બતાવી ડિસેમ્બર 2025 અને એપ્રિલ 2026 દરમિયાન અલગ અલગ સમયે કુલ 24 લાખ રૂપિયાની ખંડણી વસૂલી હતી.

## સરકારે બનાવી SOP, બેદરકાર અધિકારીઓ સામે થશે કાર્યવાહી!

અમદાવાદ | ગુજરાત સરકારે હાઈકોર્ટના ચુકાદાઓના સમયબદ્ધ પાલન અંગે વહીવટી વ્યવસ્થાને વધુ સ્પષ્ટ અને જવાબદાર બનાવવાની દિશામાં મહત્ત્વનું પગલું ભર્યું છે. સરકાર દ્વારા રાજ્યના તમામ વહીવટી વિભાગો માટે સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર(SOP) નક્કી કરવામાં આવી છે, જેના હેઠળ અદાલતનો નિર્ણય મળ્યા બાદ વિભાગોએ નિયત પ્રક્રિયા અને સમયમર્યાદા મુજબ કાર્યવાહી કરવાની રહેશે. ચુકાદાઓના અમલમાં થતો બિનજરૂરી વિલંબ અટકાવવા અને કન્ટેમ્પ્ટ ઑફ કોર્ટ એટલે કે અદાલતી અવમાનનાની ઊભી થતી સ્થિતિને રોકવાનો SOPનો મુખ્ય હેતુ છે.

## હાઈકોર્ટના ચુકાદાઓ પર હવે ટાઇમ-બાઉન્ડ એક્શન : ગુજરાત સરકારે નક્કી કરી કડક અને સ્પષ્ટ SOP

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના નેતૃત્વ હેઠળ ન્યાયિક વિલંબ ટાળવા મહત્વનું પગલું

(એજન્સી) ગાંધીનગર | તા.07



ગુજરાત સરકારે હાઈકોર્ટના ચુકાદાઓના સમયબદ્ધ પાલન અંગે વહીવટી વ્યવસ્થાને વધુ સ્પષ્ટ અને જવાબદાર બનાવવાની દિશામાં મહત્વનું પગલું ભર્યું છે. તેના અંતર્ગત સરકાર દ્વારા રાજ્યના તમામ વહીવટી વિભાગો માટે Standard Operating Procedure (SOP) નક્કી કરવામાં આવી છે, જેના હેઠળ અદાલતનો નિર્ણય મળ્યા બાદ વિભાગોએ નિયત પ્રક્રિયા અને સમયમર્યાદા મુજબ કાર્યવાહી કરવાની રહેશે. આ એસઓપીનો મુખ્ય હેતુ ચુકાદાઓના અમલમાં થતો બિનજરૂરી વિલંબ અટકાવવાનો અને એવી સ્થિતિ ઊભી થતી રોકવાનો છે, જેના કારણે Contempt of Court એટલે કે અદાલતી અવમાનનાની નોબત આવે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન તેમજ નાયબ મુખ્યમંત્રી (જેઓ કાયદા મંત્રી પણ છે) શ્રી હર્ષ સંઘવી અને કાયદા રાજ્ય મંત્રી શ્રી કૌશિક વેકરિયાના નેતૃત્વ હેઠળ અમલમાં મૂકાયેલી આ વ્યવસ્થામાં હાઈકોર્ટના ચુકાદા બાદ વિભાગો સમક્ષ ઉપલબ્ધ વિકલ્પો અને તેમની પ્રક્રિયા સ્પષ્ટ કરવામાં આવી છે. કાયદા વિભાગના તાજેતરના પરિપત્ર મુજબ ન્યાયાલયના નિર્ણય બાદ સમયસર કાર્યવાહી ન થવાથી આદેશના અમલમાં વિલંબ થઈ શકે છે. નવી SOP આ વહીવટી વિલંબને ઘટાડવા માટે પ્રક્રિયાને ટાઇમ-બાઉન્ડ બનાવે છે. જો સંબંધિત વહીવટી વિભાગ હાઈકોર્ટના ચુકાદાને સ્વીકારે છે, તો નાણાં વિભાગે નક્કી કરેલી પ્રક્રિયા અનુસાર જરૂરી કાર્યવાહી કરવી પડશે. જ્યારે વિભાગને ચુકાદા સામે અપીલ કરવી યોગ્ય લાગે, ત્યારે વિભાગીય અભિપ્રાય સાથે કાયદા વિભાગની સલાહ લઈને નિયત સમયમર્યાદામાં લિટિગેશનની કાર્યવાહી શરૂ કરવાની રહેશે. આ સાથે કાયદા વિભાગ દ્વારા 29 જૂન 2024ના રોજ જાહેર કરાયેલા નિર્દેશોનું પાલન સુનિશ્ચિત કરવાની જવાબદારી સંબંધિત વહીવટી વિભાગની રહેશે. એટલે કે ચુકાદો આવ્યા બાદ તેને પડતર રાખવાને બદલે વિભાગે સમયબદ્ધ રીતે એ નક્કી કરવાનું રહેશે કે નિર્ણય સ્વીકારવો છે કે તેની સામે કાનૂની પ્રક્રિયા હાથ ધરવી છે. અપીલ સંબંધિત દરખાસ્ત તૈયાર કરતી વખતે ઈ-ફાઈલમાં નોંધાયેલી નોંધ સાથે તેમાં સંદર્ભિત દસ્તાવેજોને ઈ-સરકાર પ્રણાલીમાં અપલોડ કરવા અનિવાર્ય રહેશે. સંબંધિત દસ્તાવેજો અને સંદર્ભોને સ્પષ્ટ હાઈપરલિંક સાથે નોંધવા પડશે તથા પ્રસ્તાવમાં જરૂરી વિગતો ઉપલબ્ધ કરાવવી પડશે. સક્ષમ અધિકારીની સહીવાળી ચેકલિસ્ટમાં વિલંબના કારણો સહિત જરૂરી માહિતી નોંધવાની જોગવાઈ પણ કરવામાં આવી છે. આથી અપીલની દરખાસ્તોમાં દસ્તાવેજી સંપૂર્ણતા અને પ્રક્રિયાની સ્પષ્ટતા સુનિશ્ચિત થશે તથા બિનજરૂરી પત્રવ્યવહાર અથવા દસ્તાવેજોની અછતને કારણે થતા વિલંબને ઘટાડવામાં મદદ મળશે. સરકારે સ્પષ્ટ કર્યું છે કે સમયમર્યાદાના અંતિમ તબક્કામાં કાયદા વિભાગ સમક્ષ દરખાસ્ત મોકલવાથી થતો બિનજરૂરી વિલંબ અટકાવવાની જવાબદારી સંબંધિત વિભાગની રહેશે. જો કોઈ કિસ્સામાં નિયત સમયમર્યાદાના ઉલ્લંઘન માટે કોઈ અધિકારી જવાબદાર જણાશે, તો લાગુ નિયમો અનુસાર જરૂરી કાર્યવાહી સુનિશ્ચિત કરવાની જવાબદારી વિભાગના વડાની રહેશે.

કેટલાક કિસ્સાઓમાં વ્યવહારુ કારણોસર હાઈકોર્ટના આદેશનો નિયત સમયગાળામાં અમલ કરવો શક્ય ન પણ બને. ઉદાહરણ તરીકે; રેકોર્ડ ઉપલબ્ધ ન હોવો, સેવા સંબંધિત જરૂરી માહિતીનો અભાવ અથવા ચુકાદા અનુસાર નિર્ણય લેવાની પ્રક્રિયા પડતર હોવી.

## અમદાવાદ ડિવિઝનના ડિવિઝનલ રેલ્વે મેનેજર શ્રી વેદ પ્રકાશે "મોડિફાઇડ ગવર્નન્સ" પુસ્તકનું વિમોચન કર્યું



અમદાવાદ | અમદાવાદના ડિવિઝનલ રેલ્વે મેનેજર (DRM) શ્રી વેદ પ્રકાશે 7 ઓક્ટોબર, 2026 ના રોજ વડનગર રેલ્વે સ્ટેશન ખાતે આયોજિત એક કાર્યક્રમમાં વરિષ્ઠ સરકારી અધિકારી અને લેખક શ્રી પ્રેમ શંકર ઝા, IRSS દ્વારા લખાયેલ 'મોડિફાઇડ ગવર્નન્સ' પુસ્તકનું વિમોચન કર્યું.'મોડિફાઇડ ગવર્નન્સ' પુસ્તક ભારતીય વહીવટ, સુશાસન અને જાહેર સેવા વિતરણના વિવિધ પાસાઓ પર વિગતવાર આંતરદૃષ્ટિ રજૂ કરે છે. આ પુસ્તક ભારતની વહીવટી વ્યવસ્થાના ઐતિહાસિક અને સંસ્થાકીય પાયા, પ્રાચીન ભારતીય વહીવટી પરંપરાઓ, વસાહતી શાસનનો પ્રભાવ અને સ્વતંત્રતા પછી વિકસિત વહીવટી અભિગમનું વિશ્લેષણ કરે છે. પુસ્તક એ પણ પ્રકાશિત કરે છે કે ભારતની વહીવટી વ્યવસ્થા ફક્ત ભૂતકાળનો વારસો નથી, પરંતુ પરંપરાગત વહીવટી વ્યવસ્થાઓ, વસાહતી સંસ્થાકીય પ્રભાવો અને સ્વતંત્ર ભારતની લોકશાહી અને રાષ્ટ્રનિર્માણ આકાંક્ષાઓના સંયુક્ત પ્રભાવને પ્રતિબિંબિત કરે છે. આ પુસ્તક વહીવટને વધુ અસરકારક, જવાબદાર, નાગરિક-કેન્દ્રિત અને પરિણામ-લક્ષી બનાવવાની જરૂરિયાત પર પણ પ્રકાશ પાડે છે. આ પ્રસંગે, અમદાવાદના ડીઆરએમ શ્રી વેદ પ્રકાશે લેખકને પુસ્તક માટે અભિનંદન આપ્યા અને કહ્યું કે વહીવટ અને સુશાસન સંબંધિત વિષયો પરના આવા અભ્યાસ અધિકારીઓ, વહીવટી કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ માટે ઉપયોગી થશે. તેમણે જણાવ્યું હતું કે નાગરિકોની જરૂરિયાતોને અનુરૂપ વહીવટી પ્રણાલીમાં સતત સુધારો કરવો અને જવાબદારી અને પારદર્શિતાને મજબૂત બનાવવી એ સુશાસન તરફના મહત્વપૂર્ણ પગલાં છે. પુસ્તકના લેખક, શ્રી પ્રેમ શંકર ઝા, IRSS, ને જાહેર વહીવટમાં 17 વર્ષથી વધુનો અનુભવ છે. તેમણે જાહેર નીતિ અને નૈતિક શહેરી શાસન સંબંધિત વિવિધ વિષયો પર કામ કર્યું છે અને જીવન કૌશલ્ય અને નિર્ણય લેવા પર અનેક પુસ્તકો પણ લખ્યા છે. દિલ્હીના મ્યુનિસિપલ વહીવટમાં તેમના કાર્યકાળ દરમિયાન, તેમણે આઉટડોર જાહેરાત, પાર્કિંગ મેનેજમેન્ટ, ઈલેક્ટ્રિક વાહન ચાર્જિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ટેલિકોમ્યુનિકેશન સંબંધિત નીતિગત સુધારાઓમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. તેમના કાર્યથી મ્યુનિસિપલ આવકમાં નોંધપાત્ર વધારો થયો અને વિવિધ નાગરિક સેવાઓમાં સુધારો થયો.

## જાહેર રોડ પર મર્સિડિઝમાં કેક રાખીને જન્મદિવસની ઉજવણી, ફટાકડા ફોડ્યા

અમદાવાદ | અમદાવાદના નરોડા વિસ્તારમાં જાહેરમાં જન્મદિવસની ઉજવણીનો વીડિયો વાયરલ થયો છે. જાહેર રોડ પર મર્સિડીઝ ગાડી ઉભી રાખી તેના ઉપર કેક રાખી અને બાદમાં રોડ ઉપર ફટાકડા ફોડી જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી. વાયરલ વીડિયોમાં ચાર જેટલા યુવકો જોવા મળે છે. જાહેર રોડ ઉપર જ જન્મદિવસની ઉજવણી માટે કેક ફેંકી અને રોડ રસ્તા ખરાબ પણ કર્યા હતા. વાયરલ વીડિયોના આધારે નરોડા પોલીસ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે.

નરોડા પોલીસ સ્ટેશનના પીઆઈ બી.એમ કાતરીયાએ દિવ્યભાસ્કર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, જાહેર રોડ ઉપર ફટાકડા ફોડી અને જન્મદિવસની ઉજવણી અંગેનો એક વીડિયો અમારી પાસે આવ્યો છે આ બાબતે અમે ખરાઈ કરી રહ્યા છીએ. વીડિયોમાં દેખાતી ગાડીના નંબરના આધારે વ્યક્તિ કોણ છે અને ત્યાંના રહેવાસી છે તે અંગે તપાસ કરીને ગુનો નોંધવામાં આવશે. પ્રતિદિન હવે જાહેર રોડ ઉપર ગાડી ઉભી રાખી અને ફટાકડા ફોડી જન્મદિવસની ઉજવણીના કિસ્સાઓ વધી રહ્યા છે. જાહેર રોડ ઉપર જનતાની અવરજવર થતી હોય છે અને આસપાસમાં રહેણાંક વિસ્તાર પણ હોય છે ત્યારે મોડી રાત્રે ફટાકડા ફોડી જન્મદિવસની ઉજવણીનો એક વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. નરોડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં જાહેર રોડ પર મર્સિડીઝ ગાડી ઉભી રાખી જન્મદિવસની ઉજવણી કરવામાં આવી છે, જેમાં ગાડીના પાછળના ભાગે કેક રાખવામાં આવી છે. જાહેર રોડ ઉપર ફટાકડા ફોડવામાં આવે છે.

## ગરબા સ્થળ પર સિક્યુરિટી માટે ગ્રામ્ય પોલીસના 28 મુદ્દા: વાહન ન મળે તો 112 પર ફોન કરવો...

(એજન્સી) અમદાવાદ | તા.07

આગામી નવરાત્રિને લઈને અમદાવાદ શહેરની આસપાસના વિસ્તારોમાં આવેલા પાર્ટી પ્લોટ અને ક્લબમાં ગરબા યોજાવાના છે ત્યારે અમદાવાદ ગ્રામ્ય પોલીસ દ્વારા પણ નવરાત્રિમાં સુરક્ષાને લઈ તૈયારીઓ કરવામાં આવી છે. અમદાવાદ ગ્રામ્ય પોલીસની હદમાં 17 કોમર્શિયલ ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારે દરેક ગરબા આયોજકનું સિક્યુરિટીને લઈ ઓડિટ કરવામાં આવશે. ગરબા સ્થળ પર સિક્યુરિટી માટે 28 મુદ્દા આપવામાં આવ્યા છે તે તમામની તપાસ કરી અને વીડિયોગ્રાફી-ફોટોગ્રાફી કરવામાં આવશે. દરેક ગરબા આયોજકે સુરક્ષા, મેડિકલ, CCTV અને પોલીસ માટે અલગ ડેસ્ક રાખવાના રહેશે.

અમદાવાદ ગ્રામ્ય એસ.પી ઓમ પ્રકાશ જાટે જણાવ્યું હતું કે, 11થી 19 ઓક્ટોબર દરમિયાન યોજાનારા ગરબા કાર્યક્રમો માટે 890 અરજી આવેલી છે, જેમાં અમદાવાદ શહેરની આસપાસ 17 કોમર્શિયલ ગરબા માટેની અરજી છે. મોટા કોમર્શિયલ ગરબા સ્થળોએ પોલીસ હેલ્પ ડેસ્ક, મહિલા અને બાળકો માટે અલગ હેલ્પ ડેસ્ક, CCTV કંટ્રોલ રૂમ અને મેડિકલ ટીમ માટે ડેસ્ક રાખવાનું રહેશે સાથે પોલીસ માટે પણ અલગથી ડેસ્ક ઉભું કરવામાં આવશે. મહિલાઓની સુરક્ષા માટે અલગ પ્રવેશ લાઈન, મહિલા બાઉન્સર અને મહિલા સિક્યુરિટી ગાર્ડની વ્યવસ્થા સાથે SHE ટીમ પણ ગરબા સ્થળ, પાર્કિંગ અને અંધારા રસ્તાઓ પર નજર રાખશે. ગ્રામ્ય પોલીસની શી ટીમ ગરબા સ્થળ પર ખાનગી કપડાઓમાં ખેલૈયા તરીકે જશે. ખાસ કરીને વાહનો માટે આયોજકે યોગ્ય વ્યવસ્થા ગોઠવવાની રહેશે. ક્યાંય પણ ટ્રાફિક ન થાય તે મુજબ આયોજન કરવાનું રહેશે. ગરબા સ્થળ પર ગેરકાયદે પાર્કિંગને લઈને આયોજકને કડક સુચના આપવામાં આવી છે. કોઈપણ ગેરકાયદે પાર્કિંગ કરાવી પૈસા ઉઘરાવતા હશે તો તેની સામે પોલીસ દ્વારા કડક પગલાં લેવામાં આવશે. દરેક ગરબા આયોજકે પાર્કિંગ રાખવાનું રહેશે. ગરબા આયોજકે કેપેસિટી કરતાં વધુ લોકોને એન્ટ્રી આપવાની રહેશે નહીં. પોલીસ દ્વારા ગરબા સ્થળ પર ડ્રોનથી સર્વેલન્સ કરવામાં આવશે.

## વારાણસીથી વડનગર સુધીની ભવ્ય સેવા યાત્રા

**૫૦૦ બાઈકર્સ દ્વારા હાટકેશ્વર મહાદેવનો ગંગાજળથી જળાભિષેક વારાણસી અને વડનગરના અતૂટ સંબંધોની સાક્ષી પૂરતી 'સેવા યાત્રા', ૫૦૦ યુવાઓએ પવિત્ર ગંગાજળથી મહાદેવને રીઝવ્યા: 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત વારાણસીના બાઈકર્સ વડનગર પહોંચ્યા, પ્રાચીન હાટકેશ્વર મંદિરે ભક્તિમય માહોલ: પવિત્ર કાશીથી લાવવામાં આવેલા ગંગાજળ વડે દેવાધિદેવ મહાદેવનું પૂજન-અર્ચન કરાયું**

(એજન્સી) વડનગર | તા.07



વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસના શુભ અવસરે પ્રારંભ થયેલા 'સેવા સંકલ્પ અભિયાન'ના ભાગરૂપે આયોજિત 'વારાણસી થી વડનગર સેવા યાત્રા' આજે તેની સફળતાના શિખરે પહોંચી છે. આ યાત્રામાં જોડાયેલા વારાણસીના આશરે ૫૦૦ જેટલા બાઈકર્સ દ્વારા આજે વડનગરના ઐતિહાસિક અને અત્યંત પ્રાચીન એવા હાટકેશ્વર મહાદેવના મંદિરે પવિત્ર ગંગાજળથી જળાભિષેક કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે વડનગરના શ્રદ્ધાના કેન્દ્ર સમાન મંદિરમાં ભક્તિ અને ઉત્સાહનો ત્રિવેણી સંગમ જોવા મળ્યો હતો. આ વિશેષ સેવા યાત્રામાં જોડાયેલા યુવા બાઈકર્સ પવિત્ર નગરી વારાણસીથી પોતાની સાથે ગંગા મૈયાનું પવિત્ર જળ લઈને વડનગર પધાર્યા હતા. બાઈકર્સ દ્વારા કરવામાં આવેલ આ જળાભિષેકે વડાપ્રધાનના સંસદીય ક્ષેત્ર કાશીથી તેમના જન્મસ્થળ વડનગર વચ્ચેના સાંસ્કૃતિક અને આધ્યાત્મિક સેતુને વધુ મજબૂત બનાવ્યો છે. હાટકેશ્વર મહાદેવના સાનિધ્યમાં આ પવિત્ર જળ અર્પણ કરી બાઈકર્સ દ્વારા લોક કલ્યાણ અને રાષ્ટ્ર પ્રગતિની મંગલ કામના કરવામાં આવી હતી. 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત યોજાયેલી આ યાત્રા માત્ર એક પ્રવાસ નહીં, પરંતુ શ્રદ્ધા અને સેવાના સંકલ્પને ઉજાગર કરતું માધ્યમ બની રહી છે. સમગ્ર આયોજનમાં શિસ્ત અને સમર્પણના દર્શન થયા હતા, જ્યાં વારાણસીના યુવાઓએ પરંપરાગત વિધિ-વિધાન સાથે મહાદેવની આરાધના કરી હતી. પ્રધાનમંત્રીના જન્મદિવસ નિમિત્તે શરૂ થયેલા સેવાના વિવિધ કાર્યોમાં આ યાત્રા એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન સાબિત થઈ છે, જેણે વડનગરના આંગણે ભક્તિમય અને ગૌરવપૂર્ણ વાતાવરણ સર્જ્યું છે.

## કંપનીના એકાઉન્ટન્ટને બોસના નામે મેસેજ કરી ₹95.80 લાખ પડાવ્યા...

(એજન્સી) અમદાવાદ | તા.07

શહેરમાં એલિસબ્રિજ ખાતે આવેલી ફાઈનાન્સ કંપનીમાં કામ કરતા આધેડ વયના એકાઉન્ટન્ટને કંપનીમાં બોસના નામે સાયબર ગઠિયાઓએ મેસેજ કરીને રૂ.95.80 લાખ ટ્રાન્સફર કરાવ્યા હતા. જે નંબર પરથી બોસ બનીને મેસેજ કરવામાં આવ્યો હતો, તે નંબર બોસના નામથી જ સેવ કરવામાં આવ્યો હતો અને બોસનો ફોટો ડીપીમાં મૂકવામાં આવ્યો હતો. બીજા દિવસે ફરીથી ગઠિયાએ બોસ બની રૂ.1.26 કરોડ ટ્રાન્સફર કરવાનું કહેતા સાયબર ફ્રોડની જાણ થતા સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી છે. સેટેલાઈટમાં રહેતા 51 વર્ષીય આધેડ એલિસબ્રિજમાં આવેલી ખાનગી ફાઈનાન્સ કંપનીમાં છ મહિનાથી એકાઉન્ટન્ટ તરીકે કામ કરે છે. કંપનીના પૈસા ટ્રાન્સફર કરવાનું કામ પણ આધેડ જ કરે છે.

6 જુલાઈના રોજ એકાઉન્ટન્ટને વોટ્સએપ પર કંપનીના બોસના નામથી સેવ કરેલા નંબર અને બોસના ફોટો વાળા ડીપીથી મેસેજ આવ્યો હતો. જેમાં કોઈ એકાઉન્ટ નંબર આપી તેમાં રૂ.95.80 લાખ ટ્રાન્સફર કરવા કહ્યું હતું. જેથી એકાઉન્ટન્ટે બોસ સમજીને પૈસા ટ્રાન્સફર કરી દીધા હતા. બીજા દિવસે પણ બોસના નંબર પરથી ફરીથી એક એકાઉન્ટ નંબર આપીને રૂ.1.26 કરોડ ટ્રાન્સફર કરવા જણાવ્યું હતું. જેથી એકાઉન્ટન્ટે ઓફિસમાં બોસ સાથે વાત કરી ત્યારે બોસે તે મેસેજ ન કર્યો હોવાનું જણાવ્યું હતું.

## મોદી 50 મિનિટમાં 19 વાર બોલ્યા, We Will Do It : પાઇલટ સ્મિતની દુનિયામાં ચર્ચા, એક દિવસ મેડ ઇન ઈન્ડિયા પ્લેનની ચર્ચા થશે; PM-CM તરીકે 25 વર્ષ પૂર્ણ

(એજન્સી) અમદાવાદ | તા.07



'we will do it-આપણે કરીને બતાવીશું'. પીએમ મોદીએ બુધવારે તેમના જાહેર જીવનના 25 વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે આ સૂત્ર 19 વખત ઉચ્ચાર્યું. દિલ્હીમાં સંબોધનમાં કહ્યું, જ્યાં સુધી ભારત વિકસિત નહીં થાય ત્યાં સુધી હું થાકીશ નહીં કે રોકાઈશ નહીં. હું મહત્વાકાંક્ષા માટે નહીં, એક મિશન માટે જીવું છું. જેમણે મને નીચે પાડ્યો તેમણે જ મને ઉભા થતા શીખવ્યું. જેમણે મારો વિરોધ કર્યો તેમણે મને લોકશાહીની શક્તિ શીખવી. 25 વર્ષ પાછળ જોતાં, સિદ્ધિઓ કરતાં વધુ કૃતજ્ઞતા અનુભવાઈ છે. દરેક ઘટનાએ તેમને કંઈક શીખવ્યું અને નમ્ર બનવાનું શીખવ્યું. તેમણે ભગવાનને પ્રાર્થના કરી કે શીખવાની તેમની ઈચ્છા ક્યારેય ઓછી ન થાય. સંબોધન પહેલા વડાપ્રધાન મોદીએ દિલ્હીના શ્રી વિનાયક મંદિરમાં પૂજા-અર્ચના કરી હતી. આજે તેમના જાહેર જીવનમાં તેમના 25 વર્ષ પૂર્ણ થયા છે; એટલે કે, છેલ્લા 25 વર્ષથી તેઓ કોઈને કોઈ મહત્વપૂર્ણ પદ પર રહ્યા છે.

દિલ્હીમાં વિનાયક મંદિરમાં પીએમ મોદીએ પૂજા કરી.

PM નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે પ્રારંભ થયેલા 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત આયોજિત 'વારાણસીથી વડનગર સેવા યાત્રા'નો આજે 7 ઓક્ટોબરે વડનગર ખાતે ભવ્ય સમાપન કાર્યક્રમ છે. પ્રધાનમંત્રીના સંસદીય ક્ષેત્ર વારાણસી અને માતૃભૂમિ વડનગરને જોડતી આ સેવા યાત્રા માત્ર એક પ્રવાસ નહીં પરંતુ સેવા, સંસ્કૃતિ અને રાષ્ટ્રભક્તિના સંગમ સમાન બની રહેશે.

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારી, ગુજરાતના CM ભૂપેન્દ્ર પટેલ, ડેપ્યુટી સીએમ હર્ષ સંઘવી તેમજ અન્ય રાજ્યોના મુખ્યમંત્રીઓ, કેન્દ્રીય મંત્રીઓ અને રાજ્ય સરકારના મંત્રીઓ, સાંસદો તથા ધારાસભ્યોની વિશેષ ઉપસ્થિતિમાં યોજાશે. વડનગર સ્થિત સાતસો સમાજની વાડી ખાતે સાંજે 4 કલાકે આ મુખ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

હાલમાં આ ભવ્ય કાર્યક્રમને લઈને વહીવટી તંત્ર દ્વારા તડામાર તૈયારીઓને ગઈકાલે આખરી ઓપ અપાયો હતો. વિશાળ ડોમની અંદર અંદાજે 20 હજારથી પણ વધુ લોકો બેસી શકે તેટલી ખુરશીઓની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

ગઈકાલે વિવિધ વિભાગોના કર્મચારીઓ સાથે સાતસો સમાજની વાડી ખાતે સતત બેઠકોનો દોર યોજાયો હતો. બપોરે 12:30 કલાકે તમામ બાઈકર્સ વડનગર સાયન્સ કોલેજ ખાતે એકત્રિત થઈને સામૂહિક વૃક્ષારોપણ કરશે અને પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપશે. વૃક્ષારોપણ બાદ તેઓ વડનગરના ભવ્ય ઈતિહાસ અને પ્રાચીન અસ્મિતાની ઝાંખી કરાવતા 'એક્સપિરિયન્સિયલ મ્યુઝિયમ' (અનંત અનાદિ વડનગર)ની મુલાકાત લઈને વડનગરના ભૂતકાળથી માહિતગાર થશે.

## સાબરમતી વેગન ડેપોમાં મિક્સ્ડ રિયાલિટી વેલ્ડિંગ સિમ્યુલેટરની સ્થાપના કરરવામાં આવી

અમદાવાદ | અમદાવાદ મંડળના કેરેજ અને વેગન વેલ્ડરોને આધુનિક ટેક્નોલોજીના માધ્યમથી પ્રશિક્ષણ આપવાની અભિનવ પહેલ વાસ્તવિક વેલ્ડિંગ કર્યા વિના 360 ડિગ્રી ઈમર્સિવ વાતાવરણમાં પ્રશિક્ષણ, લાઈવ ફીડબેક તેમજ વેલ્ડ ડિફેક્ટ વિશ્લેષણની સુવિધા પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળે કેરેજ અને વેગન (C&W) જાળવણી કાર્યોમાં કાર્યરત વેલ્ડરોના કૌશલ્ય, તકનીકી દક્ષતા તથા કાર્યની ગુણવત્તાને વધુ મજબૂત બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પહેલ હાથ ધરતા સાબરમતી (SBI) વેગન ડેપોમાં મિક્સ્ડ રિયાલિટી (MR) આધારિત વેલ્ડિંગ સિમ્યુલેટર સ્થાપિત કરીને તેનું કમિશનિંગ કરવામાં આવ્યું છે.આ અમદાવાદ મંડળમાં પોતાની જાતની એક નવીન તાલીમ સુવિધા છે, જેના માધ્યમથી વેલ્ડરોને વાસ્તવિક વેલ્ડિંગ કામગીરી જેવી પરિસ્થિતિઓમાં આધુનિક અને સુરક્ષિત ટેક્નોલોજી દ્વારા તાલીમ આપી શકાશે.

અમદાવાદ મંડળના મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશે આ પહેલને કેરેજ અને વેગન જાળવણી કાર્યોમાં તકનીકી કૌશલ્ય અને સુરક્ષાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું ગણાવ્યું છે. તેમણે નિર્દેશ આપ્યા છે કે મંડળના તમામ C&W ડેપોમાં કાર્યરત સંબંધિત સ્ટાફને આ અત્યાધુનિક સિમ્યુલેટર દ્વારા તબક્કાવાર પ્રશિક્ષણ આપવામાં આવે.તેમણે ખાસ કરીને ભાર મૂક્યો છે કે વાસ્તવિક જાળવણી કાર્યમાં તૈનાત કરતા પહેલાં વેલ્ડરોને સિમ્યુલેટર આધારિત તાલીમ અને મૂલ્યાંકન માટે પૂરતી તક આપવામાં આવે, જેથી તેમના કૌશલ્યનો વધુ સારી રીતે વિકાસ કરી શકાય અને વેલ્ડિંગ કામગીરીમાં ગુણવત્તા તથા વિશ્વસનીયતા સુનિશ્ચિત કરી શકાય.

આ અત્યાધુનિક સિમ્યુલેટર વેલ્ડરને વાસ્તવિક ઔદ્યોગિક વેલ્ડિંગ ટોર્ચનો ઉપયોગ કરીને 360 ડિગ્રી ઈમર્સિવ વર્ચ્યુઅલ વાતાવરણમાં પ્રશિક્ષણ લેવાની સુવિધા પ્રદાન કરે છે. પ્રશિક્ષણ દરમિયાન વાસ્તવિક ઈલેક્ટ્રિક આર્ક ઉત્પન્ન થતો નથી, જેના કારણે ધુમાડો, તણખા અથવા હાનિકારક ફ્યુમનું ઉત્સર્જન થતું નથી તેમજ ઈલેક્ટ્રોડ, વેલ્ડિંગ વાયર અથવા સ્ટીલ પ્લેટ જેવી સામગ્રીનો વપરાશ પણ થતો નથી.આ રીતે વેલ્ડરોને પરંપરાગત પ્રશિક્ષણની તુલનામાં વધુ સુરક્ષિત, નિયંત્રિત અને સંસાધન-કાર્યક્ષમ વાતાવરણ ઉપલબ્ધ થાય છે. સિમ્યુલેટરમાં અત્યાધુનિક ઓપ્ટિકલ ઈન્ફ્રારેડ ટ્રેકિંગ સિસ્ટમ સ્થાપિત કરવામાં આવી છે, જે વેલ્ડિંગ ટોર્ચની દરેક હિલચાલને ચોકસાઈપૂર્વક ટ્રેક કરે છે. પ્રશિક્ષણ દરમિયાન વેલ્ડરને વાસ્તવિક સમયમાં આર્ક લેન્થ, ટોર્ચ એંગલ તેમજ ટ્રાવેલ સ્પીડ જેવા મહત્વપૂર્ણ પેરામીટર્સ અંગે લાઈવ ફીડબેક આપવામાં આવે છે.વેલ્ડિંગ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ સિસ્ટમ વેલ્ડનો કટ-સેક્શન વ્યૂ દર્શાવે છે તેમજ વેલ્ડની ગુણવત્તાનું વિશ્લેષણ કરીને પોરોસિટી, અન્ડરકટ, સ્પેટર અને પેનેટ્રેશન જેવા સંભવિત ખામીઓની ઓળખ કરે છે. આથી વેલ્ડર પોતાની તકનીકી ખામીઓને તરત સમજીને તેમાં જરૂરી સુધારો કરી શકે છે.

આ સિમ્યુલેટર વિવિધ પ્રકારની વેલ્ડિંગ તથા કટિંગ પ્રક્રિયાઓમાં પ્રશિક્ષણ આપવા માટે સક્ષમ છે. તેમાં SMAW (સ્ટિક વેલ્ડિંગ), MIG/MAG, TIG તેમજ પ્લાઝ્મા કટિંગનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, વેલ્ડરોને વિવિધ વેલ્ડિંગ પોઝિશન, જેમ કે ફ્લેટ, હોરિઝોન્ટલ, વર્ટિકલ તેમજ ઓવરહેડ પોઝિશનમાં પણ પ્રશિક્ષણ આપી શકાય છે.આના દ્વારા વાસ્તવિક જાળવણી કામગીરી દરમિયાન આવતી વિવિધ પરિસ્થિતિઓને અનુરૂપ વેલ્ડરોની દક્ષતા વિકસાવવામાં મદદ મળશે. ખાસ કરીને રેલવે જાળવણી કામગીરીને ધ્યાનમાં રાખીને સિમ્યુલેટરમાં ભારતીય રેલવેનું સમર્પિત તાલીમ પેકેજ ઉપલબ્ધ કરાવવામાં આવ્યું છે. તેના અંતર્ગત સંપૂર્ણ કદના વર્ચ્યુઅલ BOXN વેગન, હોપર વેગન તેમજ કવર્ડ વેગન બોડી, ઉપરાંત કોચના એન્ડ અને સાઈડ પેનલ જેવી સંરચનાઓ પર વેલ્ડિંગનો અભ્યાસ કરાવી શકાય છે.આ સુવિધાના માધ્યમથી વેલ્ડરોને વર્કશોપ તથા ડેપોમાં નિયમિત જાળવણી કામગીરી દરમિયાન જે વાસ્તવિક સંરચનાઓ અને જોબ્સ પર તેઓ કાર્ય કરે છે, તેવી જ સંરચનાઓ પર પ્રશિક્ષણ મેળવવાની તક મળશે. પ્રશિક્ષણ પ્રણાલીમાં બેઝિકથી પ્રોફેશનલ સ્તર સુધીના ગ્રેડેડ કોર્સ ઉપલબ્ધ છે, જેના દ્વારા વેલ્ડરોની ક્ષમતા અનુસાર તબક્કાવાર તાલીમ આપી શકાશે. સોફ્ટવેરમાં અંગ્રેજી અને હિન્દી બંને ભાષાઓનો વિકલ્પ ઉપલબ્ધ છે.દરેક વેલ્ડર માટે અલગ લોગિનની સુવિધા હોવાથી તેના પ્રશિક્ષણ, પ્રદર્શન અને પ્રગતિનો ડિજિટલ રેકોર્ડ સુરક્ષિત રીતે જાળવી શકાય છે.



દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઈટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...